# અધ્યાત્મસાર



શ્રી શત્રુંજયમંડન
શ્રી આદિનાથાય નમઃ
શ્રી સોમચંદ્રસૂરિ સદ્ગુરુભ્યો નમઃ

# અધ્યાત્મસાર

: શુભાશિષ :

પ્રવચનદક્ષ પ.પૂ. આચાર્ય ભગવંત

**શ્રી સોમસુંદરસૂરીશ્વરજી મહારાજા**

卐

: સંપાદિકા :

પૂ.ના આજ્ઞાવર્તિની પ્રવર્તની

સા. સુવર્ણપ્રભાશ્રીજી મ.ના શિષ્યા

**પૂ.સા. શ્રી પુનીતયશાશ્રીજી મ.**

**પૂ.સા. શ્રી શીલપ્રજ્ઞાશ્રીજી મ.**

卐

: પ્રકાશક :

**શ્રી શાંતિ-સોમચંદ્રસૂરિ જ્ઞાનમંદિર ટ્રસ્ટ**

સર્વોદયનગર, શાહપુર દરવાજા બહાર, અમદાવાદ.

# અધ્યાત્મસાર

: નિમિત્ત :

**પૂ.સા. શ્રી વિનીતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના**
**સંયમજીવનની અનુમોદના**

: પ્રકાશન દિન :

સંવત ૨૦૬૪, આસો સુદ-૧૨/૧૩
શ્રી સિદ્ધગિરિ મહાતીર્થ

: આર્થિક સહયોગ :

**શ્રી ભાંડોત્રા જૈન પંચમહાજન**
**મુ. ભાંડોત્રા.**


પ્રથમ આવૃત્તિ નકલ : ૧૦૦૦

**મુદ્રક : ભરત ગ્રાફિક્સ**
ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલિફ રોડ, અમદાવાદ-૧.
ફોન : ૦૭૯-૨૨૧૩૪૧૭૬, મો : ૯૯૨૫૦૨૦૧૦૬

# મારા હૈયાની વાત

આત્માઓને અધ્યાત્મરસમાં ડૂબાડવા જે ભગીરથ પુરુષાર્થ કર્યો છે તે મહાપુરુષ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજાને કોટિ કોટિ વંદન.

આત્માને ભવભ્રમણામાંથી મુક્ત કરનાર જ્ઞાન છે. જ્ઞાની ભગવંતોએ આપણી ઉપર ખૂબ ઉપકાર કરીને આવા કઠીન ગ્રંથના ભાવોને પણ બાલજીવો સમજી શકે તે રીતે સરળ ભાષામાં અનુવાદ કરેલ છે. જેના થકી જીવો આ સંસારની અસારતાને સમજી તેનાથી પાર પામી મુક્ત બને છે. આ ગ્રંથ પણ એવો જ છે. જેમાં અલગ અલગ વિષયો ઉપર જે વિશ્લેષણ કરેલ છે તે જોઈને આપણે આ ગ્રંથ ઉપર ઓવારી જઈશું.

આ ગ્રંથના અધ્યયન દ્વારા ચિંતન-મનન દ્વારા આપણે પણ આપણા આત્માનું સાચું સુખ શેમાં છે ? તે સત્ય સમજીને આ અસાર સંસારથી પાર પામવાનો પુરુષાર્થ કરશું તો જ આ ગ્રંથ સંપાદનનો પુરુષાર્થ સફળ થશે.

આ ગ્રંથનું ચિંતન જ્યારે સૌ પ્રથમવાર મારા જીવનમાં થયેલ ત્યારે આત્માને જે લાભ થયો છે તે અદ્દ્ભુત છે, અવર્ણનીય છે, જેનું શબ્દસ્વરૂપ પણ આપી શકું તેમ નથી.

અત્યારે પણ લોહચુંબકની જેમ આ ગ્રંથનું મારા જીવનમાં આકર્ષણ રહ્યાં કરે છે.

અંતમાં એટલું જ કહેવાનું મન થાય છે કે આ ગ્રંથના અધ્યયન-પરિશીલન દ્વારા મારી જેમ સૌ અધ્યાત્મપ્રેમી આત્માઓને પણ લાભકર્તા બને એ જ અભ્યર્થના.

સિદ્ધાંતક્રિયાસંનિષ્ઠ જ્યોતિષશિલ્પશાસ્ત્રવિશારદ
**આ. વિ. સોમચંદ્રસૂરિ મહારાજાના પાદપદ્મરેણુ**
**આ. વિ. સોમસુંદરસૂરિ**

# પ્રકાશકીય

**શ્રી શાન્તિસોમચંદ્રસૂરિ જ્ઞાનમંદિર ટ્રસ્ટ દ્વારા અધ્યાત્મ-** પ્રેમી સર્વે ભવ્યાત્માઓ માટે અતિ ઉપયોગી અને આવશ્યક **"અધ્યાત્મસાર" ગ્રંથનું સા. શ્રી વિનીતપ્રજ્ઞાશ્રીજી મ.ની** સ્મૃતિમાં સૌપ્રથમવાર પ્રકાશન થઈ રહ્યું છે.

અધ્યાત્મપ્રેમી સૌ ભવ્યાત્માઓને અતિ ઉપયોગી આ ગ્રંથનું સંપાદન કરનાર પૂજ્યપાદ ગુરુદેવશ્રીના આજ્ઞાનુવર્તિની પ્રવર્તિની **સા. શ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ.**ના શિષ્યા **સા. શ્રી પુનીતયશાશ્રીજી મ.** તથા **સા. શ્રી શીલપ્રજ્ઞાશ્રીજી મ.**ના સદૈવ ઋણી છીએ.

પુસ્તકનું પ્રુફ સંશોધન કરનાર માનનીય પંડિતવર્ય **શ્રી અમરતભાઈ** તથા સુઘડ અને સ્વચ્છ જલ્દીથી પ્રિન્ટીંગ કરનાર ભરત ગ્રાફીક્સ તેમજ પૂજ્યશ્રીની આજ્ઞાથી જ્ઞાનખાતામાંથી આ પુસ્તકના પ્રકાશનનો લાભ લેનાર **શ્રી ભાંડોત્રા જૈન પંચમહાજન**નો કૃતજ્ઞતાપૂર્વક ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

ભવિષ્યમાં પણ અમારા ટ્રસ્ટ દ્વારા આવા શ્રેષ્ઠ ગ્રંથોનું પ્રકાશન થતું રહે એ જ અભ્યર્થના.

**લિ. પ્રકાશક**

# સંપાદકીય

મોટા વિશાળ મહેલમાં આગ લાગી હોય તે અવસરે તેમાં ઘેરાઈ ગયેલ જીવોની જેવી સ્થિતિ હોય તેનાથી પણ ભયંકર સ્થિતિવાળો આ સંસાર છે. એ શારીરિક-માનસિક વગેરે અનેક પ્રકારનાં દુઃખોનું ઘર છે. સર્વ કર્મથી રહિત સિદ્ધ ભગવંતોના એક આશ્રયસ્થાન રૂપ મોક્ષ એ શાશ્વત સુખોનું ઘર છે. આવા અનંત દુઃખોના ઘર સમા અગ્નિમય સંસારને ઓલવી શાશ્વત સુખના ધામ સમા પરમપદમાં પહોંચવા માટે જો કોઈ સાધનારૂપી નીર હોય તો તે એક માત્ર 'અધ્યાત્મ' જ છે.

વર્તમાન શાસનપતિ શ્રી મહાવીર પરમાત્માએ આ અધ્યાત્મમાર્ગનું પ્રકાશન કર્યું અને અનેક વિદ્વાનોએ તેને ગ્રહણ કર્યું, પચાવ્યું અને જગતને તેનો સંદેશો આપ્યો. તેઓમાંના એક મહાપુરુષ થયા કે જેઓએ અધ્યાત્મમાર્ગનું ખુબ જ ઊંડાણપૂર્વક ખેડાણ કર્યું. જીવનના દરેક શ્વાસોને આ અધ્યાત્મથી એકમેક બનાવ્યાં. સ્યાદ્વાદ માર્ગનું તેની સાથે જોડાણ કરી એકાન્તવાદને બહિષ્કૃત કર્યો. પ્રત્યેક પળોને અધ્યાત્મમય બનાવી. જેના પરિણામે તેઓ સ્વયં સિદ્ધ જીવોએ પ્રાપ્ત કરેલા સુખના આંશિક સુખને અનુભવવા લાગ્યાં. આવા આંશિક

સુખનો અનુભવ સૌ કોઈ ભવ્ય જીવો કરી શકે તે માટે તેઓએ આવા અનેક આધ્યાત્મિક ગ્રંથોની રચના કરી જિનશાસનને એક મોટી ભેટ ધરી છે. આ ઉત્તમોત્તમ ભેટ ધરનાર મહાપુરુષ ન્યાયામ્ભોધિ ન્યાયવિશારદ મહામહોપાધ્યાય શ્રી **યશોવિજય મહારાજા** છે. જેઓના ગ્રંથરત્નોના વાંચન દ્વારા મારા જીવનમાં કાંઈક અનેરા અનુભવની અનુભૂતિ મને થઈ છે. અનંતાનંત પાપોને નાબૂદ કરાવવાના કારણભૂત હોવાથી આ મહાપુરુષને મારા મહાન ઉપકારી ગુરુવર સમા ગણું છું.

તેઓશ્રી દ્વારા જ રચાયેલ **'અધ્યાત્મસાર'** નામના ગ્રંથનું એક વખત ટીકા સહિત વાંચન કર્યું ત્યારે મને લાગ્યું કે જો આ ગ્રંથ સમસ્ત ભવ્ય જીવોની નસેનસમાં વણાઈ જાય તો પ્રભુ વીરનું શાસન, પ્રભુ વીરનો પરિવાર બાહ્ય સુખોથી જુદા આધ્યાત્મિક સુખનો સાચો સ્વાદ ચાખી શકે. જેથી ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ ઈર્ષ્યા, ભય, શોકાદિ અનેકાનેક સમસ્ત અવગુણોનો ક્ષય કરી સઘળાય આત્મગુણોને સંપૂર્ણપણે પ્રગટાવી અંતે સંપૂર્ણ કર્મક્ષય દ્વારા ભવક્ષય કરી શાશ્વત મોક્ષસુખને પ્રાપ્ત કરી શકે અને આ ગ્રંથ શ્રમણપ્રધાન શ્રી ચતુર્વિધ સંઘને ઉપકારક બને તે માટે ગાથાર્થ સહિત આ ગ્રંથ સંપાદન કરવાનો મનોરથ થયો.

મારા શિષ્યા-રત્ના સાધ્વીજી શ્રી વિનીતપ્રજ્ઞાશ્રીજી અને સાધ્વીજી શ્રી નયવર્ધનાશ્રીજીના સંયમ જીવનની અનુમોદનાર્થે

આ ગ્રંથરત્નનું પ્રકાશન થઈ રહ્યું છે. તેથી હું અતિ આનંદ અનુભવું છું. મન-વચન-કાયાથી મને સમર્પણ થઈ, મારા પરિવારમાં સર્વ આશ્રિત આર્યાઓને સાધુપણાનું સારું ઘડતર કરી ઉપકારક બની સ્વભાવથી સમુદાયમાં પ્રિય બની તેઓ જે રીતે જીવન જીવ્યા છે તેવા સાધુ કે સાધ્વી આજે દીવો લઈને શોધવા જઈએ તો પણ મળવા મુશ્કેલ છે તેમ હું માનું છું. તે બન્ને સંયમીઓના અતિટૂંકા વિશુદ્ધ-નિરતિચાર સંયમજીવનને યાદ કરી આજે આ ગ્રંથરત્ન તેમને સમર્પણ કરું છું.

મતિભ્રમ કે પ્રેસ દોષથી જિનરાજની આજ્ઞાનો અપરાધ થયો હોય તો ક્ષમા યાચુ છું.

સાધ્વીજી શ્રી પુનીતયશાશ્રીજી
સાધ્વીજી શ્રી શીલપ્રજ્ઞાશ્રીજી



પ.પૂ. સા. શ્રી વિનીતપ્રજ્ઞાશ્રીજી મ.સા.

# જીવન સૌરભ

આર્યસંસ્કૃતિથી દેદીપ્યમાન ગુર્જરદેશમાં અનેક સંતોના જન્મથી પવિત્ર થયેલ બનાસકાંઠા જિલ્લામાં દેવભૂમિ શ્રી થીરપુરની સમીપે એક નાનકડું રળિયામણું પાવડ નામે ગામ.

ધર્મથી બહિર્મુખ પણ તે ગામમાં અને પરિવારમાં શેઠ શ્રી સગથાચંદભાઈના સુપુત્ર હાલચંદભાઈ સ્વયં વૈરાગ્યવાસિત થયાં. છેવટે શાશ્વતતીર્થ શ્રી શત્રુંજય ગિરિરાજની છત્રછાયામાં ચૈત્રમહિનાની શાશ્વતી ઓળીમાં પારણે પ્રવ્રજ્યાગ્રહણનો અભિગ્રહ કરી નવ ઉપવાસ કર્યા. ચૈત્રવદ ૭ના શુભદિને શ્રી શાંતિવિજયજીના શિષ્ય શ્રી સુજ્ઞાનવિજયજી તરીકે પ્રસિદ્ધિને પામ્યાં. ત્યારથી જ કુટુંબમાં તથા ગામમાં ધર્મના બીજ રોપાયાં. ત્યારબાદ પોતાના કુટુંબમાંથી અગિયાર આત્માઓને સંયમમાર્ગે વાળ્યાં. તેમાંથી શ્રી શંખેશ્વરતીર્થમાં શેઠ શ્રી રામચંદભાઈની સુપુત્રી વિમળાબેનનો નિષ્ક્રમણોત્સવ નિહાળતાં પાવડ ગામમાં જ જન્મ પામેલ શેઠ શ્રી છોટાભાઈની ધર્મપત્ની જાસુદબેનની રત્નકુક્ષિથી અવતરેલ ૧૪ વર્ષનાં રમીલાબેન અને તેમના પિતરાઈબેન કોકિલાબેનને પણ વીરની વાટે પ્રયાણ કરવા મન ઉલ્લસિત થયું. ધર્મસંસ્કારોથી સિંચાયેલ આ બન્ને

બાળાઓના ઉત્કટ વૈરાગ્યભાવ જાણીને બન્નેના માતા-પિતાએ સહર્ષ રજા આપી. બન્ને બહેનો જેઓશ્રીના દીક્ષા પ્રસંગને જોવાથી વૈરાગ્યવાસિત થયા હતાં તે જ માતૃહૃદયા સાધ્વીજી શ્રી શીલપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના પાવન સાનિધ્યમાં રહી સિદ્ધાન્તનિષ્ઠ આ.ભ. શ્રીમદ્વિજય સોમચંદ્રસૂરીશ્વરજી મ.સા.નું પિતાથી પણ અધિક વાત્સલ્ય પામી મુનિ શ્રી સિદ્ધસેનવિજયજી મ.સા.ની દિન-પ્રતિદિન વૈરાગ્યગર્ભિત પ્રેરણા દ્વારા આ અસાર સંસારથી ઉદ્વેગ પામી શીઘ્રાતિશીઘ્ર સંયમિત થવા ઉત્સાહિત થયાં અને ૧૭ વર્ષની વયે શ્રી થીરપુર નગરે વિ.સં. ૨૦૩૮ જે.સુ. ૧૦ ના દિવસે ક્રિયાનિષ્ઠ, આચારચુસ્ત આ.ભ. શ્રી વિજયસોમચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના વરદ્‌હસ્તે કર્મરજથી મુક્ત કરાવનાર રજોહરણને સંપ્રાપ્ત કરી માતૃહૃદયા પ્રવર્તની સાધ્વીજી શ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ.સા.ના શિષ્યરત્ના નિર્મળ ચેતસી સાધ્વીજી શ્રી શીલપ્રજ્ઞાશ્રીજી મ.સા. ના પ્રથમ શિષ્યા બનવાનું સૌભાગ્ય પામ્યા અને રમીલાબેન સા. શ્રી વિનીતપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા કોકિલાબેન સા. શ્રી કલ્પયશાશ્રીજી મ.સા. બન્યા. દીક્ષાગ્રહણના પ્રથમ દિનથી જ આ વિનીતપ્રજ્ઞાશ્રીજી મ.સા. પૂજ્ય ગુરુમાતાની ગોદમાં આરાધના-સાધનામાં મશગુલ થઈ ગયા. બીજના ચંદ્રની માફક તેઓ અનેકાનેક ગુણોથી વૃદ્ધિ પામવા લાગ્યાં. તેમની પાછળ જે જે મુમુક્ષુ ગુરુમાતા પાસે આવ્યાં તેઓને નિઃસ્વાર્થભાવે

સંયમમાર્ગમાં તટસ્થ કરી ગુરુમાતાના પરિવારને વૃદ્ધિમાન બનાવ્યો. પોતાના પચ્ચીશ વર્ષના દીક્ષાપર્યાયમાં તેમની પછી સત્તર આત્માઓને પોતાના પરિવારના સહવર્તી બનાવ્યાં. પરંતુ એકને પણ પોતાની શિષ્યા ન કરી. કેવો નિઃસ્વાર્થ માવ ! સમર્પણભાવ ! જેઓ નક્ષત્રોમાં ચંદ્રની જેમ સર્વે સહવર્તીઓમાં દ્રવ્યથી એટલે કે સૌથી વડીલ ગુરુબેન અને ભાવથી એટલે કે આત્મિક ગુણોથી ઉચ્ચસ્થાને હતાં. વડીલ હોવા છતાં પણ સર્વે નાના-નાના સહવર્તીઓની સાથે નમ્રભાવથી રહીને સર્વેને જ્ઞાનારાધનામાં આગળ લાવતા હતાં. નિજ ગુરુમાતા આગળ તો જાણે કે આજનું જ જન્મ પામેલ બાળક ન હોય તેવી રીતે જ રહ્યાં. પોતાના મનનો એક પણ વિચાર એવો ન હતો કે જે ગુરુમાતા જાણતાં ન હોય. આ જ તેમની નિખાલસતા, સરળતા, સમર્પણતા બતાવે છે. જેમ સર્વે સહવર્તીઓમાં અગ્રેસર હતાં તેમ તેઓશ્રી ગુરુમાતાના હૃદયમાં પણ (કેન્દ્રસ્થાને) અગ્રેસર જ હતાં. પોતાના જીવનનાં અંત સુધી ગુરુમાતાની નિશ્રામાં રહી ગુરુઆજ્ઞાને પોતાનો શ્વાસ-પ્રાણ બનાવ્યો હતો. આ પ્રમાણે જ્ઞાનમાં રક્ત, ધ્યાનમાં આસક્ત, ચારિત્રમાં મસ્ત, ક્રિયામાં તટસ્થ, આચારમાં ચુસ્ત, વિચારમાં શુદ્ધ, વૈરાગ્યથી વિશુદ્ધ એવા તેઓ પોતાની બેંતાલીશ વર્ષની ઉંમર સુધી સંયમરૂપી સોપાને ચઢતાં ચઢતાં જાણે કે મોક્ષસીડી ચડવાને ઉત્સુક બન્યા ન હોય ! તેમ અચાનક જ

સૌ વચ્ચેથી વિદાય લીધી. સૌને ઉદાત્ત અને ઉમદા જીવનનો દિવ્ય સંદેશ આપીને ગયાં.

શત શત વંદન

**નમન**

**સુમન કરમાઈ ગયું સુવાસ ફેલાવી,**
**સુરજ આથમી ગયો પ્રકાશ પથરાવી;**
**વિનીતપ્રજ્ઞાશ્રીજી આપ તો પરલોક ગયા,**
**પણ અમ હૃદયમાં હીરાની જેમ જડાઈ ગયાં.**

**આ હતા શ્રમણી રત્નો અમારા....**

**વિનય બળે વિદ્યાને પચાવી, વિદુષી બની રહેનારા...**
**નીરની પેઠે સદાયે શીતલ, શીતલતા દેનારા...**
**તપ-જપ સેવા ગુરુની ભક્તિ, અહોનિશ દિલ ધરનારા...**
**પ્રતિનિધિ બની નિજ ગુરુણીશ્રીના, કાર્ય સકલ કરનારા...**
**જ્ઞાન પ્રાપ્તિ ને જ્ઞાનપ્રદાને, નિજને પલોટનારા...**
**શ્રીમંત સંયમપદ પાળી, ભવિજન મન હરનારા...**
**જીવન જેહનું યાદ કરંતા, નયને વહે જલધારા...**

## સા. વિનીતપ્રજ્ઞાશ્રીજી મ.ને
# શ્રદ્ધાંજલિ

(જેના રોમ-રોમથી)

સહુ જનમન આજે યાદ કરે, ઓ વિનીતપ્રજ્ઞાશ્રીજી પ્યારા,
તુમ વિરહે બધે શૂનકારા... (૨)
તુમ જીવને વહેતી ખળખળ કરતી, ગુણગંગાની ધારા,
તુમ વિરહે આજ શૂનકારા... (૨)
શેઠ કુટુંબ ને પિતા છોટાભાઈ, મોટી પાવડ ગામે (૨)
માં જાસુદની કુખ થકી, જન્મ્યા રમીલા તે નામે (૨)
નીરની પેઠે સદાય શીતલ, શીતલતા દેનારા... તુમ વિરહે

પૂરવના પુણ્યે સહજ સંયોગે, હુઆ સંયમ અભિલાષી (૨)
સોમચંદ્રસૂરિ ગુરુવર વચને, જીવન બન્યું અવિલાસી (૨)
તપ-જપ-સેવા-ગુરુની ભક્તિ, અહોનિશ દિલ ધરનારા... તુમ વિરહે

સોમચંદ્રસૂરિ સદ્ગુરુ હસ્તે, જેઠ સુદી દશમીએ (૨)
શીલપ્રજ્ઞાશ્રીજી ચરણે જીવન, સોંપ્યુ અતિઉલ્લસીએ (૨)
પ્રતિનિધિ બની નિજ ગુરુણીશ્રીનાં, કાર્ય સકલ કરનારા... તુમ વિરહે

વિનય બળે વિદ્યાને પચાવી, વિદુષી બની રહેનારા (૨)
જ્ઞાનપ્રાપ્તિ ને જ્ઞાનપ્રદાને, નિજને પલોટનારા (૨)
એ શ્રીમંત સંયમપદને પાળી, ભવિ-જન-મન હરનારા... તુમ વિરહે

ભવિતવ્યતા યોગે સિદ્ધપુર, ચૈત્ર સુદી તેરસનાં (૨)
નશ્વર દેહને છોડી ગયા, અંતિમવિધિ પાલનપુરમાં (૨)
સુગુણ જેહનાં યાદ કરંતા, "શીલ"નયને જલધારા... તુમ વિરહે

# સા. નયવર્ધનાશ્રીજી મ.ને
# શ્રદ્ધાંજલિ

(તને રાત-દિવસ હું યાદ)

ઓ નયવર્ધનાશ્રીજી નવિ વિસરાયે, તુમ ગુણ ગણ વિસ્તાર રે...
હજુ યત્ર-તત્ર તુમ શુભ અસ્તિત્વનાં, થાય છે મન ભણકાર રે...
જન્મ ધર્યો જેલાણા ગામે, ચંચીમાઁની કુખ થકી,
રોમાંચિત થાતા તુમ મુખ જોતાં, પિતા રસિકભાઈ હર્ષ થકી... ઓ૦

સદ્યોગે સદ્ગુરુ સોમચંદ્રસૂરિ, મળીયા તારણહાર રે,
જસ વયણા સુણતાં ખીલે વૈરાગ્ય, વસંત પુરબહાર રે... ઓ૦

બે હજાર પિસ્તાલીશની સંવત, ચૈતર વદી શુભ સપ્તમીએ,
ભીલડી તીરથમાં પામ્યા સંયમ, નામ ધર્યું નયવર્ધનાએ... ઓ૦

નિજ શ્રીફળ સમા સુમધુર વયણે, સહુનાં મન જીતનાર રે,
નિજ ગુરુણી શીલપ્રજ્ઞાશ્રીજી હૃદયે, સ્થાન અચલ ધરનાર રે... ઓ૦

સહુ ન્હાના સાથે ન્હાના થતાં જે, માન નવિ ધરનાર રે,
વળી, નમ્ર નયન જોઈને જેહના, થાતા સૌ અવિકાર રે... ઓ૦

ચૈત્ર સુદી તેરસ દિન સિદ્ધપુર, ભાવિ ધૂંધળું ભાસે રે,
શુભ વર્ધમાન તપ ઓળી છેંતાલીશ, અંત્ય આંબિલ તે દિવસે રે... ઓ૦

જીર્ણ થતાં જીવનરેખા અમ, સહુને છોડી જનાર રે,
અતિ ગોઝારી એ પળની યાદે, વહેતી અશ્રુધાર રે... ઓ૦

"જય જય નંદા જય જય ભદ્દા"નાં નાદે પાલનપુર રે,
"શીલ"વંત જનો સહુ તુમ જીવનને, અંજલિ દેતા વયણે રે... ઓ૦

## સા. વિનીતપ્રજ્ઞાશ્રીજીનો અલ્પાક્ષરી પરિચય

**નામ :** રમીલાબેન

**માતા :** જાસુદબેન, **પિતા :** છોટાલાલ શેઠ

**જન્મ :** સં. ૨૦૨૧, શ્રાવણ સુદ-૪, મોટીપાવડ

**દીક્ષા :** સં. ૨૦૩૮, જેઠ સુદ-૧૦, થરાદ

**દીક્ષાદાતા :** સિદ્ધાંતક્રિયાનિષ્ઠ પ.પૂ.આ.ભ. શ્રીમદ્વિજય સોમચંદ્રસૂરીશ્વરજી મહારાજા

**જીવનસમર્પણ :** સા. શીલપ્રજ્ઞાશ્રીજી મ.ના પ્રથમ શિષ્યા

**કાળધર્મ :** સં. ૨૦૬૩ ચૈત્ર સુદ-૧૩, સિદ્ધપુર હાઈ-વે

**અંતિમભૂમિ :** સં. ૨૦૬૩ ચૈત્ર સુદ-૧૩, પાલનપુર

## સા. નયવર્ધનાશ્રીજીનો અલ્પાક્ષરી પરિચય

**નામ :** નયનાબેન

**માતા :** ચંચીબેન, **પિતા :** રસિકભાઈ શેઠ

**જન્મ :** સં. ૨૦૨૫, અષાઢ સુદ-૧૩, જેલાણા

**દીક્ષા :** સં. ૨૦૪૫, ચૈત્ર વદ-૭, ભીલડીયાજી તીર્થ

**દીક્ષાદાતા :** સિદ્ધાંતક્રિયાનિષ્ઠ પ.પૂ.આ.ભ. શ્રીમદ્વિજય સોમચંદ્રસૂરીશ્વરજી મહારાજા

**જીવનસમર્પણ :** સા. શીલપ્રજ્ઞાશ્રીજી મ.ના ચરણોમાં

**કાળધર્મ :** સં. ૨૦૬૩ ચૈત્ર સુદ-૧૩, સિદ્ધપુર હાઈ-વે

**અંતિમભૂમિ :** સં. ૨૦૬૩ ચૈત્ર સુદ-૧૩, પાલનપુર

# અધ્યાત્મસાર અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| અધ્યાત્મમાહાત્મ્યાધિકાર-૧ | ૧ |
| આત્મસ્વરૂપાધિકાર-૨ | ૮ |
| દમ્ભત્યાગાધિકાર-૩ | ૧૬ |
| ભવસ્વરૂપચિન્તાધિકાર-૪ | ૨૨ |
| વૈરાગ્યસમ્ભવાધિકાર-૫ | ૩૭ |
| વૈરાગ્યભેદાધિકાર-૬ | ૪૭ |
| વૈરાગ્યવિષયાધિકાર-૭ | ૫૯ |
| મમતાત્યાગાધિકાર-૮ | ૭૦ |
| સમતાધિકાર-૯ | ૭૮ |
| સદનુષ્ઠાન-૧૦ | ૮૬ |
| મનઃશુદ્ધિરધિકાર-૧૧ | ૯૬ |
| સમ્યક્ત્વાધિકાર-૧૨ | ૧૦૫ |
| મિથ્યાત્વત્યાગાધિકાર-૧૩ | ૧૨૦ |
| અસદ્ગ્રહત્યાગાધિકાર-૧૪ | ૧૪૩ |
| યોગાધિકાર-૧૫ | ૧૫૨ |
| યાનાધિકાર-૧૬ | ૧૭૪ |
| ધ્યાનસ્તુત્યાધિકાર-૧૭ | ૧૯૭ |
| આત્મનિશ્ચયાધિકાર-૧૮ | ૨૦૩ |
| જિનમતસ્તુત્યધિકાર-૧૯ | ૨૫૨ |
| આત્માનુભવાધિકાર-૨૦ | ૨૬૦ |
| સજ્જનસ્તુત્યધિકાર-૨૧ | ૨૭૨ |

# प्रथम अध्यात्ममाहात्म्याधिकारः

१ ऐन्द्रश्रेणिनतः श्रीमान् नन्दतान्नाभिनन्दनः ।
उद्दधार युगादौ यो, जगदज्ञानपङ्कतः ॥१॥

ઈન્દ્રોની શ્રેણી વડે નમસ્કાર કરાયેલા, શ્રીયુક્ત નાભિ રાજાના પુત્ર, આ યુગમાં આદિકાળમાં અજ્ઞાનરૂપી કાદવમાંથી જગતનો ઉદ્ધાર કરનાર (શ્રી ઋષભદેવ ભગવાન) આનંદ પામો. ૧

२ श्रीशान्तिस्तान्तिभिद् भूयाद् भविनां मृगलाञ्छनः ।
गावः कुवलयोल्लासं, कुर्वते यस्य निर्मलाः ॥२॥

જેમને મૃગનું લાંછન છે અર્થાત્ જેઓ ચન્દ્રસમાન છે અને જેઓની નિર્મળ વાણી કુવલય(કુમુદ અને વિશ્વ)ને ઉલ્લાસવાળી કરે છે એવા શ્રી શાન્તિનાથ ભગવાન ભવ્ય જીવોના સંતાપને હરનારા થાઓ ! ૨

३ श्रीशैवेयं जिनं स्तौमि, भुवनं यशसेव यः ।
मारुतेन मुखोत्थेन, पाञ्चजन्यमपूपुरत् ॥३॥

જેમણે પોતાના યશ વડે ત્રિભુવનની જેમ પાંચજન્ય શંખને પોતાના મુખમાંથી નીકળેલા વાયુ વડે ફૂંક્યો હતો એવા, શિવાદેવી માતાના પુત્ર, શ્રી નેમિનાથ ભગવાનની હું સ્તુતિ કરું છું. ૩

૪ जीयात् फणिफणाप्रान्त-सङ्क्रान्ततनुरेकदा ।
उद्धर्तुमिव विश्वानि, श्रीपार्श्वो बहुरूपभाक् ॥४॥

સર્પની ફણાના અગ્રભાગમાં એક જ સમયે જેમના શરીરનાં અનેક પ્રતિબિંબો પડેલાં છે અને તેથી જગતનો ઉદ્ધાર કરવા માટે જાણે કે જેમણે ઘણાં રૂપ ધારણ કર્યાં છે એવા શ્રી પાર્શ્વનાથ પ્રભુ જયવંતા વર્તો. ૪

૫ जगदानन्दनः स्वामी, जयति ज्ञातनन्दनः ।
उपजीवन्ति यद्वाच-मद्यापि विबुधाः सुधाम् ॥५॥

જેમની વાણીરૂપી અમૃતને વિબુધો અદ્યાપિ સેવે છે એવા જગતને આનંદ આપનારા જ્ઞાતનંદન (શ્રી મહાવીર સ્વામી) જયવંતા વર્તે છે. ૫

૬ एतानन्यानपि जिनान् नमस्कृत्य गुरूनपि ।
अध्यात्मसारमधुना, प्रकटीकर्तुमुत्सहे ॥६॥

આ અને અન્ય જિનેશ્વરોને અને ગુરુવર્યોને નમસ્કાર કરીને હવે 'અધ્યાત્મસાર' નામના શાસ્ત્રગ્રંથને પ્રગટ કરવા હું ઉત્સાહવંત થાઉં છું. ૬

૭ शास्त्रात् परिचितां सम्यक्-सम्प्रदायाच्च धीमताम् ।
इहानुभवयोगाच्च, प्रक्रियां कामपि ब्रुवे ॥७॥

શાસ્ત્રથી, ગીતાર્થ પુરૂષોના સંપ્રદાયથી અને અનુભવના યોગથી સારી રીતે પરિચિત થયેલી એવી અપૂર્વ પ્રક્રિયા હું કહું છું. ૭

૮ **योगिनां प्रीतये पद्य-मध्यात्मरसपेशलम् ।**
**भोगिनां भामिनीगीतं, सङ्गीतकमयं यथा ॥८॥**

જેમ સ્ત્રીનું સંગીતમય ગીત ભોગી પુરુષોની પ્રીતિ માટે થાય છે તેમ અધ્યાત્મરસથી મનોહર એવું આ પદ્ય યોગીજનોની પ્રીતિ માટે થાય છે. ૮

૯ **कान्ताधरसुधास्वाद् यूनां यज्जायते सुखम् ।**
**बिन्दुः पार्श्वे तदध्यात्म-शास्त्रास्वादसुखोदधेः ॥९॥**

યુવાન પુરૂષોને સ્ત્રીના અધરામૃતના આસ્વાદથી જે સુખ પ્રાપ્ત થાય છે તે સુખી આસ્વાદના સુખસાગર પાસે એક બિંદુ માત્ર છે. ૯

૧૦ **अध्यात्मशास्त्रसम्भूत-सन्तोषसुखशालिनः ।**
**गणयन्ति राजानं, न श्रीदं नापि वासवम् ॥१०॥**

અધ્યાત્મશાસ્ત્રથી ઉત્પન્ન થયેલા સંતોષરૂપી સુખથી શોભતા યોગીજનો રાજાને, કુબેરને કે ઈન્દ્રને પણ ગણતા નથી. ૧૦

૧૧ **यः किलाशिक्षिताध्यात्म-शास्त्रः पाण्डित्यमिच्छति ।**
**उत्क्षिपत्यङ्गुलीं पङ्गुः, स स्वर्द्रुफललिप्सया ॥११॥**

જે માણસ ખરેખર અધ્યાત્મશાસ્ત્રના અભ્યાસ વિના પાંડિત્ય પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખે છે તે, કલ્પવૃક્ષનું ફળ મેળવવાની ઈચ્છાથી પંગુ પુરૂષ પોતાની આંગળી ઊંચી કરે તેના જેવું છે.૧૧

१२ दम्भपर्वतदम्भोलिः, सौहार्दाम्बुधिचन्द्रमाः ।
अध्यात्मशास्त्रमुत्ताल-मोहजालवनानलः ॥१२॥

અધ્યાત્મશાસ્ત્ર દંભરૂપી પર્વતને (તોડવા) માટે વજ્ર સમાન, મૈત્રીરૂપી સમુદ્રને (તરવા) માટે ચંદ્ર સમાન અને વૃદ્ધિ પામેલા મોહજાળરૂપી વનને (બાળવા) માટે અગ્નિ સમાન છે. ૧૨

१३ अध्वा धर्म्मस्य सुस्थः स्यात् पापचौरः पलायते ।
अध्यात्मशास्त्रसौराज्ये, न स्यात् कश्चिदुपप्लवः ॥१३॥

અધ્યાત્મશસ્ત્રરૂપી સુરાજ્યમાં-ધર્મનો માર્ગ સુગમ થાય છે, પાપરૂપી ચોર નાસી જાય છે અને અન્ય કોઈ ઉપદ્રવ થતો નથી. ૧૩

१४ येषामध्यात्मशास्त्रार्थ-तत्त्वं परिणतं हृदि ।
कषायविषयावेश-क्लेशस्तेषां न कर्हिचित् ॥१४॥

જેમના હૃદયમાં અધ્યાત્મશાસ્ત્રના અર્થનું તત્ત્વ પરિણમ્યું છે તેમને કષાયવિષયોના આવેશનો ક્લેશ ક્યારેય થતો નથી. ૧૪

१५ निर्दयः कामचण्डालः, पण्डितानपि पीडयेत् ।
यदि नाध्यात्मशास्त्रार्थ-बोधयोधकृपा भवेत् ॥१५॥

જો અધ્યાત્મશાસ્ત્રના અર્થના બોધરૂપી યોદ્ધાની કૃપા ન હોય તો કામદેવરૂપી નિર્દય ચાંડાલ પંડિતોને પણ પીડા કરે છે. ૧૫

१६ विषवल्लिसमां तृष्णां, वर्धमानां मनोवने ।
अध्यत्मशास्त्रदात्रेण, छिन्दन्ति परमर्षयः ॥१६॥

મનરૂપી વનમાં વધતી જતી વિષવેલડી જેવી તૃષ્ણાને પરમ ઋષિઓ અધ્યાત્મશાસ્ત્રરૂપી દાતરડા વડે છેદી નાખે છે. ૧૬

१७ वने वेश्म धनं दौःस्थ्ये, तेजो ध्वान्ते जलं मरौ ।
दुरापमाप्यते धन्यैः, कलावध्यात्मवाङ्मयम् ॥१७॥

વનમાં ઘર, દરિદ્રતામાં ધન, અંધકારમાં તેજ અને મરુભૂમિરણમાં જલ જેમ દુર્લભ છે તેમ આ કળિયુગમાં ધન્ય વ્યક્તિઓથી જ અધ્યાત્મશાસ્ત્રને પ્રાપ્ત કરી શકાય છે. ૧૭

१८ वेदाऽन्यशास्त्रवित् क्लेशं, रसमध्यात्मशास्त्रवित् ।
भाग्यभृद् भोगामाप्नोति, वहते चन्दनं खरः ॥१८॥

વેદ તથા અન્ય શાસ્ત્રના જાણનારા ક્લેશ અનુભવે છે, પરંતુ અધ્યાત્મશાસ્ત્રના જાણનાર રસ ભોગવે છે. ગર્દભ ચંદનનો ભાર વહન કરે છે, પરંતુ ભાગ્યવાન તેની સુગંધને ભોગવે છે. ૧૮

१९ भुजास्फलनहस्तास्य-विकाराभिनयाः परे ।
अध्यात्मशास्त्रविज्ञास्तु, वदन्त्यविकृतेक्षणाः ॥१९॥

બીજાઓ ભુજાના અફાળવા વડે તથા હાથ અને મુખના વિકારો વડે અભિનય કરીને બોલે છે, પરંતુ

અધ્યાત્મશાસ્ત્રના જાણનારા પુરૂષો તો નેત્રમાં પણ વિકાર લાવ્યા વિના બોલે છે. ૧૯

**२० अध्यात्मशास्त्रहेमाद्रि–मथितादागमोदधेः ।**
**भूयांसि गुणरत्नानि, प्राप्यन्ते, विबुधैर्न किम् ? ॥२०॥**

અધ્યાત્મશાસ્ત્રરૂપી હિમાચલ વડે મંથન કરેલા આગમરૂપી સમુદ્રમાંથી વિબુધો(દેવો/પંડિતો)એ શું ઘણાં ગુણરત્ન પ્રાપ્ત નથી કર્યાં ? ૨૦

**२१ रसो भोगावधिः कामे, सद्भक्ष्ये भोजनावधिः ।**
**अध्यात्मशास्त्रसेवायां, रसो निरवधिः पुनः ॥२१॥**

કામનો (મૈથુનનો) રસ ભોગ હોય ત્યાં સુધી રહે છે. ઉત્તમ ભોજનનો રસ ભોજન કર્યા સુધી રહે છે. પરંતુ અધ્યાત્મશાસ્ત્રના સેવનનો રસ તો નિરવધિ = કાયમી છે. ૨૧

**२२ कुतर्कग्रन्थसर्वस्व–गर्वज्वरविकारिणी ।**
**एति दृङ् निर्म्मलीभाव–मध्यात्मग्रन्थभेषजात् ॥२२॥**

કુતર્કનાં ગ્રંથના સર્વસ્વ ગર્વરુપી જ્વરથી દૃષ્ટિમાં થયેલ વિકૃતિ, અધ્યાત્મગ્રંથરૂપી ઔષધથી નિર્મલ થાય છે. ૨૨

**२३ धनिनां पुत्रदारादि, यथा संसारवृद्धये ।**
**तथा पाण्डित्यदृप्तानां, शास्त्रमध्यात्मवर्जितम् ॥२३॥**

ધનવાનોને પુત્ર, સ્ત્રી વગેરે જેમ સંસારની વૃદ્ધિ કરે છે તેમ પાંડિત્યથી ગર્વિષ્ઠ બનેલાને અધ્યાત્મરહિત શાસ્ત્ર સંસારની વૃદ્ધિ કરે છે. ૨૩

२४ अध्येतव्यं तदध्यात्म-शास्त्रं भाव्यं पुनः पुनः ।
अनुष्ठेयस्तदर्थश्च, देयो योग्यस्य कस्यचित् ॥२४॥

એટલા માટે અધ્યાત્મશાસ્ત્રનો અભ્યાસ કરવો જોઈએ, વારંવાર તેની ભાવના ભાવવી જોઈએ, તેમાં કહેલા અર્થોનું અનુષ્ઠાન (ચિંતન, મનન) કરવું જોઈએ અને કોઈ યોગ્ય જીવ હોય તો તેને તે આપવું જોઈએ. ૨૪

॥ इत्यध्यात्मसारे अध्यात्ममाहात्म्याधिकारः ॥१॥

## द्वितीय आत्मस्वरूपाधिकारः

२५ भगवन् ! किं तदध्यात्मं, यदित्थमुपवर्ण्यते ।
शृणु वत्स ! यथाशास्त्रं, वर्णयामि पुरस्तव ॥१॥

'હે ભગવન્ ! આપ જેનું આ પ્રમાણે વર્ણન કરો છો તે અધ્યાત્મ શું છે ?'

'હે વત્સ ! સાંભળ. હું તારી આગળ શાસ્ત્ર પ્રમાણે તેનું વર્ણન કરું છું.' ૨૫

२६ गतमोहाधिकाराणा-मात्मानमधिकृत्य या ।
प्रवर्तते क्रिया शुद्धा, तदध्यात्मं जगुर्जिनाः ॥२॥

જેમની મોહનો અધિકાર = પ્રભાવ નાશ પામ્યો છે, તેઓની જે શુદ્ધ ક્રિયા આત્માને લક્ષીને પ્રવર્તે છે તેને જિનેશ્વર ભગવાનો 'અધ્યાત્મ' કહે છે. ૨૬

२७ सामायिकं यथा सर्व-चारित्रेष्वनुवृत्तिमत् ।
अध्यात्मं सर्वयोगेषु, तथानुगतमिष्यते ॥३॥

સામાયિક જેમ સર્વ ચારિત્રોમાં હાજર હોય છે, તેમ અધ્યાત્મ સર્વ યોગોમાં રહેલ હોય છે. ૨૭

२८ अपुनर्बन्धकाद् यावद् गुणस्थानं चतुर्दशम् ।
क्रमशुद्धिमती तावत्, क्रियाऽध्यात्ममयी मता ॥४॥

અપુનર્બંધ નામના ચોથા ગુણસ્થાનકથી શરૂ થઈને, ચૌદમા ગુણસ્થાનક સુધી જે શુદ્ધ ક્રિયા પ્રવર્તે છે, તે આધ્યાત્મિક ક્રિયા જ મનાય છે. ૨૮

**૨૯ आहारोपधिपूजर्द्धि-गारवप्रतिबन्धतः ।**
**भवाभिनन्दी यां कुर्यात्, क्रियां साऽऽध्यात्मवैरिणी ।।५।।**

આહાર, ઉપધિ, પૂજા-સત્કાર, ઋદ્ધિ તથા ગૌરવ પામવાના આશયથી બંધાઈને ભવાભિનંદી જીવ જે ક્રિયા કરે છે તે અધ્યાત્મની વૈરિણી છે. ૨૯

**૩૦ क्षुद्रो लोभरतिर्दीनो, मत्सरी भयवान् शठः ।**
**अज्ञो भवाभिनन्दी स्या-न्निष्फलारम्भसङ्गतः ।।६।।**

ક્ષુદ્ર, લોભમાં આસક્ત, દીન, મત્સરી, ભયવાન, શઠ, અજ્ઞાની અને નિષ્ફળ આરંભમાં પ્રવૃત્ત થયેલો જીવ ભયાભિનંદી કહેવાય છે. ૩૦

**૩૧ शान्तो दान्तः सदा गुप्तो, मोक्षार्थी विश्ववत्सलः ।**
**निर्दम्भां यां क्रियां कुर्यात्, साध्यात्मगुणवृद्धये ।।७।।**

શાન્ત, દાન્ત, સદા ગુપ્ત, મોક્ષાર્થી અને વિશ્વવત્સલ જીવ, દંભરહિત જે ક્રિયા કરે છે તેથી અધ્યાત્મગુણની વૃદ્ધિ થાય છે. ૩૧

**૩૨ एत एव जनः पृच्छो-त्पन्नसंज्ञः पिपृच्छिषुः ।**
**साधुपार्श्वं जिगमिषु-र्धर्म्मं पृच्छन् क्रियास्थितः ।।८।।**

३३ **प्रतिपित्सुः सृजन् पूर्वं, प्रतिपन्नश्च दर्शनम् ।**
**श्राद्धो यतिश्च त्रिविधो-ऽनन्तांशक्षपकस्तथा ॥९॥**

३४ **दृङ्मोहक्षपको मोह-शमकः शान्तमोहकः ।**
**क्षपकः क्षीणमोहश्च, जिनोऽयोगी च केवली ॥१०॥**

તેથી તેવો જીવ, પ્રશ્ન પૂછવાની સંજ્ઞાવાળો, પ્રશ્ન પૂછવા તત્પર, તે માટે સાધુ પાસે સ્વેચ્છાએ જઈને ધર્મતત્ત્વ વિશે પૂછે છે, ક્રિયામાં સ્થિર રહે છે. ધર્મ પામવા ઇચ્છે છે. પૂર્વે સમ્યગ્ દર્શન પામીને, શ્રાવક તથા શ્રમણ ત્રણ પ્રકારનાં અનંતાંશનો, દર્શન મોહનીયનો - મોહનીયનો ક્ષય કરે છે. એટલે તે શાન્તમોહ, ક્ષપક, ક્ષીણમોહ, જિન (સયોગી કેવલી) અને અયોગી કેવલી થાય છે. ૩૨-૩૩-૩૪

३५ **यथा क्रमममी प्रोक्ता, असङ्ख्यगुणनिर्जराः ।**
**यतितव्यमतोध्यात्म-वृद्धये कलयापि हि ॥११॥**

આ જે ગુણો અનુક્રમે કહ્યા છે તે અસંખ્યગુણ નિર્જરા કરનારા છે. તેથી અધ્યાત્મની વૃદ્ધિ માટે તેના અભ્યાસ અવશ્ય કરવો. ૩૫

३६ **ज्ञानं शुद्धं क्रिया शुद्धे-त्यंशौ द्वाविह सङ्गतौ ।**
**चक्रे महारथस्येव, पक्षाविव पतत्रिणः ॥१२॥**

શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ ક્રિયા એ બે અંશો મોટા રથના બે ચક્રની જેમ તથા પક્ષીની બે પાંખની જેમ સાથે રહેલા છે. ૩૬

૩૭ **तत्पञ्चमगुणस्थाना-दारभ्यैवैतदिच्छति ।**

**निश्चयो व्यवहारस्तु, पूर्वमप्युपचारतः ॥१३॥**

નિશ્ચયનય પાંચમા ગુણસ્થાનકથી આરંભીને એને (અધ્યાત્મને) ઈચ્છે છે (માને છે), પરંતુ વ્યવહારનય ત તેથી પૂર્વે પણ ઉપચારથી (અધ્યાત્મને) માને છે. ૩૭

૩૮ **चतुर्थेपि गुणस्थाने, शुश्रूषाद्या क्रियोचिता ।**

**अप्राप्तस्वर्णभूषाणां, रजताभूषणं यथा ॥१४॥**

ચોથા ગુણસ્થાનકે પણ ઉચિત એવી શુશ્રૂષાદિ ક્રિયા રહેલી જ છે. જેને સુવર્ણના આભૂષણો ન મળ્યાં હોય તેને માટે ચાંદીના આભૂષણો પણ આભૂષણ જ છે. ૩૮

૩૯ **अपुनर्बन्धकस्यापि, या क्रिया शमसंयुता ।**

**चित्रा दर्शनभेदेन, धर्मविघ्नक्षयाय सा ॥१५॥**

અપુનર્બંધકની પણ જે શમયુક્ત ક્રિયા હોય છે તે દર્શનભેદથી વિવિધ પ્રકારની છે અને તે પણ ધર્મના વિઘ્નનો ક્ષય કરનારી છે. ૩૯

૪૦ **अशुद्धापि हि शुद्धायाः, क्रियाहेतुः, सदाशयात् ।**

**ताम्रं रसानुवेधेन, स्वर्णत्वमधिगच्छति ॥१६॥**

અશુદ્ધ ક્રિયા પણ સારા આશયને કારણે શુદ્ધ ક્રિયાનો હેતુ થાય છે. તાંબુ પણ રસના અનુવેધથી સુવર્ણ બની જાય છે. ૪૦

૪૧ अतो मार्गप्रवेशाय, व्रतं मिथ्यदृशामपि ।
द्रव्यसम्यक्त्वमारोप्य, ददते धीरबुद्धयः ॥१७॥

એ જ કારણથી દર્શનમાં ધીર બુદ્ધિવાળાઓ, મિથ્યાદષ્ટિવાળા જીવોને માર્ગમાં પ્રવેશ કરાવવા દ્રવ્ય સમકિતનું આરોપણ કરીને વ્રત (ચારિત્ર) આપે છે. ૪૧

૪૨ यो बुद्ध्वा भवनैर्गुण्यं, धीरः स्याद् व्रतपालने ।
स योग्यो भावभेदस्तु, दुर्लक्ष्यो नोपयुज्यते ॥१८॥

જે જીવ ભવ (સંસાર)ની નિર્ગુણતા સમજીને વ્રતપાલન માટે ધીર થાય તેને યોગ્ય જાણવો. ભાવ (પરિણામ)નો ભેદ દુર્લક્ષ્ય હોય છે. તેથી અહીં તે ઉપયોગી નથી. ૪૨

૪૩ नो चेद्भावापरिज्ञानात् सिद्ध्यसिद्धिपराहतेः ।
दीक्षाऽदानेन भव्यानां, मार्गोच्छेदः प्रसज्यते ॥१९॥

જો આ પ્રમાણે દ્રવ્યઆરોપણ ન કરવામાં આવે તો, ભાવ જાણી શકાતો નથી. એટલે સિદ્ધિનો અને અસિદ્ધિનો નિરાસ થઈ જશે, પરંતુ એથી તો ભવ્ય જીવોને પણ દીક્ષા અપાશે નહિ, અને તેથી માર્ગનો જ ઉચ્છેદ થઈ જશે. ૪૩

૪૪ अशुद्धानादरेऽभ्यासा-योगान्नो दर्शनाद्यपि ।
सिध्येन्निसर्गजं मुक्त्वा, तदप्याभ्यासिकं यतः ॥२०॥

અશુદ્ધનો અનાદર કરવામાં આવે અને અભ્યાસનો યોગ પ્રાપ્ત ન થાય તો નિસર્ગ-સમકિત સિવાયનાં અધિગમ

વગેરે બીજા દર્શનાદિ ઘટશે નહિ, કારણ કે તે દર્શનાદિ અભ્યાસથી જ પ્રાપ્ત થાય છે. ૪૪

**૪૫ शुद्धमार्गानुरागेणाऽ-शठानां या तु शुद्धता ।**
**गुणवत्परतन्त्राणां, सा न क्वापि विहन्यते ॥२१॥**

જીવોની શુદ્ધતા, શુદ્ધ માર્ગના અનુરાગને કારણે ક્યારેય હણાતી નથી કારણ કે તે શઠતારહિત તથા ગુણવાનને આધીન રહેલા છે. ૪૫

**૪૬ विषयात्मानुबन्धैर्हि, त्रिधा शुद्धं यथोत्तरम् ।**
**ब्रुवते कर्म्म तत्राऽऽद्यं, मुक्त्यर्थं पतनाद्यपि ॥२२॥**

વિષય, આત્મા અને અનુબંધ એમ ત્રણ પ્રકારના જે કર્મ છે. તે એક એકથી ચઢીયાતા શુદ્ધ છે. તેમાં પ્રથમ વિષયશુદ્ધ કર્મ મુક્તિ મેળવવાના આશયથી ઝંપાપાત કરવો વગેરે છે. ૪૬

**૪૭ अज्ञानिनां द्वितीयं तु, लोकदृष्ट्या यमादिकम् ।**
**तृतीयं शान्तवृत्त्या तत् तत्त्वसंवेदनानुगम् ॥२३॥**

અજ્ઞાનીઓની યમ-નિયમાદિ લૌકિક ક્રિયા એ બીજું કર્મ છે. શાંત વૃત્તિ વડે જે તત્ત્વ સંવેદન છે તે ત્રીજું કર્મ છે. ૪૭

**૪૮ आद्यान्नाज्ञानबाहुल्या-न्मोक्षबाधकबाधनम् ।**
**सद्भावाशयलेशेनो-चितं जन्म परे जगुः ॥२४॥**

અજ્ઞાનની બહુલતાને કારણે પહેલી ક્રિયાથી મોક્ષ બાધક = (કર્મ)નો બાધ થતો નથી. જો કે કેટલાક એમ કહે છે કે તેમાં સદ્ભાવયુક્ત આશયનો અંશ હોવાથી, તેને ઉચિત જન્મ થાય છે. ૪૮

૪૯ **द्वितीयाद्दोषहानिः स्या-त्काचिन्मण्डूकचूर्णवत् ।**
**आत्यन्तिकी तृतीयात्तु, गुरूलाघवचिन्तया ॥२५॥**

બીજા કર્મથી મંડૂકના ચૂર્ણની જેમ કંઈક દોષહાનિ થાય છે. ત્રીજા કર્મથી ગુરુલાઘવના ચિંતનથી દોષોની સંપૂર્ણ હાનિ થાય છે. ૪૯

૫૦ **अपि स्वरूपतः शुद्धा, क्रिया तस्माद् विशुद्धिकृत् ।**
**मौनीन्द्रव्यवहारेण, मार्गबीजं दृढादरात् ॥२६॥**

એટલા માટે સ્વરૂપથી શુદ્ધ એવી ક્રિયા વિશુદ્ધિ કરનારી હોય છે. તેથી મુનીન્દ્રે (જિનેન્દ્રે) બતાવેલા વ્યવહાર વડે દૃઢ આદરને લીધે માર્ગબીજ (સમ્યક્ત્વ) પ્રાપ્ત થાય છે. ૫૦

૫૧ **गुर्वाज्ञापारतन्त्र्येण, द्रव्यदीक्षाग्रहादपि ।**
**वीर्योल्लासक्रमात् प्राप्ता, बहवः परमं पदम् ॥२७॥**

ગુરુની આજ્ઞાને આધીન રહેવાથી, દ્રવ્યદીક્ષા લીધી હોય તો પણ, વીર્યોલ્લાસની અનુક્રમે વૃદ્ધિ કરીને ઘણા જીવ પરમ પદ (મોક્ષ) પામ્યા છે. ૫૧

૫૨ **अध्यात्माभ्यासकालेपि, क्रिया काप्येवमस्ति हि ।**
**शुभौघसंज्ञानुगतं, ज्ञानमप्यस्ति किञ्चन ॥२८॥**

અધ્યાત્મના અભ્યાસકાળમાં પણ કાંઈક ક્રિયા રહેલી છે. વળી શુભ એવી ઓઘસંજ્ઞાને અનુસરતું કંઈક જ્ઞાન પણ રહેલું છે. ૫૨

૫૩ **अतो ज्ञानक्रियारूप-मध्यात्मं व्यवतिष्ठते ।**
**एतत् प्रवर्द्धमानं स्यान्निर्दम्भाचारशालिनाम् ॥२९॥**

આ રીતે અધ્યાત્મ જ્ઞાન અને ક્રિયા એ બંને રૂપે રહેલું છે. આ અધ્યાત્મ નિર્દંભ આચાર વડે શોભતા મનુષ્યોમાં ઉત્તરોત્તર વૃદ્ધિ પામતું હોય છે. ૫૩

**॥ इत्यध्यात्मसारे आत्मस्वरूपाधिकारः ॥२॥**

## तृतीयो दम्भत्यागाधिकारः

५४ दम्भो मुक्तिलतावह्नि-र्दम्भो राहुः क्रियाविधौ ।
दौर्भाग्यकारणं दम्भो, दम्भोऽध्यात्मसुखार्गला ॥१॥

દંભ મુક્તિરૂપી લતાને (બાળવા) માટે અગ્નિ છે, દંભ ક્રિયારૂપી ચંદ્રને માટે રાહુ સમાન છે, દંભ દુર્ભાગ્યનું કારણ છે, દંભ અધ્યાત્મસુખની અર્ગલા (ભૂંગળ, ભોગળ) સમાન છે. ૫૪

५५ दम्भो ज्ञानाद्रिदम्भोलि-र्दम्भः कामानले हविः ।
व्यसनानां सुहृद् दम्भो, दम्भश्चौरो व्रतश्रियः ॥२॥

દંભ જ્ઞાનરૂપી પર્વતને (તોડવા) માટે વજ્ર સમાન છે, દંભ કામરૂપી અગ્નિને માટે ઘી સમાન છે, દંભ વ્યસનોનો મિત્ર છે અને દંભ વ્રતરૂપી લક્ષ્મીનો ચોર છે. ૫૫

५६ दम्भेन व्रतमास्थाय, यो वाञ्छति परं पदम् ।
लोहनावं समारूह्य, सोऽब्धेः पारं यियासति ॥३॥

દંભપૂર્વક વ્રત ગ્રહણ કરીને જે પરમ પદ (મોક્ષ) ને પામવાની ઇચ્છા કરે છે તે લોઢાની નાવમાં બેસી સમુદ્રનો પાર પામવાની ઇચ્છા કરે છે. ૫૬

૫૭ **किं व्रतेन तपोभिर्वा, दम्भश्चेन्न निराकृतः ? ।**
**किमादर्शेन किं दीपै-र्यद्यान्ध्यं न दृशोर्गतम् ? ॥४॥**

દંભનો જો ત્યાગ કર્યો ન હોય તો વ્રત વડે શું ? કે તપશ્ચર્યા વડે શું મળે ? જો દૃષ્ટિનો અંધાપો ન ગયો, તો અરીસો અથવા દીપક શાં કામનાં ? ૫૭

૫૮ **केशलोच-धराशय्या-भिक्षा-ब्रह्म-व्रतादिकम् ।**
**दम्भेन दूष्यते सर्वं, त्रासेनेव महामणिः ॥५॥**

ત્રાંસી રેખા = ત્રાંસથી દૂષિત મહામણિની જેમ કેશનો લોચ, પૃથ્વી ઉપર શયન, ભિક્ષા અને બ્રહ્મચર્યાદિક વ્રતો દંભને કારણે દૂષિત થાય છે. ૫૮

૫૯ **सुत्यजं रसलाम्पट्यं, सुत्यजं देहभूषणम् ।**
**सुत्यजाः कामभोगाश्च, दुस्त्यजं दम्भसेवनम् ॥६॥**

રસની લંપટતા સહેલાઈથી ત્યજી શકાય છે, દેહનાં આભૂષણો સહેલાઈથી ત્યજી શકાય છે, કામભોગો સહેલાઈથી ત્યજી શકાય છે, પરંતુ દંભનું સેવન સહેલાઈથી ત્યજી શકાતું નથી. ૫૯

૬૦ **स्वदोषनिह्नवो लोक-पूजा स्याद् गौरवं तथा ।**
**इयतैव कदर्थ्यन्ते, दम्भेन बत बालिशाः ॥७॥**

પોતાનાં દોષને છુપાવનાર, એમ માને છે કે લોકમાં પોતાની પૂજા થશે તથા ગૌરવ થશે પરંતુ એવા બાલિશ માણસો ખરેખર તો દંભથી કદર્થના પામે છે. ૬૦

૬૧ असतीनां यथा शील-मशीलस्यैव वृद्धये ।
दम्भेनाव्रतवृद्ध्यर्थं, व्रतं वेषभृतां तथा ॥८॥

અસતી (કુલટા) સ્ત્રીઓનું શીલ અશીલની વૃદ્ધિ માટે થાય છે, તેવી જ રીતે માત્ર વેષધારી સાધુનું વ્રત પણ દંભને લીધે અવ્રતની વૃદ્ધિ માટે જ થાય છે. ૬૧

૬૨ जानाना अपि दम्भस्य, स्फुरितं बालिशा जनाः ।
तत्रैव धृतविश्वासाः, प्रस्खलन्ति पदे पदे ॥९॥

મૂર્ખ માણસો દંભના પરિણામને જાણવા છતાં તેના ઉપર વિશ્વાસ ધારણ કરીને પગલે પગલે સ્ખલના વિડંબના પામે છે. ૬૨

૬૩ अहो मोहस्य माहात्म्यं, दीक्षां भागवतीमपि ।
दम्भेन यद् विलुम्पन्ति, कज्जलेनेव रूपकम् ॥१०॥

અહો ! મોહનું કેવું માહાત્મ્ય છે ! કોઈ કાજળ વડે ચિત્રને બગાડી નાખે તેમ કેટલાક જીવો પોતાને પ્રાપ્ત થયેલી ભાગવતી દીક્ષાને તેઓ દંભથી નષ્ટ કરી નાખે છે. ૬૩

૬૪ अब्जे हिमं तनौ रोगो, वने वह्निर्दिने निशा ।
ग्रन्थे मौर्ख्यं कलिः सौख्ये, धर्म्मे दम्भ उपप्लवः ॥११॥

કમળ ઉપર હિમ, શરીરમાં રોગો, વનની અંદર આગ, દિવસે રાત્રિ, ગ્રંથ વિશે મૂર્ખતા અને સુખમાં કલહ જેમ ઉપદ્રવરૂપ છે તેમ ધર્મમાં દંભ ઉપદ્રવરૂપ છે. ૬૪

૬૫ अत एव न यो धर्तुं, मूलोत्तरगुणानलम् ।
युक्ता सुश्राद्धता तस्य, न तु दम्भेन जीवनम् ॥१२॥

એટલા માટે જ જેઓ મૂળ ગુણ તથા ઉત્તર ગુણને ધારણ કરવા સમર્થ ન હોય તેઓએ સારા શ્રાવક થવું યોગ્ય છે, દંભપૂર્વક (સાધુ તરીકે) જીવવું યોગ્ય નથી. ૬૫

૬૬ परिहर्तुं न यो लिङ्ग-मप्यलं दृढरागवान् ।
संविज्ञपाक्षिकः स स्या-न्निर्दम्भः साधुसेवकः ॥१३॥

જેઓ વ્રત ઉપરના દૃઢ અનુરાગને કારણે મુનિવેષનો ત્યાગ કરી શકતા ન હોય તેઓએ દંભનો ત્યાગ કરી, 'સંવિજ્ઞપાક્ષિક' થઈ સાધુની સેવામાં લાગી જવું જોઈએ. ૬૬

૬૭ निर्दम्भस्याऽवसन्नस्या-प्यस्य शुद्धार्थभाषिणः ।
निर्जरां यतना दत्ते, स्वल्पापि गुणरागिणः ॥१४॥

મંદ ક્રિયાવાન હોય છતાં નિર્દંભ હોય, શુદ્ધ અર્થ કહેનાર હોય અને ગુણાનુરાગી હોય તો એવા મુનિની થોડી પણ યતના = જયણા પ્રયત્ન નિર્જરા આપે છે. ૬૭

૬૮ व्रतभारासहत्वं ये, विदन्तोऽप्यात्मनः स्फुटम् ।
दम्भाद्यतित्वमाख्यान्ति, तेषां नामापि पाप्मने ॥१५॥

જેઓ પોતે વ્રતનો ભાર સહન કરી શકે એમ નથી, એવું પ્રગટપણે જાણે છે અને છતાં દંભથી પોતાને 'યતિપણું છે' એવું જણાવે છે તેઓનું તો નામ લેવું એ પણ પાપ છે. ૬૮

૬૯ **कुर्वते ये न यतनां, सम्यक् कालोचितामपि ।**
**तैरहो यतिनाम्नैव दाम्भिकैर्वञ्च्यते जगत् ॥१६॥**

જેઓ કાળને ઉચિત એવી યતના કરતા નથી એવા દાંભિકો અહો, યતિના નામે આ જગતને છેતરે છે. ૬૯

૭૦ **धर्मीति ख्यातिलाभेन, प्रच्छादितनिजाश्रवः ।**
**तृणाय मन्यते विश्वं, हीनोऽपि धृतकैतवः ॥१७॥**

પોતે ધર્મી છે એવી ખ્યાતિના લોભથી જેમણે પોતાના આશ્રવોને ઢાંકી દીધા છે એવા હીન અને હૃદયમાં કપટ ધારણ કરનાર યતિઓ વિશ્વને તૃણ સમાન લેખે છે. ૭૦

૭૧ **आत्मोत्कर्षात् ततो दम्भी, परेषां चापवादतः ।**
**बध्नाति कठिनं कर्म्म, बाधकं योगजन्मनः ॥१८॥**

ત્યાર પછી તેવા દંભી સાધુઓ પોતાના ઉત્કર્ષથી અને બીજાઓનો અપવાદ =અપકર્ષ કરીને યોગોત્પત્તિનું બાધક = અંતરાય વિઘ્નરૂપએવું કઠિન કર્મ બાંધે છે. ૭૧

૭૨ **आत्मार्थिना ततस्त्याज्यो, दम्भोऽनर्थनिबन्धनम् ।**
**शुद्धिः स्यादृजुभूतस्ये-त्यागमे प्रतिपादितम् ॥१९॥**

તેથી આત્માર્થીએ અનર્થના કારણરૂપ એવા દંભનો ત્યાગ કરવો જોઈએ, કારણ કે ઋજુભૂત-(સરળ માણસ)ની જ શુદ્ધિ થાય છે એવું આગમમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે. ૭૨

७३ **जिनैर्नानुमतं किञ्चि-न्निषिद्धं वा न सर्वथा ।**
**कार्ये भाव्यमदम्भेने-त्येषाऽऽज्ञा पारमेश्वरी ॥२०॥**

જિનેશ્વરોએ એકાંતે કોઈ આજ્ઞા કરી નથી, તેમ સર્વથા કોઈ નિષેધ નથી કર્યો, પરંતુ 'કાર્ય વિશે દંભરહિત થવું' એવી પરમેશ્વરની આજ્ઞા છે. ૭૩

७४ **अध्यात्मरतचित्तानां, दम्भः स्वल्पोऽपि नोचितः ।**
**छिद्रलेशोऽपि पोतस्य, सिन्धुं लङ्घयतामिव ॥२१॥**

સમુદ્રને ઓળંગનારાઓને જેમ વહાણમાં નાનું સરખું છિદ્ર (રાખવું) ઉચિત નથી તેમ જેમનું ચિત્ત અધ્યાત્મમાં જ લાગેલું છે તેઓએ તો જરા સરખો પણ દંભ કરવો ઉચિત નથી. ૭૪

७५ **दम्भलेशोऽपि मल्ल्यादेः, स्त्रीत्वानर्थनिबन्धनम् ।**
**अतस्तत्परिहाराय, यतितव्यं महात्मना ॥२२॥**

દંભનો જરા સરખો અંશ પણ મલ્લિનાથ વગેરેને સ્ત્રીવેદના અનર્થનું કારણ થયો હતો. એટલા માટે મહાત્માઓએ તેનો ત્યાગ કરવા પ્રયત્ન કરવો જોઈએ. ૭૫

**॥ इत्यध्यात्मसारे दम्भत्यागाधिकारः ॥३॥**

## चतुर्थो भवस्वरूपचिन्ताधिकारः

૭૬ तदेवं निर्दम्भा-चरणपटुना चेतसि भव-
स्वरूपं संचिन्त्य क्षणमपि समाधाय सुधिया ॥
इयं चिन्ताऽध्यात्मप्रसरसरसीनीरलहरी
सतां वैराग्यास्थाप्रियपवनपीना सुखकृते ॥१॥

એવી રીતે દંભ વગરનું આચરણ કરવામાં નિપુણ એવા બુદ્ધિમાન પુરુષે પોતાના ચિત્તને ક્ષણવાર સ્થિર રાખીને સંસારના સ્વરૂપનું ચિંતન કરવું. આ ચિંતન અધ્યાત્મના વિસ્તારરૂપી સરોવરના નીરની લહરી છે. એ વૈરાગ્યની આસ્થારૂપી પ્રિય પવનથી પુષ્ટ થયેલી છે અને તેથી તે સત્પુરુષોને માટે સુખદાયી બને છે. ૭૬

૭૭ इतः कामौर्वाग्निर्ज्वलति परितो दुःसह इतः,
पतन्ति ग्रावाणो विषयगिरि कूटाद् विघटिताः ॥
इतः क्रोधावर्तो विकृतितटिनीसङ्गमकृतः,
समुद्रे संसारे तदिह न भयं कस्य भवति ? ॥२॥

આ સંસાર-સાગરમાં એક તરફ દુઃસહ એવો કામરૂપી વડવાનલ ચારે તરફ સળગી રહ્યો છે, બીજી બાજુ વિષયરૂપી

પર્વતના શિખર ઉપરથી તૂટી પડેલા (મૂઢતારૂપીપથ્થરો પડી રહ્યા છે અને આ બાજુ વિકારરૂપી નદીઓના સંગમથી ક્રોધરૂપી વમળો થાય છે. આવા આ સંસારરૂપી સમુદ્રમાં કોને ભય ઉત્પન્ન ન થાય ? ૭૭

૭૮ **प्रिया ज्वाला यत्रोद्वमति रतिसन्तापतरला,**
**कटाक्षान् धूमौघान् कुवलयदलश्यामलरुचीन् ॥**
**अथाङ्गान्यङ्गारा कृतबहुविकाराश्च विषया,**
**वहन्त्यस्मिन् वह्नौ भववपुषि शर्म क्व सुलभम्? ॥३॥**

જેમાં રતિ (વિષય)રૂપી સંતાપથી ચપળ એવી પત્નીરૂપી જ્વાળાઓ નીલકમલદળના જેવા શ્યામ કાન્તિવાળા કટાક્ષો રૂપી ધૂમાડાઓ નીકળ્યા કરે છે તથા ઘણા વિકાર કરનારા વિષયરૂપી અંગારા અંગને બાળી નાખે છે એવા આ સંસારરૂપી અગ્નિમાં સુખ ક્યાંથી સુલભ હોઈ શકે ? ૭૮

૭૯ **गले दत्त्वा पाशं तनयवनितास्नेहघटितं,**
**निपीड्यन्ते यत्र प्रकृतिकृपणाः प्राणिपशवः ॥**
**नितान्तं दुःखार्त्ता विषमविषयैर्घातकभटै-**
**र्भवः सूनास्थानं तदहह महासाध्वसकरम् ॥४॥**

અહો, જેમાં પુત્ર, સ્ત્રી વગેરેના સ્નેહથી બનેલા પાશ-ફાંસલાને ગળામાં બાંધીને, અત્યંત દુઃખાર્ત અને સ્વભાવથી

કૃપણ-ગરીબડાં એવા જીવોરૂપી પશુઓ, વિષમ એવા વિષયરૂપી ઘાતકી સુભટો દ્વારા પીડા પામે છે એવો આ સંસાર કસાઇખાના (સૂના સ્થાન) જેવો મહાભયંકર છે. ૭૯

૮૦ अविद्यायां रात्रौ चरति वहते मूर्ध्नि विषमं,
कषायव्यालौघं क्षिपति विषयास्थीनि च गले ॥
महादोषान् दन्तान् प्रकटयति वक्रस्मरमुखो,
न विश्वासार्होऽयं भवति भवनक्तञ्चर इति ॥५॥

અવિદ્યારૂપી રાત્રિમાં જે વિચરે છે, ભયંકર કષાયોરૂપી સર્પના સમૂહને જે મસ્તક ઉપર વહન કરે છે, વિષયોરૂપી હાડકાંઓ જે ગળામાં ધારણ કરે છે, જે કામદેવરૂપી વિકૃત મુખવાળો છે તથા મહાદોષોરૂપી દાંતોને દેખાડે છે એવો સંસારરૂપી રાક્ષસ વિશ્વાસ રાખવાને યોગ્ય નથી. ૮૦

૮૧ जना लब्ध्वा धर्म्मद्रविणलवभिक्षां कथमपि,
प्रयान्तो वामाक्षीस्तनविषमदुर्गस्थितिकृता ॥
विलुट्यन्ते यस्यां कुसुमशरभिल्लेन बलिना,
भवाटव्यां नास्यामुचितमसहायस्य गमनम् ॥६॥

જેમણે ધર્મરૂપી દ્રવ્યની થોડી પણ ભિક્ષા મહાકષ્ટથી મેળવી છે તેઓ, આ સંસારરૂપી જંગલમાં, સુંદર નેત્રવાળી સ્ત્રીઓના સ્તનરૂપી વિષમ દુર્ગમાં રહેલ કામદેવરૂપી

બળવાન ભીલ દ્વારા લૂંટી લેવાય છે. માટે તે ધર્મનાં પથિકોએ સહાય વિના એકલા તે (સંસારવન)માં ગમન કરવું ઉચિત નથી. ૮૧

૮૨ **धनं मे गेहं मे मम सुतकलत्रादिकमतो,**
**विपर्यासादासादितविततदुःखा अपि मुहुः ॥**
**जना यस्मिन् मिथ्यासुखमदभृतः कूटघटना-**
**मयोऽयं संसारस्तदिह न विवेकी प्रसजति ॥७॥**

'આ ધન મારું છે, આ ઘર મારું છે, આ પુત્ર, સ્ત્રી વગેરે મારાં છે' એવા વિપર્યાસ-ખોટી માન્યતાથી વારંવાર દુઃખ પામવા છતાં તેમાં 'અમે સુખી છીએ' એવા સુખનાં મિથ્યા અહંકારને ધારણ કરનારા લોકો જ્યાં રહે છે એવો સંસાર કૂડકપટવાળો છે. માટે તેમાં વિવેકી પુરુષો આસક્તિ પામતા નથી. ૮૨

૮૩ **प्रियास्नेहो यस्मिन्निगडसदृशो यामिकभटो-**
**पमः स्वीयो वर्गो धनमभिनवं बन्धनमिव ॥**
**मदामेध्यापूर्णं व्यसनबिलसंसर्गविषमं,**
**भवः कारागेहं तदिह न रतिः क्वापि विदुषाम् ॥८॥**

આ સંસાર કારાગૃહ છે. એમાં પ્રિયાનો સ્નેહ બેડી=નિગડ સમાન છે. પુત્રાદિ સ્વજન-પરિવાર પહેરેગીર/

સિપાઈઓ જેવા છે. ધન નવા બંધન જેવું છે. અભિમાનરૂપી અશુચિ (અમેધ્ય)થી ભરેલું એ સ્થળ છે. વ્યસનોરૂપી બિલ (દર)ના સંસર્ગથી તે ભયંકર છે. એમાં વિદ્વાન પુરુષને રતિ-પ્રીતિ થાય એવું કોઈ સ્થાન નથી. ૮૩

૮૪ **महाक्रोधो गृध्रोऽनुपरतिशृगाली च चपला,**
**स्मरोलूको यत्र प्रकटकटुशब्दः प्रचरति ॥**
**प्रदीप्तः शोकाग्निस्ततमपयशो भस्मपरितः,**
**श्मशानं संसारस्तदभिरमणीयत्वमिह किम् ॥९॥**

જ્યાં ભયંકર ક્રોધરુપી ગીધ ઊડી રહ્યાં છે, અરતિરૂપી ચપળ શિયાળણી છે, કામરૂપી ઘુવડ પ્રગટ રીતે કટુ અવાજ કર્યા કરે છે, શોકરૂપી અગ્નિ બળી રહ્યો છે, ચારે બાજુ અપયશરૂપી રાખના ઢગલા પડ્યા છે એવો સ્મશાનરૂપી આ સંસાર છે. એમાં રમણીયતા શી હોઈ શકે ? ૮૪

૮૫ **धनाशा यच्छायाप्यतिविषममूर्च्छाप्रणयिनी,**
**विलासो नारीणां गुरुविकृतये यत्सुमरसः ॥**
**फलास्वादो यस्य प्रखरनरकव्याधिनिवह-**
**स्तदास्था नो युक्ता भवविषतरावत्र सुधियाम् ॥१०॥**

વિષવૃક્ષ જેવો આ સંસાર છે. ધનની આશારૂપ એની છાયા પણ અતિ વિષમ મૂર્છા કરાવનારી છે. સ્ત્રીઓના

વિલાસરૂપ પુષ્પ-રસ મોટા વિકારોને જન્માવે છે. એના ફળનો આસ્વાદ નરકની ભયંકર વ્યાધિઓના સમૂહરૂપ છે. બુદ્ધિમાન પુરુષોએ આ સંસારરૂપી વિષવૃક્ષનો વિશ્વાસ રાખવા જેવો નથી. ૮૫

૮૬ **क्वचित् प्राज्यं राज्यं क्वचन धनलेशोऽप्यसुलभः,**
**क्वचिज्जातिस्फातिः क्वचिदपि च नीचत्वकुयशः ॥**
**क्वचिल्लावण्यश्रीरतिशयवती क्वापि न वपुः-**
**सुरूपं वैषम्यं रतिकरमिदं कस्य नु भवे ? ॥११॥**

ક્યાંક કોઈકની પાસે વિસ્તારવાળું રાજ્ય છે, તો કોઈકની પાસે જરા જેટલું ધન પણ સહેલાઈથી મળતું નથી, કોઈકની ઉત્તમ જાતિ છે, કોઈકનો જન્મ નીચ કુળમાં થાય છે અને અપયશ પ્રાપ્ત કરે છે, કોઈકની પાસે દેહલાવણ્યની અતિશય શોભા છે, તો કોઈકનું શરીર કૂબડું છે. સંસારની આવી વિષમતા કોને આનંદ આપનારી થાય ? ૮૬

૮૭ **इहोद्दामः कामः खनति परिपंथी गुणमही-**
**मविश्रामः पार्श्वस्थितकुपरिणामस्य कलहः ॥**
**बिलान्यन्तःक्रामन् मदफणभृतां पारममतं,**
**वदामः किं नाम प्रकटभवधामस्थितिसुखम् ? ॥१२॥**

પામર લોકોએ માનેલા આ પ્રગટ સંસારરૂપી ઘરમાં

રહેવાથી કલ્પેલા સુખને અમે કયા નામથી વર્ણવીએ ? કારણ કે ભવરૂપી ગૃહમાં તો કામદેવરૂપી ઉદ્ધત શત્રુ (અથવા ચોર) ગુણરૂપી ભોંય જ ખોદી નાખવા લાગ્યો છે. કુપરિણામરૂપી પાડોશીઓના કજિયા-કંકાસ ચાલ્યા કરે છે, વળી અંદર ફરતા મદરૂપી સર્પોનાં દર જોવા મળે છે. ૮૭

૮૮ तृषार्त्ताः खिद्यन्ते विषयविवशा यत्र भविनः,
करालक्रोधार्काच्छमसरसि शोषं गतवति ॥
स्मरस्वेदक्लेदग्लपितगुणमेदस्यनुदिनं,
भवग्रीष्मे भीष्मे किमिह शरणं तापहरणम् ॥१३॥

આ ભવરૂપી ભયંકર ઉનાળામાં અત્યંત કરાલ એવા ક્રોધરૂપી સૂર્યથી સમતારૂપી સરોવર સુકાઈ ગયું છે. વિષયથી પરવશ થયેલાં પ્રાણી વિષયતૃષ્ણાની તરસની પીડાથી ખેદ પામી રહ્યાં છે. કામદેવરૂપી પ્રસ્વેદથી રેબઝેબ થઈ ગયેલા જીવોનો ગુણરૂપી મેદ ઓગળી રહ્યો છે. ત્યાં તાપનું હરણ કરનાર એવું કોઈ શરણું ક્યાંથી મળે ? ૮૮

૮૯ पिता माता भ्राताप्यभिलषितसिद्‌धावभिमतो,
गुणग्रामज्ञाता न खलु धनदाता न धनवान् ॥
जनाः स्वार्थस्फातावनिशमवदाताशयभृतः,
प्रमाता कः ख्याताविह भवसुखस्यास्तु रसिकः ॥१४॥

આ સંસારમાં પિતા, માતા અને ભાઈનો સંબંધ પણ પોતાની ઈચ્છેલી વસ્તુની પ્રાપ્તિ થાય તો જ માન્ય થાય છે. ધનવાન વ્યક્તિ તેમના ગુણોના સમૂહને જાણતો હોવા છતાં તેમને ધન આપતો નથી. સર્વ જનો પોતાનો સ્વાર્થ સાધવામાં હંમેશાં પ્રવૃત્ત રહે છે. આવા સંસારસુખનું વર્ણન કરવામાં કયો યોગ્ય જ્ઞાની પુરુષ રસિક બને ? ૮૯

૧૦ **पणैः प्राणैर्गृह्णात्यहह महति स्वार्थ इह यान्,**
**त्यजत्युच्चैर्लोकस्तृणवदघृणस्तानपरथा ॥**
**विषं स्वान्ते वक्त्रेऽमृतमिति च विश्वासहतिकृद्**
**भवादित्युद्वेगो यदि न गदितैः किं तदधिकैः ? ॥१५॥**

અહો ! પોતાનો ઘણો મોટો સ્વાર્થ હોય ત્યારે લોકો તેઓને પોતાના પ્રાણના ભોગે પકડી રાખે છે અને સ્વાર્થ ન હોય ત્યારે અત્યંત નિર્દયપણે તૃણની જેમ ત્યજી દે છે. તેઓ હૃદયમાં વિષ અને મુખે અમૃત ધારણ કરે છે. આવો વિશ્વાસઘાત કરનારા સંસારથી જો તને ઉદ્વેગ ન થતો હોય તો પછી અધિક કહેવાથી શું વળવાનું ? ૯૦

૧૧ **दृशां प्रान्तैः कान्तैः कलयति मुदं कोपकलितै-**
**रमीभिः खिन्नः स्याद् घनधननिधीनामपि गुणी ॥**

**उपायैः स्तुत्याद्यैरपनयति रोषं कथमपी-**
**त्यहो मोहस्येयं भवभवनवैषम्यघटना ॥१६॥**

ગુણવાન માણસો પણ મોટા ધનના ભંડારવાળાની આંખના મનોહર કટાક્ષ જોઈને આનંદ અનુભવે છે. તે રોષયુક્ત હોય તો ખેદ પામે છે અને સ્તુતિ વગેરે પ્રકારના ઉપાયો દ્વારા તેમના રોષને દૂર કરવાનો પ્રયત્ન કરે છે. અહો, ભવરૂપી ભવનમાં મોહરાજાની આ કેવી વિષમતાભરેલી રચના છે ! ૯૧

૯૨ **प्रिया प्रेक्षा पुत्रो विनय इह पुत्री गुणरति-**
**र्विवेकाख्यस्तातः परिणतिरनिन्द्या च जननी ॥**
**विशुद्धस्य स्वस्य स्फुरति हि कुटुम्बं स्फुटमिदं,**
**भवे तन्नो दृष्टं तदपि बत संयोगसुखधीः ॥१७॥**

પ્રેક્ષા (તત્ત્વચિન્તા) નામની પત્ની છે, વિનય નામનો પુત્ર છે, ગુણરતિ નામની પુત્રી છે, વિવેક નામનો પિતા છે અને શુદ્ધ પરિણતિ નામની માતા છે. આ રીતે વિશુદ્ધ આત્માનું કુટુંબ સ્ફુટ રીતે શોભી રહ્યું છે. પરંતુ ખેદની વાત છે કે સંસારનાં પ્રાણીઓએ તે જોયું નથી. એટલે જ તેમનામાં 'સંયોગસુખ'ની બુદ્ધિ રહેલી છે ! ૯૨

૧૩ पुरा प्रेमारम्भे तदनु तदविच्छेदघटने,
तदुच्छेदे दुःखान्यथ कठिनचेता विषहते ॥
विपाकादापाकाहितकलशवत्तापबहुला-
ज्जनो यस्मिन्नस्मिन् क्वचिदपि सुखं हन्त न भवे ॥१८॥

માણસ પહેલાં પ્રેમના આરંભમાં દુઃખ પામે છે, પછી તેનો વિચ્છેદ ન થાય તેની ચિંતામાં દુઃખ પામે છે. પછી તેના ઉચ્છેદ (નાશ) વખતે ગમે તેવી કઠિન છાતીવાળો હોય તો પણ દુઃખ પામે છે. આમ કુંભારના નિભાડામાં નાખેલા ઘડાની જેમ તપતો તે વિપાક વખતે (ભવાન્તરમાં) પણ બહુ દુઃખ પામે છે. આવા આ સંસારમાં સુખ તો કંઈ જ નથી. ૯૩

૧૪ मृगाक्षीदृग्बाणैरिह हि निहतं धर्मकटकं,
विलिप्ता हृद्देशा इह च बहुलै रागरुधिरैः ॥
भ्रमन्त्यूर्ध्वं क्रूरा व्यसनशतगृध्राश्च तदियं,
महामोहक्षोणीरमणरणभूमिः खलु भवः ॥१९॥

આ સંસાર ખરેખર મહામોહરાજાની યુદ્ધભૂમિ જેવો છે કે જેમાં સ્ત્રીઓનાં દૃષ્ટિરૂપી બાણોથી ધર્મરાજાનું સૈન્ય હણાઈ ગયું છે અને તેથી ઘણા રાગરૂપી રુધિરથી હૃદયપ્રદેશો લેપાઈ ગયા છે તથા સેંકડો પ્રકારનાં વ્યસનોરૂપી ક્રૂર ગીધો મસ્તક ઉપર ઊડી રહ્યાં છે. ૯૪

१५ हसन्ति क्रीडन्ति क्षणमथ च खिद्यन्ति बहुधा,
रुदन्ति क्रन्दन्ति क्षणमपि विवादं विदधते ॥
पलायन्ते मोदं दधति परिनृत्यन्ति विवशा,
भवे मोहोन्मादं कमपि तनुभाजः परिगताः ॥२०॥

આ સંસારમાં મોહનો ઉન્માદ પામેલાં પ્રાણીઓ પરાધીનપણે ક્ષણમાં હસે છે, ક્ષણમાં ક્રીડા કરે છે, ક્ષણમાં ઘણો ખેદ કરે છે, ક્ષણમાં રડે છે, ક્ષણમાં આક્રંદ કરે છે, ક્ષણમાં વિવાદ (કલહ) કરે છે, ક્ષણમાં નાસી જાય છે, ક્ષણમાં હર્ષિત થઈ જાય છે અને ક્ષણમાં નૃત્ય કરે છે. ૯૫

१६ अपूर्णा विद्येव प्रकटखलमैत्रीव कुनय-
प्रणालीवास्थाने विधववनितायौवनमिव ॥
अनिष्णाते पत्यौ मृगदृश इव स्नेहलहरी,
भवक्रीडाव्रीडा दहति हृदयं तात्त्विकदृशाम् ॥२१॥

અપૂર્ણ વિદ્યાની જેમ, જાણીતા શઠ માણસની મૈત્રીની જેમ, રાજસભામાં અન્યાયની પ્રણાલિકા=પરંપરાની જેમ, વિધવા સ્ત્રીના યૌવનની જેમ, મૂર્ખ પતિ આગળ કામણગારી સ્ત્રીનાં પ્રેમનાં લટકાંની જેમ. -આ સંસારની ક્રીડા લજ્જારૂપે થઈને તત્ત્વદૃષ્ટિવાળાઓના હૃદયને બાળે છે. ૯૬

૯૭ प्रभाते सञ्जाते भवति वितथा स्वापकलना,
द्विचन्द्रज्ञानं वा तिमिरविरहे निर्म्मलदृशाम् ।
तथा मिथ्यारूपः स्फुरति विदिते तत्त्वविषये,
भवोऽयं साधूनामुपरतविकल्पस्थिरधियाम् ॥२२॥

પ્રભાત થતાં સ્વપ્નની રચના નિષ્ફળ થઈ જાય છે તથા નેત્રવ્યાધિને કારણે બે ચંદ્ર દેખાતા હોય તેની દૃષ્ટિ નિર્મળ થતાં સ્પષ્ટ દેખાય છે, તેવી રીતે તત્ત્વનું જ્ઞાન થતાં જેમના વિકલ્પો ટળી ગયા છે અને જેમની બુદ્ધિ સ્થિર થઈ ગઈ છે એવા સાધુઓને આ સંસાર મિથ્યારૂપ ભાસે છે. ૯૭

૯૮ प्रिया-वाणी-वीणा-शयन-तनुसम्बाधन-सुखै-
र्भवोयं पीयूषैर्घटित इति पूर्वं मतिरभूत् ।
अकस्मादस्माकं परिफलितत्त्वोपनिषदा-
मिदानीमेतस्मिन्न रतिरपि तु स्वात्मनि रतिः ॥२३॥

પ્રિયા, વાણી, વીણા, શયન, શરીરમર્દન એવાં એવાં પ્રકારનાં સુખરૂપી અમૃત વડે આ સંસારની રચના થયેલી છે એવી પહેલાં અમારી બુદ્ધિ હતી, પરંતુ હવે તત્ત્વોના રહસ્યને અચાનક જાણ્યા પછી અમને સંસાર પ્રત્યે રુચિ થતી નથી, પણ એક આત્મા માટે જ રુચિ ઉત્પન્ન થાય છે. ૯૮

૯૯ दधानाः काठिन्यं निरवधिकमाविद्यकभव-
प्रपञ्चाः पाञ्चालीकुचकलशवन्नातिरतिदाः ।
गलत्यज्ञानाभ्रे प्रसृमररुचावात्मनि विधौ,
चिदानन्दस्यन्दः सहज इति तेभ्योस्तु विरतिः ॥२४॥

પૂતળીના સ્તનરૂપી કળશની જેમ અમર્યાદ કઠિનતાને ધારણ કરનારા એવા તથા અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા એવા સંસારના પ્રપંચો પ્રતીતિકારક નથી થતા. અજ્ઞાનરૂપી વાદળાં વીખરાઈ જવાથી અને વિકાસ પામતી કાન્તિવાળા આત્મ-ચન્દ્રનો ઉદય થવાથી સહજ એવા ચિદાનંદનો રસ પ્રાપ્ત થાય છે. એટલે સંસારના પ્રપંચોમાં વિરતિ થઈ છે. ૯૯

૧૦૦ भवे या राज्यश्रीर्गजतुरग-गोसङ्ग्रहकृता,
न सा ज्ञानध्यानप्रशमजनिता किं स्वमनसि ।
बहिर्याः प्रेयस्यः किमु मनसि ता नात्मरतय-
स्ततः स्वाधीनं कस्त्यजति सुखमिच्छत्यथ परम् ॥२५॥

સંસારમાં હાથી, ઘોડા, ગાય, બળદ વગેરેના સમુદાયથી રાજ્યલક્ષ્મી બનેલી છે, તો શું જ્ઞાન, ધ્યાન અને પ્રશમથી ચિત્તમાં ઉત્પન્ન થયેલી લક્ષ્મી નથી ? જેમ બાહ્ય જગતમાં સ્ત્રીઓ છે તેમ ચિત્તમાં આત્મરતિરૂપી સ્ત્રી નથી ?

તો પછી આવું સ્વાધીન સુખ ત્યજીને પરાધીન સુખ કોણ ઈચ્છે ? ૧૦૦

**૧૦૧ पराधीनं शर्म्म क्षयि विषयकाङ्क्षौघमलिनं,**
**भवे भीतिस्थानं तदपि कुमतिस्तत्र रमते ।**
**बुधास्तु स्वाधीनेऽक्षयिणि करणौत्सुक्यरहिते,**
**निलीनास्तिष्ठन्ति प्रगलितभयाध्यात्मिकसुखे ॥२६॥**

સંસારનું આ સુખ પરાધીન છે, ક્ષય પામવાના સ્વભાવવાળું છે, વિષયોની આકાંક્ષાના સમૂહથી મલિન છે, ભીતિવાળું છે, તેમ છતાં કુબુદ્ધિવળા તેમાં રાચે છે. પરંતુ જે જ્ઞાની પુરુષો છે તેઓ તો-જે સ્વાધીન છે, અવિનાશી છે, ઈન્દ્રિયોની ઉત્સુકતાથી રહિત છે, ભયરહિત છે-એવા આધ્યાત્મિક સુખમાં જ લીન બની રહે છે. ૧૦૧

**૧૦૨ तदेतद्भाषन्ते जगदभयदानं खलु भव-**
**स्वरूपानुध्यानं शमसुखनिदानं कृतधियः ।**
**स्थिरीभूते यस्मिन् विधुकिरणकर्पूरविमला,**
**यशःश्रीः प्रौढा स्याज्जिनसमयतत्त्वस्थितिविदाम्॥२७॥**

એટલા માટે જ્ઞાની પુરુષો કહે છે કે ભવસ્વરૂપનું ધ્યાન જગતને અભયદાન આપનારું અને સમતાના સુખનું કારણ છે. એ ધ્યાનમાં સ્થિર થવાથી જિનાગમનાં તત્ત્વોની સ્થિતિને

જાણનાર પુરુષો માટે તો ચંદ્રનાં કિરણો જેવી અને કપૂર જેવી ઉજ્જવળ યશલક્ષ્મી (મોક્ષલક્ષ્મી) વૃદ્ધિ પામે છે. ૧૦૨

ભવસ્વરૂપચિંતા અધિકાર સંપૂર્ણ.

इति भवस्वरूपचिन्ताधिकारः ॥४॥

इति श्रीनयविजयगणिशिष्यन्यायविशारदश्रीयशो-
विजयोपाध्यायविरचितेऽध्यात्मसारप्रकरणे प्रथमः प्रबन्धः ॥

# पञ्चमो वैराग्यसम्भवाधिकारः

१०३ भवस्वरूपविज्ञानाद्-द्वेषान्नैर्गुण्यदृष्टिजात् ।
तदिच्छोच्छेदरूपं द्राग्, वैराग्यमुपजायते ॥१॥

ભવનું સ્વરૂપ જાણવાથી, તે નિર્ગુણ છે એવી દૃષ્ટિ ઉત્પન્ન થાય છે. એથી તે પ્રત્યે દ્વેષ (=અભાવ, અરુચિ) થાય છે. એથી સંસારની ઈચ્છાનો વિચ્છેદરૂપે વૈરાગ્ય તત્કાળ ઉત્પન્ન થાય છે. ૧૦૩

१०४ सिद्ध्या विषयसौख्यस्य, वैराग्यं वर्णयन्ति ये ।
मतं न युज्यते तेषां, यावदर्थाप्रसिद्धितः ॥२॥

વિષયસુખની સિદ્ધિ થતાં વૈરાગ્યની પ્રાપ્તિ થાય એવું જેઓ વર્ણવે છે તે યોગ્ય નથી, કારણ કે અર્થ-વિષયો ક્યારેય સિદ્ધ=પરિપૂર્ણ થતાં નથી. ૧૦૪

१०५ अप्राप्तत्वभ्रमादुच्चै-रवाप्तेष्वप्यनन्तशः ।
कामभोगेषु मूढानां, समीहा नोपशाम्यति ॥३॥

કામભોગો અનંતવાર પ્રાપ્ત થયા હોવા છતાં જાણે પોતાને એક પણ વાર પ્રાપ્ત થયા નથી એવા ભ્રમને લીધે મૂઢ જીવોની કામભોગની ઈચ્છા શાંત થતી નથી. ૧૦૫

१०६ विषयैः क्षीयते कामो, नेन्धनैरिव पावकः ।
प्रत्युत प्रोल्लसच्छक्ति-र्भूय एवोपवर्द्धते ॥४॥

જેમ ઇંધણથી અગ્નિ ક્ષય પામતો નથી તેમ વિષયોના સેવન વડે કામ ક્ષીણ થતો નથી, પરંતુ તે પોતાની શક્તિને વધારીને વારંવાર વૃદ્ધિ પામે છે. ૧૦૬

१०७ सोमत्वमिव सिंहानां, पन्नगानामिव क्षमा ।
विषयेषु प्रवृत्तानां, वैराग्यं खलु दुर्लभम् ॥५॥

જેમ સિંહોમાં સૌમ્યતા અશક્ય છે, જેમ સર્પોમાં ક્ષમા અશક્ય છે તેમ વિષયોમાં પ્રવૃત્ત થયેલાને વૈરાગ્ય પ્રાપ્ત થવો અશક્ય છે. ૧૦૭

१०८ अकृत्वा विषयत्यागं, यो वैराग्यं दिधीर्षति ।
अपथ्यमपरित्यज्य, स रोगोच्छेदमिच्छति ॥६॥

વિષયોનો ત્યાગ કર્યા વિના જો કોઈ માણસ વૈરાગ્ય ધારણ કરવા ઈચ્છે તો તે અપથ્યનો ત્યાગ કર્યા વિના રોગનો નાશ કરવા ઈચ્છે છે. ૧૦૮

१०९ न चित्ते विषयासक्ते, वैराग्यं स्थातुमप्यलम् ।
अयोघन इवोत्तप्ते, निपतन् बिन्दुरम्भसः ॥७॥

લોઢાના તપાવેલા ઘણ ઉપર પડીને શોષાઇ જતાં જલબિંદુની જેમ વિષયથી આસક્ત થયેલા ચિત્તમાં વૈરાગ્ય ટકી શકતો નથી. ૧૦૯

**૧૧૦ यदीन्दुः स्यात् कुहूरात्रौ, फलं यद्यवकेशिनि ।**
**तदा विषयसंसर्गिचित्ते वैराग्यसङ्क्रमः ॥८॥**

જો અમાસની રાતે ચંદ્રનો ઉદય થાય અને જો વંધ્ય (અવકેશિ) વૃક્ષને ફળ આવે, તો વિષયના સંસર્ગવાળા ચિત્તમાં વૈરાગ્યનો પ્રવેશ થાય. ૧૧૦

**૧૧૧ भवहेतुषु तद्द्वेषाद् विषयेष्वप्रवृत्तितः**
**वैराग्यं स्यान्निराबाधं, भवनैर्गुण्यदर्शनात् ॥९॥**

ભવના હેતુ ઉપર દ્વેષ થવાથી, વિષયોમાં પ્રવૃત્તિ ન થવાથી અને ભવને ગુણરહિત જોવાથી નિરાબાધ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. ૧૧૧

**૧૧૨ चतुर्थेऽपि गुणस्थाने, नन्वेवं तत् प्रसज्यते ।**
**युक्तं खलु प्रमातॄणां, भवनैर्गुण्यदर्शनम् ॥१०॥**

પ્રશ્ન =જો એમ હોય તો ચોથા ગુણસ્થાનકે પણ વૈરાગ્યની ઉત્પત્તિ થશે, કારણ કે પ્રમાણ જાણનારાઓને (પ્રમતાને) સંસારની નિર્ગુણતાનું દર્શન થઈ શકે છે. ૧૧૨

**૧૧૩ सत्यं चारित्रमोहस्य, महिमा कोप्ययं खलु ।**
**यदन्यहेतुयोगेऽपि, फलायोगोऽत्र दृश्यते ॥११॥**

જવાબ=સાચી વાત છે. ચારિત્ર-મોહનીય કર્મનો કોઈ એવો મહિમા છે કે અન્ય હેતુનો યોગ હોય તે છતાં પણ ફળનો અયોગ (અભાવ) દેખાય છે. ૧૧૩

११४ दशाविशेषे तत्रापि, न चेदं नास्ति सर्वथा ।
स्वव्यापारहृतासङ्गं, तथा च स्तवभाषितम् ॥१२॥

વિશિષ્ટ દશામાં ત્યાં (ચોથા ગુણસ્થાનકે) વૈરાગ્ય સર્વથા ન હોય એવું નથી. ત્યાં પણ પોતાના વ્યાપાર (સ્વભાવ-રમણતા) દ્વારા આસંગ (આસક્તિ)નું હરણ થાય છે. 'વીતરાગસ્તવ'માં પણ એ પ્રમાણે કહ્યું છે કે. ૧૧૪

११५ [1]यदा मरुन्नरेन्द्रश्री-स्त्वया नाथोपभुज्यते ।
यत्र तत्र रतिर्नाम, विरक्तत्वं तदापि ते ॥१३॥

"હે નાથ ! આપ જ્યારે (પૂર્વ ભવમાં) દેવેન્દ્રની કે નરેન્દ્રની લક્ષ્મીને ભોગવો છો ત્યારે, જ્યાં તમારી રતિ જણાય છે ત્યાં પણ તમારો વૈરાગ્ય જ હોય છે." ૧૧૫

११६ भवेच्छा यस्य विच्छिन्ना, प्रवृत्तिः कर्म्मभावजा ।
रतिस्तस्य विरक्तस्य, सर्वत्र शुभवेद्यतः ॥१४॥

જેમની ભવની ઈચ્છા વિચ્છેદ પામી છે તેમની જે કોઈ પ્રવૃત્તિ છે તે કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલી છે. તેવી વિરક્ત પુરુષને જે રતિ દેખાય છે તે સર્વત્ર શુભ વેદનીય કર્મના ઉદયથી જ છે. ૧૧૬

११७ अतश्चाक्षेपकज्ञानात्, कान्तायां भोगसन्निधौ ।
न शुद्धिप्रक्षयो यस्माद्-हारिभद्रमिदं वचः ॥१५॥

1. वीतरागस्तोत्र-१२/८ ।

એટલે આક્ષેપક=વૈરાગ્ય પ્રેરક જ્ઞાનને લીધે ભોગની સમીપે રહ્યા છતાં તેમની શુદ્ધિનો નાશ થતો નથી, એવું કાન્તા નામની 'યોગદષ્ટિ' વિશે યોગદષ્ટિ સમુચ્ચય ગ્રંથમાં શ્રી હરિભદ્રસૂરિનું વચન છે. ૧૧૭

**૧૧૮ [1]मायाम्भस्तत्त्वतः पश्य-न्ननुद्विग्नस्ततो द्रुतम् ।**
**तन्मध्येन प्रयात्येव, यथा व्याघातवर्जितः ॥१६॥**

માયાજળને તત્ત્વથી જાણી લેતો જીવ ત્યાં ઉદ્વિગ્ન થતો નથી અને તેથી તે તેમાંથી નિર્વિઘ્નપણે ત્વરાથી પસાર થઈ જાય છે. ૧૧૮

**૧૧૯ भोगान् स्वरुपतः पश्यं-स्तथा मायोदकोपमान् ।**
**भुञ्जानोपि ह्यसङ्गः सन्, प्रयात्येव परं पदम् ॥१७॥**

તે જ પ્રમાણે ભોગોના સ્વરૂપને માયાજળ જેવા જાણીને તે ભોગોને ભોગવતો હોવા છતાં અનાસક્ત રહીને પરમ પદ તરફ જાય છે. ૧૧૯

**૧૨૦ भोगतत्त्वस्य तु पुन-र्न भवोदधिलङ्घनम् ।**
**मायोदकदृढावेशात् तेन यातीह कः पथा ॥१८॥**

ભોગને જ તત્ત્વરૂપ માની લેનાર જીવ સંસારસાગરનું ઉલ્લંઘન કરી શકતો નથી. માયાજળનાં જેને દઢ આવેશને કારણે કોણ તે માર્ગે જાય ? ૧૨૦

---

1. योगदृष्टिसमुच्चय १६५/१६८

**૧૨૧ स तत्रैव भवोद्विग्नो, यथा तिष्ठत्यसंशयं ।**
**मोक्षमार्गेपि हि तथा, भोगजम्बालमोहितः ॥१९॥**

તે જેમ ભવોદ્વિગ્ન હોવાથી નિઃસંશયપણે ત્યાં જ ઊભો રહી જાય છે, તેમ ભોગના કાદવથી મુંઝાયેલો તે મોક્ષમાર્ગમાં પણ એમ જ ઊભો રહી જાય છે. ૧૨૧

**૧૨૨ धर्म्मशक्तिं न हन्त्यत्र, भोगयोगो बलीयसीम् ।**
**हन्ति दीपापहो वायु-र्ज्वलन्तं न दवानलम् ॥२०॥**

દીવાને બુઝાવનારો વાયુ જેમ બળતા દાવાનળને બુઝવી શકતો નથી, તેમ ભોગનો સંયોગ બળવાન ધર્મશક્તિને હણી શકતો નથી. ૧૨૨

**૧૨૩ बध्यते बाढमासक्तो, यथा श्लेष्मणि मक्षिका ।**
**शुष्कगोलवदाश्लिष्टो, विषयेभ्यो न बध्यते ॥२१॥**

જેમ માખી શ્લેષ્મમાં બંધાઈ (ચોંટી) જાય છે તેમ પ્રાણી ગાઢ આસક્તિને લીધે વિષયોમાં બંધાઈ જાય છે. સૂકી માટીના ગોળાની જેમ આસક્તિરહિત જીવો વિષયોમાં બંધાતા નથી. ૧૨૩

**૧૨૪ बहुदोषनिरोधार्थ-मनिवृत्तिरपि क्वचित् ।**
**निवृत्तिरिव नो दुष्टा, योगानुभवशालिनाम् ।**

યોગના અનુભવ વડે શોભતા મહાત્માઓ માટે તો ક્યારેક ભોગથી અનિવૃત્તિ પણ ઘણા દોષોના નિરોધ કરનારી થતી હોવાથી નિવૃત્તિની જેમ દૂષિત થતી નથી. ૧૨૪

**૧૨૫ यस्मिन्निषेव्यमाणेपि, यस्याऽशुद्धिः कदाचन ।**
**तेनैव तस्य शुद्धिः स्यात्, कदाचिदिति हि श्रुति॥२३॥**

જે (ભોગાદિક) સેવવાથી કોઈક પ્રાણીને કદાચિત્ અશુદ્ધિ થતી હોય તો તે જ સેવવા પડે તેને ક્યારેય શુદ્ધિ પણ થાય છે એવી શ્રુતિ છે. ૧૨૫

**૧૨૬ विषयाणां ततो बन्ध-जनने नियमोस्ति न ।**
**अज्ञानिनां ततो बन्धो, ज्ञानिनां तु न कर्हिचित् ॥२४॥**

એટલે વિષયો કર્મબંધ ઉત્પન્ન કરે છે એવો એકાંતે નિયમ નથી. જે અજ્ઞાની છે તેને કર્મબંધ થાય છે અને જ્ઞાનીઓને એ કર્મબંધ કદાપિ થતો નથી. ૧૨૬

**૧૨૭ सेवतेऽसेवमानोपि, सेवमानो न सेवते ।**
**कोपि पारजनो न स्या-च्छ्रयन् परजनानपि ॥२५॥**

કોઈક (વિષયોને) ન સેવવા છતાં સેવે છે અને કોઈક સેવવા છતાં સેવતા નથી. કોઈક પરજન (શત્રુ)નો આશ્રય લેવા છતાં પરજન=પરાયો થતો નથી. ૧૨૭

**૧૨૮ अत एव महापुण्य-विपाकोपहितश्रियाम् ।**
**गर्भादारभ्य वैराग्यं, नोत्तमानां विहन्यते ॥२६॥**

એટલા માટે મહાપુણ્યના પરિણામે જેમને લક્ષ્મી પ્રાપ્ત થઈ છે એવા ઉત્તમ પુરુષોનો વૈરાગ્ય તો ગર્ભકાળથી આરંભીને ક્યારેય હણાતો નથી. ૧૨૮

१२९ विषयेभ्यः प्रशान्ताना-मश्रान्तं विमुखीकृतैः ।
करणैश्चारुवैराग्य-मेष राजपथः किल ॥२७॥

વિષયોથી પ્રશાન્ત થયેલાઓ માટે તો ઈન્દ્રિયોને વિષયોથી સતત વિમુખ કરવાથી જે સુંદર વૈરાગ્ય થાય છે એ જ રાજમાર્ગ છે. ૧૨૯

१३० स्वयं निवर्त्तमानेस्तै-रनुदीर्णैरयन्त्रितैः ।
तृप्तैर्ज्ञानवतां तत् स्या-दसावेकपदी मता ॥२८॥

પોતાની મેળે નિવૃત્ત થયેલી, ઉદીરણા તથા નિયંત્રણા નહિ કરેલી તથા તૃપ્ત થયેલી ઈન્દ્રિયો વડે જ્ઞાનીઓને જે વૈરાગ્ય થાય છે તે કેડીમાર્ગ (એકપદી) કહેવાય છે. ૧૩૦

१३१ बलेन प्रेर्यमाणानि, करणानि वनेभवत् ।
न जातु वशतां यान्ति प्रत्युतानर्थवृद्धये ॥२९॥

બળથી પ્રેરેલી ઈન્દ્રિયો, વનના હાથીની જેમ, કદાપિ વશ થતી નથી, પણ ઊલટી તે અનર્થને વધારનારી થાય છે. ૧૩૧

१३२ पश्यन्ति लज्जया नीचै-र्दुर्ध्यानं च प्रयुञ्जते ।
आत्मानं धार्मिकाभासाः, क्षिपन्ति नरकावटे ॥३०॥

ધર્મનો આડંબર કરનારા લજ્જાથી નીચું જુએ છે, પરંતુ મનમાં દુર્ધ્યાન ચિંતવે છે. એમ કરીને તેઓ પોતાના આત્માને નરકના કૂવામાં નાખે છે. ૧૩૨

**१३३ वञ्चनं करणानां त-द्विरक्तः कर्तुमर्हति ।**
**सद्भावविनियोगेन, सदा स्वान्यविभागवित् ॥३१॥**

સ્વ અને પરના વિભાગને જાણનાર વિરક્ત યોગીએ, સદ્ભાવનાથી ભાવિત થઈને હંમેશાં ઈન્દ્રિયોની વંચના કરવી જોઈએ. વિષયો-કામગુણોથી વિમુખ કરવી જોઈએ. ૧૩૩

**१३४ प्रवृत्तेर्वा निवृत्तेर्वा, न सङ्कल्पो न च श्रमः ।**
**विकारो हीयतेऽक्षाणा-मिति वैराग्यमद्भुतम् ॥३२॥**

વિષમ પ્રવૃત્તિને વિશે સંકલ્પ નથી અને નિવૃત્તિને વિશે શ્રમ નથી પરંતુ ઈન્દ્રિયોનો વિકાર ક્ષીણ થતો જતો હોય તો તે વૈરાગ્ય અદ્ભુત કહેવાય છે. ૧૩૪

**१३५ दारुयन्त्रस्थपाञ्चाली-नृत्यतुल्याः प्रवृत्तयः ।**
**योगिनो नैव बाधायै, ज्ञानिनो लोकवर्तिनः ॥३३॥**

કાષ્ઠના યંત્રમાં રહેલી પૂતળીઓના નૃત્ય જેવી ભોગ-પ્રવૃત્તિઓ, ગૃહવાસ=લોકમાં વર્તનારા જ્ઞાનીને અને યોગીને (વૈરાગ્યમાં)બાધાકારક થતી નથી. ૧૩૫

**१३६ इयं च योगमायेति, प्रकटं गीयते परैः ।**
**लोकानुग्रहहेतुत्वा-न्नास्यामपि च दूषणम् ॥३४॥**

આ ભોગ હોવા છતાં વૈરાગ્યદશાને અન્ય દર્શનીઓ સ્પષ્ટ રીતે યોગમાયા કહે છે, પરંતુ લોકને (ધર્મપ્રભાવ-શ્રવણરૂપ) અનુગ્રહનું કારણ હોવાથી એમાં દૂષણ નથી. ૧૩૬

**१३७ सिद्धान्ते श्रूयते चेय-मपवादपदेष्वपि ।**
**मृगपर्षत्परित्रास-निरासफलसङ्गता ॥३५॥**

[આવી ભોગ હોવા છતાં વૈરાગ્ય હોય] એવી દેશના, આગમમાં અપવાદ [નિરૂપક] પદો સ્થાનોમાં સંભળાય છે. તે ફળ-સંગત=સફળ પણ છે. કારણ કે મૃગ=પશુ સમાન અજ્ઞાનીઓની સભાના [સર્વત્યાગરૂપ ધર્મ તરફનાં] ડરનો વિરાસ થાય છે. ૧૩૭

**१३८ औदासीन्यफले ज्ञाने, परिपाकमुपेयुषि ।**
**चतुर्थेपि गुणस्थाने, तद् वैराग्यं व्यवस्थितम् ॥३६॥**

ઉદાસીનતાના ફળવાળું જ્ઞાન જ્યારે પરિપાક= પરિણતિને પામે છે. ત્યારે ચોથા ગુણસ્થાનકે પણ તે વૈરાગ્ય વ્યવસ્થિત રહેલો છે. ૧૩૮

વૈરાગ્યસંભવ અધિકાર સંપૂર્ણ.

॥ इति वैराग्यसम्भवाधिकारः ॥५॥

# षष्ठो वैराग्यभेदाधिकारः

१३९ तद् वैराग्यं स्मृतं दुःख-मोहज्ञानान्वयात् त्रिधा ।
तत्राद्यं विषयाप्राप्तेः, संसारोद्वेगलक्षणम् ॥१॥

તે વૈરાગ્ય દુઃખગર્ભિત, મોહગર્ભિત અને જ્ઞાનગર્ભિત એમ ત્રણ પ્રકારે કહેલો છે. તેમાં પ્રથમ (દુઃખગર્ભિત) વૈરાગ્ય વિષયોની પ્રાપ્તિ ન થવાથી સંસાર ઉપરના ઉદ્વેગરૂપ હોય છે. ૧૩૯

१४० अत्राङ्ग-मनसोः खेदो, ज्ञानमाप्यायकं न यत् ।
निजाभीप्सितलाभे च विनिपातोपि जायते ॥२॥

એમાં શરીરનો અને મનનો ખેદ હોય છે. ત્યાં તૃપ્તિ કરનાર જ્ઞાન હોતું નથી. તેથી તેને જો ઈચ્છેલી વિષયભોગની સામગ્રીરૂપ વસ્તુનો લાભ થાય તો તે વૈરાગ્યનો વિનિપાત= નાશ થઈ જાય છે. ૧૪૦

१४१ दुःखाद्विरक्ताः प्रागेवे-च्छन्ति प्रत्यागतेः पदम् ।
अधीरा इव सङ्ग्रामे, प्रविशन्तो वनादिकम् ॥३॥

જેમ યુદ્ધમાં જનારા અધીરા (કાયર) પુરુષો વન વગેરેમાં પ્રવેશી જવાની ઈચ્છા રાખે છે, તેમ દુઃખને કારણે વૈરાગ્ય પામેલા પુરુષો પહેલેથી પાછા આવવાના સ્થાનને ઈચ્છે છે. ૧૪૧

१४२ शुष्कतर्कादिकं किञ्चिद्, वैद्यकादिकमप्यहो ।
पठन्ति ते शमनदीं, न तु सिद्धान्तपद्धतिम् ॥४॥

તેઓ (દુઃખગર્ભિત વૈરાગ્યવાળા માણસો) શુષ્ક તર્કશાસ્ત્ર વગેરે અથવા કંઈક વૈદકશાસ્ત્ર વગેરેનો અભ્યાસ કરે છે, પરંતુ શમની નદીરૂપ સિદ્ધાન્તની પદ્ધતિનો અભ્યાસ કરતા નથી. ૧૪૨

१४३ ग्रन्थपल्लवबोधेन, गर्वोष्माणं च बिभ्रति ।
तत्त्वान्तं नैव गच्छन्ति, प्रशमामृतनिर्झरम् ॥५॥

ગ્રંથોનો પલ્લવ માત્ર (છૂટાં છૂટાં પાંદડાં જેવો) બોધ થવાથી તેઓ ગર્વની ઉષ્ણતા ધારણ કરે છે, પરંતુ પ્રશમરૂપી અમૃતના ઝરણા સમાન તત્ત્વના રહસ્યને તેઓ પામતા નથી. ૧૪૩

१४४ वेषमात्रभृतोऽप्येते, गृहस्थान्नातिशेरते ।
न पूर्वोत्थायिनो यस्मा-न्नापि पश्चान्निपातिनः ॥६॥

તેઓ સાધુનો વેષ માત્ર ધારણ કરે છે. તેઓ ગૃહસ્થથી કંઈ અધિક નથી. તેઓ પૂર્વોત્થાયી (પ્રથમ હતા તેના કરતાં ઊંચે ઊઠેલા) નથી, તેમ પશ્ચાત્ નિપાતી (પાછળથી પડેલા) પણ નથી. ૧૪૪

१४५ गृहेऽन्नमात्रदौर्लभ्यं, लभ्यन्ते मोदका व्रते ।
वैराग्यस्यायमर्थो हि, दुःखगर्भस्य लक्षणम् ॥७॥

ઘરમાં પુરું અન્ન પણ મળતું નથી અને વ્રત લેવામાં તો લાડુ મળે છે. જે વૈરાગ્યમાં આવો આશય હોય તે દુઃખગર્ભિત વૈરાગ્યનું લક્ષણ છે. ૧૪૫

**૧૪૬ कुशास्त्राभ्याससम्भूतं, भवनैर्गुण्यदर्शनात् ।**
**मोहगर्भं तु वैराग्यं, मतं बालतपस्विनाम् ॥८॥**

કુશાસ્ત્રના અભ્યાસથી સંસારની નિર્ગુણતા જણાય અને એથી જે વૈરાગ્ય ઉત્પન્ન થાય તે મોહગર્ભિત વૈરાગ્ય કહેવાય. તે બાલતપસ્વીઓને હોય છે. ૧૪૬

**૧૪૭ सिद्धान्तमुपजीव्यापि, ये विरुद्धार्थभाषिणः ।**
**तेषामप्येतदेवेष्टं, कुर्वतामपि दुष्करम् ॥९॥**

સિદ્ધાન્તનો આશ્રય લઈને જેઓ તેનું વિરુદ્ધ અર્થઘટન કરે છે, તેઓ દુષ્કર તપશ્ચર્યા કરતા હોય તો પણ તેઓનો વૈરાગ્ય એવો જ (મોહગર્ભિત) જાણવો. ૧૪૭

**૧૪૮ संसारमोचकादीना-मिवैतेषां न तात्त्विकः ।**
**शुभोऽपि परिणामो य-ज्जाता नाज्ञारुचिस्थितिः ॥१०॥**

સંસારમોચક મારીને દુઃખરૂપ સંસાર=જન્મથી મુક્ત કરનાર 'મર્સી કીલર' વગેરેની જેમ તેઓનું શુભ પરિણામ હોવા છતાં તાત્ત્વિક નથી, કારણ કે જિનાજ્ઞા વિશે તેમની રુચિ સ્થિર થઈ નથી. ૧૪૮

**૧૪૯ अमीषां प्रशमोऽप्युच्चै-र्दोषपोषाय केवलम् ।**
**अन्तर्निलीनविषतप्त-ज्वराऽनुद्भवसन्निभः ॥११॥**

તેઓનો પ્રશમ પણ શરીરમાં અંદર રહેલા વિષમ જ્વરના અનુભવની જેમ દોષના પોષણ અર્થે જ થાય છે. ૧૪૯

**१५० कुशास्त्रार्थेषु दक्षत्वं, शास्त्रार्थेषु विपर्ययः ।**
**स्वच्छन्दता कुतर्कश्च, गुणवत्संस्तवोज्झनम् ॥१२॥**

કુશાસ્ત્રના અર્થમાં પ્રવીણ, શાસ્ત્રના અર્થમાં વિપર્યય, સ્વચ્છંદતા, કુતર્ક, ગુણવાનની સંગતિનો ત્યાગ- ૧૫૦

**१५१ आत्मोत्कर्षः परद्रोहः, कलहो दम्भजीवनम् ।**
**आश्रवाच्छादनं शक्त्युल्लङ्घनेन क्रियादरः ॥१३॥**

પોતાની મોટાઈ બતાવવી, બીજાનો દ્રોહ કરવો, કલહ, દંભી જીવન, આશ્રવ (પાપ)નું આચ્છાદન, શક્તિ ઉલ્લંઘીને ક્રિયાનો આદર કરવો- ૧૫૧

**१५२ गुणानुरागवैधुर्य-मुपकारस्य विस्मृतिः ।**
**अनुबन्धाद्यचिन्ता च, प्रणिधानस्य विच्युतिः ॥१४॥**

ગુણાનુરાગનો અભાવ, ઉપકારની વિસ્મૃતિ, તીવ્ર કર્મબંધની ચિંતા ન કરવી, ચિત્તની એકાગ્રતા ન હોવી- ૧૫૨

**१५३ श्रद्धामृदुत्वमौद्धत्य-मधैर्यमविवेकिता ।**
**वैराग्यस्य द्वितीयस्य, स्मृतेयं लक्षणावली ॥१५॥**

શ્રદ્ધામાં મૃદુતા, ઉદ્ધતતા, અધૈર્ય, અવિવેકીપણું - એ બીજા (મોહગર્ભિત) વૈરાગ્યનાં લક્ષણો કહેલાં છે. ૧૫૩

૧૫૪ **ज्ञानगर्भं तु वैराग्यं, सम्यक्तत्त्वपरिच्छिदः ।**
**स्याद्वादिनः शिवोपाय-स्पर्शिनस्तत्त्वदर्शिनः ॥१६॥**

સમ્યક્ તત્ત્વને જાણનાર, સ્યાદ્વાદને સમજનાર, મોક્ષના ઉપાયને સ્પર્શનાર એવા તત્ત્વદર્શી પુરુષનો વૈરાગ્ય તે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય કહેવાય છે. ૧૫૪

૧૫૫ **मीमांसा मांसला यस्य, स्वपरागमगोचरा ।**
**बुद्धिः स्यात् तस्य वैराग्यं, ज्ञानगर्भमुदञ्चति ॥१७॥**

જેમની તત્ત્વમીમાંસા પ્રૌઢ હોય અને જેમની બુદ્ધિ સ્વ-પરનાં આગમોને અવગાહતી હોય, તેમનો વૈરાગ્ય જ્ઞાનગર્ભિત કહેવાય છે. ૧૫૫

૧૫૬ **न स्वान्यशास्त्रव्यापारे, प्राधान्यं यस्य कर्मणि ।**
**नासौ निश्चयसंशुद्धं, सारं प्राप्नोति कर्म्मणः ॥१८॥**

જેઓને પોતાના અને અન્યના શાસ્ત્રના વ્યાપારમાં પ્રાધાન્ય ન હોય અને ક્રિયામાં જ પ્રાધાન્ય હોય, તેઓ નિશ્ચયથી શુદ્ધ એવા કર્મના શુભ ફળને પામતા નથી. ૧૫૬

૧૫૭ **सम्यक्त्व-मौनयोः सूत्रे, गतप्रत्यागते यतः ।**
**नियमो दर्शितस्तस्मात्, सारं सम्यक्त्वमेव हि ॥१९॥**

સૂત્રમાં સમ્યક્ત્વ-મૌનનો પરસ્પર સંબંધ (ગતપ્રત્યાગત) દર્શાવ્યો છે. એટલે આ નિયમથી નિશ્ચિત થાય છે કે સમ્યક્ત્વ જ સારભૂત છે. ૧૫૭

**૧૫૮ अनाश्रवफलं ज्ञान-मव्युत्थानमनाश्रवः ।**
**सम्यक्त्वं तदभिव्यक्ति-रित्येकत्वविनिश्चयः ॥२०॥**

જ્ઞાનનું ફળ અનાશ્રવ (આશ્રવત્યાગ=વિરતિ) છે અને અનાશ્રવનું ફળ તે અવ્યુત્થાન (વિષયોનો ત્યાગ) છે. એટલે તેની (ચારિત્રની) અભિવ્યક્તિ એ જ સમ્યક્ત્વ છે. આમ, તે (જ્ઞાન અને ચારિત્ર)ના એકત્વનો નિશ્ચય છે. ૧૫૮

**૧૫૯ बहिर्निर्वृत्तिमात्रं स्याच्-चारित्राद्व्यावहारिकात् ।**
**अन्तःप्रवृत्तिसारं तु, सम्यक् प्रज्ञानमेव हि ॥२१॥**

વ્યાવહારિક ચારિત્રથી માત્ર બાહ્ય પદાર્થોની નિવૃત્તિ થાય છે. સમ્યક્જ્ઞાન જ અન્તઃપ્રવૃત્તિના સારરૂપ એવું છે. ૧૫૯

**૧૬૦ एकान्तेन हि षट्काय-श्रद्धानेऽपि न शुद्धता ।**
**सम्पूर्णपर्ययालाभाद्, यन्न याथात्म्यनिश्चयः ॥२२॥**

છ-કાય જીવોનું એકાન્તે શ્રદ્ધાન કરવા છતાં સમ્યક્ત્વની શુદ્ધ થતી નથી, કારણ કે સંપૂર્ણ પર્યાયોનો લાભ ન થવાથી યથાર્થપણાનો નિશ્ચય થતો નથી. ૧૬૦

**૧૬૧ यावन्तः पर्यया वाचां, यावन्तश्चार्थपर्यायाः ।**
**सांप्रतानागतातीता-स्तावद्द्रव्यं किलैककम् ॥२३॥**

વચનના વર્તમાન, ભૂત અને ભવિષ્યના જેટલા પર્યાયો છે તથા અર્થના વર્તમાન, ભૂત અને ભવિષ્યના જેટલા પર્યાયો છે, તે સર્વ મળીને એક દ્રવ્ય જાણવું. ૧૬૧

**१६२ स्यात् सर्वमयमित्येवं, युक्तं स्वपरपर्ययैः ।**
**अनुवृत्तिकृतं स्वत्वं, परत्वं व्यतिरेकजम् ॥२४॥**

એ જ પ્રમાણે એક જ દ્રવ્ય સ્વપર્યાય વડે અને પરપર્યાય વડે યુક્ત હોઈને સર્વ પર્યાયમય છે. એમાં અનુવૃત્તિ (ભિન્નપણા) થી ઉત્પન્ન થયેલું તે પરત્વ (પરપણું) જાણવું. ૧૬૨

**१६३ ये नाम परपर्यायाः, स्वास्तित्वायोगतो मताः ।**
**स्वकीया अप्यमी त्याग-स्वपर्यायविशेषणात् ॥२५॥**

જે પરપર્યાયછે તે પોતાના અસ્તિત્વના અયોગ (અભાવ)થી છે. જો કે એ પરપર્યાય છે, પરંતુ ત્યાગરૂપ સ્વપર્યાયના વિશેષણથી છે. ૧૬૩

**१६४ अतादात्म्येपि सम्बन्ध-व्यवहारोपयोगतः ।**
**तेषां स्वत्वं धनस्येव, व्यज्यते सूक्ष्मया धिया ॥२६॥**

તેનો (પરપર્યાયનો) તાદાત્મ્યભાવે સંબંધ નથી તો પણ વ્યવહારનયના ઉપયોગથી સંબંધ છે. જેમ ધનનો સંબંધ તેના સ્વામી સાથે હોય છે તેમ આ સ્વત્વ (સ્વપર્યાય) સૂક્ષ્મ બુદ્ધિ વડે જણાય છે. ૧૬૪

**१६५ पर्यायाः स्युर्मुनेर्ज्ञान-दृष्टिचारित्रगोचगराः ।**
**यथा भिन्ना अपि तथो-पयोगाद् वस्तुनो ह्यमी ॥२७॥**

મુનિને જ્ઞાન, દર્શન અને ચારિત્રના દ્રવ્ય પર્યાયો જેમ

ભિન્ન હોવા છતાં પણ હોય છે, તેમ ઉપયોગ વડે તે પર્યાયો વસ્તુના પણ હોય છે. ૧૬૫

**१६६ नो चेदभावसम्बन्धा-न्वेषणे का गतिर्भवेत् ।**
**आधारप्रतियोगित्वे, द्विष्ठे न हि पृथग् द्वयोः ॥२८॥**

જો એમ ન હોય તો અભાવના સંબંધથી અન્વેષણ કરવામાં શી ગતિ થાય? માટે આધાર સ્વાશ્રય અને પ્રતિયોગી (=પર) એ બંનેમાં તે રહે છે, પણ તે બંનેમાં પૃથક્ રહેતો નથી. ૧૬૬

**१६७ स्वान्यपर्यायसंश्लेषात्, सूत्रेप्येवं निदर्शितम् ।**
**सर्वमेकं विदन् वेद, सर्वं जानँस्तथैककम् ॥२९॥**

આમ સ્વપર્યાય અને પરપર્યાય સંબંધ (સંશ્લેષ)થી [આચારાંગ] સૂત્રમાં પણ એ પ્રમાણે જણાવ્યું છે કે "જે એકને જાણે તે સર્વને જાણે છે અને જે સર્વને જાણે છે તે એકને જાણે છે." ૧૬૭

**१६८ आसत्तिपाटवाभ्यास-स्वकार्यादिभिराश्रयन् ।**
**पर्यायमेकमप्यर्थं, वेत्ति भावाद् बुधोऽखिलम् ॥३०॥**

આસત્તિ, પાટવ, અભ્યાસ, સ્વકાર્ય વગેરે દ્વારા પંડિત પુરુષ એક પર્યાયના એક અર્થને જાણએ છે, પણ ભાવથી સર્વ પદાર્થને જાણે છે. ૧૬૮

**१६९ अन्तरा केवलज्ञानं, प्रतिव्यक्तिर्न यद्यपि ।**
**क्वापि ग्रहणमेकांश-द्वारं चातिप्रसक्तिमत् ॥३१॥**

જો કે કેવળજ્ઞાન વિના પ્રત્યેક વસ્તુમાં રહેલા સર્વપર્યાયોનું જ્ઞાન ન સંભવી શકે, તો પણ કોઈક વિષયમાં એકાંશના દ્વારવાળું જ્ઞાન થાય છે અને કોઈક વિષયમાં ઘણા પર્યાયોની પ્રાપ્તિ= જ્ઞાનવાળું થાય છે. ૧૬૯

**१७० अनेकान्तागमश्रद्धा, तथाप्यस्खलिता सदा ।**
**सम्यग्दृशस्तथैव स्यात्, सम्पूर्णार्थविवेचनम् ॥३२॥**

તો પણ સમ્યગ્ દૃષ્ટિવાળાને અનેકાન્ત આગમથી શ્રદ્ધા સદા અસ્ખલિત હોય છે. તેથી એ શ્રદ્ધાથી જ તે સંપૂર્ણ અર્થનું વિવેચન કરી શકે છે. ૧૭૦

**१७१ आगमार्थोपनयनाद्, ज्ञानं प्राज्ञस्य सर्वगम् ।**
**कार्य्यादेर्व्यवहारस्तु, नियतोल्लेखशेखरः ॥३३॥**

આગમના અર્થનો આશ્રય કરવાથી પ્રાજ્ઞ પુરુષને સર્વગામી જ્ઞાન પ્રવર્તે છે પરંતુ કાર્યાદિકનો જે વ્યવહાર છે તે નિયત કરેલા ઉલ્લેખના શેખરરૂપ (મુગટરૂપ અર્થાત્ મુખ્યરૂપ) છે. ૧૭૧

**१७२ तदेकान्तेन यः कश्चिद् विरक्तस्यापि कुग्रहः ।**
**शास्त्रार्थबाधनात् सोऽयं, जैनाभासस्य पापकृत् ॥३४॥**

એટલા માટે જે વિરક્ત આત્માનો કોઈ વિષયમાં

એકાન્તનો કદાગ્રહ હોય તો તે શાસ્ત્રના અર્થનો બાધક હોવાથી જૈનાભાસ છે અને પાપકાર્યરૂપ છે. ૧૭૨

**१७३ उत्सर्गे वाऽपवादे वा, व्यवहारेऽथ निश्चये ।**
**ज्ञाने कर्म्मणि वायं चे-न्न तदा ज्ञानगर्भता ॥३५॥**

ઉત્સર્ગ કે અપવાદના વિષયમાં, વ્યવહાર કે નિશ્ચયના વિષયમાં, જ્ઞાન કે ક્રિયાના વિષયમાં જો આ (કદાગ્રહ) હોય તો તે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય ન કહેવાય. ૧૭૩

**१७४ स्वागमेऽन्यागमार्थानां, शतस्येव परार्ध्यके ।**
**नावतारबुधत्वं चे-न्न तदा ज्ञानगर्भता ॥३६॥**

જેમ પરાર્ધમાં સો સમાઈ જાય તેમ પોતાના આગમમાં અન્યના શાસ્ત્રોના અર્થોનો અવતાર કરવામાં (ઘટાવવામાં) જો પાંડિત્ય ન હોય તો તે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય નથી. ૧૭૪

**१७५ नयेषु स्वार्थसत्येषु, मोघेषु परचालने ।**
**माध्यस्थ्यं यदि नायातं, न तदा ज्ञानगर्भता ॥३७॥**

દરેક નયને પોતાનો અર્થ સત્ય અને બીજાનો અર્થ નિષ્ફળ (અસત્ય) લાગે, પરંતુ તેમાં જો મધ્યસ્થપણું ન આવ્યું હોય તો તે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય નથી. ૧૭૫

**१७६ आज्ञयागमिकार्थानां, यौक्तिकानां च युक्तितः**
**न स्थाने योजकत्वं चे-न्न तदा ज्ञानगर्भता ॥३८॥**

આગમ વડે ગ્રહાતા-સમજાઈ જતાં અર્થોને આજ્ઞા વડે

અને યુક્તિ વડે ગ્રહણ કરાતા અર્થોને યુક્તિવડે, એમ આગમ કે યુક્તિને પોતપોતાના સ્થાને જોડતો ન હોય તો એ વૈરાગ્ય જ્ઞાનગર્ભિત નથી. ૧૭૬

**१७७ गीतार्थस्यैव वैराग्यं, ज्ञानगर्भं ततः स्थितम्**
**उपचारादगीतस्या-प्यभीष्टं तस्य निश्रया ॥३९॥**

તેથી જ્ઞાનગર્ભિત વૈરાગ્ય ગીતાર્થને હોય છે. ઉપચારથી (વ્યવહારથી) તો એમની નિશ્રામાં રહેલા અગીતાર્થને પણ હોઈ શકે છે. ૧૭૭

**१७८ सूक्ष्मेक्षिका च माध्यस्थ्यं, सर्वत्र हितचिन्तनम् ।**
**क्रियायामादरो भूयान्, धर्मे लोकस्य योजनम् ॥४०॥**

સૂક્ષ્મ દૃષ્ટિ, માધ્યસ્થ, સર્વત્ર હિતચિંતન, ક્રિયા માટે અત્યંત આદર, લોકોને ધર્મમાં જોડવા - ૧૭૮

**१७९ चेष्टा परस्य वृत्तान्ते, मूकान्धबधिरोपमा ।**
**उत्साहः स्वगुणाभ्यासे, दुःखस्येव धनार्जने ॥४१॥**

બીજાની વાતોમાં મૂક, અંધ અને બહેરાના જેવી ચેષ્ટા તથા ધન ઉપાર્જન કરવામાં દરિદ્ર માણસને જેવો ઉત્સાહ હોય તેવો ઉત્સાહ પોતાના ગુણના અભ્યાસમાં હોય - ૧૭૯

**१८० मदनोन्मादवमनं, मदसम्मर्दमर्दनम् ।**
**असूयातन्तुविच्छेदः, समतामृतमज्जनम् ॥४२॥**

કામદેવના ઉન્માદનું વમન (કામવાસનાનો ત્યાગ),

મદના સમૂહનું (આઠ પ્રકારના મદનું) મર્દન, અસૂયાના તંતુનો વિચ્છેદ, સમતારૂપી અમૃતમાં મજ્જન (સ્નાન) - ૧૮૦

**१८१ स्वभावान्नैव चलनं, चिदानन्दमयात् सदा ।**
**वैराग्यस्य तृतीयस्य, स्मृतेयं लक्षणावली ॥४३॥**

ચિદાનંદમય એવા સ્વભાવમાંથી ક્યારેય ચલિત ન થવું - આ ત્રીજા પ્રકારના (જ્ઞાનગર્ભિત) વૈરાગ્યનાં લક્ષણો કહેલાં છે. ૧૮૧

**१८२ ज्ञानगर्भमिहादेयं, द्वयोस्तु स्वोपमर्दतः ।**
**उपयोगः कदाचित् स्या-न्निजाध्यात्मप्रसादतः ॥४४॥**

જ્ઞાનગર્ભિત વૈરાગ્ય જ આદેય (ગ્રહણ કરવા યોગ્ય) છે. બાકીના બે (મોહગર્ભિત અને દુઃખગર્ભિત) વૈરાગ્ય તો પોતાપોતાના ઉપમર્દથી (દબાવાથી) અથવા ક્યારેક અધ્યાત્મના પ્રસાદથી ઉપયોગી થઈ શકે. ૧૮૨

વૈરાગ્યભેદ અધિકાર સંપૂર્ણ

**॥ इति वैराग्यभेदाधिकारः ॥६॥**

## सप्तमो वैराग्यविषयाधिकारः

१८३ विषयेषु गुणेषु च द्विधा,

भुवि वैराग्यमिदं प्रवर्त्तते ।

अपरं प्रथमं प्रकीर्तितं,

परमध्यात्मबुधैर्द्वितीयकम् ॥१॥

વિષયોમાં અને ગુણોમાં એમ વૈરાગ્ય બે પ્રકારની ભૂમિકાએ પ્રવર્તે છે. તેમાં અધ્યાત્મશાસ્ત્રના પંડિતોએ પહેલા (વિષયોમાં વૈરાગ્ય)ને અપર (અમુખ્ય) અને બીજા (ગુણમાં વૈરાગ્ય)ને પર (મુખ્ય) કહેલો છે. ૧૮૩

१८४ विषया करणैरूपस्थिता

अपि चानुश्रविका विकारिणः ।

न भवन्ति विरक्तचेतसां,

विषधारेव सुधासु मज्जताम् ॥२॥

વિષયો ઇન્દ્રિયોથી પ્રાપ્તિના (અનુભવમાં આવી શકે એવા) છે તથા શાસ્ત્રાદિક (અનુશ્રવ)માં શ્રવણ કરેલા છે. અમૃતમાં નિમગ્ન થયેલાને જેમ વિષધારા પીડા કરતી નથી તેમ વિરક્ત ચિત્તવાળાને એ વિષયો વિકાર કરી શકતા નથી. ૧૮૪

१८५ सुविशालरसालमञ्जरी-
विचरत्कोकिलकाकलीभरैः ।
किमु माद्यति योगिनां मनो,
निभृतानाहतनादसादरम् ॥३॥

નિશ્ચિત એવા અનાહત નાદને સાંભળવામાં આદરવાળા યોગીઓનું મન સુવિશાલ આમ્રવૃક્ષની મંજરીઓમાં વિચરતા કોકિલના મધુર ધ્વનિ વડે શું આનંદ પામે ? ૧૮૫

१८६ रमणीमृदुपाणिकङ्कण-
क्वणनाकर्णनपूर्णघूर्णनाः ।
अनुभूतिनटीस्फुटीकृत-
प्रियसङ्गीतरता न योगिनः ॥४॥

અનુભવદશારૂપી નટીએ કરેલા સ્ફુટ પ્રિય સંગીતમાં મગ્ન બનેલા યોગીઓ રમણીઓના કોમળ કરના કંકણના ધ્વનિને સાંભળવાથી પૂર્ણપણે ડોલાયમાન થતા નથી. ૧૮૬

१८७ स्खलनाय न शुद्धचेतसां
ललनापञ्चमचारुघोलना ।
यदियं समतापदावली-
मधुरालापरतेर्न रोचते ॥५॥

શુદ્ધ ચિત્તવાળા પુરુષોને સ્ત્રીઓના પંચમ સૂરનો મનોહર આલાપ નાદ સ્ખલિત કરતો નથી. સમતારૂપી

પદાવલીના મધુર આલાપમાં પ્રીતિવાળાને એ (નાદ) ગમતો નથી. ૧૮૭

**१८८ सततं क्षयि शुक्रशोणित-**
**प्रभवं रूपमपि प्रियं न हि ।**
**अविनाशिनिसर्गनिर्म्मल-**
**प्रथमानस्वकरूपदर्शिनम् ॥६॥**

પોતાના અવિનાશી, સ્વભાવથી નિર્મળ અને વિસ્તીર્ણ સ્વરૂપને જોનારાને સતત ક્ષય પામતું, વીર્ય અને રુધિરથી ઉત્પન્ન થયેલું રૂપ પણ પ્રિય લાગતું નથી. ૧૮૮

**१८९ परदृश्यमपायसङ्कुलं,**
**विषयो यत् खलु चर्मचक्षुषः ।**
**न हि रुपमिदं मुदे यथा,**
**निरपायानुभवैकगोचरः ॥७॥**

જે પ્રમાણે અપાયરહિત અને અનુભવગોચર એવા આત્મસ્વરૂપથી (યોગીઓને) હર્ષ થાય છે, તે પ્રમાણે અન્ય જનોથી જોવાતું, અપાયથી વ્યાપ્ત (નાશવંત) અને ચર્મચક્ષુનો જે વિષય છે એવું રૂપ આનંદ આપતું નથી. ૧૮૯

**१९० गतिविभ्रमहास्यचेष्टितै-**
**र्ललनानामिह मोदतेऽबुधः ।**

सुकृताद्रिपविष्वमीषु नो,
विरतानां प्रसरन्ति दृष्ट्यः ॥८॥

સ્ત્રીઓની ગતિ, વિલાસ, હાસ્ય અને ચેષ્ટાઓથી અજ્ઞાની માણસને આનંદ થાય છે. સુકૃતરૂપી પર્વતને માટે વજ્રસમાન એવા એ વિલાસો પ્રત્યે વિરક્ત યોગીઓની દષ્ટિ જતી નથી. ૧૯૦

१९१ न मुदे मृगनाभिमल्लिका-
लवलीचन्दनचन्द्रसौरभम् ।
विदुषां निरुपाधिबाधित-
स्मरशीलेन सुगन्धिवर्ष्मणाम् ॥९॥

જેમનાં શરીર નિરુપાધિક છે અને કામદેવને બાધિત કરનાર શીલ વડે સુગંધી છે એવા પંડિત પુરુષોને કસ્તુરી, માલતી-પુષ્પ, એલચી (લવલી), ચંદન, કર્પૂરની સૌરભથી આનંદ થતો નથી. ૧૯૧

१९२ उपयोगमुपैति यच्चिरं,
हरते यन्न विभावमारुतः ।
न ततः खलु शीलसौरभा-
दपरस्मिन्निह युज्यते रतिः ॥१०॥

જે ચિરકાળ સુધી ઉપયોગમાં આવે છે અને વિભાવરૂપી વાયુ જેનું હરણ કરી શકતો નથી એવી શીલરૂપી

સૌરભ સિવાય બીજી કોઈ સૌરભ ઉપર પ્રીતિ કરવી યોગ્ય નથી. ૧૯૨

**१९३ मधुरैर्न रसैरधीरता,**

**क्वचनाध्यात्मसुधालिहां सताम् ।**

**अरसैः कुसुमैरिवालिनां,**

**प्रसरत्पद्मपरागमोदिनाम् ॥११॥**

જેમ કમળના પ્રસરતા પરાગમાં આનંદ અનુભવનાર ભ્રમરોની અન્ય નીરસ પુષ્પોના રસમાં આતુરતા હોતી નથી, તેમ અધ્યાત્મની સુધાનો સ્વાદ લેનારા સત્પુરુષોને બીજા મધુર રસની આતુરતા હોતી નથી. ૧૯૩

**१९४ विषमायतिभिर्नु किं रसैः,**

**स्फुटमापातसुखैर्विकारिभिः ।**

**नवमेऽनवमे रसे मनो,**

**यदि मग्नं सतताविकारिणि ॥१२॥**

જો સદાય અવિકારી અને દોષરહિત એવા નવમા (શાન્ત) ચિત્ત મગ્ન બને તો પછી જે ભયંકર પરિણામવાળા, માત્ર ઉપરથી જ સુખકારક દેખાવવાળા તથા વિકારવાળા એવા રસોનું શું કામ છે ? ૧૯૪

**१९५ मधुरं रसमाप्य निष्पतेद्-**

**रसनातो रसलोभिनां जलम् ।**

**परिभाव्य विपाकसाध्वसं,**

**विरतानां तु ततो दृशोर्जलम् ॥१३॥**

રસના લોભી મનુષ્યોને મધુર રસ પ્રાપ્ત થવાથી જીભમાંથી પાણી છૂટે છે, પરંતુ વિરક્ત માણસોને તો વિપાક=પરિણામનો ભય જાણવાથી આંખમાંથી પાણી પડે છે. ૧૯૫

**१९६ इह ये गुणपुष्पपूरिते,**

**धृतिपत्नीमुपगूह्य शेरते ।**

**विमले सुविकल्पतल्पके,**

**क्व बहिःस्पर्शरता भवन्तु ते ॥१४॥**

આ લોકમાં જેઓ ગુણરુપી પુષ્પોથી ભરેલી, નિર્મળ સુવિકલ્પરૂપી શય્યામાં ધૃતિરૂપી પત્નીને આલિંગન દઈને સૂઈ જાય છે, તેઓ પછી બહારના સ્પર્શમાં આસક્ત કેમ થાય ? ૧૯૬

**१९७ हृदि निर्वृतिमेव बिभ्रतां,**

**न मुदे चन्दनलेपनाविधिः ।**

**विमलत्वमुपेयुषां सदा,**

**सलिलस्नानकलापि निष्फला ॥१५॥**

હૃદયમાં કેવળ નિવૃતિ (અપાર આનંદ) ધારણ કરનારાને ચંદનનો લેપ કરવાથી આનંદ થતો નથી. સદા નિર્મળ રહેનારા તેઓને માટે જળસ્નાન પણ નિષ્ફળ છે. ૧૯૭

**૧૯૮ गणयन्ति जनुः स्वमर्थवत्-,**
**सुरतोल्लाससुखेन भोगिनः ।**
**मदनाहिविषोग्रमूर्छना-**
**मयतुल्यं तु तदेव योगिनः ॥१६॥**

ભોગીજનો કામભોગના વિલાસરૂપ સુખ વડે પોતાના જન્મને સાર્થક માને છે, પરંતુ યોગીઓ તો તેને કામદેવરૂપી સર્પના વિષની ઉગ્ર મૂર્છા તુલ્ય માને છે. ૧૯૮

**૧૯૯ तदिमे विषयाः किलैहिका,**
**न मुदे केऽपि विरक्तचेतसाम् ।**
**परलोकसुखेऽपि निःस्पृहाः,**
**परमानन्दरसालसा अमी ॥१७॥**

એટલે જ વિરક્ત ચિત્તવાળાઓને આ લોકના કોઈપણ વિષયો આનંદ આપી શકતા નથી. પરમાનંદના રસમાં મગ્ન બનેલા તેઓ પરલોકના સુખ વિશે પણ નિસ્પૃહ હોય છે.૧૯૯

**૨૦૦ मदमोहविषादमत्सर-**
**ज्वरबाधाविधुराः सुरा अपि ।**
**विषमिश्रितपायसान्नवत्,**
**सुखमेतेष्वपि नैति रम्यताम् ॥१८॥**

દેવતાઓ પણ મદ, મોહ, વિષાદ, મત્સરના જવરથી વ્યાકુળ રહે છે. તેથી તેઓનું સુખ પણ વિષમિશ્રિત દૂધની વાનગીની જેમ સુંદર લાગતું નથી. ૨૦૦

२०१ रमणीविरहेण वह्निना,
बहुबाष्पानिलदीपितेन यत् ।
त्रिदशैर्दिवि दुःखमाप्यते,
घटते तत्र कथं सुखस्थितिः ॥१९॥

બહુ આંસુઓરૂપી વાયુ વડે રમણીઓનો વિરહ-અગ્નિને પ્રજ્વળી રહેલ છે. એથી દેવો પણ દેવલોકમાં દુઃખ અનુભવે છે. ત્યાં સુખની સ્થિતિ કેવી રીતે ઘટી શકે ? ૨૦૧

२०२ प्रथमानविमानसम्पदां,
च्यवनस्यापि दिवो विचिन्तनात् ।
हृदयं न हि यद्विदीर्यते,
द्युसदां तत् कुलिशाणुनिर्मितम् ॥२०॥

દેવલોકમાંથી ચ્યવન થવાનું છે એવા વિચારથી મોટા વિમાનની સંપદાવાળા દેવોનું હૃદય વિદીર્ણ થતું નથી. તેથી એમ લાગે છે કે તેમનું હૃદય વજ્રના પરમાણુંનું બનેલું હશે ! ૨૦૨

२०३ विषयेषु रतिः शिवार्थिनो,
न गतिष्वस्ति किलाखिलास्वपि ।
घननन्दनचन्दनार्थिनो,
गिरिभूमिष्वपरद्रुमेष्विव ॥२१॥

જેમ ગાઢ નંદનવનનાં ચંદનવૃક્ષોની ઈચ્છાવાળાને

ગિરિભૂમિમાં કે બીજે આવેલાં બીજા અનેક વૃક્ષો પ્રત્યે પ્રીતિ થતી નથી, તેમ મોક્ષની અભિલાષાવાળાને ચારે ગતિ વિશે કે તેમાં રહેલા વિષયો વિશે પ્રીતિ થતી નથી. ૨૦૩

**२०४ इति शुद्धमतिस्थिरीकृताऽ-**
**परवैराग्यरसस्य योगिनः ।**
**स्वगुणेषु वितृष्णतावहं,**
**परवैराग्यमपि प्रवर्त्तते ॥२२॥**

આ રીતે શુદ્ધ બુદ્ધિ વડે જેઓએ 'અપર' પ્રકારના (વિષયો પ્રત્યેના) વૈરાગ્ય રસને સ્થિર કર્યો છે એવા યોગીઓને આત્માના ગુણો વિશે નિસ્પૃહતારૂપી 'પર=શ્રેષ્ઠ વૈરાગ્ય' પણ પ્રવર્તે છે. ૨૦૪

**२०५ विपुलर्द्धिपुलाकचारण-**
**प्रबलाशीविषमुख्यलब्धयः ।**
**न मदाय विरक्तचेतसा-**
**मनुषङ्गोपनताः पलालवत् ॥२३॥**

અનુષંગ ગૌણરૂપેથી વિપુલલબ્ધિ, પુલાકલબ્ધિ, ચારણલબ્ધિ, પ્રબલ એવી આશીવિષલબ્ધિ વગેરે મુખ્ય લબ્ધિ પ્રગટ થાય તો પણ, જેમ ખેતીમાં અનાજની સાથે ઉત્પન્ન થતા પરાળ વગેરે માટે અભિમાન થતું નથી, તેમ વૈરાગી આત્માઓને તેનું અભિમાન થતું નથી. ૨૦૫

२०६ कलितातिशयोऽपि कोऽपि नो,
विबुधानां मदकृद् गुणव्रजः ।
अधिकं न विदन्त्यमी यतो,
निजभावे समुदञ्चति स्वतः ॥२४॥

પોતાનો કોઈ ગુણસમૂહ અતિશયતા=ઉત્કૃષ્ટતાને પામેલો હોય તો પણ મહાત્માઓને તે મદ કરાવનાર થતો નથી. તેઓ તો નિજ સ્વભાવમાં આનંદ અનુભવતા હોવાથી તેને અધિક ગણતા નથી. ૨૦૬

२०७ हृदये न शिवेऽपि लुब्धता,
सदनुष्ठानमसङ्गमङ्गति ।
पुरुषस्य दशेयमिष्यते,
सहजानन्दतरङ्गसङ्गता ॥२५॥

તેઓને મોક્ષપ્રાપ્તિ માટે પણ લુબ્ધતા રહેતી નથી, કારણ કે તેઓનું સદનુષ્ઠાન પણ અસંગાનુષ્ઠાનમાં પરિણમે છે. સહજાનંદના તરંગો સાથે સંગ પામતી આ દશા મુમુક્ષુએ ઈચ્છવાયોગ્ય છે. ૨૦૭

२०८ इति यस्य महामतेर्भवे-
दिह वैराग्यविलासभृन् मनः ।
उपयन्ति वरीतुमुच्चकै-
स्तमुदारप्रकृतिं यशःश्रियः ॥२६॥

આવી રીતે મહાબુદ્ધિવાળા જે પુરુષોનું હૃદય વૈરાગ્યના વિલાસથી સભર છે તેવા ઉદાર પ્રકૃતિવાળાને વરવાને માટે યશલક્ષ્મી (મોક્ષલક્ષ્મી) ઉત્સુકતાપૂર્વક સમીપ આવે છે. ૨૦૮

**વૈરાગ્યવિષય અધિકાર સંપૂર્ણ.**

**॥ इति वैराग्यविषयाधिकारः ॥७॥**

**इति श्रीनयविजयगणि शिष्यन्यायविशारद श्री यशोविजयोपाध्यायविरचितेऽध्यात्मप्रसारप्रकरणे द्वितीयः प्रबन्धः ॥**

## अष्टमो ममतात्यागाधिकारः

२०९ निर्ममस्यैव वैराग्यं, स्थिरत्वमवगाहते ।

परित्यजेत् ततः प्राज्ञो, ममतामत्यनर्थदाम् ॥१॥

નિર્મમ પુરુષોનો વૈરાગ્ય જ સ્થિરતા પ્રાપ્ત કરી શકે છે. એટલા માટે પ્રાજ્ઞ પુરુષોએ અત્યંત અનર્થ આપનારી મમતાનો ત્યાગ કરી દેવો જોઈએ. ૨૦૯

२१० विषयैः किं परित्यक्तै-र्जागर्ति ममता यदि ।

त्यागात् कञ्चुकमात्रस्य, भुजङ्गो न हि निर्विषः ॥२॥

જો મમતા જાગૃત હોય તો વિષયોનો ત્યાગ કરવાથી શું વળે ? માત્ર કાંચળીનો ત્યાગ કરી દેવાથી સાપ વિષરહિત થતો નથી. ૨૧૦

२११ कष्टेन हि गुणग्रामं, प्रगुणीकुरुते मुनिः ।

ममताराक्षसी सर्वं, भक्षयत्येकहेलया ॥३॥

કષ્ટ વેઠીને મુનિ ગુણોના સમૂહની વૃદ્ધિ કરે છે, પરંતુ મમતારૂપી રાક્ષસીને તે સર્વનું એક ઝપાટે ભક્ષણ કરી જાય છે. ૨૧૧

२१२ जन्तुकान्तं, पशूकृत्य, द्रागविद्यौषधिबलात् ।

उपायैर्बहुभिः पत्नी, ममता क्रीडयत्यहो ॥४॥

અહો ! મમતારૂપી પત્ની અવિદ્યારૂપી ઔષધિના બળથી જીવરૂપી પતિને પશુ બનાવીને ઘણા ઉપાયો વડે ક્રીડા કરે છે. ૨૧૨

**२१३ एकः परभवे याति, जायते चैक एव हि ।**
**ममतोद्रेकतः सर्वं, सम्बन्धं कल्पयत्यथ ॥५॥**

જીવ એકલો જ પરભવમાં જાય છે અને એકલો જ ઉત્પન્ન થાય છે. તો પણ મમતાના આવેગથી તે સર્વ સંબંધો કલ્પે=બનાવે/રચે છે. ૨૧૩

**२१४ व्याप्नोति महतीं भूमिं, वटबीजाद्यथा वटः ।**
**तथैकममताबीजात् प्रपञ्चस्यापि कल्पना ॥६॥**

જેમ વડના એક બીજમાંથી ઊગેલો વડ વિશાળ ભૂમિમાં પથરાઈ જાય છે તેમ એક મમતારૂપી બીજમાંથી આ સર્વ પ્રપંચ (સંસાર)ની કલ્પના=રચના ઊભી થાય છે. ૨૧૪

**२१५ माता पिता मे भ्राता मे, भगिनी वल्लभा च मे ।**
**पुत्राः सुता मे मित्राणि, ज्ञातयः संस्तुताश्च मे ॥७॥**

આ મારી માતા છે, આ મારા પિતા છે, આ મારા ભાઈ છે, આ મારી બહેન છે, આ મારી પત્ની છે, આ મારા દીકરા છે, આ મારી દીકરી છે, આ મારા મિત્રો છે, આ મારા જ્ઞાતિબંધુઓ છે અને આ મારા પરિચિતજનો છે. ૨૧૫

૨૧૬ इत्येवं ममताव्याधिं, वर्धमानं प्रतिक्षणम् ।
जनः शक्नोति नोच्छेत्तुं, विना ज्ञानमहौषधम् ॥८॥

આ પ્રમાણે ક્ષણે ક્ષણે વધતા જતા મમતારૂપી વ્યાધિનો ઉચ્છેદ કરવા માટે માણસ જ્ઞાનરૂપી ભારે ઔષધિ વિના શક્તિમાન થતો નથી. ૨૧૬

૨૧૭ ममत्वेनैव निःशङ्क-मारम्भादौ प्रवर्त्तते ।
कालाकालसमुत्थायी, धनलोभेन धावति ॥९॥

મમતાને કારણે માણસ આરંભ વગેરેમાં નિઃશંકપણે પ્રવર્તે છે અને ધનના લોભથી કાળે કે અકાળે ઊઠીને તે દોડાદોડ કરે છે. ૨૧૭

૨૧૮ स्वयं येषां च पोषाय, खिद्यते ममतावशः ।
इहामुत्र च ते न स्यु-स्त्राणाय शरणाय वा ॥१०॥

મમતાને વશ થઈને પોતે જેઓના પોષણ માટે કષ્ટ વેઠે છે તેઓ આ લોકમાં કે પરલોકમાં પોતાના રક્ષણ માટે કે શરણ માટે સહાયરૂપ થનાર નથી. ૨૧૮

૨૧૯ ममत्वेन बहून् लोकान्, पुष्णात्येकोऽर्जितैर्धनैः ।
सोढा नरकदुःखानां, तीव्राणामेक एव तु ॥११॥

મમતાને લીધે માણસ પોતે એકલાએ જ ઉપાર્જન કરેલા ધન વડે ઘણા માણસોનું પોષણ કરે છે, પરંતુ નરકનાં ભયંકર દુઃખો તે એકલો જ સહન કરનાર છે. ૨૧૯

૨૨૦ ममतान्धो हि यन्नास्ति, तत्पश्यति न पश्यति ।
जात्यन्धस्तु यदस्त्येतद्-भेद इत्यनयोर्महान् ॥१२॥

જે મમતાથી અંધ છે તે તો 'જે ન હોય એને' જુએ છે. જે જાતિઅંધ (જન્માંધ) છે તે 'જે છે તેને જોઈ શકતો નથી.' આવી રીતે એ બંનેની વચ્ચે મોટો ભેદ છે. ૨૨૦

૨૨૧ प्राणानभिन्नताध्यानात्, प्रेमभूम्ना ततोऽधिकाम् ।
प्राणापहां प्रियां मत्वा, मोदते ममतावशः ॥१३॥

મમતાને વશ થયેલો માણસ, પોતાના પ્રાણનો પણ નાશ કરે એવી પ્રિયાને પોતાનાથી અભિન્ન ધારીને, અતિશય પ્રેમને કારણે, પોતાના પ્રાણ કરતાં પણ અધિક માનીને આનંદ પામે છે. ૨૨૧

૨૨૨ कुन्दान्यस्थीनि दशनान्, मुखं श्लेष्मगृहं विधुम् ।
मांसग्रन्थी कुचौ कुम्भौ, हेम्नो वेत्ति ममत्ववान् ॥१४॥

મમતાવાળો પુરુષ પ્રિયાના દાંત જે હાડકાં જ છે તેને મચકુંદ પુષ્પની કળીઓ માને છે, શ્લેષ્મના ઘર જેવા મુખને ચન્દ્ર માને છે તથા માંસની ગ્રંથિરૂપ સ્તનોને સુવર્ણના કળશરૂપ માને છે. ૨૨૨

૨૨૩ मनस्यन्यद्वचस्यन्यत्, क्रियायामन्यदेव च ।
यस्यास्तामपि लोलाक्षीं, साध्वीं वेत्ति ममत्ववान् ॥१५॥

જેના મનમાં બીજું કંઈક છે, વચનમાં બીજું કંઈક છે

અને ક્રિયામાં બીજું કંઈક છે એવી ચપળ નેત્રવાળી સ્ત્રીને પણ મમતાવાળો પુરુષ સતી માને છે. ૨૨૩

**२२४ या रोपयत्यकार्येऽपि, रागिणं प्राणसंशये ।**
**दुर्वृत्तां स्त्रीं ममत्वान्धस्-तां मुग्धामेव मन्यते ॥१६॥**

પોતાના રાગી પુરુષને પ્રાણ જાય તેવાં અકાર્યોમાં પણ જે પ્રવર્તાવે છે એવી દુરાચારી સ્ત્રીને મમતાથી અંધ થયેલો માણસ મુગ્ધા તરીકે જ માને છે. ૨૨૪

**२२५ चर्माच्छादितमांसास्थि-विण्मूत्रपिटरीष्वपि ।**
**वनितासु प्रियत्वं यत्-तन्ममत्वविजृम्भितम् ॥१७॥**

ચામડાથી ઢંકાયેલાં માંસ, અસ્થિ, વિષ્ઠા અને મૂત્રની પેટીરૂપ સ્ત્રીઓ વિશે જે પ્રિય લાગવાપણું છે તે તો મમતાનો જ વિલાસ છે. ૨૨૫

**२२६ लालयन् बालकं तात-त्येवं ब्रूते ममत्ववान् ।**
**वेत्ति च श्लेष्मणा पूर्णा-मङ्गुलीममृताञ्चिताम् ॥१८॥**

મમત્વવાન પુરુષ બાળકને લાડ લડાવતી વખતે 'હા, બાપા !' એમ કહે છે અને શ્લેષ્મથી ખરડાયેલી તેની આંગળી જાણે અમૃતથી ચોપડેલી હોય તેવી માને છે. ૨૨૬

**२२७ पङ्कार्द्रमपि निःशङ्का, सुतमङ्कान्न मुञ्चति ।**
**तदमेध्येऽपि मेध्यत्वं, जानात्यम्बा ममत्वतः ॥१९॥**

મમતાને લીધે માતા કાદવથી ખરડાયેલા પુત્રને નિશંક થઈ પોતાના ખોળામાંથી નીચે મૂકતી નથી અને એની વિષ્ઠામાં પણ તેને પવિત્રપણું જણાય છે. ૨૨૭

**૨૨૮ मातापित्रादिसम्बन्धोऽ-नियतोऽपि ममत्वतः ।**
**दृढभूमीभ्रमवतां, नैयत्येनावभासते ॥२०॥**

માતા, પિતા વગેરેનો સંબંધ અનિયત=અનિત્ય છે, તો પણ મમત્વને લીધે દૃઢ ભૂમિ ઉપર રહેલી ભ્રમવાળી વ્યક્તિને તે નિત્ય જણાય છે. ૨૨૮

**૨૨૯ भिन्नाः प्रत्येकमात्मानो, विभिन्नाः पुद्गला अपि ।**
**शून्यः संसर्ग इत्येवं, यः पश्यति स पश्यति ॥२१॥**

પ્રત્યેક આત્મા ભિન્ન છે. પુદ્ગલો પણ ભિન્ન છે. બધા સંબંધો શૂન્ય છે. આ પ્રમાણે જે જુએ છે તે જ જુએ છે.=પંડિત છે. ૨૨૯

**૨૩૦ अहन्ता-ममते स्वत्व-स्वीयत्वभ्रमहेतुके ।**
**भेदज्ञानात् पलायेते, रज्जुज्ञानादिवाहिभीः ॥२२॥**

જેમ રજ્જુના જ્ઞાનથી સર્પનો ભય નષ્ટ થાય છે, તેમ ભેદજ્ઞાનથી સ્વત્વ (હુંપણું) અને સ્વકીયત્વ (મારાપણું) રૂપી ભ્રમના હેતુ એવા અહંતા અને મમતાનો નાશ થાય છે. ૨૩૦

**૨૩૧ किमेतदिति जिज्ञासा, तत्त्वान्तज्ञानसम्मुखी ।**
**व्यासङ्गमेव नोत्थातुं, दत्ते क्व ममतास्थितिः ॥२३॥**

'આ શું છે ?' એ પ્રકારની, તત્ત્વજ્ઞાનના વિષયમાં સન્મુખ થયેલી જિજ્ઞાસા વ્યાસંગ=રાગને જ ઉત્પન્ન થવા દેતી નથી, તો પછી મમતાની સ્થિતિ ક્યાંથી સંભવે ? ૨૩૧

**२३२ प्रियार्थिनः प्रियाप्राप्तिं, विना क्वापि यथा रतिः ।**
**न तथा तत्त्वजिज्ञासो-स्तत्त्वप्राप्तिं विना क्वचित् ॥२४॥**

જેમ પ્રિયાને ઇચ્છવાવાળા પુરુષને પ્રિયાની પ્રાપ્તિ વિના બીજા કશામાં પ્રીતિ થતી નથી, તેમ તત્ત્વની જિજ્ઞાસાવાળાને તત્ત્વપ્રાપ્તિ વિના બીજા કશામાં પ્રીતિ થતી નથી. ૨૩૨

**२३३ अत एव हि जिज्ञासां, विष्टम्भति ममत्वधीः ।**
**विचित्राभिनयाक्रान्तः, सम्भ्रान्त इव लक्ष्यते ॥२५॥**

એટલે જ મમત્વબુદ્ધિ જિજ્ઞાસાને અટકાવી રાખે છે. એથી જ વિચિત્ર પ્રકારના અભિનયથી વ્યાપ્ત થયેલો તે બહાવરા જેવો દેખાય છે. ૨૩૩

**२३४ धृतो योगो न ममता, हता न समताऽऽदृता ।**
**न च जिज्ञासितं तत्त्वं, गतं जन्म निरर्थकम् ॥२६॥**

જેણે યોગ ધારણ કર્યો, પરંતુ મમતાનો નાશ ન કર્યો, સમતાનો આદર ન કર્યો અને તત્ત્વ જાણવાની ઈચ્છા ન કરી એનો જન્મ નિરર્થક ગયો છે. ૨૩૪

**२३५ जिज्ञासा च विवेकश्च, ममतानाशकावुभौ ।**

**अतस्ताभ्यां निगृह्णीया-देनामध्यात्मवैरिणीम् ॥२७॥**

જિજ્ઞાસા અને વિવેક એ બે મમતાનો નાશ કરનારાં છે. એટલા માટે એ બે વડે અધ્યાત્મની વૈરિણીનો નિગ્રહ કરવો જોઈએ. ૨૩૫

મમતાત્યાગ અધિકાર સંપૂર્ણ.

इति ममतात्यागाधिकारः ॥८॥

# नवमः समताधिकारः

२३६ त्यक्तायां ममतायां च, समता प्रथते स्वतः ।
स्फटिके गलितोपाधौ, यथा निर्मलतागुणः ॥१॥

જેમ ઉપાધિ=આવરણ ટળી જતાં સ્ફટિકમાં રહેલો નિર્મળતાનો ગુણ પોતાની મેળે પ્રગટ થાય છે, તેમ મમતાનો ત્યાગ થતાં સમતા સ્વતઃ વિસ્તાર પામે છે. ૨૩૬

२३७ प्रियाप्रियत्वयोर्याऽर्थे-व्यवहारस्य कल्पना ।
निश्चयात् तद्व्युदासेन, स्तैमित्यं समतोच्यते ॥२॥

પ્રિયપણાનાં અને અપ્રિયપણાના અર્થમાં જે સમતા છે તે વ્યવહારનયની કલ્પના છે. પરંતુ નિશ્ચયનયથી તેનો ત્યાગ કરીને સ્થિર થવું તે સમતા કહેવાય છે. ૨૩૭

२३८ तेष्वेव द्विषतः पुंस-स्तेष्वेवार्थेषु रज्यतः ।
निश्चयात् किञ्चिदिष्टं वाऽ-निष्टं वा नैव विद्यते ॥३॥

કેટલીક અપ્રિય બાબતોને માટે દ્વેષ કરનાર અને તે જ પ્રિય બાબતો માટે રાગ કરનાર પુરુષને માટે નિશ્ચય દૃષ્ટિથી કંઈ પણ ઈષ્ટ અથવા અનિષ્ટ હોતું નથી. ૨૩૮

२३९ एकस्य विषयो यः स्यात् स्वाभिप्रायेण पुष्टिकृत् ।
अन्यस्य द्वेष्यतामेति, स एव मतिभेदतः ॥४॥

જે વિષય એકને પોતાના અભિપ્રાય પ્રમાણે પુષ્ટિકારક (પ્રીતિકારક) લાગતો હોય તે જ વિષય બીજાને પોતાની જુદી બુદ્ધિને કારણે દ્વેષકારક લાગે છે. ૨૩૯

**२४० विकल्पकल्पितं तस्माद्-द्वयमेतन्न तात्त्विकम् ।**
**विकल्पोपरमे तस्य, द्वित्वादिवदुपक्षयः ॥५॥**

એટલા માટે વિકલ્પથી કલ્પેલાં એ બંને સત્ય નથી. જ્યારે વિકલ્પો નિવૃત્ત થઈ જાય છે, ત્યારે તે બંનેમાં રહેલું દ્વિત્વ (રાગદ્વેષપણું) ક્ષય પામે છે. ૨૪૦

**२४१ स्वप्रयोजनसंसिद्धिः, स्वायत्ता भासते यदा ।**
**बहिरर्थेषु सङ्कल्प-समुत्थानं तदा हतं ॥६॥**

જ્યારે પોતાના પ્રયોજનની સિદ્ધિ પોતાને આધીન છે એવું ભાસે છે, ત્યારે બહારના પદાર્થોને વિશે થતા સંકલ્પોની ઉત્પત્તિ હણાય છે. ૨૪૧

**२४२ लब्धे स्वभावे कण्ठस्थ-स्वर्णन्यायाद् भ्रमक्षये ।**
**रागद्वेषानुपस्थानात्, समता स्यादनाहता ॥७॥**

ભ્રમનો ક્ષય થતાં-કંઠમાં રહેલા સુવર્ણના અલંકારના દૃષ્ટાન્તની જેમ-આત્મસ્વભાવની પ્રાપ્તિ થતાં, રાગદ્વેષની અનુપસ્થિતિ=અભાવ થાય છે અને તેથી અખંડિત સમતાની પ્રાપ્તિ થાય છે. ૨૪૨

**२४३ जगज्जीवेषु नो भाति, द्वैविध्यं कर्मनिर्मितम् ।**
**यदा शुद्धनयस्थित्या, तदा साम्यमनाहतम् ॥८॥**

જગતના જીવોમાં કર્મનિર્મિત જે દ્વિવિધપણું રહેલું છે તે જ્યારે શુદ્ધ નિશ્ચયનયથી જણાય નહિ ત્યારે અબાધિત સમતા પ્રાપ્ત થાય છે. ૨૪૩

**२४४ स्वगुणेभ्योपि कौटस्थ्या-देकत्वाध्यवसायतः ।**
**आत्मारामं मनो यस्य, तस्य साम्यमनुत्तरम् ॥९॥**

પોતાના ગુણો વડે પણ આત્મા કૂટસ્થ છે એવા એક અધ્યવસાયપૂર્વક જેનું મન આત્મા વિશે રમણ કરે છે તેની સમતા અનુત્તર (શ્રેષ્ઠ) છે. ૨૪૪

**२४५ समतापरिपाके स्याद् विषयग्रहशून्यता ।**
**यया विशदयोगानां, वासी-चन्दनतुल्यता ॥१०॥**

જ્યારે સમતાનો પરિપાક થાય છે ત્યારે વિષયોની ઈચ્છાનો અભાવ થાય છે. એથી નિર્મળ યોગવાળા યોગીઓને- કોઈ વાંસલાથી છેદે કે ચંદનથી પૂજે -એ બેમાં તૂલ્યતા હોય છે. ૨૪૫

**२४६ किं स्तुमः समतां साधो,-र्या स्वार्थं प्रगुणीकृता ।**
**वैराणि नित्यवैराणा-मपि हन्त्युपतस्थुषाम् ॥११॥**

પોતાના આત્માના હિત માટે જ જેને સવિશેષ પુષ્ટ કરવામાં આવે છે એવી સાધુની સમતાની અમે કેટલી સ્તુતિ

કરીએ ! એમની પાસે આવેલા નિત્યવૈરી પ્રાણીઓના વેરનો પણ તે નાશ કરે છે. ૨૪૬

**૨૪૭ किं दानेन तपोभिर्वा, यमैश्च नियमैश्च किम् ।**
**एकैव समता सेव्या, तरिः संसारवारिधौ ॥१२॥**

દાન વડે અથવા તપ કરવા વડે શું ? તથા યમ વડે અને નિયમ વડે પણ શું ? સમતા એક જ સંસારસાગરમાં (તરવા માટે) નાવ તરીકે સેવવા યોગ્ય છે. ૨૪૭

**૨૪૮ दूरे स्वर्गसुखं मुक्ति-पदवी सा दवीयसी ।**
**मनःसंनिहितं दृष्टं, स्पष्टं तु समतासुखम् ॥१३॥**

સ્વર્ગનું સુખ દૂર છે. મુક્તિપદવી તો વળી એથી પણ દૂર છે. પરંતુ સમતાનું સુખ તો મનની નજીક રહેલું સ્પષ્ટ રીતે જોવામાં આવે છે. ૨૪૮

**૨૪૯ दृशोः स्मरविषं शुष्येत्, क्रोधतापः क्षयं व्रजेत् ।**
**औद्धत्यमलनाशः स्यात्, समतामृतमज्जनात् ॥१४॥**

સમતારૂપી અમૃતમાં મજ્જન કરવાથી દ્રષ્ટિમાં રહેલુ કામરૂપી વિષ સુકાઈ જાય છે, ક્રોધરૂપી તાપ ક્ષય પામે છે અને ઉદ્ધતાઈરૂપી મળનો નાશ થાય છે. ૨૪૯

**૨૫૦ जरामरणदावाग्नि-ज्वलिते भवकानने ।**
**सुखाय समतैकैव, पीयूषघनवृष्टिवत् ॥१५॥**

જરા અને મરણરૂપી દાવાનળથી બળતા આ સંસારરૂપી

વનમાં એક સમતા જ અમૃતમય મેઘની વૃષ્ટિની જેમ સુખ માટે છે. ૨૫૦

**२५१ आश्रित्य समतामेकां, निर्वृता भरतादयः ।**
**न हि कष्टमनुष्ठान-मभूत् तेषां तु किञ्चन ॥१६॥**

એક સમતાનો જ આશ્રય કરીને ભરત વગેરે નિર્વાણસુખ પામ્યા હતા. તેઓને કાંઈ પણ કષ્ટરૂપ અનુષ્ઠાન હતું નહિ. ૨૫૧

**२५२ अर्गला नरकद्वारे, मोक्षमार्गस्य दीपिका ।**
**समता गुणरत्नानां, सङ्ग्रहे रोहणावनिः ॥१७॥**

સમતા નરકના દ્વારની અર્ગલા (આંગળિયો) છે, મોક્ષમાર્ગની દીપિકા છે અને ગુણરૂપી રત્નોનો સંગ્રહ કરવામાં રોહણાચલ પર્વતની ભૂમિ છે. ૨૫૨

**२५३ मोहाच्छादितनेत्राणा-मात्मरूपमपश्यताम् ।**
**दिव्याञ्जनशलाकेव, समता दोषनाशकृत् ॥१८॥**

જેમનાં નેત્રો મોહથી આચ્છાદિત થયેલાં છે અને તેથી જેઓ આત્મસ્વરૂપને નિહાળી શકતા નથી તેઓને માટે સમતા દિવ્ય અંજનની શલાકાની જેમ દોષ (અજ્ઞાન)નો નાશ કરનારી થાય છે. ૨૫૩

**२५४ क्षणं चेतः समाकृष्य, समता यदि सेव्यते ।**
**स्यात् तदा सुखमन्यस्य, यद् वक्तुं नैव पार्यते ॥१९॥**

ક્ષણવાર પણ જો ચિત્તને આકર્ષીને સમતાનું સેવન કરવામાં આવે તો તેથી એવું સુખ અનુભવાય છે કે જેનું વર્ણન થઈ શકે તેમ નથી. ૨૫૪

**૨૫૫ कुमारी न यथा वेत्ति, सुखं दयितभोगजम् ।**
**न जानाति तथा लोको, योगिनां समतासुखम् ॥२०॥**

જેમ કુંવારી કન્યા પતિ સાથેના ભોગથી ઉત્પન્ન થતા સુખને જાણતી નથી, તેમ યોગીઓના સમતાના સુખને લોકો જાણતા નથી. ૨૫૫

**૨૫૬ नतिस्तुत्यादिकाशंसा-शरस्तीव्रः स्वमर्म्मभित् ।**
**समतावर्मगुप्तानां, नार्त्तिकृत् सोपि जायते ॥२१॥**

નમસ્કાર, સ્તુતિ ઈત્યાદિની ઈચ્છારૂપી તીવ્ર બાણ (આત્માના) પોતાના મર્મસ્થાનને ભેદનારું છે. પરંતુ સમતારૂપી બખ્તરથી રક્ષણ કરાયેલાને તે પીડાકારી થતું નથી. ૨૫૬

**૨૫૭ प्रचितान्यपि कर्म्माणि, जन्मनां कोटिकोटिभिः ।**
**तमांसीव प्रभा भानोः, क्षिणोति समता क्षणात् ॥२२॥**

જેમ સૂર્યની પ્રભા અંધકારનો નાશ કરે છે તેમ સમતા કોટિ કોટિ જન્મોથી બાંધેલાં કર્મોનો ક્ષણવારમાં નાશ કરે છે. ૨૫૭

**૨૫૮ अन्यलिङ्गादिसिद्धाना-माधारः समतैव हि ।**
**रत्नत्रयफलप्राप्ते-र्यया स्याद्भावजैनता ॥२३॥**

અન્યલિંગી વગેરે જે સિદ્ધ થાય છે તેઓનો આધાર સમતા જ છે. એના વડે રત્નત્રયના ફલની પ્રાપ્તિથી ભાવ-જૈનત્વ ઉત્પન્ન થાય છે. ૨૫૮

**૨૫૯ ज्ञानस्य फलमेषैव, नयस्थानावतारिणः ।**
**चन्दनं वह्निनेव स्यात्, कुग्रहेण तु भस्म तत् ॥२४॥**

નયોને તેના સ્થાનમાં સ્થાપનાર જ્ઞાનનું ફળ પણ એ જ (સમતા) છે. અગ્નિ વડે જેમ ચંદન તેમ કુગ્રહ (કદાગ્રહ) વડે તે (જ્ઞાન) ભસ્મ થઈ જાય છે. ૨૫૯

**૨૬૦ चारित्रपुरुषप्राणाः, समताख्या गता यदि ।**
**जनानुधावनावेश-स्तदा तन्मरणोत्सवः ॥२५॥**

જો ચારિત્રરૂપી પુરુષના સમતા નામના પ્રાણ ચાલ્યા ગયા હોય તો પછી લોકોનો દોડાદોડારૂપી આવેશ એના મરણોત્સવ રૂપ બને છે. ૨૬૦

**૨૬૧ सन्त्यज्य समतामेकां, स्याद् यत् कष्टमनुष्ठितम् ।**
**तदीप्सितकरं नैव, बीजमुप्तमिवोपरे ॥२६॥**

એક સમતાનો ત્યાગ કરીને પછી જો કષ્ટકારક ક્રિયાઓ કરી હોય તો તે ખારી ભૂમિમાં વાવેલા બીજની જેમ ઇચ્છિત ફળને આપનારી થતી નથી. ૨૬૧

**२६२ उपायः समतैवैका, मुक्तेरन्यः क्रियाभरः ।**

**तत्-तत् पुरुषभेदेन, तस्या एव प्रसिद्धये ॥२७॥**

મુક્તિનો ઉપાય માત્ર એક સમતા જ છે. અન્ય જે ક્રિયાસમૂહ છે તે તો પુરુષના તફાવતથી સમતાની વિશેષ સિદ્ધિ માટે જ છે. ૨૬૨

**२६३ दिङ्मात्रदर्शने शास्त्र-व्यापारः स्यान्न दूरगः ।**

**अस्याः स्वानुभवः पारं, सामर्थ्याख्योऽवगाहते ॥२८॥**

શાસ્ત્રનો વ્યાપાર તો માત્ર દિશાનું દર્શન (સૂચન) કરાવે. તેથી દૂર=આગળ જતો નથી. સામર્થ્ય નામનો સ્વ(આત્મા)નો અનુભવ જ એના પારને પામે છે. ૨૬૩

**२६४ परस्मात् परमेषा य-न्निगूढं तत्त्वमात्मनः ।**

**तदध्यात्मप्रसादेन, कार्योऽस्यामेव निर्भरः ॥२९॥**

આ (સમતા) આત્માનું પરથી પણ પર શ્રેષ્ઠથી શ્રેષ્ઠ નિગૂઢ તત્ત્વ છે. એટલે અધ્યાત્મના પ્રસાદ વડે એને માટે જ ભારે પુરુષાર્થ કરવો. ૨૬૪

**॥ इति समताधिकारः ॥९॥**

# दशमः सदनुष्ठानाधिकारः

२६५ परिशुद्धमनुष्ठानं, जायते समतान्वयात् ।
कतकक्षोदसङ्क्रान्तेः, कलुषं सलिलं यथा ॥१॥

જેમ કતકના ફળનું ચૂર્ણ નાખવાથી ડહોળું પાણી શુદ્ધ થઈ જાય છે તેમ સમતાના યોગથી અનુષ્ઠાન પરિશુદ્ધ થાય છે. ૨૬૫

२६६ विषं गरोऽननुष्ठानं, तद्धेतुरमृतं परम् ।
गुरुसेवाद्यनुष्ठान-मिति पञ्चविधं जगुः ॥२॥

વિષ, ગર, અનનુષ્ઠાન, તદ્દ્હેતુ અને પરમ અમૃત એવાં ગુરુસેવાદિ સ્વરૂપ પાંચ પ્રકારનાં અનુષ્ઠાન કહેલાં છે. ૨૬૬

२६७ आहारोपधिपूजर्द्धि-प्रभृत्या शंसया कृतम् ।
शीघ्रं सच्चित्तहन्तृत्वाद् विषानुष्ठानमुच्यते ॥३॥

આહાર, ઉપધિ, પૂજા, ઋદ્ધિ વગેરેની આશંસા= ઇચ્છાથી કરેલું અનુષ્ઠાન, શુભ ચિત્તને સત્ત્વર હણનાર હોવાથી તેને વિષાનુષ્ઠાન કહે છે. ૨૬૭

२६८ स्थावरं जङ्गमं चापि, तत्क्षणं भक्षितं विषम् ।
यथा हन्ति तथेदं स-च्चित्तमैहिकभोगतः ॥४॥

જેમ સ્થાવર અને જંગમ વિષનું ભક્ષણ તત્ક્ષણ પ્રાણ હણે છે, તેવી રીતે ઐહિક ભોગથી તે શુભ ચિત્તને હણે છે. ૨૬૮

**२६९ दिव्यभोगाभिलाषेण, कालान्तरपरिक्षयात् ।**
**स्वादिष्टफलसम्पूर्त्ते-र्गरानुष्ठानमुच्यते ॥५॥**

દિવ્ય ભોગની અભિલાષાથી, કાળાન્તરે ક્ષય કરનાર એવા સ્વાદિષ્ટ ફળની પૂર્તિ જેનાથી થાય તેને ગરાનુષ્ઠાન કહેવાય છે. ૨૬૯

**२७० यथा कुद्रव्यसंयोग-जनितं गरसंज्ञितम् ।**
**विषं कालान्तरे हन्ति, तथेदमपि तत्त्वतः ॥६॥**

જેમ કુદ્રવ્યના સંયોગથી ઉત્પન્ન થયેલું ગર નામનું વિષ કાલાન્તરે હણે છે તેમ તત્ત્વથી જોતાં આ ગરાનુષ્ઠાન પણ એ પ્રમાણે હણે છે. ૨૭૦

**२७१ निषेधायाऽनयोरेव, विचित्रानर्थदायिनोः ।**
**सर्वत्रैवानिदानत्वं, जिनेन्द्रैः प्रतिपादितम् ॥७॥**

જાતજાતના અનર્થને આપનારાં એ બંને (અનુષ્ઠાન)નો નિષેધ કરવાને માટે જિનેશ્વરોએ, નિદાન (નિયાણુ) ન કરવું એવું સર્વત્ર પ્રતિપાદન કરેલું છે. ૨૭૧

**२७२ प्रणिधानाद्यभावेन, कर्म्मानध्यवसायिनः ।**
**संमूर्छिमप्रवृत्त्याभ-मननुष्ठानमुच्यते ॥८॥**

પ્રણિધાન વગેરેના અભાવથી, અધ્યવસાય રહિત

તથા સંમૂર્ચ્છિમની પ્રવૃત્તિના જેવું જે કર્મ તે અનનુષ્ઠાન કહેવાય છે. ૨૭૨

**२७३ ओघसंज्ञात्र सामान्य-ज्ञानरूपा निबन्धनम् ।**
**लोकसंज्ञा च निर्दोष-सूत्रमार्गानुपेक्षिणी ॥९॥**

અહીં સામાન્ય જ્ઞાનરૂપ ઓઘસંજ્ઞા અને નિર્દોષ સૂત્રમાર્ગની અપેક્ષા વગરની લોકસંજ્ઞા કારણરૂપ છે. ૨૭૩

**२७४ न लोकं नापि सूत्रं नो, गुरुवाचमपेक्षते ।**
**अनध्यवसितं किञ्चित्-कुरुते चौघसंज्ञया ॥१०॥**

ઓઘસંજ્ઞાથી તે જે કંઈ કરે છે તેમાં લોકની, સૂત્રની કે ગુરુના વચનની અપેક્ષા રાખતો નથી અને અધ્યવસાયરહિત તે કરે છે. ૨૭૪

**२७५ शुद्धस्यान्वेषणे तीर्थो-च्छेदः स्यादिति वादिनाम् ।**
**लोकाचारदरश्रद्धा, लोकसंज्ञेति गीयते ॥११॥**

'શુદ્ધનું અન્વેષણ કરવા જતાં તો તીર્થનો ઉચ્છેદ થઈ જાય', એવી દલીલ કરનારાઓને લોકાચારમાં જે આદર અને શ્રદ્ધા થાય તે લોકસંજ્ઞા કહેવાય છે. ૨૭૫

**२७६ शिक्षितादिपदोपेत-मप्यावश्यकमुच्यते ।**
**द्रव्यतो भावनिर्मुक्त-मशुद्धस्य तु का कथा ॥१२॥**

શિક્ષિત વગેરે પદથી યુક્ત છતાં ભાવથી રહિત જે આવશ્યક તે જો દ્રવ્ય (આવશ્યક) કહેવાય, તો પછી અશુદ્ધ (આવશ્યક)ની તો વાત જ શી ? ૨૭૬

૨૭૭ **तीर्थोच्छेदभिया हन्ताऽविशुद्धस्यैव चादरे ।**

**सूत्रक्रियाविलोपः स्याद् गतानुगतिकत्वतः ॥१३॥**

તીર્થના ઉચ્છેદના ભયથી જો અશુદ્ધનો આદર કરવામાં આવે તો, ગતાનુગતિક થવાથી સૂત્રક્રિયાનો લોપ થઈ જશે. ૨૭૭

૨૭૮ **धर्म्मोद्यतेन कर्त्तव्यं, कृतं बहुभिरेव चेत् ।**

**तदा मिथ्यादृशां धर्मो, न त्याज्यः स्यात् कदाचन ॥१४॥**

ધર્મમાં ઉદ્યત પુરુષે, જે ઘણાંએ કર્યું હોય તે જ કરવું જોઈએ એમ હોય તો પછી મિથ્યાદૃષ્ટિનો ધર્મ ક્યારેય ત્યાજ્ય નહિ થાય. ૨૭૮

૨૭૯ **तस्माद् गतानुगत्या यत्-क्रियते सूत्रवर्जितम् ।**

**ओघतो लोकतो वा, तदननुष्ठानमेव हि ॥१५॥**

એટલા માટે સૂત્રરહિત અને ગતાનુગતિક રીતે, ઓઘસંજ્ઞાથી કે લોકસંજ્ઞાથી જે કરાય છે. આવે તે અનનુષ્ઠાન જ છે. ૨૭૯

૨૮૦ **अकामनिर्जराङ्गत्वं, कायक्लेशादिहोदितम् ।**

**सकामनिर्जरा तु स्यात्, सोपयोगप्रवृत्तितः ॥१६॥**

આમાં કાયાને કષ્ટ આપવા વગેરેથી અકામ નિર્જરા થાય છે, પરંતુ ઉપયોગ સહિતની પ્રવૃત્તિથી સકામ નિર્જરા થાય છે. ૨૮૦

**२८१ सदनुष्ठानरागेण, तद्धेतुर्मार्गगामिनाम् ।**
**एतच्च चरमावर्त्तेऽ-नाभोगादेर्विना भवेत् ॥१७॥**

માર્ગગામીઓને સદનુષ્ઠાન પ્રત્યેના રાગથી તદ્‌હેતુ (અનુષ્ઠાન) પ્રાપ્ત થાય છે. અનાભોગાદિ=વિસ્મરણ વિના, ચરમાવર્તમાં તે પ્રાપ્ત થાય છે. ૨૮૧

**२८२ धर्मयौवनकालोऽयं, भवबालदशापरा ।**
**अत्र स्यात् सत्क्रियारागो-ऽन्यत्र चासत् क्रियादरः॥१८॥**

આ ધર્મનો યૌવનકાળ છે. તે પહેલાં ભવની બાલદશા હોય છે. અહીં સત્ ક્રિયાનો રાગ હોય છે તથા બીજામાં અસત્ ક્રિયાનો આદર હોય છે. ૨૮૨

**२८३ भोगरागाद् यथा यूनो, बालक्रीडाऽखिला ह्रिये ।**
**धर्म्मयूनस्तथा धर्म्म-रागेणासत् क्रिया ह्रिये ॥१९॥**

જેમ યુવાન પુરુષને ભોગના રાગને લીધે પોતાની બધી બાલક્રીડા લજ્જાકારક લાગે છે, તેમ ધર્મના યૌવનકાળમાં આવેલાને ધર્મના રાગને કારણે અસત્ ક્રિયા શરમરૂપ લાગે છે. ૨૮૩

**२८४ चतुर्थं चरमावर्त्ते, तस्माद्धर्म्मानुरागतः ।**
**अनुष्ठानं विनिर्दिष्टं, बीजादिक्रमसङ्गतम् ॥२०॥**

એટલે ચરમાવર્તમાં ધર્મના અનુરાગને લીધે બીજ વગેરે ક્રમથી યુક્ત એવું ચતુર્થ (તદ્‌હેતુ) અનુષ્ઠાન હોય છે. ૨૮૪

**૨૮૫ बीजं चेह जनान् दृष्ट्वा, शुद्धानुष्ठानकारिणः ।**
**बहुमानप्रशंसाभ्यां, चिकीर्षा शुद्धगोचरा ॥२१॥**

શુદ્ધ અનુષ્ઠાન કરનારા મનુષ્યોને જોઈને તેમની બહુમાન અને પ્રશંસા કરવા દ્વારા શુદ્ધ ક્રિયા કરવાની ઈચ્છા થાય તે અહીં બીજ છે. ૨૮૫

**૨૮૬ तस्या एवानुबन्धश्चा-कलङ्कः कीर्त्यतेऽङ्कुरः ।**
**तद्हेत्वन्वेषणा चित्रा, स्कंधकल्पा च वर्णिता ॥२२॥**

તેના અકલંક અનુબંધને અંકુર કહેવામાં આવે છે. એ માટે તેની વિવિધ પ્રકારની અન્વેષણા છે. તે સ્કંધરૂપે વર્ણવાય છે. ૨૮૬

**૨૮૭ प्रवृत्तिस्तेषु चित्रा च, पत्रादिसदृशी मता ।**
**पुष्पं च गुरुयोगादि-हेतुसम्पत्तिलक्षणम् ॥२३॥**

વળી તેમાં વિવિધ પ્રકારની પ્રવૃત્તિ તે પાંદડાં વગેરે જેવી માનેલી છે તથા ગુરુનો યોગ વગેરેના હેતુરૂપ સંપત્તિને પુષ્પરૂપ કહેલી છે. ૨૮૭

**૨૮૮ भावधर्म्मस्य सम्पत्ति-र्या च सद्देशनादिना ।**
**फलं तदत्र विज्ञेयं, नियमान्मोक्षसाधकम् ॥२४॥**

અહીં સત્ દેશનાદિથી જે ભાવધર્મની સંપત્તિ પ્રાપ્ત થાય તેને ફળરૂપે જાણવી. તે નિયમથી મોક્ષની સાધક થાય છે. ૨૮૮

**२८९ सहजो भावधर्मो हि, शुद्धश्चन्दनगन्धवत् ।**
**एतद्गर्भमनुष्ठान-ममृतं सम्प्रचक्षते ॥२५॥**

સહજ ભાવધર્મ એ શુદ્ધ ચંદનની સુગંધ જેવો છે. એ સહિત જે અનુષ્ઠાન તે 'અમૃત' (અનુષ્ઠાન) કહેવાય છે. ૨૮૯

**२९० जैनीमाज्ञां पुरस्कृत्य, प्रवृत्तं चित्तशुद्धितः ।**
**संवेगगर्भमत्यन्त-ममृतं तद्विदो विदुः ॥२६॥**

જિનેશ્વરની આજ્ઞાને આગળ ધરીને, ચિત્તની શુદ્ધિપૂર્વક જેમાં પ્રવૃત્ત થવાયું હોય તથા જેમાં અત્યંત સંવેગ રહેલો હોય, તેને તેના જાણનારા અમૃતાનુષ્ઠાન કહે છે. ૨૯૦

**२९१ शास्त्रार्थालोचनं सम्यक्, प्रणिधानं च कर्म्मणि ।**
**कालाद्यङ्गाविपर्यासोऽ-मृतानुष्ठानलक्षणम् ॥२७॥**

શાસ્ત્રના અર્થનું સારી રીતે ચિંતન, ક્રિયામાં મનની એકાગ્રતા તથા કાલાદિક અંગોનો અવિપર્યાસ તે અમૃત અનુષ્ઠાનનાં લક્ષણો છે. ૨૯૧

**२९२ द्वयं हि सदनुष्ठानं, त्रयमत्राऽसदेव च ।**
**तत्रापि चरमं श्रेष्ठं, मोहोग्रविषनाशनात् ॥२८॥**

એમાં બે અનુષ્ઠાન સત્ છે અને ત્રણ અસત્ છે. તેમાં પણ છેલ્લું મોહના ઉગ્ર વિષનો નાશ કરનાર હોવાથી શ્રેષ્ઠ છે. ૨૯૨

૨૯૩ **आदरः करणे प्रीति-रविघ्नः सम्पदागमः ।**
**जिज्ञासा तज्ज्ञसेवा च, सदनुष्ठानलक्षणम् ॥२९॥**

ક્રિયા કરવામાં આદર, પ્રીતિ, અવિઘ્ન, સંપદાનું જ્ઞાન=આગમન, જિજ્ઞાસા અને જ્ઞાનીની સેવા એ સદનુષ્ઠાનનાં લક્ષણ છે. ૨૯૩

૨૯૪ **भेदैर्भिन्नं भवेदिच्छा-प्रवृत्तिस्थिरसिद्धिभिः ।**
**चतुर्विधमिदं मोक्ष-योजनाद्योगसंज्ञितम् ॥३०॥**

બે સદનુષ્ઠાન, ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધિ એ ચાર પ્રકારનું છે તથા મોક્ષ સાથે જોડનાર હોવાથી, 'યોગ' નામથી એ ઓળખાય છે. ૨૯૪

૨૯૫ **इच्छा तद्वत्कथा प्रीति-युक्ताऽविपरिणामिनी ।**
**प्रवृत्तिः पालनं सम्यक्, सर्वत्रोपशमान्वितम् ॥३१॥**

એવી કથા પ્રીતિયુક્ત હોય અને વિપરિણામરહિત હોય તો તે ઇચ્છાયોગ છે. સર્વત્ર ઉપશમયુક્ત સમ્યક્ પાલન તે પ્રવૃત્તિયોગ છે. ૨૯૫

૨૯૬ **सत्क्षयोपशमोत्कर्षा-दतिचारादिचिन्तया ।**
**रहितं तु स्थिरं सिद्धिः, परेषामर्थसाधकम् ॥३२॥**

સત્ ક્ષયોપશમના ઉત્કર્ષથી અતિચાર વગેરેની ચિંતાથી રહિત થવું તે સ્થિરતાયોગ છે. બીજાઓના અર્થને સફળ કરાવે તે સિદ્ધિયોગ. ૨૯૬

૨૯૭ **भेदा इमे विचित्राः स्युः, क्षयोपशमभेदतः ।**

**श्रद्धाप्रीत्यादियोगेन, भव्यानां मार्गगामिनाम् ॥३३॥**

શ્રદ્ધા, પ્રીતિ વગેરેના યોગથી માર્ગાનુસારી ભવ્ય જીવોને, ક્ષયોપશમના ભેદથી આ ભેદો વિચિત્ર (અસંખ્ય) પ્રકારના હોય છે. ૨૯૭

૨૯૮ **अनुकम्पा च निर्वेदः, संवेगः प्रशमस्तथा ।**

**एतेषामनुभावाः स्यु-रिच्छादीनां यथाक्रमम् ॥३४॥**

ઇચ્છાદિ યોગના અનુક્રમે અનુકંપા, નિર્વેદ, સંવેગ અને પ્રશમ એ અનુભાવો છે. ૨૯૮

૨૯૯ **कायोत्सर्गादिसूत्राणां, श्रद्धा-मेधादिभावतः ।**

**इच्छादियोगे साफल्यं, देश-सर्वव्रतस्पृशाम् ॥३५॥**

કાયોત્સર્ગાદિ સૂત્રોની શ્રદ્ધા, મેધા વગેરે ભાવોથી દેશવિરતિ અને સર્વવિરતિવાળાને ઇચ્છાદિ યોગમાં સફળતા પ્રાપ્ત થાય છે. ૨૯૯

૩૦૦ **गुडखण्डादिमाधुर्य-भेदवत् पुरुषान्तरे ।**

**भेदेऽपीच्छादिभावानां, दोषो नार्थान्वयादिह ॥३६॥**

ગોળ, ખાંડ વગેરેની મીઠાશમાં જેમ ભેદ છે. તેમ જુદા જુદા પુરુષના ભેદે ઇચ્છાદિ ભાવોમાં, ભેદ હોવા છતાં, તેમાં સંબંધ હોવાથી દોષ નથી. ૩૦૦

**३०१ येषां नेच्छादिलेशोपि, तेषां त्वेतस्समर्प्पणे ।**

**स्फुटो महामृषावाद, इत्याचार्याः प्रचक्षते ॥३७॥**

જેમનામાં ઇચ્છાદિ (યોગ)નો જરા પણ અંશ નથી તેઓને એ આપવામાં મહામૃષાવાદ થાય છે એમ આચાર્યો કહે છે. ૩૦૧

**३०२ उन्मार्गस्थापनं बाढ-मसमञ्जसकारणे ।**

**भावनीयमिदं तत्त्वं, जानानैर्योगविंशिकाम् ॥३८॥**

અત્યંત અયોગ્ય કારણથી ઉન્માર્ગનું ઉત્થાપન (ઊંચે સ્થાપવા બરાબર) થાય છે. 'યોગવિંશિકા'ના જાણનારાઓએ આ તત્ત્વને ભાવિત કરવું જોઈએ. ૩૦૨

**३०३ त्रिधा तत्सदनुष्ठान-मादेयं शुद्धचेतसा ।**

**ज्ञात्वा समयसद्भावं लोकसंज्ञां विहाय च ॥३९॥**

સિદ્ધાન્તનો સદ્ભાવ જાણીને અને લોકસંજ્ઞાને છોડી દઈને શુદ્ધ ચિત્ત વડે, સદનુષ્ઠાન ત્રણે પ્રકારે આદરવાં. ૩૦૩

॥ इति सदनुष्ठानाधिकारः ॥१०॥

## एकादशे मनःशुद्धिरधिकारः

३०४ उचितमाचरणं शुभमिच्छतां,
प्रथमतो मनसः खलु शोधनम् ।
गदवतां ह्यकृते मलशोधने,
कमुपयोगमुपैतु रसायनम् ॥१॥

ઉચિત અને શુભ આચરણની ઈચ્છા કરનારે પ્રથમ મનને શુદ્ધ કરવું જોઈએ. રોગીને મળશુદ્ધિ કર્યા વિના રસાયન આપ્યું હોય તો તે કેવી રીતે ઉપયોગી થાય ? ૩૦૪

३०५ परजने प्रसभं किमु रज्यति,
द्विषति वा स्वमनो यदि निर्मलम् ।
विरहिणामरतेर्जगतो रते-
रपि च का विकृतिर्विमले विधौ ॥२॥

જો પોતાનું મન નિર્મળ હોય તો બીજાઓ પોતાના પ્રતિ અત્યંત રાગ કરે કે દ્વેષ કરે તો તેથી શું ? વિરહીજનોને અરતિ અને જગતને રતિ થાય, તેથી નિર્મળ ચંદ્રને શી વિકૃતિ થવાની ? ૩૦૫

३०६ रुचितमाकलयन्ननुपस्थितं,
स्वमनसैव हि शोचति मानवः ।

उपनते स्मयमानमुखः पुन-

र्भवति तत्र परस्य किमुच्यताम् ॥३॥

પોતાની રુચિકર વસ્તુ ઉપસ્થિત નથી એવું જાણીને મનુષ્ય મનમાં જે ખેદ કરે છે અને તે પ્રાપ્ત થતાં પાછો હસતા મુખવાળો થાય છે, એમાં બીજાને કારણભૂત શી રીતે કહેવાય ? ૩૦૬

३०७ चरणयोगघटान् प्रविलोठ्यन्,

शमरसं सकलं विकिरत्यधः

चपल एष मनःकपिरुच्चकै,

रसवणिग् विदधातु मुनिस्तु किं ॥४॥

આ અત્યંત ચપળ એવો મનરૂપી વાનર ચારિત્ર યોગરૂપી ઘડાઓને ઊંધા વાળીને શમરૂપી બધા રસને નીચે ઢોળી નાખે છે. એમાં મુનિરૂપી શમરસનો વેપારી શું કરે ? ૩૦૭

३०८ सततकुट्टितसंयमभूतलो-

त्थितरजोनिकरैः प्रथयंस्तमः ।

अतिदृढैश्च मनस्तुरगो गुणै-

रपि नियन्त्रित एष न तिष्ठति ॥५॥

સતત ખૂંદેલી સંયમરૂપી જમીનમાંથી ઊડેલી ધૂળના સમૂહ વડે અંધકારને ફેલાવતો આ મનરૂપી ઘોડો, અત્યંત મજબૂત દોરડા (ગુણ) વડે બાંધ્યા છતાં સ્થિર રહેતો નથી. ૩૦૮

३०९ जिनवचोघनसारमलिम्लुचः,
कुसुमसायकपावकदीपकः ।
अहह कोपि मनःपवनो बली,
शुभमतिद्रुमसन्ततिभङ्गकृत् ॥६॥

અહો ! મનરૂપી અદ્‌ભુત બળવાન પવન જિનવચનરૂપી કપૂરનું હરણ કરે છે, કામદેવરૂપી અગ્નિને પ્રજ્વલિત કરે છે અને શુભ મતિરૂપી વૃક્ષોની હારને ભાંગી નાખે છે. ૩૦૯

३१० चरणगोपुरभङ्गपरः स्फुरत्-
समयबोधतरूनपि पातयन् ।
भ्रमति यद्यतिमत्तमनोगजः,
क्व कुशलं शिवराजपथे तदा ॥७॥

અત્યંત મદોન્મત્ત મનરૂપી હાથી ચારિત્રરૂપી ગોપુર (દરવાજા)ને ભાંગવામાં તત્પર થાય અને સ્ફુરાયમાન સિદ્ધાન્તના બોધરૂપી વૃક્ષોને પાડી નાખતો હોય, તો પછી મોક્ષરૂપી રાજમાર્ગમાં કુશળતા ક્યાંથી હોય ? ૩૧૦

३११ व्रततरून् प्रगुणीकुरुते जनो,
दहति दुष्टमनोदहनः पुनः ।
ननु परिश्रम एष विशेषवान्,
क्व भविता सुगुणोपवनोदये ॥८॥

મનુષ્ય વ્રતરૂપી વૃક્ષોને પ્રગુણ કરે (ઉછેરે) છે, પરંતુ દુષ્ટ મનરૂપી અગ્નિ તેને બાળી નાખે છે. તો પછી સદ્ગુણરૂપી ઉપવનના ઉદય (વિકાસ) માટે આ પરિશ્રમ ક્યારે સફળ (વિશેષવાન) થશે ? ૩૧૧

**૩૧૨ अनिगृहीतमना विदधत्परां,**
**न वपुषा वचसा च शुभक्रियाम् ।**
**गुणमुपैति विराधनयाऽनया,**
**बत दुरन्तभवभ्रममञ्चति ॥९॥**

જેણે મનનો નિગ્રહ કર્યો નથી તે શરીર અને વચન વડે ઉત્તમ શુભ ક્રિયા કરે, તો પણ તે મનની આ વિરાધનાને કારણે કંઈપણ ગુણ પામતો નથી, પરંતુ એ દુરંત એવા ભવનું ભ્રમણ કરાવે છે. ૩૧૨

**૩૧૩ अनिगृहीतमनाः कुविकल्पतो,**
**नरकमृच्छति तन्दुलमत्स्यवत् ।**
**इयमभक्षणजा तदजीर्णताऽ-**
**नुपनतार्थविकल्पकदर्थना ॥१०॥**

મનનો નિગ્રહ નહિ કરનારો જીવ તંદુલિયા મત્સ્યની જેમ, ખરાબ વિકલ્પો કરીને નરકે જાય છે. નહિ પ્રાપ્ત થયેલા પદાર્થના વિકલ્પોની કદર્થના એ તો ભોજન કર્યા વિના થયેલી અજીર્ણતા છે. ૩૧૩

३१४ मनसि लोलतरे विपरीततां,
वचननेत्रकरेङ्गितगोपना ।
व्रजति धूर्त्ततया ह्यनयाखिलं,
निबिडदम्भपरैर्मुषितं जगत् ॥११॥

મન જ્યારે અત્યંત ચપળ બને છે ત્યારે વચન, નેત્ર અને હાથ ઈંગિત ચેષ્ટાઓ ગોપવી=કાબૂમાં રખાતી નથી ત્યારે દંભીઓએ ધૂર્તતાથી આ આખા જગતને છેતર્યું છે. ૩૧૪

३१५ मनस एव ततः परिशोधनं,
नियमतो विदधीत महामतिः ।
इदमभेषजसंवननं मुनेः,
परपुमर्थरतस्य शिवश्रियः ॥१२॥

એટલા માટે મહામતિવાળાએ નિયમથી મનનું પરિશોધન કરવું જોઈએ. પરમ પુરુષાર્થ (મોક્ષ પુરુષાર્થ)માં રતિ ધરાવતા મુનિને માટે તો શિવલક્ષ્મીને વશ કરવા માટે આ ઔષધ વગરનું વશીકરણ છે. ૩૧૫

३१६ प्रवचनाब्जविलासरविप्रभा,
प्रशमनीरतरङ्गतरङ्गिणी ।
हृदयशुद्धिरुदीर्णमदज्वर-
प्रसरनाशविधौ परमौषधम् ॥१३॥

હૃદયની શુદ્ધિ એ પ્રવચનરૂપી કમળને વિકસિત

કરવામાં સૂર્યની પ્રભા જેવી છે, પ્રશમરૂપી જળના તરંગવાળી નદી છે અને ઉદય પામેલા મદરૂપી વધતા જતા જ્વરનો નાશ કરવામાં પરમ ઔષધરૂપ છે. ૩૧૬

**૩૧૭ अनुभवामृतकुण्डमनुत्तर-**
**व्रतमरालविलासपयोजिनी ।**
**सकलकर्मकलङ्कविनाशिनी,**
**मनस एव हि शुद्धिरुदाहृता ॥१४॥**

મનની શુદ્ધિ અનુભવરૂપી અમૃતનાકુંડ સમાન, મહાવ્રતરૂપી હંસને વિલાસ કરવા માટે કમલિની સમાન અને સકલ કર્મના કલંકનો નાશ કરનારી છે, એમ કહ્યું છે. ૩૧૭

**૩૧૮ प्रथमतो व्यवहारनयस्थितोऽ-**
**शुभविकल्पनिवृत्तिपरो भवेत् ।**
**शुभविकल्पमयव्रतसेवया,**
**हरति कण्टक एव हि कण्टकम् ॥१५॥**

પ્રથમ તો વ્યવહારનયમાં રહીને શુભ વિકલ્પમય વ્રતોનું સેવન કરવા વડે અશુભ વિકલ્પની નિવૃત્તિ કરવામાં તત્પર રહેવું. કારણ કે કાંટો જ કાંટાને કાઢે છે. ૩૧૮

**૩૧૯ विषमधीत्य पदानि शनैः शनै-**
**हरति मन्त्रपदावधि मान्त्रिकः ।**
**भवति देशनिवृत्तिरपि स्फुटा,**
**गुणकरी प्रथमं मनसस्तथा ॥१६॥**

જેમ માંત્રિક મંત્રપદોની અવધિ=અંત સુધી પદો ધીમે ધીમે બોલીને વિષનું હરણ કરે છે તેમ આરંભમાં મનની દેશનિવૃત્તિ પણ પ્રગટ રીતે ગુણકારી થાય છે. ૩૧૯

**३२० च्युतमसद्विषयव्यवसायतो,**
**लगति यत्र मनोऽधिकसौष्ठवात्**
**प्रतिकृतिः पदमात्मवदेव वा,**
**तदवलम्बनमत्र शुभं मतम् ॥१७॥**

અશુભ વિષયોના વ્યાપારોમાંથી નીકળી ગયેલું મન બહુ સારી રીતે જ્યાં લાગે છે તે પ્રતિમા હોય અથવા આત્માસંબંધી પદ હોય, તે શુભ અવલંબન કહેવાય છે. ૩૨૦

**३२१ तदनु काचन निश्चयकल्पना,**
**विगलितव्यवहारपदावधिः ।**
**न किमपीति विवेचनसन्मुखी,**
**भवति सर्वनिवृत्तिसमाधये ॥१८॥**

ત્યાર પછી વ્યવહારપદની મર્યાદા પૂર્ણ થતાં કોઈક પ્રકારની નિશ્ચય દશાની કલ્પના થાય છે. એથી ‘કાંઈ પણ નથી’ એવો વિવેક સન્મુખ થાય છે. એથી તે સર્વનિવૃત્તિરૂપ સમાધિ મેળવી આપનારી થાય છે. ૩૨૧

**३२२ इह हि सर्वबहिर्विषयच्युतं,**
**हृदयमात्मनि केवलमागतम् ।**

**चरणदर्शनबोधपरम्परा-**

**परिचितं प्रसरत्यविकल्पकम् ॥१९॥**

આ રીતે જ્યારે સર્વ બાહ્ય વિષયોથી વિમુક્ત થયેલું, કેવળ આત્મામાં જ આવેલું (=સ્થિર થયેલું), દર્શન, જ્ઞાન અને ચારિત્રની પરંપરાથી પરિચિત થયેલું હૃદય (મન) નિર્વિકલ્પ દશાને વિશે પ્રસરે છે. ૩૨૨

**३२३ तदिदमन्यदुपैत्यधुनापि नो,**

**नियतवस्तुविलास्यपि निश्चयात् ।**

**क्षणमसङ्गमुदीतनिसर्गधी-**

**हृतबहिर्ग्रहमन्तरुदात्तताम् ॥२०॥**

નિયત વસ્તુને વિશે વિલાસવાળું તે મન હવે નિશ્ચય સ્વભાવને લીધે બીજા કોઈ પણ ભાવને પામતું નથી. નિસર્ગ બુદ્ધિનો ઉદય થવાથી જેનું બાહ્ય પદાર્થોનું જ્ઞાન નાશ પામ્યું તે મન ક્ષણવારમાં અસંગ દશાને પામે છે. ૩૨૩

**३२४ कृतकषायजयं सगभीरिम,-**

**प्रकृतिशान्तमुदात्तमुदारधीः ।**

**समनुगृह्य मनोऽनुभवत्यहो,**

**गलितमोहतमः परमं महः ॥२१॥**

અહો ! કષાયો ઉપર વિજય મેળવનાર, ગંભીર, ઉદાત્ત અને ઉદાર બુદ્ધિવાળા એવા પુરુષો પોતાના મનનો નિગ્રહ

કરીને મોહરૂપી અંધકાર જેમાંથી ગળી ગયો છે એવી પરમ જ્યોતિનો અનુભવ કરે છે. ૩૨૪

૩૨૫ **गलितदुष्टविकल्पपरम्परं,-**

**धृतविशुद्धि मनो भवतीदृशम् ।**

**धृतिमुपेत्य ततश्च महामतिः,**

**समधिगच्छति शुभ्रयशःश्रियम् ॥२२॥**

દુષ્ટ વિકલ્પોની પરંપરા નાશ પામતાં અને વિશુદ્ધિ ધારણ કરાતાં મન જ્યારે આવા પ્રકારનું થાય છે, ત્યારે મહામતિવાળા પુરુષો ધૈર્ય પામીને ઉજ્જવળ યશલક્ષ્મીને પ્રાપ્ત કરે છે. ૩૨૫

મનઃશુદ્ધિ અધિકાર સંપૂર્ણ.

॥ इति मनःशुद्ध्याधिकारः ॥११॥

## द्वादशः सम्यक्त्वाधिकारः

**३२६ मनःशुद्धिश्च सम्यक्त्वे, सत्येव परमार्थतः ।**

**तद्विना मोहगर्भा सा, प्रत्यपायानुबन्धिनी ॥१॥**

સમ્યક્ત્વ હોય ત્યારે મનઃશુદ્ધિ પારમાર્થિક હોય છે. તે વિના તો તે મોહગર્ભિત અને પ્રત્યપાય (પ્રતિ + અપાય અર્થાત્ પાપ)ના અનુબંધવાળી જ છે. ૩૨૬

**३२७ सम्यक्त्वसहिता एव-शुद्धा दानादिकाः क्रियाः ।**

**तासां मोक्षफले प्रोक्ता, यदस्य सहकारिता ॥२॥**

દાનાદિ ક્રિયાઓ સમ્યક્ત્વ સહિત હોય તો જ શુદ્ધ છે. મોક્ષના ફળમાં તેઓને (ક્રિયાઓને) સહકાર આપનાર એ (સમ્યક્ત્વ) જ છે એમ કહ્યું છે. ૩૨૭

**३२८ कुर्वाणोऽपि क्रियां ज्ञाति-धनभोगांस्त्यजन्नपि ।**

**दुःखस्योरो ददानोऽपि, नान्धो जयति वैरिणम् ॥३॥**

અંધ માણસ ભલે ક્રિયા કરે, જ્ઞાતિ, ધન અને ભોગનો ત્યાગ કરે અને દુઃખને પોતાનું ઉર (હૃદય) આપી દે તો પણ તે વૈરીને જીતી શકતો નથી. ૩૨૮

**३२९ कुर्वन्निवृत्तिमप्येवं, कामभोगांस्त्यजन्नपि ।**

**दुःखस्योरो ददानोऽपि, मिथ्यादृष्टिर्न सिध्यति ॥४॥**

એ જ રીતે નિવૃત્તિ ધારણ કરતો હોય, કામભોગને ત્યજતો હોય, દુઃખને પોતાનું હૃદય આપી દેતો હોય, પણ તે મિથ્યાદૃષ્ટિ હોય તો સિદ્ધિ=મોક્ષ પામતો નથી. ૩૨૯

**३३० कनीनिकेव नेत्रस्य, कुसुमस्येव सौरभम् ।**
**सम्यक्त्वमुच्यते सारः, सर्वेषां धर्म्मकर्म्मणाम् ॥५॥**

જેમ નેત્રનો સાર કીકી છે અને પુષ્પનો સાર સૌરભ છે તેમ સર્વ ધર્મકાર્યનો સાર સમ્યક્ત્વ કહેવાય છે. ૩૩૦

**३३१ तत्त्वश्रद्धानमेतच्च, गदितं जिनशासने ।**
**सर्वे जीवा न हन्तव्याः, सूत्रे तत्त्वमितीष्यते ॥६॥**

વળી એને જિનશાસનમાં 'તત્ત્વશ્રદ્ધાન' કહ્યું છે. 'સર્વ જીવોને હણવા નહિ' તે તત્ત્વને સૂત્રમાં પ્રતિપાદિત કર્યું છે. ૩૩૧

**३३२ शुद्धो धर्मोऽयमित्येतद्-धर्मरुच्यात्मकं स्थितम् ।**
**शुद्धानामिदमन्यासां, रुचीनामुपलक्षणम् ॥७॥**

'આ (અહિંસારૂપ) ધર્મ જ શુદ્ધ છે' - એ જ (શ્રદ્ધાન-સમ્યક્ત્વ) ધર્મરુચિરૂપ છે. આ જ બીજી શુદ્ધ રુચિઓનું ઉપલક્ષણ છે. ૩૩૨

**३३३ अथवेदं यथा तत्त्व-माज्ञयैव तथाऽखिलम् ।**
**नवानामपि तत्त्वाना-मितिश्रद्धोदितार्थतः ॥८॥**

અથવા જેમ આ સમગ્ર તત્ત્વ આજ્ઞારૂપે છે તેમ નવ તત્ત્વોની શ્રદ્ધા એ પણ અર્થથી (સમ્યક્ત્વ) કહેવાય છે. ૩૩૩

**૩૩૪ इहैव प्रोच्यते शुद्धाऽ-हिंसा वा तत्त्वमित्यतः ।**
**सम्यक्त्वं दर्शितं सूत्र-प्रामाण्योपगमात्मकम् ॥९॥**

વળી અહીં તત્ત્વમાં શુદ્ધ અહિંસા અથવા (શુદ્ધ) તત્ત્વથી અહિંસા છે. એ રીતે સૂત્રની પ્રમાણતા સચ્ચાઇ જણાવનારું સમ્યક્ત્વ જ દર્શાવ્યું છે. ૩૩૪

**૩૩૫ शुद्धाऽहिंसोक्तितः सूत्र-प्रमाण्यं तत एव च ।**
**अहिंसाशुद्धधीरेव-मन्योन्याश्रयभीर्ननु ॥१०॥**

શુદ્ધ અહિંસાની ઉક્તિ હોવાથી સૂત્રનું પ્રામાણ્ય થાય છે. એટલે જ (જીવ) અહિંસા વિશે શુદ્ધ બુદ્ધિવાળો થાય છે. આથી અન્યોન્યાશ્રયનો ભય નથી. ૩૩૫

**૩૩૬ नैवं यस्मादहिंसायां, सर्वेषामेकवाक्यता ।**
**तच्छुद्धतावबोधश्च, सम्भवादिविचारणात् ॥११॥**

આ રીતે અહિંસાને વિશે સર્વની એકવાક્યતા થતી નથી. સંભવ શક્યતા વગેરેની વિચારણાથી જ તેની શુદ્ધતાનો બોધ થઈ શકે. ૩૩૬

**૩૩૭ यथाऽहिंसादयः पञ्च, व्रतधर्मयमादिभिः ।**
**पदैः कुशलधर्माद्यैः, कथ्यन्ते स्वस्वदर्शने ॥१२॥**

જેમ કે અહિંસાદિ પાંચને પોતપોતાનાં દર્શનમાં વ્રતધર્મ, યમ વગેરે કે કુશલધર્મ વગેરે પદો વડે જણાવવામાં આવ્યાં છે. ૩૩૭

**३३८ प्राहुर्भागवतास्तत्र, व्रतोपव्रतपञ्चकम् ।**

**यमान्श्च नियमान् पाशु-पता धर्मान् दशाभ्यधुः ॥१३॥**

એમાં ભાગવતવાળા પાંચ વ્રત અને પાંચ ઉપવ્રત એમ દશ ધર્મ કહે છે અને પાશુપતમતવાળા પાંચ યમ અને પાંચ નિયમ એ દશને ધર્મ માને છે. ૩૩૮

**३३९ अहिंसा सत्यवचन-मस्तैन्यं चाप्यकल्पना ।**

**ब्रह्मचर्यं तथाऽक्रोधो, ह्यार्जवं शौचमेव च ॥१४॥**

**३४० सन्तोषो गुरुशुश्रूषा, इत्येते दश कीर्तिताः ।**

**निगद्यन्ते यमाः सांख्यै-रपि व्यासानुसारिभिः ॥१५॥**

અહિંસા, સત્યવચન, અસ્તૈન્ય (અસ્તેય), અકલ્પના (અપરિગ્રહ) અને બ્રહ્મચર્ય તથા અક્રોધ, આર્જવ, શૌચ, સંતોષ અને ગુરુશુશ્રૂષા એમ દશ કહેલા છે. વ્યાસને અનુસરનારા સાંખ્યતમવાળા પણ આ યમને માને છે. ૩૩૯-૩૪૦

**३४१ अहिंसा सत्यमस्तैन्यं, ब्रह्मचर्यं तुरीयकम् ।**

**पञ्चमो व्यवहारश्चे-त्येते पञ्च यमाः स्मृताः ॥१६॥**

અહિંસા, સત્ય, અસ્તૈન્ય, ચોથું બ્રહ્મચર્ય અને પાંચમો વ્યવહાર એ પાંચ યમ જાણવા. ૩૪૧

**३४२ अक्रोधो गुरुशुश्रूषा, शौचमाहारलाघवम् ।**

**अप्रमादश्च पञ्चैते, नियमाः परिकीर्तिताः ॥१७॥**

અક્રોધ, ગુરુશુશ્રૂષા, શૌચ, આહારલાઘવ=ઉણોદરી અને અપ્રમાદ એ પાંચ નિયમ તરીકે ઓળખાય છે. ૩૪૨

**३४३ बौद्धैः कुशलधर्माश्च, दशेष्यन्ते यदुच्यते ।**
**हिंसास्तेयान्यथाकामं, पैशुन्यं परुषानृतम् ॥१८॥**
**३४४ सम्भिन्नालापव्यापाद-मभिध्यादृग्विपर्ययम् ।**
**पापकर्मेति दशधा, कायवाङ्मानसैस्त्यजेत् ॥१९॥**

બૌદ્ધો પણ દશ કુશળ ધર્મમાં માને છે. એ આ પ્રમાણે કહ્યા છે : (૧) હિંસા, (૨) ચોરી, (૩) અન્યથાકામ (પરસ્ત્રીગમન), (૪) પૈશુન્ય (ચાડી), (૫) કઠોર (પરુષ) વચન, (૬) અસત્ય, (૭) સંભિન્નાલાપ (વૃથાપ્રલાપ), (૮) વ્યાપાદ (દ્વેષ), (૯) અભિધ્યા (અસંતોષ) અને (૧૦) દષ્ટિવિપર્યય (અશ્રદ્ધા) - આ દશ પ્રકારનાં પાપ મન, વાણી અને કાયાથી ત્યજવાં. ૩૪૩-૩૪૪

**३४५ ब्रह्मादिपदवाच्यानि, तान्याहुर्वैदिकादयः ।**
**अतः सर्वैकवाक्यत्वाद् धर्मशास्त्रमदोऽर्थकम् ॥२०॥**

વૈદિક મતવાળા વગેરે એને બ્રહ્માદિ પદના વાચ્ય તરીકે ઓળખાવે છે. આમ, સર્વમાં એકવાક્યતા હોવાથી ધર્મશાસ્ત્ર સાર્થક છે. ૩૪૫

**३४६ क्व चैतत्सम्भवो युक्त, इति चिन्त्यं महात्मना ।**
**शास्त्रं परीक्षमाणेना-व्याकुलेनान्तरात्मना ॥२१॥**

શાસ્ત્રની પરીક્ષા કરવાવાળા મહાત્માઓએ 'આમાં યોગ્ય સંભવ ક્યાં છે' તે વિશે અંતરાત્મામાં અવ્યાકુળ રહીને ચિંતન કરવું જોઈએ. ૩૪૬

૩૪૭ **प्रमाणलक्षणादेस्तु, नोपयोगोऽत्र कश्चन ।**
**तन्निश्चयेऽनवस्थाना-दन्यथार्थस्थितेर्यतः ॥२२॥**

પ્રમાણ, લક્ષણ વગેરેનો કંઈપણ ઉપયોગ અહીં અહિંસામાં નથી. એનો નિશ્ચય કરવા જતાં અનવસ્થા દોષ આવશે, જેથી અન્યથા અર્થ હિંસાની સ્થિતિ (સિદ્ધિ) થશે. ૩૪૭

૩૪૮ **प्रसिद्धानि प्रमाणानि, व्यवहारश्च तत्कृतः ।**
**प्रमाणलक्षणस्योक्तौ, ज्ञायते न प्रयोजनम् ॥२३॥**

પ્રમાણો અને પ્રમાણઓએ કરેલો વ્યવહાર પ્રસિદ્ધ છે. એટલે પ્રમાણોનાં લક્ષણ કહેવાનું કંઈ પ્રયોજન જણાતું નથી. ૩૪૮

૩૪૯ **तत्रात्मा नित्य एवेति, येषामेकान्तदर्शनम् ।**
**हिंसादयः कथं तेषां, कथमप्यात्मनोऽव्ययात् ॥२४॥**

તેમાં 'આત્મા નિત્ય જ છે' એવું જેમનું એકાન્ત દર્શન છે તેઓને, આત્માનો કોઈ પણ પ્રકારે નાશ ન હોવાથી, હિંસાદિ કેવી રીતે ઘટી શકે ? ૩૪૯

૩૫૦ **मनोयोगविशेषस्य, ध्वंसो मरणमात्मनः ।**
**हिंसा तच्चेन्न तत्त्वस्य, सिद्धेरार्थसमाजतः ॥२५॥**

'મનના યોગવિશેષનો નાશ એ જ આત્માનું મરણ છે એટલે કે હિંસા છે.' એવું નથી. અર્થસમાજથી તત્ત્વની સિદ્ધિ છે. ૩૫૦

૩૫૧ **नैति बुद्धिगता दुःखो-त्पादरूपेयमौचितीम् ।**
**पुंसि भेदाग्रहात् तस्याः, परमार्थाऽव्यवस्थितेः ॥२६॥**

બુદ્ધિમાં દુઃખનો ઉત્પાદ કરવારૂપ એ (હિંસા) છે એમ કહેવું પણ ઉચિત નથી. પુરુષના ભેદના આગ્રહથી તે (હિંસા) વસ્તુતઃ તેની (પુરુષની) જ છે એમ ઠરતું નથી. ૩૫૧

૩૫૨ **न च हिंसापदं नाश-पर्यायं कथमप्यहो ।**
**जीवस्यैकान्तनित्यत्वेऽ-नुभवाबाधकं भवेत् ॥२७॥**

અહો ! જીવને એકાન્તે નિત્ય માનવાથી નાશના પર્યાયરૂપ 'હિંસા' પદ કોઈ પણ રીતે અનુભવને અબાધક નહિ થાય. (એટલે કે હિંસા થઈ રહી છે એવા અનુભવને બાધક થશે.) ૩૫૨

૩૫૩ **शरीरेणापि सम्बन्धो, नित्यत्वेऽस्य न सम्भवी ।**
**विभुत्वे न च संसारः, कल्पितः स्यादसंशयम् ॥२८॥**

આ (જીવ) નિત્ય હોય તો શરીર સાથે પણ તેનો સંબંધ સંભવતો નથી. જો એને વિભુ (સર્વવ્યાપક) માનશો તો સંસાર જ કલ્પિત થઈ જશે એ નિઃસંશય છે. ૩૫૩

૩૫૪ **आत्मक्रियां विना च स्यान्-मिताणुग्रहणं कथम् ।**
**कथं संयोगभेदादि-कल्पना चापि युज्यते ॥२९॥**

આત્માની ક્રિયા વિના પરિમિત અણુઓનું ગ્રહણ કેવી રીતે થાય ? વળી સંયોગ, ભેદ વગેરેની કલ્પના પણ કેવી રીતે ઘટી શકે ? ૩૫૪

૩૫૫ अदृष्टाद् देहसंयोगः, स्यादन्तरकर्म्मजः ।

इत्थं जन्मोपपत्तिश्चेन्-न तद्योगाविवेचनात् ॥३०॥

અદૃષ્ટથી દેહસંયોગ થાય છે તે અન્યતર કર્મ (ક્રિયા)થી ઉદ્‌ભવેલો છે. એથી જન્મથી ઉપપત્તિ પણ થઈ જશે. પરંતુ એથી દેહસંયોગ= યોગ (સંયોગ)નું વિવેચન થઈ શકશે નહિ. ૩૫૫

૩૫૬ कथञ्चिन्मूर्त्ततापत्ति-र्विना वपुरसङ्क्रमात् ।

व्यापारयोगतश्चैव, यत् किञ्चित् तदिदं जगुः ॥३१॥

શરીરમાં (આત્માનું) સંક્રમણ ન માનીએ, તથા વ્યાપાર=ક્રિયા અયોગ માનીએ તો કથંચિત્ મૂર્તતા નથી એવી આપત્તિ આવશે માટે એ પ્રમાણે કહ્યું છે. ૩૫૬

૩૫૭ निष्क्रियोऽसौ ततो हन्ति, हन्यते वा न जातुचित् ।

कञ्चित् केचिदित्येवं, न हिंसास्योपपद्यते ॥३२॥

જો એ (આત્મા) નિષ્ક્રિય હોય તો તે હણતો નથી અને ક્યારેય હણાતો નથી. આમ એની હિંસા ઘટતી નથી. ૩૫૭

૩૫૮ अनित्यैकान्तपक्षेऽपि, हिंसादीनामसम्भवः ।

नाशहेतोरयोगेन, क्षणिकत्वस्य साधनात् ॥३३॥

એકાન્તે અનિત્ય માનનારાના પક્ષે પણ હિંસા વગેરેનો અસંભવ છે. ક્ષણિકત્વને સિદ્ધ કરવાથી નાશના હેતુનો અયોગ થાય છે. એટલે કે 'નાશ'=હિંસાનો હેતુ ઘટતો નથી. ૩૫૮

**३५९ न च सन्तानभेदस्य, जनको हिंसको भवेत् ।**
**सांवृतत्वादजन्यत्वात्, भावत्वनियतं हि तत् ॥३४॥**

સંતાન (પરંપરા) ભેદનો જનક જ હિંસક થશે એવું નથી. સાંવૃતત્વ (કાલ્પનિકતા)થી અને અજન્યતાથી તો તે અવશ્ય ભાવાત્મક જ બને. ૩૫૯

**३६० नरादिः क्षणहेतुश्च, सूकरादेर्न हिंसकः ।**
**सूकराऽन्त्यक्षणेनैव व्यभिचारप्रसङ्गतः ॥३५॥**

નરાદિક્ષણનો હેતુ તે સૂકરાદિનો હિંસક નહિ કહેવાય. કારણ કે આ રીતે તો સૂકરની અંત્યક્ષણમાં પણ આ રીતે વ્યભિચાર (આપત્તિ)નો પ્રસંગ આવશે. ૩૬૦

**३६१ अनन्तरक्षणोत्पादे, बुद्धलुब्धकयोस्तुला ।**
**नैव तद्विरतिः क्वापि, ततः शास्त्राद्यसङ्गतिः ॥३६॥**

અનંતર ક્ષણમાં ઉત્પત્તિ (માનવા)થી બુદ્ધ અને શિકારી (લુબ્ધક) બંનેને સરખા માનવા પડશે. એથી ક્યારેય વિરતિ (અંત) થશે નહિ. પરિણામે શાસ્ત્રાદિમાં અસંગતિ આવશે. ૩૬૧

**३६२ घटन्ते न विनाऽहिंसां, सत्यादीन्यपि तत्त्वतः ।**
**एतस्या वृत्तिभूतानि, तानि यद् भगवान् जगौ ॥३७॥**

અહિંસા વિના સત્ય વગેરે પણ તત્ત્વદષ્ટિએ ઘટાવી શકાશે નહિ. એ તો એની (અહિંસાની) વાડ જેવાં છે એમ ભગવાને કહ્યું છે. ૩૬૨

३६३ मौनीन्द्रे च प्रवचने, युज्यते सर्वमेव हि ।
नित्यानित्ये स्फुटं देहाद्, भिन्नाभिन्ने तथात्मनि ॥३८॥

જિનેન્દ્ર (મૌનીન્દ્ર)ના પ્રવચનમાં આત્માનું વિષયમાં નિત્ય અને અનિત્ય હોવું તથા દેહથી ભિન્ન અને અભિન્ન હોવું એ સર્વ સ્પષ્ટ રીતે ઘટાવી શકાય છે. ૩૬૩

३६४ आत्मा द्रव्यार्थतो नित्यः, पर्यायार्थाद् विनश्वरः ।
हिनस्ति हन्यते तत्-तत्फलान्यप्यधिगच्छति ॥३९॥

આત્મા દ્રવ્યાર્થથી નિત્ય છે અને પર્યાયાર્થથી વિનશ્વર છે. એટલે તે હણે છે અને હણાય છે અને તે તેવાં ફળને પણ ભોગવે છે. ૩૬૪

३६५ इह चानुभवः साक्षी, व्यावृत्त्यन्वयगोचरः ।
एकान्तपक्षपातिन्यो, युक्तयस्तु मिथो हताः ॥४०॥

અહીં અન્વય અને વ્યાવૃત્તિ (વ્યતિરેક)થી સમજાતો અનુભવ જ સાક્ષી છે. એકાન્તવાદનો પક્ષ કરનારી યુક્તિઓ તો માંહોમાંહે હણાઈ જાય છે. ૩૬૫

३६६ पीडाकर्तृत्वतो देह-व्यापत्त्या दुष्टभावतः ।
त्रिधा हिंसागमे प्रोक्ता, नहीत्थमपहेतुका ॥४१॥

પીડા કરવાથી, દેહનો નાશ કરવાથી અને દુષ્ટભાવથી એમ ત્રણ પ્રકારની હિંસા આગમમાં કહી છે. એ અહીં અહેતુક નથી, સહેતુક છે. ૩૬૬

**३६७ हन्तुर्जाग्रति को दोषो, हिंसनीयस्य कर्म्मणि ।**

**प्रसक्तिस्तदभावे चा-न्यत्रापीति मुधा वचः ॥४२॥**

જેવી હિંસા કરવામાં આવી છે તેનું કર્મ ઉદયમાં આવ્યું છે. માટે હિંસકનો શો દોષ ? વળી તે (હિંસક)ના અભાવે બીજા (હિંસક)ને વિશે હિંસા કરવાની પ્રાપ્તિ થશે. એટલે આવું વચન મિથ્યા છે. ૩૬૭

**३६८ हिंस्यकर्म्मविपाके या, दुष्टाशयनिमित्तता ।**

**हिंसकत्वं न तेनेदं, वैद्यस्य स्याद् रिपोरिव ॥४३॥**

હિંસ્ય પ્રાણીના કર્મનો વિપાક હોય તો પણ દુષ્ટ આશયના નિમિત્તને લીધે તે હિંસા છે. જેવું શત્રુને લાગે એવું આ હિંસકપણું વૈદ્યને ન હોય. ૩૬૮

**३६९ इत्थं सदुपदेशादे-स्तन्निवृत्तिरपि स्फुटा ।**

**सोपक्रमस्य पापस्य, नाशात् स्वाशयवृद्धितः ॥४४॥**

આ રીતે સદ્દુપદેશથી, સોપક્રમ પાપના નાશથી અને શુભાશયની વૃદ્ધિથી તેની (હિંસાની) નિવૃત્તિ પણ સ્ફુટ થાય છે. ૩૬૯

**३७० अपवर्गतरोर्बीजं, मुख्याऽहिंसेयमुच्यते ।**

**सत्यादीनि व्रतान्यत्र, जायन्ते पल्लवा नवाः ॥४५॥**

અહિંસા તે મોક્ષરૂપી વૃક્ષનું બીજ છે. તે મુખ્ય કહેવાય છે. અહીં સત્ય વગેરે વ્રતો તે એનાં પ્રગટેલાં નવાં પલ્લવો છે. ૩૭૦

**૩૭૧ अहिंसासम्भवश्चेत्थं, दृश्यतेऽत्रैव शासने ।**
**अनुबन्धादिसंशुद्धि-रप्यत्रैवास्ति वास्तवी ॥४६॥**

આ પ્રમાણે અહિંસાનો સંભવ આ (જિન) શાસનમાં જોવા મળે છે. અનુબંધ વગેરે પ્રકારની શુદ્ધિ પણ વાસ્તવિકપણે એમાં જ રહેલી છે. ૩૭૧

**૩૭૨ हिंसाया ज्ञानयोगेन सम्यग्दृष्टेर्महात्मनः ।**
**तप्तलोहपदन्यासतुल्याया नानुबन्धनम् ॥४७॥**

સમ્યગ્દૃષ્ટિવાળા મહાત્માઓને જ્ઞાનયોગ હોવાથી, તપેલા લોઢા પર પગ મૂકવાની જેમ હિંસાનો અનુબંધ હોતો નથી. ૩૭૨

**૩૭૩ सतामस्याश्च कस्याश्चिद्, यतना-भक्तिशालिनाम् ।**
**अनुबन्धो ह्यहिंसाया, जिनपूजादिकर्म्मणि ॥४८॥**

જયણા અને ભક્તિ વડે શોભતા સત્પુરુષોથી જિનપૂજાદિ કાર્યોમાં કદાચ ક્યારેક એ (હિંસા) થાય તો પણ તેમને અનુબંધ તો અહિંસાનો જ છે. ૩૭૩

**૩૭૪ हिंसानुबन्धिनी हिंसा, मिथ्यादृष्टेस्तु दुर्मतेः ।**
**अज्ञानशक्तियोगेन, तस्याऽहिंसापि तादृशी ॥४९॥**

દુર્મતિવાળા મિથ્યાદૃષ્ટિ જીવની હિંસા તે હિંસાના અનુબંધવાળી છે. તેની અહિંસા પણ અજ્ઞાનશક્તિના યોગવાળી હોવાથી તેના (હિંસાના) જેવી જ છે. ૩૭૪

**३७५ येन स्यान्निह्नवादीनां, दिविषद्गतिः क्रमात् ।**
**हिंसैव महती तिर्यङ्-नरकादिभवान्तरे ॥५०॥**

એટલે જ નિહ્નવોને દેવગતિમાં પણ દુર્ગતિ પ્રાપ્ત થાય છે. મોટી હિંસા ત્યાર પછી ભવાન્તરમાં તેમને તિર્યંચ, નરકાદિ ગતિમાં લઈ જાય છે. ૩૭૫

**३७६ साधूनामप्रमत्तानां, सा चार्हिंसानुबन्धिनी ।**
**हिंसानुबन्धविच्छेदाद्-गुणोत्कर्षो यतस्ततः ॥५१॥**

અપ્રમત્ત સાધુઓને તે (હિંસા) અહિંસાના અનુબંધવાળી થાય છે, કારણ કે હિંસાના અનુબંધનો વિચ્છેદ થવાથી તેમના ગુણનો ઉત્કર્ષ થાય છે. ૩૭૬

**३७७ मुग्धानामियमज्ञत्वात्, सानुबन्धा न कर्हिचित् ।**
**ज्ञानोद्रेकाऽप्रमादाभ्या-मस्या यदनुबन्धनम् ॥५२॥**

અજ્ઞાનને કારણે મુગ્ધ લોકોને તે (અહિંસા) કદાપિ અનુબંધવાળી થતી નથી, કારણ કે આ અનુબંધ જ્ઞાનના ઉદ્રેક=ઉત્કર્ષ અને અપ્રમાદથી જ થાય છે. ૩૭૭

**३७८ एकस्यामपि हिंसाया-मुक्तं सुमहदन्तरम् ।**
**भाववीर्यादिवैचित्र्या-दहिंसायां च तत् तथा ॥५३॥**

ભાવ અને વીર્યની વિચિત્રતાને લીધે એક જ જાતની હિંસામાં પણ મોટું અંતર છે. તે જ પ્રમાણે અહિંસામાં પણ છે. ૩૭૮

**३७९ सद्यः कालान्तरे चैतद्-विपाकेनापि भिन्नता ।**
**प्रतिपक्षान्तरालेन, तथाशक्तिनियोगतः ॥५४॥**

એના (હિંસાના અને અહિંસાના) વિપાકમાં પણ શક્તિના નિયોગથી તથા પ્રતિપક્ષના અંતરાલથી, તત્કાળ કે કાલાન્તરે-એવી ભિન્નતા રહેલી છે. ૩૭૯

**३८० हिंसाप्युत्तरकालीन-विशिष्टगुणसङ्क्रमात् ।**
**त्यक्ताविध्यनुबन्धत्वा-दहिंसा वाऽतिभक्तितः ॥५५॥**

હિંસા પણ ઉત્તરકાલીન વિશિષ્ટ ગુણોના સંક્રમણથી, તથા અવિધિના અનુબંધના ત્યાગથી અતિભક્તિથી અહિંસા જ છે. ૩૮૦

**३८१ इदग्भङ्गशतोपेताऽहिंसा यत्रोपवर्ण्यते ।**
**सर्वांशपरिशुद्धं तत् प्रमाणं जिनशासनम् ॥५६॥**

જેમાં આવા સેંકડો ભેદપ્રભેદ સહિત અહિંસાનું વર્ણન થયેલું છે તે સર્વાંશે પરિશુદ્ધ એવું જિનશાસન પ્રમાણભૂત છે. ૩૮૧

**३८२ अर्थोऽयमपरोऽनर्थ, इति निर्धारणं हृदि ।**
**आस्तिक्यं परमं चिह्नं, सम्यक्त्वस्य जगुर्जिनाः ॥५७॥**

આ અર્થ છે અને બીજા અનર્થ છે એવું હૃદયમાં નિર્ધારવું-આવું આસ્તિક્ય તે સમ્યક્‌ત્વનું પરમ ચિહ્ન છે એમ જિનેશ્વરોએ કહેલું છે. ૩૮૨

૩૮૩ शमसंवेगनिर्वेदाऽनुकम्पाभिः परिष्कृतम् ।
दधतामेतदच्छिन्नं, सम्यक्त्वं स्थिरतां व्रजेत् ॥५८॥

શમ, સંવેગ, નિર્વેદ અને અનુકંપા વડે સારી રીતે, અવિચ્છિન્નપણે ધારણ થયેલું સમ્યક્ત્વ સ્થિરતા પામે છે. ૩૮૩

સમ્યક્ત્વ અધિકાર સંપૂર્ણ.

॥ इति सम्यक्त्वाधिकार ॥१२॥

# त्रयोदशे मिथ्यात्वत्यागाधिकारः

**३८४ मिथ्यात्वत्यागतः शुद्धं, सम्यक्त्वं जायतेऽङ्गिनाम् ।**
**अतस्तत्परिहाराय, यतितव्यं महात्मना ॥१॥**

મિથ્યાત્વના ત્યાગથી જીવોનું સમ્યક્ત્વ શુદ્ધ થાય છે. એટલે મહાત્માઓએ એના (મિથ્યાત્વના) ત્યાગ માટે પ્રયત્ન કરવો. ૩૮૪

**३८५ नास्ति नित्यो न कर्त्ता च, न भोक्तात्मा न निर्वृतिः ।**
**तदुपायश्च नेत्याहु-र्मिथ्यात्वस्य पदानि षट् ॥२॥**

આત્મા નથી, તે નિત્ય નથી, તે કર્તા નથી, તે ભોક્તા નથી, મોક્ષ (નિર્વૃતિ) નથી, તેનો ઉપાય નથી - એમ મિથ્યાત્વનાં છ પદ કહેવાય છે. ૩૮૫

**३८६ एतैर्यस्माद् भवेच्छुद्ध-व्यवहारविलङ्घनम् ।**
**अयमेव च मिथ्यात्व-ध्वंसी सदुपदेशतः ॥३॥**

આનાથી શુદ્ધ વ્યવહારનું ઉલ્લંઘન થાય છે. સદુપદેશથી એ વ્યવહાર મિથ્યાત્વનો નાશ કરનાર થાય છે. ૩૮૬

**३८७ नास्तित्वादिग्रहे नैवो-पदेशो नोपदेशकः ।**
**ततः कस्योपकारः स्यात्-सन्देहादिव्युदासतः ॥४॥**

નાસ્તિત્વાદિનો આગ્રહ હોય, તો ઉપદેશ પણ ન હોય

અને ઉપદેશક પણ ન હોય. તેનો ઉપકાર પણ કોના ઉપર થાય? કારણ કે તે તો સંદેહ વગેરેને દૂર કરવાથી થાય છે. ૩૮૭

**३८८ येषां निश्चय एवेष्टो, व्यवहारस्तु सङ्गतः ।**
**विप्राणां म्लेच्छभाषेव, स्वार्थमात्रोपदेशनात् ॥५॥**

જેમ બ્રાહ્મણોને મ્લેચ્છ ભાષા સ્વાર્થ પૂરતી બોલવાની છૂટ છે, તેમ જેમને માત્ર નિશ્ચય નય જ ઈષ્ટ છે તેમને માટે વ્યવહાર તો (નિશ્ચયનો) ઉપદેશ કરવા પૂરતો સંગત છે. ૩૮૮

**३८९ यथा केवलमात्मानं, जानानः श्रुतकेवली ।**
**श्रुतान्निश्चिनुयात् सर्वं, श्रुतं च व्यवहारतः ॥६॥**

જેમ શ્રુતકેવલી નિશ્ચયથી શ્રુત વડે કેવળ આત્માને જાણે છે, તેમ વ્યવહારથી સર્વ શ્રુતને જાણે છે. ૩૮૯

**३९० निश्चयार्थोऽत्र नो साक्षाद्-वक्तुं केनापि पार्यते ।**
**व्यवहारो गुणद्वारा, तदर्थावगमक्षमः ॥७॥**

અહીં નિશ્ચયનયના અર્થને સાક્ષાત્ કહી શકવાને કોઈ સમર્થ નથી. પરંતુ વ્યવહારનય ગુણ દ્વારા તેના અર્થનો બોધ કરાવવા સક્ષમ છે. ૩૯૦

**३९१ प्राधान्यं व्यवहारे चेत्, तत् तेषां निश्चये कथम् ।**
**परार्थ-स्वार्थते तुल्ये, शब्द-ज्ञानात्मनोर्द्वयोः ॥८॥**

જેઓને વ્યવહારને વિશે પ્રાધાન્ય હોય તેઓને નિશ્ચય

વિશે ક્યાંથી હોય ? શબ્દાત્મા (વ્યવહાર) અને જ્ઞાનાત્મા (નિશ્ચય) એમ બંનેના સ્વ-અર્થ અને પર-અર્થ સરખા હોય છે. ૩૯૧

**३९२ प्राधान्याद् व्यवहारस्य, ततस्तच्छेदकारिणाम् ।**
**मिथ्यात्वरूपतैतेषां, पदानां परिकीर्त्तिता ॥९॥**

વ્યવહારનય પ્રધાન છે માટે તે(વ્યવહાર)નો ઉચ્છેદ કરનારાનાં તે તે પદોનું મિથ્યાત્વપણું કહ્યું છે. ૩૯૨

**३९३ नास्त्येवात्मेति चार्वाकः, प्रत्यक्षानुपलम्भतः ।**
**अहन्ताव्यपदेशस्य, शरीरेणोपपित्ततः ॥१०॥**

ચાર્વાક કહે છે કે પ્રત્યક્ષપણે આત્મા દેખાતો નથી માટે તે છે જ નહિ. અહંતા (હુંપણા)નો વ્યવહાર (વ્યપદેશ) તો શરીરથી થઈ શકે છે. ૩૯૩

**३९४ मद्याङ्गेभ्यो मदव्यक्तिः, प्रत्येकमसती यथा ।**
**मिलितेभ्यो हि भूतेभ्यो, ज्ञानव्यक्तिस्तथा मता ॥११॥**

જેમ મદ્યનાં અંગોમાં પ્રત્યેકમાં મદ્યની સ્પષ્ટતા=શક્તિ (વ્યક્તિ) થતી નથી, પરંતુ એકત્રિત થવાથી થાય છે તેમ ભૂતો (પંચમહાભૂત) એકત્રિત થવાથી જ્ઞાનની સ્પષ્ટતા-શક્તિ (વ્યક્તિ) મનાય છે. ૩૯૪

**३९५ राजरङ्कादिवैचित्र्य-मपि नात्मबलाहितम् ।**
**स्वाभाविकस्य भेदस्य, ग्रावादिष्वपि दर्शनात् ॥१२॥**

રાજા-રંકાદિની વિચિત્રતા પણ આત્માના બળથી નથી, કારણ કે એવો સ્વાભાવિક ભેદ તો પાષાણાદિકમાં પણ દેખાય છે. ૩૯૫

**३१६ वाक्यैर्न गम्यते चात्मा, परस्परविरोधिभिः ।**
**दृष्टवान्न च कोऽप्येनं, प्रमाणं यद्वचो भवेत् ॥१३॥**

(શાસ્ત્રોમાં) વાક્યો વડે પણ આત્મા જાણી શકાતો નથી, કારણ કે તે પરસ્પર વિરુદ્ધ છે. વળી કોઈએ એને જોયો નથી કે જેથી એનું વચન પ્રમાણ થાય. ૩૯૬

**३१७ आत्मानं परलोकं च, क्रियां च विविधां वदन् ।**
**भोगेभ्यो भ्रंशयत्युच्चै-र्लोकचित्तं प्रतारकः ॥१४॥**

ધૂર્ત માણસ (પ્રતારક) આત્મા, પરલોક તથા વિવિધ પ્રકારની ક્રિયાઓ વિશે કહીને લોકોનાં ચિત્તને ભોગોથી અત્યંત ભ્રષ્ટ કરે છે. ૩૯૭

**३१८ त्याज्यस्तन्नैहिकाः कामाः, कार्या नानागतस्पृहा ।**
**भस्मीभूतेषु भूतेषु, वृथा प्रत्यागतिस्पृहा ॥१५॥**

એટલે ઐહિક (આ લોકના) કામભોગો ત્યાગ કરવા લાયક નથી. નહિ પ્રાપ્ત થયેલા (અનાગત-ભોગો)ની સ્પૃહા કરવા લાયક નથી. (પંચમહાભૂત) ભસ્મીભૂત થયા પછી પુનર્જન્મ (પ્રત્યાગતિ)ની સ્પૃહા=માન્યતા, વૃથા છે. ૩૯૮

**३९९ तदेतद्दर्शनं मिथ्या, जीवः प्रत्यक्ष एव यत् ।**
**गुणानां संशयादीनां, प्रत्यक्षाणामभेदतः ॥१६॥**

એટલે આ (ચાર્વાક) દર્શન મિથ્યા છે, કારણ કે પ્રત્યક્ષ, સંશયાદિ ગુણોના અભેદને લીધે જીવ પ્રત્યક્ષ જ છે. ૩૯૯

**४०० न चाहम्प्रत्ययादीनां, शरीरस्यैव धर्म्मता ।**
**नेत्रादिग्राह्यताऽऽपत्ते-र्नियतं गौरवादिवत् ॥१७॥**

અહં વગેરેની પ્રતીતિ થવી એ શરીરનો ધર્મ નથી, કારણ કે ગૌરતા (ગોરું) વગેરે જેમ નેત્રાદિ દ્વારા ગ્રાહ્ય થાય છે તેવી આપત્તિ તેથી અવશ્ય આવશે. ૪૦૦

**४०१ शरीरस्यैव चात्मत्वे, नानुभूतस्मृतिर्भवेत् ।**
**बालत्वादिदशाभेदात्, तस्यैकस्यानवस्थितेः ॥१८॥**

વળી શરીરને આત્મા માનવાથી અનુભવેલાની સ્મૃતિ થશે નહિ. બાલત્વ વગેરે દશાના ભેદને લીધે તે એકલાની (શરીરની) અનવસ્થિતિ છે. ૪૦૧

**४०२ नात्माङ्गविगमेप्यस्य, तल्लब्धानुस्मृतिर्यतः ।**
**व्यये गृहगवाक्षस्य, तल्लब्धार्थाधिगन्तृवत् ॥१९॥**

(શરીરનું) અંગ એ પણ આત્મા નથી, કારણ કે તેના નાશ પછી સ્મૃતિ તો રહે છે, જેમકે ઘરનો ગોખ નષ્ટ થયા પછી તેના જાણનારને (સ્મૃતિ) હોય છે જ. ૪૦૨

**૪૦૩ न दोषः कारणात् कार्ये, वासनासम्भ्रमाच्च न ।**
**भ्रूणस्य स्मरणापत्ते-रम्बानुभवसङ्क्रमात् ॥२०॥**

'કારણથી કાર્યમાં વાસનાનું સંક્રમણ થાય છે, એવું માનવામાં દોષ નહિ આવે ને ?' ના, તો પછી માતા (અંબા)ના અનુભવના સંક્રમણથી ગર્ભમાં રહેલા બાળક (ભ્રૂણ)ને સ્મૃતિ થાય એવી આપત્તિ આવશે. ૪૦૩

**૪૦૪ नोपादानादुपादेय-योग्यत्वाप्तेरणुस्थितौ ।**
**करादेरतथात्वेना-योग्यत्वाप्तेरणुस्थितौ ॥२१॥**

સ્થૈર્યદર્શન(=બધું જ સ્થિર છે એવું માનવા)માં ઉપાદાનમાંથી-ઉપાદેયની વાસના (સંક્રમ) નહીં ઘટે. અણુની સ્થિતિ(ને સ્થિર માનવા)માં હસ્તાદિનાનું અસ્તિત્વ ઘટશે નહીં જેથી અયોગ્યત્વ પ્રાપ્ત થાય છે. ૪૦૪

**૪૦૫ मद्याङ्गेभ्यो मदव्यक्ति-रपि नो मेलकं विना ।**
**ज्ञानव्यक्तिस्तथा भाव्याऽन्यथा सा सर्वदा भवेत् ॥२२॥**

મદ્યનાં અંગોમાં મદ્યની અભિવ્યક્તિ (આવિર્ભાવ) મેલક (મેળવનાર પુરુષ) વિના થઈ શકતી નથી. તેવી રીતે જ્ઞાનની સ્પષ્ટતા (વ્યક્તિ) જ્ઞાયક વિના નથી એમ જાણવું. અન્યથા તો તે સર્વદા થશે. ૪૦૫

**૪૦૬ राजरङ्कादिवैचित्र्य-मप्यात्मकृतकर्मजम् ।**
**सुख-दुःखादिसंवित्ति-विशेषो नान्यथा भवेत् ॥२३॥**

રાજા-રંકાદિની વિચિત્રતા પણ આત્માએ કરેલાં કર્મથી જ ઉત્પન્ન થાય છે. તે વિના સુખદુઃખાદિનું વિશિષ્ટ જ્ઞાન થાય નહિ. ૪૦૬

**૪૦૭ आगमाद् गम्यते चात्मा, दृष्टेष्टार्थाविरोधिनः ।**
**तद्वक्ता सर्वविच्चैनं, दृष्टवान् वीतकश्मलः ॥२४॥**

આગમ થકી દૃષ્ટ ને ઈષ્ટ અર્થના વિરોધ વિના, આત્મા જણાય છે. તેના (આગમના) વક્તા સર્વવિદ્ (સર્વજ્ઞ) છે. દોષરહિત (વીતકશ્મલ) એવા તેઓએ એને (આત્માને) જોયેલો (અનુભવેલો) છે. ૪૦૭

**૪૦૮ अभ्रान्तानां च विफला, नामुष्मिक्यः प्रवृत्तयः ।**
**परबन्धनहेतोः कः, स्वात्मानमवसादयेत् ॥२५॥**

ભ્રાન્તિ વિનાની પરલોક સંબંધી પ્રવૃત્તિઓ નિષ્ફળ હોતી નથી. બીજાને બંધન કરાવવા માટે કોણ પોતાના આત્માને વિષાદમાં મૂકે ? ૪૦૮

**૪૦૯ सिद्धिः स्थाण्वादिवद् व्यक्ता, संशयादेव चात्मनः ।**
**असौ खरविषाणादौ, व्यस्तार्थविषयः पुनः ॥२६॥**

સ્થાણુ (ઠૂંઠું) વગેરેની જેમ સંશયથી જ આત્માની સિદ્ધિ સ્પષ્ટ રીતે થાય છે. વળી તે ખરવિષાણ (ગધેડાનું શિંગડું) વગેરે સમસ્ત=સમાસવાળા પદોમાં વ્યસ્ત (સમાસ વિનાની અવસ્થાનો) અર્થ વિષયભૂત હોય છે. ૪૦૯

**૪૧૦ अजीव इति शब्दश्च, जीवसत्तानियन्त्रितः ।**
**असतो न निषेधो यत्-संयोगादिनिषेधनात् ॥२७॥**

'અજીવ' શબ્દ જ જીવની સત્તાને (વિદ્યમાનપણાને) નિયંત્રિત કરે છે, કારણ કે સંયોગાદિનો નિષેધ થવાથી અસત્‌નો નિષેધ થતો નથી. ૪૧૦

**૪૧૧ संयोगः समवायश्च, सामान्यं च विशिष्टता ।**
**निषिध्यते पदार्थानां, त एव न तु सर्वथा ॥२८॥**

પદાર્થોનાં સંયોગ, સમવાય, સામાન્ય અને વિશિષ્ટતાનો જ નિષેધ કરાય છે, પરંતુ તે પદાર્થોનો સર્વથા નહિ. ૪૧૧

**૪૧૨ शुद्धं व्युत्पित्तमज्जीव-पदं सार्थं घटादिवत् ।**
**तदर्थश्च शरीरं नो, पर्यायपदभेदतः ॥२९॥**

ઘટાદિની જેમ 'જીવ' પદ શુદ્ધ, વ્યત્પત્તિવાળું અને સાર્થ છે. વળી પદના પર્યાયના ભેદને કારણે તેનો (જીવ પદનો) અર્થ શરીર થતો નથી. ૪૧૨

**૪૧૩ आत्मव्यवस्थितेस्त्याज्यं, ततश्चार्वाकदर्शनम् ।**
**पापाः किलैतदालापाः, सद्व्यापारविरोधिनः ॥३०॥**

આત્માની સિદ્ધિ થતાં ચાર્વાક દર્શન ત્યાજ્ય થાય છે. તેના આલાપો (અપલાપો) સદ્‌વ્યાપારના વિરોધી અને પાપરૂપ છે. ૪૧૩

**૪૧૪ ज्ञानक्षणावलीरूपो, नित्यो नात्मेति सौगताः ।**
**क्रमाऽक्रमाभ्यां नित्यत्वे, युज्यतेऽर्थक्रिया न हि ॥३१॥**

બૌદ્ધો (સૌગતો) કહે છે કે જ્ઞાનક્ષણની આવલી (પરંપરા)-રૂપ આત્મા નિત્ય નથી. પરંતુ નિત્યત્વમાં ક્રમથી કે અક્રમથી અર્થક્રિયા ઘટતી નથી. ૪૧૪

**૪૧૫ स्वभावहानितो ध्रौव्यं, क्रमेणार्थक्रियाकृतौ ।**
**अक्रमेण च तद्भावे, युगपत्सर्वसम्भवः ॥३२॥**

ક્રમથી (આત્મા) અર્થક્રિયા કરે તો તેમાં સ્વભાવની હાનિ થતાં તે અનિત્ય થશે. જો ક્રમ વિના અર્થક્રિયા કરે તો એક જ સમયે (યુગપત્) સર્વ (અર્થક્રિયા) સંભવિત થશે. ૪૧૫

**૪૧૬ क्षणिके तु न दोषोऽस्मिन्, कुर्वद्रूपविशेषिते ।**
**ध्रुवेक्षणोत्थतृष्णाया, निवृत्तेश्च गुणो महान् ॥३३॥**

કુર્વદ્ રૂપથી વિશેષિત=(ઉત્પત્તિ ક્ષણમાં પદાર્થ સત્ હોય છે અપેક્ષાથી આ) ક્ષણિકવાદમાં કોઈ પણ દોષ નથી, પરંતુ ધ્રુવને લીધે ઉત્પન્ન થયેલી તૃષ્ણાની નિવૃત્તિરૂપ મહાન ગુણ (તેમાં) છે. ૪૧૬

**૪૧૭ मिथ्यात्ववृद्धिकृन्नूनं, तदेतदपि दर्शनम् ।**
**क्षणिके कृतहानिर्यत्, तथात्मन्यकृतागमः ॥३४॥**

એટલે આ દર્શન (બૌદ્ધ દર્શન) પણ અવશ્ય મિથ્યાત્વની વૃદ્ધિ કરનારું છે. આત્માને ક્ષણિક માનવાથી કરેલાં કાર્યની હાનિ અને નહિ કરેલાં કાર્યના ફળની પ્રાપ્તિ થશે. ૪૧૭

૪૧૮ एकद्रव्यान्वयभावाद्, वासनासङ्क्रमश्च न ।
पौर्वापर्य्यं हि भावानां, सर्वत्रातिप्रसक्तिमत् ॥३५॥

એક દ્રવ્યના અન્વયના અભાવને કારણે વાસનાનો સંક્રમ થશે નહિ. વળી ભાવોનું પૌર્વાપર્યપણું જ સર્વત્ર અતિપ્રસક્તિવાળું છે. (=ભાવોમાં સર્વત્ર પૂર્વઅપર ક્રમ જાહેર છે.) ૪૧૮

૪૧૯ कुर्वद्रूपविशेषे च, न प्रवृत्तिर्न वाऽनुमा ।[1]
अनिश्चयान्न वाऽध्यक्षं, तथा चोदयनो जगौ ॥३६।

કુર્વદ્ રૂપ વિશેષમાં વળી પ્રવૃત્તિ નથી અને અનુમાન નથી. તથા અનિશ્ચય હોવાથી પ્રત્યક્ષ (અધ્યક્ષ) પ્રમાણ પણ નથી એમ ઉદયને (ન્યાયકુસુમાંજલિના કર્તા ઉદયનાચાર્યે) પણ કહ્યું છે. ૪૧૯

૪૨૦ न वैजात्यं[2] विना तत् स्या-न्न तस्मिन्ननुमा भवेत् ।
विना तेन न तत्सिद्धि-र्नाध्यक्षं निश्चयं विना ॥३७।

વૈજાત્ય વિના તે (ક્ષણિકત્વ) થશે નહિ. તે (ક્ષણિકત્વ) વિના તેમાં અનુમાન (અનુમા) થશે નહિ. તે (અનુમાન) વિના તેની (ક્ષણિકત્વની) સિદ્ધિ (નિશ્ચય) થશે નહિ. નિશ્ચય વિના પ્રત્યક્ષ (પ્રમાણભૂત) થશે નહિ. ૪૨૦

---

1. अनुमा=અનુમાન, 2. वैजात्य=વિભિન્ન જાતિ ક્ષણાંતરે ઉદ્ભવત વિવિધ ધર્મવાળા હોવું.

૪૨૧ एकताप्रत्यभिज्ञानं, क्षणिकत्वं च बाधते ।
योऽहमन्वभवं सोऽहं, स्मरामीत्यवधारणात् ॥३८॥

'મેં જે અનુભવ્યું તેનું હું સ્મરણ કરું છું' એવી અવધારણાને કારણે એકતાનું પ્રત્યભિજ્ઞાન ક્ષણિકત્વનો બાધ કરે છે. ૪૨૧

૪૨૨ नास्मिन् विषयबाधो यत्, क्षणिकेऽपि यथैकता ।
नानाज्ञानान्वये तद्वत्, स्थिरे नानाक्षणान्वये ॥३९॥

જેમ ક્ષણિકતામાં પણ એકતા છે તેમ એના(આત્મા)માં વિષયનો બાધ નથી. જેમ નાના પ્રકારના જ્ઞાનના સંબંધમાં (અન્વયમાં) તેમ સ્થિર (નિત્ય આત્મા) વિશે નાના પ્રકારની ક્ષણોના સંબંધનો બાધ નથી. ૪૨૨

૪૨૩ नानाकार्यैक्यकरण-स्वाभाव्ये च विरुध्यते ।
स्याद्वादसन्निवेशेन, नित्यत्वेऽर्थक्रियान न हि ॥४०॥

નાના પ્રકારનાં કાર્યોના ઐક્યકરણના સ્વભાવને માનવાથી સ્યાદ્વાદની સ્થાપના (સંનિવેશ) વડે, નિત્યત્વમાં અર્થક્રિયાનો વિરોધ નથી. ૪૨૩

૪૨૪ नीलादावप्यतद्भेद-शक्तयः सुवचाः कथम् ।
परेणापि हि नानैक-स्वभावोपगमं विना ॥४१॥

અનેક સ્વભાવનો સ્વીકાર કર્યા વિના બીજા (બૌદ્ધ) વડે નીલ વિશે અતદ્ભેદની શક્તિઓ શી રીતે કહી શકાશે? ૪૨૪

**૪૨૫ ध्रुवेक्षणेऽपि न प्रेम, निवृत्तमनुपप्लवात् ।**
**ग्राह्याकार इव ज्ञाने, गुणस्तन्नात्र दर्शने ॥४२॥**

ધ્રુવના (આત્માની નિત્યતાના) ઈક્ષણ (દર્શન)થી પ્રેમની નિવૃત્તિમાં વિઘ્ન (ઉપપ્લવ) નહિ આવે એમ નથી. આ (બૌદ્ધ) દર્શનમાં ગ્રાહ્ય આકારની જેમ જ્ઞાનમાં ગુણ નથી. ૪૨૫

**૪૨૬ प्रत्युतानित्यभावे हि, स्वतः क्षणजनुर्धिया ।**
**हेत्वनादरतः सर्व-क्रियाविफलता भवेत् ॥४३॥**

ઊલટાનું (પ્રત્યુત) અનિત્યભાવથી તો પોતાની મેળે જ ક્ષણિક જન્મ (જનુ)ની બુદ્ધિ વડે હેતુ ઉપર અનાદર થશે અને સર્વ ક્રિયાની નિષ્ફળતા થશે. ૪૨૬

**૪૨૭ तस्मादिदमपि त्याज्य-मनित्यत्वस्य दर्शनम् ।**
**नित्यसत्यचिदानन्द-पदसंसर्गमिच्छता ॥४४॥**

એટલે નિત્ય, સત્, ચિત્ અને આનંદના પદનો સંસર્ગ ઈચ્છનારે આ અનિત્યવાદીનું દર્શન ત્યાજવા યોગ્ય છે. ૪૨૭

**૪૨૮ न कर्त्ता नापि भोक्तात्मा, कापिलानां तु दर्शने ।**
**जन्यधर्माश्रयो नायं, प्रकृतिः परिणामिनी ॥४५॥**

કપિલના દર્શનમાં (સાંખ્યમતમાં) આત્મા કર્તા નથી અને ભોક્તા પણ નથી. એ (આત્મા) જન્યધર્મ-આશ્રયવાળો 'જનિત' નથી, (પરંતુ) પ્રકૃતિ પરિણામિની=જનેતા છે. ૪૨૮

**४२९ प्रथमः परिणामोऽस्या, बुद्धिर्धर्माष्टकाऽन्विता ।**
**ततोऽहङ्कार-तन्मात्रे-न्द्रिय-भूतोदयः क्रमात् ॥४६॥**

ધર્માદિ આઠ વડે યુક્ત એવી બુદ્ધિ એ એનું (પ્રકૃતિનું) પ્રથમ પરિણામ છે. ત્યાર પછી અનુક્રમે 'હું કરું છું' = અહંકાર, તન્માત્રા = વિષયો, ઇન્દ્રિયો અને ભૂતોની ઉત્પત્તિ થાય છે. ૪૨૯

**४३० चिद्रूपपुरुषो बुद्धेः सिध्येच्चैतन्यमानतः ।**
**सिद्धिस्तस्याश्चाविषयाऽ-वच्छेदनियमाञ्चितः[ता] ॥४७॥**

ચિદ્રૂપ પુરુષ ચેતન (તત્ત્વ)ની માન્યતા બુદ્ધિની સિદ્ધિ માટે છે અને તેની (ચિત્‌ની) સિદ્ધિ વિષયના અવચ્છેદના નિયમથી છે. ૪૩૦

**४३१ हेतुत्वे पुंस-प्रकृत्यर्थे-न्द्रियाणामत्र निर्वृतिः ।**
**दृष्टादृष्टविभागश्च, व्यासङ्गश्च न युज्यते ॥४८॥**

પુરુષ, પ્રકૃતિ, અર્થ અને ઇન્દ્રિયોના હેતુત્વમાં (હેતુરૂપ માનવામાં) નિર્વૃત્તિ, દૃષ્ટાદૃષ્ટ=લૌકિક-અલૌકિકનો વિભાગ અને વ્યાસંગ=એકમાં આસક્ત થવું ઘટાવી શકાશે નહિ. ૪૩૧

**४३२ स्वप्ने व्याघ्रादिसङ्कल्पा-न्नरत्वानभिमानतः ।**
**अहङ्कारश्च नियत-व्यापारः परिकल्प्यते ॥४९॥**

સ્વપ્નમાં વ્યાઘ્રાદિના સંકલ્પથી નરત્વનું અભિમાન (=જ્ઞાન) ન થતું હોવાથી નિયત વ્યાપારવાળા અહંકારની કલ્પના કરાય છે. ૪૩૨

**४३३ तन्मात्रादिक्रमस्तस्मात् प्रपञ्चोत्पत्तिहेतवे ।**
**इत्थं बुद्धिर्जगत्कर्त्री, पुरुषो न विकारभाक् ॥५०॥**

એટલે તન્માત્રાદિનો ક્રમ જગત (પ્રપંચ)ની ઉત્પત્તિ માટે છે. એ પ્રમાણે બુદ્ધિ જગતની કર્તા છે. પુરુષ (આત્મા) વિકારવાળો નથી. ૪૩૩

**४३४ पुरुषार्थोपरागौ द्वौ, व्यापारावेश एव च ।**
**अत्रांशा[शौ] वेद्म्यहं वस्तु, करोमीति च धीस्ततः॥५१॥**

પુરુષ-ઉપરાગ, અર્થ-ઉપરાગ એ બે અને વ્યાપારાવેશ એ અહીં (બુદ્ધિના) અંશો છે. તેથી વસ્તુ (પદાર્થ)ને 'હું જાણું છું અને હું કરું છું' એવી બુદ્ધિ થાય છે. ૪૩૪

**४३५ चेतनोऽहं करोमीति, बुद्ध्येर्भेदाग्रहात् स्मयः ।**
**एतन्नाशेऽनवच्छिन्नं, चैतन्यं मोक्ष इष्यते ॥५२॥**

'હું ચેતન છું, હું કરું છું' - એ પ્રમાણે બુદ્ધિના ભેદના અજ્ઞાન (અગ્રહ)ને લીધે અહંકાર (સ્મય) થાય છે. એનો (અહંકારનો અને અજ્ઞાનનો) નાશ થતાં અવચ્છેદ વિનાના ચૈતન્યને મોક્ષ કહે છે. ૪૩૫

**४३६ कर्तृबुद्धिगते दुःख-सुखे पुंस्युपचारतः ।**
**नरनाथे यथा भृत्य-गतौ जयपराजयौ ॥५३॥**

જેમ સેવકને વિશે રહેલો જયપરાજય રાજાને વિશે ઉપચારથી કહેવાય છે તેમ કર્તારૂપ બુદ્ધિને વિશે સુખદુઃખનો પુરુષને (આત્માને) વિશે ઉપચાર કરાય છે. ૪૩૬

**४३७ कर्त्ता भोक्ता च नो तस्मा-दात्मा नित्यो निरञ्जनः ।**
**अध्यासादन्यथाबुद्धि-स्तथा चोक्तं महात्मना ॥५४॥**

એટલા માટે આત્મા કર્તા કે ભોક્તા નથી. તે નિત્ય, નિરંજન છે. અધ્યાસ (મહાવરા)ને લીધે તેના પર અન્યથાબુદ્ધિ થાય છે એમ મહાત્માઓ કહે છે. ૪૩૭

**४३८ प्रकृतेः क्रियमाणानि, गुणैः कर्माणि सर्वथा ।**
**अहङ्कारविमूढात्मा, कर्त्ताहमिति मन्यते ॥५५॥**

સર્વથા પ્રકૃતિના ગુણોથી કાર્યો થાય છે. (પરંતુ) અહંકારથી વિમૂઢ થયેલો આત્મા 'હું કર્તા છું' એમ માને છે. ૪૩૮

**४३९ विचार्यमाणं नो चारु, तदेतदपि दर्शनम् ।**
**कृति-चैतन्ययोर्व्यक्तं, सामानाधिकरण्यतः ॥५६॥**

એટલે આ (સાંખ્ય) દર્શન પણ સુંદર, વિચારવા-યોગ્ય નથી, કારણ કે કૃતિ અને ચૈતન્યનું સમાન અધિકરણ (=આત્મા) સ્પષ્ટ છે. ૪૩૯

**४४० बुद्धिः कर्त्री च भोक्त्री च, नित्या चेन्नास्ति निर्वृतिः ।**
**अनित्या चेन्न संसारः प्राग्धर्मादेरयोगतः ॥५७॥**

બુદ્ધિ જો કર્તા, ભોક્તા અને નિત્ય હોય તો મોક્ષ થાય નહિ. જો એ અનિત્ય હોય તો, પૂર્વ ધર્મના અયોગથી સંસાર જ રહે નહિ. ૪૪૦

**૪૪૧ प्रकृतावेव धर्मादि-स्वीकारे बुद्धिरेवका ।**

**सुवचश्च घटादौ स्या-दीदृग्धर्म्मान्वयस्तथा ॥५८॥**

પ્રકૃતિને વિશે ધર્માદિનો સ્વીકાર કરશો તો પછી બુદ્ધિનું શું ? તો પછી ધર્માદિનો આવો સંબંધ (અન્વય) ઘટાદિમાં પણ સુખેથી કહી શકાશે. ૪૪૧

**૪૪૨ कृति-भोगौ च बुद्धेश्चेद्-बन्धो मोक्षश्च नात्मनः ।**

**ततश्चात्मानमुद्दिश्य, कूटमेतद्यदुच्यते ॥५९॥**

કર્તાપણું અને ભોક્તાપણું બુદ્ધિને જ હોય તો આત્માને બંધ અને મોક્ષ રહેશે નહિ. તો પછી આત્માને ઉદ્દેશીને જે કહ્યું તે મિથ્યા થશે. જેમ કે- ૪૪૨

**૪૪૩ "पञ्चविंशतितत्त्वज्ञो, यत्र तत्राऽऽश्रमे रतः ।**

**जटी मुण्डी शिखी चापि, मुच्यते नात्र संशयः" ॥६०॥**

પચીસ તત્ત્વને જાણનારો મનુષ્ય કોઈ પણ આશ્રમને વિશે આસક્ત હોય, તે જટાવાળો, મુંડનવાળો કે પછી શિખાવાળો (ચોટલીવાળો) હોય, તો પણ મુક્તિ પામે છે તેમાં સંશય નથી. ૪૪૩

**૪૪૪ एतस्य चोपचारत्वे, मोक्षशास्त्रं वृथाखिलम् ।**

**अन्यस्य हि विमोक्षार्थे, न कोऽप्यन्यः प्रवर्तते ॥६१॥**

અને જો એનો ઉપચાર કરશો તો (તમારું) સમગ્ર મોક્ષશાસ્ત્ર વૃથા થશે. અન્યના મોક્ષ માટે વળી અન્ય કોઈ પ્રવૃત્તિ કરતું નથી. ૪૪૪

४४५ कापिलानां मते तस्मा-दस्मिन्नैवोचिता रतिः ।
यत्रानुभवसंसिद्धः, कर्त्ता भोक्ता च लुप्यते ॥६२॥

એટલે આ કપિલના મતમાં પ્રીતિ કરવી યોગ્ય નથી, કારણ કે એમાં અનુભવસિદ્ધ એવું આત્માનું 'કર્તાપણું અને ભોક્તાપણું' લુપ્ત કરાયું છે. ૪૪૫

४४६ नास्ति निर्वाणमित्याहु-रात्मनः केऽप्यबन्धतः ।
प्राक्-पश्चाद्-युगपद् वापि, कर्म्मबन्धाव्यवस्थितेः ॥६३॥

આત્માને બંધ ન હોવાથી મોક્ષ છે જ નહિ એમ કેટલાક કહે છે, કારણ કે પહેલાં, પછીથી અથવા એકસાથે આત્માને કર્મબંધની અવ્યવસ્થા છે. ૪૪૬

४४७ अनादिर्यदि सम्बन्ध, इष्यते जीव-कर्मणोः ।
तदानन्त्यान्न मोक्षः स्यात्-तदात्माकाशयोगवत् ॥६४॥

જો જીવ અને કર્મનો સંબંધ અનાદિ કહેશો તો આત્મા અને આકાશના સંબંધની જેમ તે અનંત થશે, જેથી મોક્ષ નહિ ઘટે. ૪૪૭

४४८ तदेतदत्यसम्बद्धं, यन्मिथो हेतुकार्ययोः ।
सन्तानानादिता बीजाङ्कुरवत् देह-कर्मणोः ॥६५॥

તેથી એમ કહેવું અસંબદ્ધ છે, કારણ કે બીજ અને અંકુર પ્રમાણે દેહ અને કર્મનો જેમ અનાદિ સંબંધ છે, તેમ કારણ (હેતુ) અને કાર્યનો પરસ્પર સંબંધ છે. ૪૪૮

૪૪૯ **कर्त्ता कर्मान्वितो देहे, जीवः कर्मणि देहयुक् ।**
**क्रियाफलोपभुक् कुम्भे, दण्डान्वितकुलालवत् ॥६६॥**

જેમ દંડવાળો હોય તો જ કુંભાર કુંભની ક્રિયાનું ફળ=કુંભનિર્માણ ભોગવે છે તેમ કર્મ સહિત જીવ દેહનો કર્તા બને છે અને દેહયુક્ત એ (જીવ) કર્મફળનો ભોક્તા બને છે. ૪૪૯

૪૫૦ **अनादिसन्ततेर्नाशः, स्याद् बीजाङ्कुरयोरिव ।**
**कुकुट्यण्डकयोः स्वर्ण-मलयोरिव चानयोः ॥६७॥**

બીજ અને અંકુરની જેમ, કુકડી અને ઈંડાની જેમ, તથા સુવર્ણ અને તેના મેલની જેમ આ અનાદિ સંતતિનો નાશ થાય છે. ૪૫૦

૪૫૧ **भव्येषु च व्यवस्थेयं, सम्बन्धो जीव-कर्मणोः ।**
**अनाद्यनन्तोऽभव्यानां, स्यादात्माकाशयोगवत् ॥६८॥**

આ વ્યવસ્થા ભવ્ય જીવોને વિશે છે. અભવ્યો વિશે તો જીવ અને કર્મનો સંબંધ, આકાશ અને આત્માના યોગની જેમ અનાદિ અને અનંત છે. ૪૫૧

૪૫૨ **द्रव्यभावे समानेऽपि, जीवाऽजीवत्वभेदवत् ।**
**जीवभावे समानेऽपि भव्याऽभव्यत्वयोर्भिदा ॥६९॥**

જેમ દ્રવ્યભાવ સમાન હોવા છતાં પણ જીવત્વ અને અજીવત્વનો ભેદ છે, તેમ જીવભાવ સમાન હોવા છતાં પણ ભવ્યત્વ અને અભવ્યત્વનો ભેદ છે. ૪૫૨

**૪૫૩ स्वाभाविकं च भव्यत्वं, कलशप्रागभाववत् ।**
**नाशकारणसाम्राज्याद् विनश्यन्न विरुध्यते ॥७०॥**

કળશ (ઘટ)ના પ્રાગભાવ ઉત્પન્ન થયા પૂર્વેનો અભાવ)ની જેમ નાશના કારણની સામગ્રીને લીધે સ્વાભાવિક ભવ્યત્વનો નાશ થવાથી કોઈ વિરોધ આવતો નથી. ૪૫૩

**૪૫૪ भव्योच्छेदो न चैवं स्याद्-गुर्वानन्त्यान्नभोंऽशवत् ।**
**प्रतिमादलवत् क्वापि, फलाभावेपि योग्यता ॥७१॥**

આકાશના પ્રદેશોની જેમ મોટા અનંતવાળા ભવ્ય જીવોનો ઉચ્છેદ થશે નહિ. કદાચ ફળનો અભાવ હોય તો પણ પ્રતિમા થાય તેવા દળની તેમાં યોગ્યતા છે. ૪૫૪

**૪૫૫ नैतद् वयं वदामो यद्-भव्यः सर्वोऽपि सिध्यति ।**
**यस्तु सिध्यति सोऽवश्यं, भव्य एवेति नो मतम् ॥७२॥**

સર્વ ભવ્ય જીવો સિદ્ધગતિ (મોક્ષ) પામે છે એવું અમારું કહેવું નથી, પરંતુ જે જીવો સિદ્ધગતિ પામે છે તે અવશ્ય ભવ્ય છે એવો અમારો મત છે. ૪૫૫

**૪૫૬ ननु मोक्षेऽपि जन्यत्वाद् विनाशिनी भवस्थितिः ।**
**नैवं प्रध्वंसवत् तस्या-निधनत्वव्यवस्थितेः ॥७३॥**

વસ્તુતઃ મોક્ષમાં તે (આત્મા) ઉત્પન્ન થાય છે માટે તેની ભવસ્થિતિ વિનાશી છે ? ના, એમ નથી. પ્રધ્વંસની જેમ એનું અવિનાશપણું (અનિધનત્વ) વ્યવસ્થિત છે. ૪૫૬

**૪૫૭ आकाशस्येव वैविक्त्यात्, मुद्गरादेर्घटक्षये ।**
**ज्ञानादेः कर्मणो नाशे, नात्मनो जायतेऽधिकम् ॥७४॥**

મુદ્ગરાદિ વડે ઘટનો ક્ષય થવાથી પૃથકપણાને કારણે જેમ આકાશની (વૃદ્ધિ થતી નથી), તેમ જ્ઞાનાદિ વડે કર્મનો નાશ થવાથી આત્માની અધિકતા થતી નથી. ૪૫૭

**૪૫૮ न च कर्माणुसम्बन्धान्मुक्तस्यापि न मुक्तता ।**
**योगानां बन्धहेतूना-मपुनर्भवसम्भवात् ॥७५॥**

કર્મના પરમાણુઓના સંબંધને કારણે મુક્તિ પામેલાની પણ મુક્તિ નથી, એવું નથી, કારણ કે બંધના હેતુરૂપ યોગોની ત્યાં ફરીથી ઉત્પત્તિનો સંભવ (=શક્યતા) નથી. ૪૫૮

**૪૫૯ सुखस्य तारतम्येन, प्रकर्षस्यापि सम्भवात् ।**
**अनन्तसुखसंवित्ति-र्मोक्षः सिध्यति निर्भयः ॥७६॥**

'સુખમાં તરતમતા છે' માટે કોઈક પ્રકૃષ્ટ સુખનો સંભવ છે. એટલે જ જેમાં અનંત સુખનું જ્ઞાન થાય છે એવો મોક્ષ પ્રમાણ વગેરેની આપત્તિ વિના સિદ્ધ થાય છે. ૪૫૯

**૪૬૦ वचनं नास्तिकाभाना-मात्मसत्तानिषेधकम् ।**
**भ्रान्तानां तेन नाऽऽदेयं, परमार्थगवेषिणा ॥७७॥**

એટલા માટે નાસ્તિકો જેવી ભ્રાન્તિવાળાઓનું, મોક્ષની સત્તાનો નિષેધ કરતું વચન પરમાર્થની ગવેષણા કરનારાઓએ આવકારવું નહિ. ૪૬૦

૪૬૧ न मोक्षोपाय इत्याहु-रपरे नास्तिकोपमाः ।
कार्यमस्ति न हेतुश्चे-त्येषा तेषां कदर्थना ॥७८॥

નાસ્તિક જેવા બીજા કેટલાક કહે છે કે મોક્ષનો ઉપાય નથી. 'કાર્ય છે, પણ તેનો હેતુ નથી' એવું તેમનું કહેવું એ કદર્થના છે. ૪૬૧

૪૬૨ अकस्मादेव भवती-त्यलीकं नियतावधेः ।
कादाचित्कस्य दृष्टत्वाद्-बभाषे तार्किकोऽप्यदः ॥७९॥

અવધિ નિયત હોવાથી એકાએક (અકસ્માત્) જ મોક્ષ થાય છે એમ કહેવું અસત્ય છે. એવું કોઈકનું કદાચિત્ જોયું હોવાથી તાર્કિક પણ એ પ્રમાણે કહે છે. જેમ કે- ૪૬૨

૪૬૩ "हेतुभूतिनिषेधो न, स्वानुपाख्याविधिर्न च ।
स्वभाववर्णना नैव-मवधेर्नियतत्वतः" ॥८०॥

અવધિ નિયત છે. તો પણ હેતુભૂત સામગ્રીનો નિષેધ નથી, સ્વના અનુપાખ્યા આત્માનાં અભાવ]નો વિધિ નથી તથા સ્વભાવ-વર્ણના નથી. ૪૬૩

૪૬૪ न च सार्वदिको मोक्षः, संसारस्यापि दर्शनात् ।
न चेदानीं न तद्व्यक्ति-र्व्यञ्जको हेतुरेव यत् ॥८१॥

સંસારનું દર્શન થાય છે તેથી મોક્ષ સાર્વત્રિક નથી. તેની (મોક્ષની) અભિવ્યક્તિ થતી નથી એવું નથી. તેનો (મોક્ષનો) હેતુ (રત્નત્રયી) તો અભિવ્યંજક છે. ૪૬૪

**૪૬૫ मोक्षोपायोऽस्तु किन्त्वस्य, निश्चयो नेति चेन्मतम् ।**
**तन्न रत्नत्रयस्यैव, तथा भावविनिश्चयात् ॥८२॥**

મોક્ષનો ઉપાય ભલે હોય, પરંતુ તે ઉપાયનો નિશ્ચય નથી એવો જો મત હોય, તો પણ તેમ માનવું યોગ્ય નથી, કારણ કે રત્નત્રયીના એવા ભાવનો વિનિશ્ચય છે. ૪૬૫

**૪૬૬ भवकारणरागादि-प्रतिपक्षमदः खलु ।**
**तद्विपक्षस्य मोक्षस्य, कारणं घटतेतराम् ॥**

આ (રત્નત્રય) સંસારના કારણરૂપ રાગાદિના પ્રતિપક્ષ છે. એટલે તે (રત્નત્રય) સંસારનાં વિપક્ષરૂપ મોક્ષનું કારણ છે એ સર્વ રીતે ઘટે છે. ૪૬૬

**૪૬૭ अथ रत्नत्रयप्राप्तेः, प्राक् कर्म्मलघुता यथा ।**
**परतोऽपि तथैव स्या-दिति किं तदपेक्षया ॥८४॥**

જેમ રત્નત્રયીની પ્રાપ્તિ પહેલાં કર્મની લઘુતા થાય છે. તેમ તે પ્રમાણે તે (મોક્ષ) માટે બીજું પણ હશે. માટે તેની (રત્નત્રયીની) અપેક્ષા શા માટે ? ૪૬૭

**૪૬૮ नैवं यत् पूर्वसेवैव, मृद्वी नो साधनक्रिया ।**
**सम्यक्त्वादिक्रिया तस्माद्, दृढैव शिवसाधनम् ॥८५॥**

પૂર્વસેવા આદિ મૃદુ હોવાથી મોક્ષ સાધનની ક્રિયા નથી. એટલે સમ્યક્ત્વાદિ દૃઢ ક્રિયા જ મોક્ષસાધનામાં સમર્થ છે. ૪૬૮

**૪૬૯ गुणाः प्रादुर्भवन्त्युच्चै-रथवा कर्मलाघवात् ।**
**तथाभव्यतया तेषां, कुतोऽपेक्षानिवारणम् ॥८६॥**

તથાભવ્યત્વથી અથવા કર્મલાઘવથી ઉચ્ચ ગુણોનો પ્રાદુર્ભાવ થાય છે. તો પછી શા માટે એની મુક્તિમાં અપેક્ષા નથી રાખતા ? ૪૬૯

**૪૭૦ तथाभव्यतयाक्षेपाद्-गुणा न च न हेतवः ।**
**अन्योन्यसहकारित्वाद्, दण्डचक्रभ्रमादिवत् ॥८७॥**

જેમ (ઘટને વિશે) દંડ, ચક્ર, ભ્રમણ વગેરે અન્યોન્ય સહકારી હોવાથી તે (હેતુઓ) છે તેમ તથાભવ્યતાના આક્ષેપથી (ખેંચાઈ આવવાથી) ગુણો (મોક્ષના) હેતુઓ નથી એમ નથી. હેતુઓ છે જ. ૪૭૦

**૪૭૧ ज्ञानदर्शनचारित्राण्युपायास्तद्भवक्षये ।**
**एतन्निषेधकं वाक्यं, त्याज्यं मिथ्यात्ववृद्धिकृत् ॥८८॥**

એટલે ભવ (સંસાર)ના ક્ષય માટે જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ઉપાયો છે. એનો નિષધ કરનારું વાક્ય, મિથ્યાત્વની વૃદ્ધિ કરનાર હોવાથી ત્યાજ્ય છે. ૪૭૧

**૪૭૨ मिथ्यात्वस्य पदान्येतान्युत्सृज्योत्तमधीधनः**
**भावयेत् प्रातिलोम्येन, सम्यक्त्वस्य पदानि षट् ॥८९॥**

ઉત્તમ બુદ્ધિરૂપી ધનવાળાએ મિથ્યાત્વનાં આ પદોને ત્યજીને તેનાથી ઊલટાં એવાં સમ્યક્ત્વનાં છ પદોની ભાવના કરવી. ૪૭૨

**મિથ્યાત્વત્યાગ અધિકાર સંપૂર્ણ.**

**॥ इति अध्यात्मसारे मिथ्यात्वत्यागाधिकारः ॥१३॥**

## चतुर्दशोऽसद्ग्रहत्यागाधिकारः ।

૪૭૩ मिथ्यात्वदावानलनीरवाह-

मसद्ग्रहत्यागमुदाहरन्ति ।

अतो रतिस्तत्र बुधैर्विधेया,

विशुद्धभावैः श्रुतसारवद्भिः ॥१॥

મિથ્યાત્વરૂપી દાવાનળમાં અસદ્ગ્રહના ત્યાગને મેઘ સમાન કહેલો છે. એટલે વિશુદ્ધ ભાવવાળા અને શ્રુતના સારને જાણનારા પ્રાજ્ઞજનોએ તેમાં (અસદ્ગ્રહના ત્યાગમાં) પ્રીતિ કરવી જોઈએ. ૪૭૩

૪૭૪ असद्ग्रहाग्निज्वलितं यदन्तः,

क्व तत्र तत्त्वव्यवसायवल्लिः ।

प्रशान्तिपुष्पाणि हितोपदेश-

फलानि चान्यत्र गवेषयन्तु ॥२॥

જેનું હૃદય અસદ્ગ્રહરૂપી અગ્નિથી બળી ગયેલું છે તેમાં તત્ત્વજ્ઞાનના વ્યવસાયરૂપી વેલ, શાન્તિરૂપી પુષ્પો અને હિતોપદેશરૂપી ફળો ક્યાંથી હોય ? માટે તેની શોધ અન્યત્ર (=સદ્ગ્રહમાં) કરવી જોઈએ. ૪૭૪

૪૭૫ अधीत्य किञ्चिच्च निशम्य किञ्चि-
दसद्ग्रहात् पण्डितमानिनो ये ।
मुखं सुखं चुम्बितमस्तु वाचो,
लीलारहस्यं तु न तैर्जगाहे ॥३॥

થોડુંક ભણીને અને થોડુંક સાંભળીને જેઓ અસદ્ગ્રહને લીધે પોતાની જાતને પંડિત માને છે તેઓ ભલે વાણીના મુખને (=ઉપરછલ્લી વાણી) સુખેથી ચુંબન કરે, પરંતુ તેની લીલાનું રહસ્ય તેઓ પામ્યા નથી. ૪૭૫

૪૭૬ असद्ग्रहोत्सर्पदतुच्छदर्पै-
र्बोधांशतोऽन्धीकृतमुग्धलोकैः ।
विडम्बिता हन्त जडैर्वितण्डा-
पाण्डित्यकण्डूलतया त्रिलोकी ॥४॥

અસદ્ગ્રહથી જેમનો ભારે ગર્વ ઊછળી રહ્યો છે તથા જ્ઞાનના અંશમાત્રથી જેઓએ મુગ્ધ લોકોને અંધ કર્યા છે એવા જડ માણસોએ વિતંડાવાદી પાંડિત્યરૂપી ખુજલી વડે, અરેરે, ત્રણે લોકની વિડંબના કરી છે. ૪૭૬

૪૭૭ विधोर्विवेकस्य न यत्र दृष्टि-
स्तमोघनं तत्त्वरविर्विलीनः ।
अशुक्लपक्षस्थितिरेष नून-
मसद्ग्रहः कोऽपि कुहूविलासः ॥५॥

જેમાં તત્ત્વરૂપી સૂર્ય વિલીન થઈ ગયો છે, વિવેકરૂપી ચન્દ્રનું દર્શન થતું નથી તથા ગાઢ અંધકાર છવાઈ ગયો છે એવી કૃષ્ણપક્ષની રાત્રિની સ્થિતિના વિલાસ જેવો આ અસદ્ગ્રહ છે. ૪૭૭

૪૭૮ **कुतर्कदात्रेण लुनाति तत्त्व-**
**वल्लीं रसात् सिञ्चति दोषवृक्षम् ।**
**क्षिपत्यधः स्वादुफलं शमाख्य-**
**मसद्ग्रहच्छन्नमतिर्मनुष्यः ॥६॥**

અસદ્ગ્રહથી આચ્છાદિત બુદ્ધિવાળો મનુષ્ય કુતર્કરૂપી દાતરડા વડે તત્ત્વરૂપી લતાને છેદે છે, દોષરૂપી વૃક્ષને રસપૂર્વક સિંચે છે અને શમ નામના સ્વાદિષ્ટ ફળને નીચે ફેંકી દે છે. ૪૭૮

૪૭૯ **असद्ग्रहग्रावमये हि चित्ते,**
**न क्वापि सद्भावरसप्रवेशः ।**
**इहाङ्कुरश्चेन्न विशुद्धबोधः,**
**सिद्धान्तवाचां बत कोऽपराधः ॥७॥**

અસદ્ગ્રહરૂપી પાષાણમય ચિત્તમાં ક્યારેય પણ સદ્ભાવરૂપી રસનો જો પ્રવેશ ન થતો હોય, તો એમાં વિશુદ્ધ બોધરૂપ અંકુર તો ફૂટે જ નહિ. તો પછી કહો એમાં સિદ્ધાન્તની વાણીનો શો અપરાધ ? ૪૭૯

૪૮૦ व्रतानि चीर्णानि तपोऽपि तप्तं,
कृता प्रयत्नेन च पिण्डशुद्धिः ।
अभूत् फलं यत्तु न निह्नवाना-
मसद्ग्रहस्यैव हि सोऽपराधः ॥८॥

વ્રતો કર્યાં, તપશ્ચર્યાઓ કરી અને પ્રયત્નપૂર્વક પિંડવિશુદ્ધિ પણ કરી, તો પણ નિહ્નવોને તેનું ફળ મળ્યું નહિ. એમાં ખરેખર તો અસદ્ગ્રહનો જ અપરાધ છે. ૪૮૦

૪૮૧ स्थालं स्वबुद्धिः सुगुरोश्च दातु-
रुपस्थिता काचन मोदकाली ।
असद्ग्रहः कोऽपि गलेग्रहीता,
तथापि भोक्तुं न ददाति दुष्टः ॥९॥

પોતાની બુદ્ધિરૂપી થાળ છે. તેમાં સુગુરુરૂપી દાતાર દ્વારા કેટલાયે મોદકો પ્રાપ્ત થયા છે. પરંતુ ગળે લાગેલો કોઈક દુષ્ટ અસદ્ગ્રહ ભોજન કરવા દેતો નથી. ૪૮૧

૪૮૨ गुरुप्रसादीक्रियमाणमर्थं,
गृह्णाति नासद्ग्रहवांस्ततः किम् ।
द्राक्षा हि साक्षादुपनीयमाना,
क्रमेलकः कण्टकभुङ् न भुङ्क्ते ॥१०॥

અસદ્ગ્રહી માણસ ગુરુએ પ્રસાદીરૂપે અપાતા અર્થને ગ્રહણ કરે નહિ તેથી શું થયું ? કાંટાને ખાનારો ઊંટ, નજર સામે રાખવામાં આવેલી દ્રાક્ષ ખાતો નથી. ૪૮૨

૪૮૩ असद्ग्रहात् पामरसङ्गतिं ये,
कुर्वन्ति तेषां न रतिर्बुधेषु ।
विष्ठासु पुष्टाः किल वायसा नो,
मिष्टान्ननिष्ठाः प्रसभं भवन्ति ॥११॥

અસદ્ગ્રહને લીધે જેઓ પામર માણસોની સંગતિ કરે છે તેઓને વિદ્વાનો ઉપર પ્રીતિ થતી નથી. વિષ્ટા ખાઈને પુષ્ટ થયેલા કાગડાઓ મિષ્ટાન્નમાં બિલકુલ રસ ધરાવતા નથી. ૪૮૩

૪૮૪ नियोजयत्येव मतिं न युक्तौ,
युक्तिं मतौ यः प्रसभं नियुङ्क्ते ।
असद्ग्रहादेव न कस्य हास्यो-
ऽजले घटारोपणमादधानः ॥१२॥

યુક્તિને વિશે જે પોતાની બુદ્ધિને જોડતો નથી, પરંતુ પોતાની બુદ્ધિને વિશે યુક્તિને બળાત્કારે યોજે છે તે અસદ્ગ્રહી મૃગજળમાં ઘડો નાખનારની જેમ કોને હાંસી કરવા યોગ્ય ન થાય ? ૪૮૪

૪૮૫ असद्ग्रहो यस्य गतो न नाशं,
न दीयमानं श्रुतमस्य शस्यम् ।
न नाम वैकल्यकलङ्कितस्य,
प्रौढा प्रदातुं घटते नृपश्रीः ॥१३॥

જેનો અસદ્ગ્રહ નાશ પામ્યો ન હોય તેને શ્રુતજ્ઞાન આપવું પ્રશસ્ય નથી, કારણ કે વિકળતાથી (શારીરિક ખોડથી) કલંકિત થયેલાને મોટી રાજ્યલક્ષ્મી આપવી ઘટતી નથી. ૪૮૫

૪૮૬ **आमे घटे वारि धृतं यथा सद्-**
**विनाशयेत् स्वं च घटं च सद्यः ।**
**असद्ग्रहग्रस्तमतेस्तथैव,**
**श्रुतात् प्रदत्तादुभयोर्विनाशः ॥१४॥**

જેમ કાચા ઘડામાં ભરેલું પાણી પોતાનો તથા ઘડાનો તત્કાળ નાશ કરે છે, તેમ જેની બુદ્ધિ અસદ્ગ્રહથી ગ્રસ્ત છે તેને શ્રુતજ્ઞાન આપવાથી તે બંનેનો વિનાશ થાય છે. ૪૮૬

૪૮૭ **असद्ग्रहग्रस्तमतेः प्रदत्ते,**
**हितोपदेशं खलु यो विमूढः ।**
**शुनीशरीरे स महोपकारी,**
**कस्तूरीकालेपनमादधाति ॥१५॥**

જેની બુદ્ધિ અસદ્ગ્રહથી ગ્રસ્ત છે એવાને જો કોઈ મૂઢ પુરુષ હિતોપદેશ આપે તો તે (ઉપદેશ) મહાઉપકારી હોવા છતાં કૂતરીના શરીર પર કસ્તૂરીનો લેપ કરે છે. ૪૮૭

૪૮૮ **कष्टेन लब्धं विशदागमार्थं,**
**ददाति योऽसद्ग्रहदूषिताय ।**
**स खिद्यते यत्नशतोपनीतं,**
**बीजं वपन्नूषरभूमिदेशे ॥१६॥**

જે માણસ કષ્ટથી મેળવેલા આગમના વિશદ અર્થને અસદ્ગ્રહથી દૂષિત હોય તેવાને આપે છે તે સેંકડો પ્રયત્નથી પ્રાપ્ત કરેલા બીજને ક્ષારવાળી ભૂમિમાં વાવીને ખેદ પામે છે. ૪૮૮

૪૮૯ शृणोति शास्त्राणि गुरोस्तदाज्ञां,
करोति नासद्ग्रहवान् कदाचित् ।
विवेचकत्वं मनुते त्वसार-
ग्राही भुवि स्वस्य च चालनीवत् ॥१७॥

અસદ્ગ્રહી માણસ કદાચિત્ ગુરુ પાસેથી શાસ્ત્રોનું અધ્યયન કરે છે, પરંતુ તેમની આજ્ઞામાં રહેતો નથી અને તે પોતાને વિવેચક માને છે, પણ વસ્તુતઃ જગતમાં તે પોતાને માટે તો ચાળણીની જેમ અસારને ગ્રહણ કરવાવાળો હોય છે. ૪૮૯

૪૯૦ दम्भाय चातुर्यमघाय शास्त्रं,
प्रतारणाय प्रतिभापटुत्वम् ।
गर्वाय धीरत्वमहो गुणाना-
मसद्ग्रहस्थे विपरीतसृष्टिः ॥१८॥

અહો, અસદ્ગ્રહીના ગુણોની કેવી વિપરીત સૃષ્ટિ છે! તેનું ચાતુર્ય દંભ માટે છે, તેનું શાસ્ત્રાધ્યયન પાપ માટે થાય છે, બુદ્ધિની પટુતા છેતરવા માટે થાય છે અને ધીરપણું ગર્વ માટે થાય છે. ૪૯૦

**४९१ असद्ग्रहस्थेन समं समन्तात्**
**सौहार्दभृद् दुःखमवैति तादृग् ।**
**उपैति यादृक्कदली कुवृक्ष-**
**स्फुटत्त्रुटत्कण्टककोटिकीर्णा ॥१९॥**

ખરાબ વૃક્ષના ફૂટતા અને તૂટતા એવા કાંટા ભોંકાવાથી જેમ કેળ દુઃખ પામે છે તેમ અસદ્ગ્રહીની સાથે મૈત્રી કરનાર દુઃખ પામે છે. ૪૯૧

**४९२ विद्या विवेको विनयो विशुद्धिः,**
**सिद्धान्तवाल्लभ्यमुदारता च ।**
**असद्ग्रहाद् यान्ति विनाशमेते,**
**गुणास्तृणानीव कणाद्दवाग्नेः ॥२०॥**

દાવાનળના તણખાથી જેમ ઘાસ નાશ પામે છે તેમ અસદ્ગ્રહથી વિદ્યા, વિવેક, વિનય, વિશુદ્ધિ, સિદ્ધાન્ત માટેની પ્રીતિ અને ઉદારતા - આ ગુણો નાશ પામે છે. ૪૯૨

**४९३ स्वार्थः प्रियो नो गुणवांस्तु कश्चिन्-,**
**मूढेषु मैत्री न तु तत्त्ववित्सु ।**
**असद्ग्रहापादितविभ्रमाणां,**
**स्थितिः किलासावधमाऽधमानाम् ॥२१॥**

અસદ્ગ્રહમાં વિભ્રમ પામેલા અધમાધમ માણસોની સ્થિતિ એવી હોય છે કે તેઓને કોઈ ગુણવાન વ્યક્તિ નહિ,

પણ સ્વાર્થ પ્રિય લાગે છે અને તેઓ તત્ત્વવેત્તાઓની સાથે નહિ પણ મૂર્ખ માણસો સાથે મૈત્રી રાખે છે. ૪૯૩

૪૧૪ इदं विदंस्तत्त्वमुदारबुद्धि-
रसद्ग्रहं यस्तृणवज्जहाति ।
जहाति नैनं कुलजेव योषिद्-
गुणानुरक्ता दयितं यशःश्रीः ॥२२॥

આમ તત્ત્વને જાણનાર જે ઉદાર બુદ્ધિવાળો તૃણની જેમ અસદ્ગ્રહનો ત્યાગ કરે છે તેનો, ગુણાનુરાગી યશલક્ષ્મી, કુળવાન સ્ત્રીની જેમ, ત્યાગ કરતી નથી. ૪૯૪

અસદ્ગ્રહત્યાગ અધિકાર સંપૂર્ણ.

॥ इति अध्यात्मसारेऽसद्ग्रहत्यागाधिकारः ॥१४॥

इति श्रीनयविजयगणिशिष्य न्यायविशारद
श्रीयशोविजयोपाध्यायविरचितेऽध्यात्मसारप्रकरणे चतुर्थः प्रबन्ध

# पञ्चदशो योगाधिकारः

४९५ असद्ग्रहव्ययाद् वान्त-मिथ्यात्वविषविप्रुषः ।
सम्यक्त्वशालिनोऽध्यात्म-शुद्धेर्योगः प्रसिध्यति ॥१॥

અસદ્ગ્રહના નાશથી મિથ્યાત્વરૂપી વિષનાં બિંદુઓ (વિપ્રુષ)નું જેમણે વમન કર્યું છે એવા સમ્યક્ત્વથી શોભનારને અધ્યાત્મની શુદ્ધિથી યોગ સિદ્ધ થાય છે. ૪૯૫

४९६ कर्मज्ञानविभेदेन, स द्विधा तत्र चादिमः ।
आवश्यकादिविहित-क्रियारूपः प्रकीर्त्तितः ॥२॥

કર્મ અને જ્ઞાનના ભેદને લીધે તે (યોગ) બે પ્રકારનો છે. તેમાં પહેલો (કર્મયોગ) આવશ્યકાદિ ક્રિયા કરવારૂપ કહ્યો છે. ૪૯૬

४९७ शारीरस्पन्दकर्मात्मा, यदयं पुण्यलक्षणम् ।
कर्माऽऽतनोति सद्रागात्, कर्मयोगस्ततः स्मृतः ॥३॥

શરીરના સ્પંદરૂપી કર્મવાળો આ આત્મા સારા રાગને લીધે પુણ્યના લક્ષણવાળી ક્રિયાઓ કરે છે. તેથી તેને 'કર્મયોગ' કહેવામાં આવે છે. ૪૯૭

४९८ आवश्यकादिरागेण, वात्सल्याद् भगवद्गिराम् ।
प्राप्नोति स्वर्गसौख्यानि, न याति परमं पदम् ॥४॥

આવશ્યકાદિ (ક્રિયાઓ) પરના રાગથી તથા જિનેશ્વરની વાણી પ્રત્યેના વાત્સલ્યભાવથી પણ (જીવ) સ્વર્ગનાં સુખો પ્રાપ્ત કરે છે. પણ પરમ પદ (મોક્ષ)ને પામતો નથી. ૪૯૮

**૪૯૯ ज्ञानयोगस्तपःशुद्ध-मात्मरत्येकलक्षणम् ।**
**इन्द्रियार्थोन्मनीभावात्, स मोक्षसुखसाधकः ॥५॥**

જ્ઞાનયોગ શુદ્ધ તપ છે. આત્મરતિ તેનું એક લક્ષણ છે. ઇન્દ્રિયોના વિષયો પરત્વે ઉન્મની નિરીહભાવને લીધે તે (જ્ઞાનયોગ) મોક્ષસુખનો સાધક છે. ૪૯૯

**૫૦૦ न परप्रतिबन्धोऽस्मि-न्नल्पोऽप्येकात्मवेदनात् ।**
**शुभं कर्मापि नैवात्र, व्याक्षेपायोपजायते ॥६॥**

એમાં કેવળ આત્માનું વેદન હોવાથી બીજો કોઈ પ્રતિબંધ હોતો નથી. અહીં (જ્ઞાનયોગમાં) શુભ ક્રિયા પણ વ્યાક્ષેપ (વિક્ષેપ) ઉપજાવતી નથી. ૫૦૦

**૫૦૧ न ह्यप्रमत्तसाधूनां, क्रियाप्यावश्यकादिका ।**
**नियता ध्यानशुद्धत्वाद्, यदन्यैरप्यदः स्मृतम् ॥७॥**

ધ્યાનથી જ શુદ્ધ હોવાને કારણે અપ્રમત્ત સાધુઓની આવશ્યકાદિ ક્રિયા નિયત હોતી નથી. અન્ય દર્શનીઓએ એમ પણ કહ્યું છે. જેમ કે- ૫૦૧

**૫૦૨ "यस्त्वात्मरतिरेव स्या-दात्मतृप्तश्च मानवः ।**
**आत्मन्येव च संतुष्ट-स्तस्य कार्यं न विद्यते" ॥८॥**

જે માનવને આત્મમાં જ રતિ હોય, જે આત્મામાં જ તૃપ્ત હોય અને આત્મામાં જ સ્તુષ્ટ હોય તેને કાર્ય કરવાનું રહેતું નથી. ૫૦૨

**५०३ नैवं तस्य कृतेनार्थो, नाकृतेनेह कश्चन ।**
**न चास्य सर्वभूतेषु, कश्चिदर्थव्यपाश्रयः ॥९॥**

તેને આ લોકમાં કરવાનું કંઈ પ્રયોજન હોતું નથી, તેમ ન કરવાનું પણ કંઈ (પ્રયોજન) હોતું નથી. તથા સર્વ ભૂતોને વિશે પણ તેને કંઈ વ્યપાશ્રય (સ્વાર્થ કે મોહ) હોતો નથી. ૫૦૩

**५०४ अवकाशो निषिद्धोऽस्मिन्, न रत्यानन्दयोरपि ।**
**ध्यानावष्टम्भतः क्वाऽस्तु, तत्क्रियाणां विकल्पनम् ॥१०॥**

એમાં (ધ્યાનમાં) અરતિ અને આનંદનો અવકાશ પણ નિષિદ્ધ છે. તો પછી ધ્યાનના અવલંબનથી તે ક્રિયાઓનો વિકલ્પ જ ક્યાંથી હોય ? ૫૦૪

**५०५ देहनिर्वाहमात्रार्था, यापि भिक्षाटनादिका ।**
**क्रिया सा ज्ञानिनोऽसङ्गा-न्नैव ध्यानविघातिनी ॥११॥**

માત્ર દેહના નિર્વાહ અર્થે ભિક્ષાટનાદિ જે ક્રિયા છે તે અસંગપણાને કારણે જ્ઞાનીના ધ્યાનનો વિઘાત કરનારી થતી નથી. ૫૦૫

**૫૦૬ रत्नशिक्षादृगन्या हि, तन्नियोजनदृग् यथा ।**
**फलभेदात् तथाचार-क्रियाप्यस्य विभिद्यते ॥१२॥**

રત્નના અભ્યાસવેળાની દૃષ્ટિ જુદી હોય છે અને તેના નિયોજન (ઉપયોગ) વખતની દૃષ્ટિ જુદી હોય છે. તેવી રીતે એમની (જ્ઞાનીની) આચારક્રિયા પણ ફળના ભેદને લીધે ભિન્ન-ભિન્ન હોય છે. ૫૦૬

**૫૦૭ ध्यानार्था हि क्रिया सेयं, प्रत्याहृत्य निजं मनः ।**
**प्रारब्धजन्मसङ्कल्पा-दात्मज्ञानाय कल्पते ॥१३॥**

આ ક્રિયા પણ ધ્યાનને માટે જ છે. તે (જ્ઞાનયોગી) પોતાના મનને પાછું વાળીને, પ્રારબ્ધ-જન્મના સંકલ્પને કારણે, આત્મજ્ઞાન માટે તેને (ક્રિયાને) ઉપયોગમાં લે છે. ૫૦૭

**૫૦૮ स्थिरीभूतमपि स्वान्तं, रजसा चलतां व्रजेत् ।**
**प्रत्याहृत्य निगृह्णाति, ज्ञानी यदिदमुच्यते ॥१४॥**

સ્થિર થયેલું મન રજોગુણથી ચંચળતા પામે છે. જ્ઞાની તેને પાછું ખેંચીને તેનો નિગ્રહ કરે છે, જે વિશે અહીં કહેવાયું છે. ૫૦૮

**૫૦૯ शनैः शनैरुपरमेद्, बुद्ध्या धृतिगृहीतया ।**
**आत्मसंस्थं मनः कृत्वा, न किञ्चिदपि चिन्तयेत् ॥१५॥**

ધૃતિ વડે ગ્રહણ કરેલી બુદ્ધિથી હળવે હળવે વિરામ (ઉપરમ) પામવું. મનને આત્મામાં સ્થિર કરી કંઈ પણ ચિંતવવું નહિ. ૫૦૯

**૫૧૦ यतो यतो निःसरति, मनश्चञ्चलमस्थिरम् ।**
**ततस्ततो नियम्यैत-दात्मन्येव वश नयेत् ॥१६॥**

ચંચળ અને અસ્થિર મન જયારે જયારે (જે જે કારણથી) બહાર નીકળી જાય ત્યારે ત્યારે (તે તે કારણથી) તેને પાછું વાળીને, નિયમમાં રાખીને, આત્માની અંદર (ને વશ) કરવું. ૫૧૦

**૫૧૧ अत एवादृढस्वान्तः, कुर्याच्छास्त्रोदितां क्रियाम् ।**
**सकलां विषयप्रत्या-हरणाय महामतिः ॥१७॥**

એટલા માટે જેમનું ચિત્ત દૃઢ નથી એવા મહાબુદ્ધિમાને મનને વિષયોમાંથી પાછું ખેંચવા માટે શાસ્ત્રમાં કહેલી સમગ્ર ક્રિયાઓ કરવી. ૫૧૧

**૫૧૨ श्रुत्वा पैशाचिकीं वार्त्तां, कुलवध्वाश्च रक्षणम् ।**
**नित्यं संयमयोगेषु, व्यापृतात्मा भवेद् यतिः ॥१८॥**

[સતત વાંસ ઉપર 'ચઢ-ઉતર'નું કામ સોંપીને] પિશાચ [ને વશમાં રાખવા]ની તથા [પતિ પરદેશ જતાં વ્યાકુળ બનેલી] કુળવધૂ [ને ગૃહકારભાર સોંપીને કામવાસના મુક્ત રાખી તે] ની વાત સાંભળીને યતિએ નિત્ય સંયમયોગોમાં વ્યાપારવાળા થવું.

**૫૧૩ या निश्चयैकलीनानां, क्रिया नातिप्रयोजनाः ।**
**व्यवहारदशास्थानां, ता एवातिगुणावहाः ॥१९॥**

જે ક્રિયાઓ કેવળ નિશ્ચયમાં જ લીન રહેલાઓ માટે અતિ પ્રયોજનવાળી નથી તે જ વ્યવહારદશામાં રહેલાઓ માટે અતિ ગુણકારક છે. ૫૧૩

**૫૧૪ कर्मणोऽपि हि शुद्धस्य, श्रद्धामेधादियोगतः ।**
**अक्षतं मुक्तिहेतुत्वं, ज्ञानयोगाऽनतिक्रमात् ॥२०॥**

શ્રદ્ધા, મેધા વગેરેના યોગથી શુદ્ધ થયેલી ક્રિયા પણ જ્ઞાનયોગના અતિક્રમણરૂપ (= છોડી દેવા રૂપ) ન હોવાથી અક્ષત મુક્તિનો હેતુ થાય છે. ૫૧૪

**૫૧૫ अभ्यासे सत्क्रियापेक्षा, योगिनां चित्तशुद्ध्ये ।**
**ज्ञानपाके शमस्यैव, यत्परैरप्यदः स्मृतम् ॥२१॥**

યોગીઓને અભ્યાસકાળે ચિત્તશુદ્ધિ માટે સત્ક્રિયાની અપેક્ષા છે. જ્ઞાનના પરિપાકની દશામાં માત્ર શમની અપેક્ષા છે. આ વિશે બીજાઓએ પણ કહ્યું છે. જેમ કે- ૫૧૫

**૫૧૬ "आरुरुक्षोर्मुनेर्योगं, कर्म कारणमुच्यते ।**
**योगारूढस्य तस्यैव, शमः कारणमुच्यते" ॥२२॥**

યોગ ઉપર આરોહણ કરવા ઇચ્છતા મુનિને માટે તેનું કારણ કર્મ કહેવાય છે. યોગારૂઢ થયેલાને માટે તેનું કારણ શમ કહેવાય છે. ૫૧૬

**૫૧૭ "यदा हि नेन्द्रियार्थेषु, न कर्म्मस्वनुषज्यते ।**
**सर्वसङ्कल्पसंन्यासी, योगारूढस्तदोच्यते" ॥२३॥**

જ્યારે ઇન્દ્રિયોના વિષયોમાં અને કર્મમાં આસક્તિ ન રાખે ત્યારે સર્વ સંકલ્પોનો ત્યાગ કરનાર (મુનિ) 'યોગારૂઢ' કહેવાય છે. ૫૧૭

५१८ ज्ञानं क्रियाविहीनं न, क्रिया वा ज्ञानवर्जिता ।
गुणप्रधानभावेन, दशाभेदः किलैनयोः ॥२४॥

ક્રિયા વગર જ્ઞાન ન હોય અને જ્ઞાન વિના ક્રિયા ન હોય. ગૌણ અને પ્રધાન એવા ભાવથી એ બંને વચ્ચે દશાનો ભેદ છે. ૫૧૮

५१९ ज्ञानिनां कर्मयोगेन, चित्तशुद्धिमुपेयुषाम् ।
निरवद्यप्रवृत्तीनां, ज्ञानयोगौचिती ततः ॥२५॥

કર્મયોગ વડે ચિત્તની શુદ્ધિ પ્રાપ્ત કરનાર, નિરવદ્ય પ્રવૃત્તિવાળા જ્ઞાનીઓને ત્યાર પછી જ્ઞાનયોગની યોગ્યતા પ્રાપ્ત થાય છે. ૫૧૯

५२० अत एव हि सुश्राद्धा-ऽऽचरणस्पर्शनोत्तरम् ।
दुष्पालश्रमणाचार-ग्रहणं विहितं जिनैः ॥२६॥

એટલા માટે સુશ્રાદ્ધના ચરણ (ચારિત્ર-વ્રત)ના સ્પર્શ કર્યા પછી જ, દુઃખે પાળી શકાય એવા સાધુના આચાર ગ્રહણ કરવાનું જિનેશ્વરોએ કહ્યું છે. ૫૨૦

५२१ एकोद्देशेन संवृत्तं, कर्म यत् पौर्वभूमिकम् ।
दोषोच्छेदकरं तत् स्याद्, ज्ञानयोगप्रवृद्धये ॥२७॥

પૂર્વ ભૂમિકારૂપે જે કર્મ એક ઉદ્દેશથી થયું હોય, તે (કર્મ) દોષનો નાશ કરનાર તથા જ્ઞાનયોગની વૃદ્ધિ કરનાર થાય છે. ૫૨૧

**५२२ अज्ञानिनां तु यत् कर्म, न तत् तत् चित्तशोधनं ।**
**यागादेरतथाभावान्-म्लेच्छादिकृतकर्मवत् ॥२८॥**

અજ્ઞાનીઓનું જે કર્મ છે તેથી ચિત્તની શુદ્ધિ થતી નથી. મ્લેચ્છ વગેરેએ કરેલા કર્મની જેમ યજ્ઞાદિમાં તેવો ભાવ હોતો નથી. ૫૨૨

**५२३ न च तत्कर्मयोगेऽपि, फलसङ्कल्पवर्जनात् ।**
**संन्यासो ब्रह्मबोधाद् वा, सावद्यत्वास्वरूपतः ॥२९॥**

તે કર્મયોગમાં પણ ફળના સંકલ્પનો ત્યાગ કરવાથી અથવા બ્રહ્મના બોધથી તે સંન્યાસ થઈ શકતો નથી, કારણ કે તે (કર્મયોગ) સ્વરૂપથી જ સાવદ્ય છે. ૫૨૩

**५२४ नो चेदित्थं भवेच्छुद्धि-र्गोर्हिंसादेरपि स्फुटा ।**
**श्येनाद् वा वेदविहिताद् विशेषानुपलक्षणात् ॥३०॥**

જો એમ ન હોય તો ગોહિંસાદિથી પણ પ્રગટ શુદ્ધિ થશે નહિ. નહિ તો વેદમાં કહેલા શ્યેનયાગથી પણ શુદ્ધિ થશે, કારણ કે બંનેમાં કોઈ વિશેષ લક્ષણભેદ નથી. ૫૨૪

**५२५ सावद्यकर्म नो तस्मादादेयं बुद्धिविप्लवात् ।**
**कर्मोदयागते त्वस्मि-न्न सङ्कल्पादबन्धनम् ॥३१॥**

એટલા માટે, બુદ્ધિનો વિપર્યાસ કરનાર હોવાથી સાવદ્ય કર્મનો ક્યારેય આદર કરવો નહિ. કર્મના ઉદયને કારણે તે થઈ ગયું હોય તો તેમાં સંકલ્પ ન હોવાને કારણે કર્મનો બંધ પડતો નથી. ૫૨૫

૫૨૬ कर्माप्याचरतो ज्ञातु-र्मुक्तौ भावो न हीयते ।
तत्र सङ्कल्पजो बन्धो, गीयते यत् परैरपि ॥३२॥

કર્મને આચરતા હોવા છતાં જ્ઞાનીનો મુક્તિભાવ હણાતો નથી, કારણ કે તેમાં સંકલ્પથી જ બંધ ઉત્પન્ન થાય છે. બીજાઓએ પણ તે કહ્યું છે. જેમ કે- ૫૨૬

૫૨૭ "कर्मण्यकर्म यः पश्ये-दकर्मणि च कर्म्म यः ।
स बुद्धिमान् मनुष्येषु, स युक्तः कृत्स्नकर्म्मकृत्" ॥३३॥

જે કર્મનેવિશે અકર્મને અને અકર્મને વિશે કર્મને જુએ છે તે મનુષ્યોમાં બુદ્ધિમાન છે. તે સર્વ કર્મનો કરનારો છે અને તે યુક્ત (યોગવાળો) છે. ૫૨૭

૫૨૮ कर्मण्यकर्म वाऽकर्म, कर्म्मण्यस्मिन्नुभे अपि ।
नोभे वा भङ्गवैचित्र्या-दकर्मण्यपि नो मते ॥३४॥

કર્મને વિશે અકર્મ અથવા અકર્મને વિશે કર્મ એમ તે બંને માનેલાં છે અથવા માનેલાં નથી, ભંગ (ભેદ)ની વિચિત્રતાને કારણે તેવી રીતે અકર્મને વિશે પણ માનેલાં નથી. ૫૨૮

૫૨૯ कर्म-नैष्कर्म्यवैषम्य-मुदासीनो विभावयन् ।
ज्ञानी न लिप्यते भोगैः, पद्मपत्रमिवाम्भसा ॥३५॥

કર્મ અને નિષ્કર્મની વિષમતાને ચિંતવતો ઉદાસીન જ્ઞાની, જળથી કમલના પત્રની જેમ, ભોગોથી લેપાતો નથી. ૫૨૯

**૫૩૦ पापाकरणमात्राद्धि, न मौनं विचिकित्सया ।**
**अनन्यपरमात् साम्यता, ज्ञानयोगी भवेन्मुनिः ॥३६॥**

પાપ ન કરવા માત્રથી, વિચિકિત્સાથી મુનિપણું (મૌન) આવતું નથી. અનન્ય, પરમ સમતાથી મુનિ જ્ઞાનયોગી થાય છે. ૫૩૦

**૫૩૧ विषयेषु न रागी वा, द्वेषी वा मौनमश्नुते ।**
**समं रूपं विदंस्तेषु, ज्ञानयोगी न लिप्यते ॥३७॥**

વિષયોને વિશે રાગી કે દ્વેષી ન હોવાથી તે મુનિપણું પામે છે, તેને (વિષયોને) સમભાવે જાણીને જ્ઞાનયોગી લેપાતા નથી. ૫૩૧

**૫૩૨ सतत्त्वचिन्तया यस्या-भिसमन्वागता इमे ।**
**आत्मवान् ज्ञानवान् वेद, धर्मब्रह्ममयो हि सः ॥३८॥**

તત્ત્વચિંતન કર્યા પછી જેનામાંથી આ (વિષયો) ચાલ્યા ગયા છે તે આત્મવાન, જ્ઞાનવાન, વેદવાન, ધર્મવિત્ અને બ્રહ્મવિત્ જ છે. ૫૩૨

**૫૩૩ वैषम्यबीजमज्ञानं निघ्नन्ति ज्ञानयोगिनः ।**
**विषयांस्ते परिज्ञाय, लोकं जानन्ति तत्त्वतः ॥३९॥**

જ્ઞાનયોગીઓ વિષમતાના બીજરૂપ અજ્ઞાનનો નાશ કરે છે. તેઓ વિષયોને ઓળખીને લોકસ્વરૂપને તત્ત્વથી જાણે છે. ૫૩૩

५३४ इतश्चापूर्वविज्ञाना-च्चिदानन्दविनोदिनः ।
ज्योतिष्मन्तो भवन्त्येते, ज्ञाननिर्धूतकल्मषाः ॥४०॥

આમ અપૂર્વ વિજ્ઞાનથી ચિદાનંદના વિનોદવાળા તે (જ્ઞાનયોગી) જ્ઞાન વડે પાપનો નાશ કરનારા જ્યોતિષ્મંત (જ્યોતિર્મય) થાય છે. ૫૩૪

५३५ तेजोलेश्याविवृद्धिर्या, पर्यायक्रमवृद्धितः ।
भाषिता भगवत्यादौ, सेत्थंभूतस्य युज्यते ॥४१॥

પર્યાયના ક્રમની વૃદ્ધિથી તેજોલેશ્યાની થતી વૃદ્ધિ, જે ભગવતી વગેરે (સૂત્રો)માં કહેલી છે તે આવા (જ્ઞાનયોગી)ને જ ઘટે છે. ૫૩૫

५३६ विषमेऽपि समेक्षी यः, स ज्ञानी स च पण्डितः ।
जीवन्मुक्तः स्थिरं ब्रह्म, तथा चोक्तं परैरपि ॥४२॥

જે વિષમને વિશે પણ સમદૃષ્ટિવાળા છે તે જ જ્ઞાની, તે જ પંડિત, તે જ જીવનમુક્ત અને સ્થિર બ્રહ્મ છે. બીજાઓએ પણ તેમજ કહ્યું છે. જેમકે- ૫૩૬

५३७ "विद्याविनयसम्पन्ने, ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च, पण्डिताः समदर्शिनः" ॥४३॥

વિદ્યા અને વિનયથી સંપન્ન એવા બ્રાહ્મણ, ગાય, હાથી, શ્વાન અને ચાંડાલ એ (સર્વ) પ્રત્યે પંડિતો (જ્ઞાનીઓ) સમદર્શી હોય છે. ૫૩૭

**૫૩૮ इहैव तैर्जितः सर्गो, येषां साम्ये स्थितं मनः ।**
**निर्दोषं हि समं ब्रह्म, तस्माद् ब्रह्मणि, ते स्थिताः ॥४४॥**

જેઓનું મન સમતાને વિશે સ્થિર રહેલું છે તેઓએ આ જન્મમાં જ સંસાર (સર્ગ)ને જીતી લીધો છે. બ્રહ્મ નિર્દોષ અને સમ છે. એટલે તેઓ બ્રહ્મને વિશે જ સ્થિર રહેલા છે. ૫૩૮

**૫૩૯ न प्रहृष्येत् प्रियं प्राप्य, नोद्विजेत् प्राप्य चाप्रियं ।**
**स्थिरबुद्धिरसंमूढो, ब्रह्मविद् ब्रह्मणि स्थितः ॥४५॥**

પ્રિય વસ્તુ પ્રાપ્ત કરીને હર્ષ પામતો નથી અને અપ્રિય વસ્તુ પ્રાપ્ત કરીને ઉદ્વેગ પામતો નથી એવો સ્થિર બુદ્ધિવાળો અને અસંમૂઢ બ્રહ્મવિત્ બ્રહ્મમાં સ્થિર રહે છે. ૫૩૯

**૫૪૦ अर्वाग्दशायां दोषाय, वैषम्ये साम्यदर्शनम् ।**
**निरपेक्षमुनीनां तु, रागद्वेषक्षयाय तत् ॥४६॥**

અર્વાગ્દશામાં (નીચેની દશામાં-કર્મયોગની દશામાં) વિષમતામાં સામ્યદર્શન રાખવું તે દોષને માટે થાય છે, પરંતુ નિરપેક્ષ મુનિઓને તો તે રાગદ્વેષના ક્ષય માટે થાય છે. ૫૪૦

**૫૪૧ रागद्वेषक्षयादेति, ज्ञानं विषयशून्यताम् ।**
**छिद्यते भिद्यते वाऽयं, हन्यते वा न जातुचित् ॥४७॥**

રાગદ્વેષના ક્ષયથી જ્ઞાની વિષય-શૂન્યતાને પામે છે. તે કદાપિ છેદાતો, ભેદાતો કે હણાતો નથી. ૫૪૧

**૫૪૨ अनुस्मरति नातीतं, नैव काङ्क्षत्यनागतम् ।**
**शीतोष्णसुखदुःखेषु, समो मानापमानयोः ॥४८॥**

તે (જ્ઞાનયોગી) ભૂતકાળ (અતીત)નું સ્મરણ નથી કરતા અને ભવિષ્ય (અનાગત)ની અભિલાષા નથી કરતા. તે શીત-ઉષ્ણમાં, સુખ-દુઃખમાં, માન-અપમાનમાં સમભાવે રહે છે. ૫૪૨

**૫૪૩ जितेन्द्रियो जितक्रोधो, मानमायाऽनुपद्रुतः ।**
**लोभसंस्पर्शरहितो, वेदखेदविवर्जितः ॥४९॥**

તે (જ્ઞાનયોગી) ઇન્દ્રિયોને જીતનાર, ક્રોધ ઉપર વિજય મેળવનાર, માન અને માયા વડે ઉપદ્રવ નહિ પામનાર, લોભના સ્પર્શથી રહિત, અને વેદ (સ્ત્રીવેદ વગેરે ત્રણ વેદ)ના ખેદથી વિવર્જિત હોય છે. ૫૪૩

**૫૪૪ सन्निरुध्यात्मनात्मानं, स्थितः स्वकृतकर्मभिद् ।**
**हठप्रयत्नोपरतः, सहजाचारसेवनात् ॥५०॥**

આત્માને આત્મા વડે રૂંધી રહેલો, પોતાનાં કરેલાં કર્મોને ભેદનારો તથા સહજ આચારને સેવવા વડે બળ (હઠયોગ)ના પ્રયત્નોથી મુક્ત બનેલો તે (જ્ઞાનયોગી) હોય છે. ૫૪૪

**૫૪૫ लोकसंज्ञाविर्निमुक्तो, मिथ्याचारप्रपञ्चहृत् ।**
**उल्लसत्कण्डकस्थानः, परेण परमाश्रितः ॥५१॥**

તે (જ્ઞાનયોગી) લોકસંજ્ઞાથી વિમુક્ત, મિથ્યાચારના

પ્રપંચને હરનાર, કંડક સ્થાનને ઉલ્લસિત કરનાર અને ઉત્કટતાથી પરમ દશાને પામનાર હોય છે. ૫૪૫

૫૪૬ **श्रद्‌धावानाज्ञया युक्तः, शस्त्रातीतो ह्यशस्त्रवान् ।**

**गतो दृष्टेषु निर्वेद-मनिह्नुतपराक्रमः ॥५२॥**

શ્રદ્ધાવાન, આજ્ઞાથી યુક્ત, શસ્ત્રવિહીન હોવા છતાં શસ્ત્રવાળો, દષ્ટ પદાર્થો પ્રત્યે નિર્વેદ પામેલો અને પરાક્રમને નહિ છુપાવનાર તે (જ્ઞાનયોગી) હોય છે. ૫૪૬

૫૪૭ **निक्षिप्तदण्डो ध्यानाग्नि-दग्धपापेन्धनव्रजः ।**

**प्रतिस्त्रोतोऽनुगत्वेन, लोकोत्तरचरित्रभृत् ॥५३॥**

દંડનો નિક્ષેપ કરનાર, પાપરૂપી ઈંધન-સમૂહનો ધ્યાનરૂપી અગ્નિ વડે નાશ કરનાર, લોક-પ્રવાહની સામે તરનાર, તથા લોકોત્તર ચારિત્રને ધારણ કરનાર તે (જ્ઞાનયોગી) હોય છે. ૫૪૭

૫૪૮ **लब्धान् कामान् बहिष्कुर्व-न्नकुर्वन् बहुरूपताम् ।**

**स्फारीकुर्वन् परं चक्षु-रपरं च निमीलयन् ॥५४॥**

તે (જ્ઞાનયોગી) પ્રાપ્ત થયેલા કામભોગને દૂર કરનાર, બહુરૂપીપણું નહિ કરનાર, પરમ ચક્ષુને ઉઘાડનાર અને અપર ચક્ષુને બંધ કરનાર હોય છે. ૫૪૮

૫૪૯ **पश्यन्नन्तर्गतान् भावान्, पूर्णभावमुपागतः ।**

**भुञ्जानोऽध्यात्मसाम्राज्य-मवशिष्टं न पश्यति ॥५५॥**

અંતરમાં રહેલા ભાવોને જોયા પછી, પૂર્ણ ભાવોને પ્રાપ્ત કરનાર અને અધ્યાત્મના સામ્રાજ્યને ભોગવતા તે (જ્ઞાનયોગી) અવશિષ્ટ(=જ્ઞાન સિવાય અન્યને)ને જોતા નથી. ૫૪૯

**૫૫૦ श्रेष्ठो हि ज्ञानयोगोऽय-मध्यात्मन्येव यज्जगौ ।**
**बन्धप्रमोक्षं भगवान्, लोकसारे सुनिश्चितम् ॥५६॥**

અધ્યાત્મને વિશે આ જ્ઞાનયોગ જ શ્રેષ્ઠ છે, કારણ કે ભગવાને 'લોકસાર'માં એને કર્મબંધનથી અવશ્ય છોડાવનાર કહ્યો છે.૫૫૦

**૫૫૧ उपयोगैकसारत्वा-दाश्वसंमोहबोधतः**
**मोक्षाप्तेर्युज्यते चैतत् तथाचोक्तं परैरपि ॥५७॥**

આ (જ્ઞાનયોગ) કેવળ ઉપયોગમય છે. તે શીઘ્ર મોહરહિત બોધ કરાવનાર અને મોક્ષની પ્રાપ્તિ સાથે જોડી આપનાર છે. અન્ય દર્શનીઓએ પણ એમ કહ્યું છે. ૫૫૧

**૫૫૨ "तपस्विभ्योऽधिको योगी, ज्ञानिभ्योऽप्यधिको मतः ।**
**कर्मिभ्यश्चाधिको योगी, तस्माद्योगी भवार्जुन"! ॥५८॥**

**[गीता, ६.४६.]**

યોગી તપસ્વીઓ કરતાં અધિક છે. તે જ્ઞાનીઓ કરતાં પણ અધિક મનાય છે. યોગી ક્રિયાકાંડીઓ કરતાં પણ અધિક છે. માટે હે અર્જુન ! તું યોગી થા. ૫૫૨

**५५३ समापत्तिरिह व्यक्त-मात्मनः परमात्मनि ।**

**अभेदोपासनारूप-स्ततः श्रेष्ठतरो ह्ययम् ॥५९॥**

આમાં (જ્ઞાનયોગમાં) પરમાત્માને વિશે આત્માની એકત્વની પ્રાપ્તિ (સમાપ્તિ) સ્પષ્ટ છે. તેથી અભેદ ઉપાસનારૂપ આ (જ્ઞાનયોગ) સૌથી શ્રેષ્ઠ છે. ૫૫૩

**५५४ उपासना भागवती, सर्वेभ्योऽपि परीयसी ।**

**महापापक्षयकरी, तथा चोक्तं परैरपि ॥६०॥**

ભગવાનની આ ઉપાસના સર્વથી પણ મોટી છે. તથા તે મોટા પાપનો ક્ષય કરનારી છે એમ અન્ય દર્શનીઓએ પણ કહેલું છે. ૫૫૪

**५५५ "योगिनामपि सर्वेषां, मद्गतेनान्तरात्मना ।**

**श्रद्धावान् भजते यो मां, स मे युक्ततमो मतः" ॥६१॥**

[ गीता. ६.४७ ]

સર્વ યોગીઓમાં પણ જે શ્રદ્ધાવાન, મારામાં રહેલા અંતરાત્માથી મને ભજે છે તેને મેં અત્યંત યોગ્ય માન્યો છે. ૫૫૫

**५५६ उपास्ते ज्ञानवान् देवं, यो निरञ्जनमव्ययम् ।**

**स तु तन्मयतां याति, ध्याननिर्धूतकल्मषः ॥६२॥**

નિરંજન ને અવ્યય એવા દેવની જે જ્ઞાનવાન ઉપાસના કરે છે તે ધ્યાન વડે પાપનો નાશ કરીને તન્મયતા (દેવસ્વરૂપ) પામે છે. ૫૫૬

૫૫૭ विशेषमप्यजानानो, यः कुग्रहविवर्जितः ।
सर्वज्ञं सेवते सोऽपि, सामान्ययोगमास्थितः ॥६३॥

વિશેષને નહિ જાણતાં છતાં કદાગ્રહથી રહિત એવો જે સર્વજ્ઞની સેવા કરે છે તે પણ સામાન્ય યોગમાં રહેલો છે. ૫૫૭

૫૫૮ सर्वज्ञो मुख्य एकस्तत्-प्रतिपत्तिश्च यावताम् ।
सर्वेपि ते तमापन्ना, मुख्यं सामान्यतो बुधाः ॥६४॥

સર્વજ્ઞ મુખ્ય એક જ છે. જેઓને તેના પર ભક્તિભાવ છે તે સર્વ પંડિતો સામાન્યથી મુખ્યપણે તેને (સર્વજ્ઞને) પામેલા છે. ૫૫૮

૫૫૯ न ज्ञायते विशेषस्तु, सर्वथा सर्वदर्शिभिः ।
अतो न ते तमापन्ना, विशिष्य भुवि केचन ॥६५॥

અસર્વદર્શીઓ સર્વથા વિશેષને જાણતા નથી. એટલે જગતમાં કોઈપણ તેને (સર્વજ્ઞને) વિશેષ સ્વરૂપથી પામી શકતા નથી. ૫૫૯

૫૬૦ सर्वज्ञप्रतिपत्त्यंशात्-तुल्यता सर्वयोगिनाम् ।
दूरासन्नादिभेदस्तु, तद्भृत्यत्वं निहन्ति न ॥६६॥

સર્વ યોગીઓ સર્વજ્ઞની સેવારૂપ અંશથી સરખાં છે. દૂર અને નજીક વગેરે ભેદ તેના સેવકપણાને હણતા નથી. ૫૬૦

५६१ माध्यस्थ्यमवलम्ब्यैव, देवतातिशयस्य हि ।
सेवा सर्वैर्बुधैरिष्टा, [1]कालातीतोऽपि यज्जगौ ॥६७॥

માધ્યસ્થભાવનું અવલંબન લઈને અતિશયયુક્ત દેવતાની સેવા કરવાનું સર્વ પંડિતોને ઈષ્ટ છે. પંડિત કાલાતીત પણ એમ જ કહે છે. ૫૬૧

५६२ अन्येषामप्ययं मार्गो, मुक्ताविद्यादिवादिनाम् ।
अभिधानादिभेदेन तत्त्वनीत्या व्यवस्थितः ॥६८॥

મુક્તવાદી, અવિદ્યાવાદી વગેરે બીજાઓનો પણ આ જ માર્ગ જુદા નામથી જે છે તે તત્ત્વદષ્ટિએ વ્યવસ્થિત છે. ૫૬૨

५६३ मुक्तो बुद्धोऽर्हन् वापि, यदैश्वर्येण समन्वितः ।
तदीश्वरः स एव स्यात्, संज्ञाभेदोऽत्र केवलम् ॥६९॥

મુક્ત, બુદ્ધ કે અર્હન્ જે ઐશ્વર્ય વડે યુક્ત હોય તે જ ઈશ્વર કહેવાય. અહીં કેવળ સંજ્ઞાનો ભેદ છે. ૫૬૩

५६४ अनादिशुद्ध इत्यादि-र्यो भेदो यस्य कल्प्यते ।
तत्-तत्तन्त्रानुसारेण, मन्ये सोऽपि निरर्थकः ॥७०॥

અનાદિશુદ્ધ વગેરે એના જે ભેદ કલ્પેલા છે તે એ દર્શન (તંત્ર) અનુસાર છે અને તે પણ નિરર્થક છે એમ હું માનું છું. ૫૬૪

---

1. કાલાતીત એ નામે સાંખ્યમતનો પંડિત.

૫૬૫ **विशेषस्यापरिज्ञानाद्, युक्तीनां जातिवादतः ।**
**प्रायो विरोधश्चैव, फलाभेदाच्च भावतः ॥७१॥**

વિશેષને નહિ જાણવાથી, યુક્તિઓના જાતિવાદ (અસત્પણા)થી, પ્રાયઃ તેઓમાં જ પરસ્પર વિરોધ હોવાથી અને ભાવથી ફળનો અભેદ હોવાથી (આ સ્વરૂપભેદ નિરર્થક છે.) ૫૬૫

૫૬૬ **अविद्याक्लेशकर्मादि, यतश्च भवकारणम् ।**
**ततः प्रधानमेवैत्-संज्ञाभेदमुपागतम् ॥७२॥**

જેમ અવિદ્યા, કલેશ, કર્મ વગેરે ભવનું (સંસારનું) કારણ છે, તેમ એ જ પ્રધાન છે, જે સંજ્ઞાભેદ(= નામ વૈવિધ્ય)ને પામેલું છે. ૫૬૬

૫૬૭ **अस्यापि योऽपरो भेद-श्चित्रोपाधिस्तथा तथा ।**
**गीयतेऽतीतहेतुभ्यो, धीमतां सोऽप्यपार्थकः ॥७३॥**

એના વળી બીજા જે ભેદો છે તે પણ તેમ તેમ ચિત્રવિચિત્ર ઉપાધિવાળા છે. પૂર્વે કહેલા તેના હેતુઓથી બુદ્ધિમાનને તે પણ નિરર્થક (=અપાર્થક) લાગે છે. ૫૬૭

૫૬૮ **ततोऽस्थानप्रयासोऽयं, यत्तद्भेदनिरूपणम् ।**
**सामान्यमनुमानस्य, यतश्च विषयो मतः ॥७४॥**

તેથી તેના ભેદનું નિરૂપણ કરવાનો પ્રયાસ અસ્થાને છે, કારણ કે અનુમાનનો વિષય સામાન્ય કહેલો છે. ૫૬૮

**૫૬૯ सङ्‌क्षिप्तरुचिजिज्ञासो-र्विशेषानवलंबनम् ।**
**चारिसञ्जीविनीचार-ज्ञातादत्रोपयुज्यते ॥७५॥**

સંક્ષિપ્ત રુચિવાળા જિજ્ઞાસુએ વિશેષનું અવલંબન ન કરવું. 'ચારિસંજીવની' [ચારો ચરતાં સંજીવની ઔષધનું ભક્ષણ થઇ જાય] એમ ન્યાય પ્રમાણે તે અહીં ઉપયોગી છે. ૫૬૯

**૫૭૦ जिज्ञासापि सतां न्याय्या, यत्परेऽपि वदन्त्यदः ।**
**जिज्ञासुरपि योगस्य, शब्दब्रह्माऽतिवर्त्तते ॥७६॥**

સત્પુરુષોની જિજ્ઞાસા પણ યોગ્ય છે. બીજાઓ પણ એમ કહે છે. યોગનો જિજ્ઞાસુ પણ 'શબ્દબ્રહ્મ' કરતાં વધી જાય છે. ૫૭૦

**૫૭૧ आर्तो जिज्ञासुरर्थार्थी, ज्ञानी चेति चतुर्विधाः ।**
**उपासकास्त्रयस्तत्र, धन्या वस्तुविशेषतः ॥७७॥**

આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની એમ ચાર પ્રકારના ઉપાસકો છે. એમાં ત્રણ ઉપાસકો વસ્તુવિશેષને લીધે ધન્ય (મુખ્ય) છે. ૫૭૧

**૫૭૨ ज्ञानी तु शान्तविक्षेपो, नित्यभक्तिर्विशिष्यते ।**
**अत्यासन्नो ह्यसौ भर्तु-रन्तरात्मा सदाशयः ॥७८॥**

જ્ઞાનીને વિક્ષેપોની શાન્તિ હોય છે, (પરમેશ્વરની)નિત્ય ભક્તિની વિશેષતા હોય છે, સદાશયવાળો અને અંતરાત્માની અત્યંત પાસે રહેલો હોય છે. ૫૭૨

૫૭૩ कर्मयोगविशुद्धस्त-ज्ज्ञाने युञ्जीत मानसम् ।
अज्ञश्चाश्रद्दधानश्च, संशयानो विनश्यति ॥७९॥

કર્મયોગથી વિશુદ્ધ થયેલો તે મનને જ્ઞાનમાં જોડે છે. અજ્ઞાની અને અશ્રદ્ધાવાન એવો સંશયાત્મા વિનાશ પામે છે. ૫૭૩

૫૭૪ निर्भयः स्थिरनासाग्र-दत्तदृष्टिर्व्रते स्थितः ।
सुखासनः प्रसन्नास्यो, दिशश्चानवलोकयन् ॥८०॥

૫૭૫ देहमध्यशिरोग्रीव-मवक्रं धारयन् बुधः ।
दन्तैरसंस्पृशन् दन्तान्, सुश्लिष्टाधरपल्लवः ॥८१॥

૫૭૬ आर्त्तरौद्रे परित्यज्य, धर्म्ये शुक्ले च दत्तधीः ।
अप्रमत्तो रतो ध्याने, ज्ञानयोगी भवेन्मुनिः ॥८२॥

નિર્ભય, નાસિકાના અગ્રભાગ ઉપર સ્થિર દૃષ્ટિ રાખનારા, વ્રતમાં રહેનારા, સુખાસનવાળા, પ્રસન્ન મુખમુદ્રાવાળા, દિશાઓનું અવલોકન નહિ કરનારા, દેહનો મધ્યભાગ (કટિ), મસ્તક અને ગ્રીવાને અવક્ર (સીધાં) ધારણ કરનાર, બુધ (જાગ્રત, જ્ઞાની), દાંત વડે દાંતનો સ્પર્શ નહિ કરનાર, અધર (હોઠ)રૂપી પલ્લવ બરાબર બીડેલા રાખનાર, આર્ત અને રૌદ્ર ધ્યાનને ત્યજીને ધર્મ અને શુકલ ધ્યાનમાં બુદ્ધિને સ્થિર રાખનાર તથા પ્રમાદરહિત થઈ ધ્યાનમાં તલ્લીન થનાર મુનિ જ્ઞાનયોગી બને છે. ૫૭૪-૫૭૬

**૫૭૭ कर्मयोगं समभ्यस्य, ज्ञानयोगसमाहितः ।**

**ध्यानयोगं समारुह्य मुक्तियोगं प्रपद्यते ॥८३॥**

કર્મયોગનો સારી રીતે અભ્યાસ કરીને, જ્ઞાનયોગમાં સારી રીતે સ્થિર થઈને, (મહાત્મા) ધ્યાનયોગ પર આરૂઢ થઈને મુક્તિયોગ પ્રાપ્ત કરે છે. ૫૭૭

**યોગ અધિકાર સંપૂર્ણ.**

**॥ इति अध्यात्मसारे योगाधिकारः ॥१५॥**

# षोडशो ध्यानाधिकारः

**५७८ स्थिरमध्यवसानं यत्-तद्ध्यानं चित्तमस्थिरम् ।**
**भावना चाप्यनुप्रेक्षा, चिन्ता वा तत् त्रिधा मतम् ॥१॥**

જે સ્થિર અધ્યવસાય છે તે ધ્યાન છે. અસ્થિર ચિત્તના ભાવના, અનુપ્રેક્ષા અને ચિંતા એમ ત્રણ પ્રકાર કહ્યા છે. ૫૭૮

**५७९ मुहूर्त्तान्तर्भवेद् ध्यान-मेकार्थे मनसः स्थितिः ।**
**बह्वर्थसङ्क्रमे दीर्घा-प्यच्छिन्ना ध्यानसन्ततिः ॥२॥**

એક જ અર્થમાં (વિષયમાં) મનની અંતમુહૂર્ત સુધી રહેતી સ્થિતિ તે ધ્યાન છે. બહુ વિષયોમાં સંક્રમ પામતી દીર્ઘ અને અવિચ્છિન્ન જે સ્થિતિ તે ધ્યાનશ્રેણી (ધ્યાનસંતતિ) છે. ૫૭૯

**५८० आर्त्तं रौद्रं च धर्म्यं च, शुक्लं चेति चतुर्विधम् ।**
**तत् स्याद् भेदाविह द्वौ द्वौ, कारणं भव-मोक्षयोः ॥३॥**

(ધ્યાન) આર્ત્ત, રૌદ્ર, ધર્મ ને શુકલ એમ ચાર પ્રકારે છે. તેમાં બે બે ભેદ (અનુક્રમે) ભવનાં અને મોક્ષનાં કારણભૂત છે. ૫૮૦

**૫૮૧ शब्दादीनामनिष्टानां, वियोगाऽसम्प्रयोगयोः ।**
**चिन्तनं वेदनायाश्च, व्याकुलत्वमुपेयुषः ॥४॥**

અનિષ્ટ શબ્દાદિના (વિષયોના) વિયોગનું અને અસંપ્રયોગ (અપ્રાપ્તિ)નું, તથા વેદનાની વ્યાકુળતાનું ચિંતન કરવું. ૫૮૧

**૫૮૨ इष्टानां प्रणिधानं च, सम्प्रयोगाऽवियोगयोः ।**
**निदानचिन्तनं पाप-मार्त्तमित्थं चतुर्विधम् ॥५॥**

ઈષ્ટના સંયોગ અને અનિષ્ટનાં અવિયોગનું ચિંતન (પ્રણિધાન) તથા નિદાનનું ચિંતન-એવું પાપમય આર્ત્તધ્યાન ચાર પ્રકારનું છે. ૫૮૨

**૫૮૩ कापोतनीलकृष्णानां, लेश्यानामत्र सम्भवः ।**
**अनतिक्लिष्टभावानां, कर्म्मणां परिणामतः ॥६॥**

અતિ ક્લિષ્ટ નહિ એવા ભાવોનાં કર્મોને પરિણામે અહીં (આર્ત્તધ્યાનમાં) કાપોત,નીલ અને કૃષ્ણલેશ્યાનો સંભવ છે.૫૮૩

**૫૮૪ क्रन्दनं रुदनं प्रोच्चैः शोचनं परिदेवनम् ।**
**ताडनं लुञ्चनं चेति, लिङ्गान्यस्य विदुर्बुधाः ॥७॥**

ક્રંદન (આંસુ સાથે ઊંચા સાદે રડવું), ઉચ્ચ સ્વરે રુદન, શોક કરવો, પરિદેવન (દીનતાયુક્ત રુદન), તાડન અને લુંચન (વાળ ખેંચવા) એ આનાં (આર્ત્તધ્યાનનાં) ચિહ્નો છે એમ પંડિતો કહે છે. ૫૮૪

**५८५ मोघं निन्दन्निजं कृत्यं, प्रशंसन् परसम्पदः ।**
**विस्मितः प्रार्थयन्नेताः, प्रसक्तश्चैतदर्जने ॥८॥**

પોતાના નિષ્ફળ થયેલા કાર્યની નિંદા કરે, બીજાની સંપત્તિની પ્રશંસા કરે, વિસ્મય પામીને એ [સંપત્તિ માટે]ની પ્રાર્થના કરે અને તે મેળવવા માટે આસક્ત થાય. ૫૮૫

**५८६ प्रमत्तश्चेन्द्रियार्थेषु, गृद्धो धर्म्मपराङ्मुखः ।**
**जिनोक्तमपुरस्कुर्व-न्नार्त्तध्याने प्रवर्त्तते ॥९॥**

પ્રમત્ત, ઇન્દ્રિયોના વિષયોના લોલુપ, ધર્મથી વિમુખ તથા જિનવચનને નહિ માનનાર - માનવ આર્ત્તધ્યાનમાં પ્રવર્તે છે. ૫૮૬

**५८७ प्रमत्तान्तगुणस्थाना-नुगमे तन्महात्मनाम् ।**
**सर्वप्रमादमूलत्वात् त्याज्यं तिर्य्यग्गतिप्रदम् ॥१०॥**

પ્રમત્ત ગુણસ્થાનકમાં અંત સુધી રહેનારું, તિર્યંચ ગતિને અપાવનારું એ (આર્ત્તધ્યાન) સર્વ પ્રમાદનું મૂળ હોવાથી મહાત્માઓએ ત્યજવા યોગ્ય છે. ૫૮૭

**५८८ निर्दयं वध-बन्धादि-चिन्तनं निबिडक्रुधा ।**
**पिशुनासभ्यमिथ्यावाक्, प्रणिधानं च मायया ॥११॥**

અત્યંત ક્રોધે ભરાઈને નિર્દયતાથી વધ, બંધન વગેરે ચિંતવવું, માયા (કપટ) વડે પિશુન (ચાડી કરવી), અસભ્ય વચન અને મિથ્યાવાણીનો વિચાર (પ્રણિધાન) કરવો. ૫૮૮

૫૮૯ **चौर्य्यधीर्निरपेक्षस्य, तीव्रक्रोधाकुलस्य च ।**
**सर्वाभिशङ्काकलुषं, चित्तं च धनरक्षणे ॥१२॥**

તીવ્ર ક્રોધથી વ્યાકુળ અને (તે ક્રોધની સજા કે દુઃખથી) નિરપેક્ષ થયેલાને ચોરી કરવાની બુદ્ધિ થાય છે. તથા ધનના રક્ષણને માટે સર્વ પ્રત્યેની શંકાથી ચિત્ત કલુષિત થાય છે. ૫૮૯

૫૯૦ **एतत्सदोषकरण-कारणानुमितिस्थिति ।**
**देशविरतिपर्यन्तं, रौद्रध्यानं चतुर्विधम् ॥१३॥**

દોષયુક્ત (કાર્ય) કરવું, કરાવવું અને અનુમતિ-એ જેની સ્થિતિ છે તે ચાર પ્રકારનું આ રૌદ્રધ્યાન દેશવિરતિ (ગુણસ્થાનક) સુધીનાને હોય છે. ૫૯૦

૫૯૧ **कापोतनीलकृष्णानां, लेश्यानामत्र सम्भवः ।**
**अतिसंक्लिष्टरूपाणां, कर्मणां परिणामतः ॥१४॥**

અહીં (રૌદ્રધ્યાનમાં) અત્યંત સંક્લિષ્ટ રૂપનાં કર્મોના પરિણામને લીધે કાપોત, નીલ અને કૃષ્ણ લેશ્યાઓ સંભવે છે. ૫૯૧

૫૯૨ **उत्सन्नबहुदोषत्वं, नानामारणदोषता ।**
**हिंसादिषु प्रवृत्तिश्च, कृत्वाऽघं स्मयमानता ॥१५॥**

૫૯૩ **निर्दयत्वाननुशयौ, बहुमानः परापदि ।**
**लिङ्गान्यत्रेत्यदो धीरै-स्त्याज्यं नरकदुःखदम् ॥१६॥**

હિંસાદિની સતત પ્રવૃત્તિ વિવિધ પ્રકારનાં મારણ=

હિંસા પ્રવૃત્તિનાં દોષો, પાપ કરીને હર્ષાભિમાન કરવું, નિર્દયતા, પશ્ચાત્તાપ-રહિતતા (અન્ + અનુશય), બીજાના દુ:ખમાં અભિમાન - એ એનાં (રૌદ્રધ્યાનનાં) લિંગો છે. ધીર પુરુષે નરકનું દુ:ખ આપનારાં એનો (લિંગોનો) ત્યાગ કરવો. ૫૯૨-૫૯૩

**५९४ अप्रशस्ते इमे ध्याने, दुरन्ते चिरसंस्तुते ।**
**प्रशस्तं तु कृताभ्यासो, ध्यानमारोढुमर्हति ॥१७॥**

આ (બે) અપ્રશસ્ત ધ્યાન દુરન્ત અને ચિરપરિચયવાળાં હોવાથી પ્રશસ્ત ધ્યાનમાં અભ્યાસ કરીને આરૂઢ થવું યોગ્ય છે. ૫૯૪

**५९५ भावना देशकालौ च, स्वासनालम्बनक्रमान् ।**
**ध्यातव्यध्यात्रनुप्रेक्षा-लेश्यालिङ्गफलानि च ॥१८॥**

ભાવના, દેશ, કાળ, પોતાનું આસન, આલંબન, ક્રમ, ધાતવ્ય, ધ્યાતા, અનુપ્રેક્ષા, લેશ્યા, લિંગ અને ફળ (વિશે જાણવાની આવશ્યકતા છે). ૫૯૫

**५९६ ज्ञात्वा धर्म्यं ततो ध्यायेच्-चतस्रस्तत्र भावनाः ।**
**ज्ञानदर्शनचारित्र-वैराग्याख्याः प्रकीर्तिताः ॥१९॥**

એ વિશે જાણ્યા પછી ધર્મધ્યાન ધ્યાવવું. તેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વૈરાગ્ય નામની ચાર ભાવના કહેલી છે. ૫૯૬

५९७ **निश्चलत्वमसंमोहो, निर्जरा पूर्वकर्मणाम् ।**
**सङ्गाशंसाभयोच्छेदः, फलान्यासां यथाक्रमम् ॥२०॥**

નિશ્ચલત્વ, અસંમોહ, પૂર્વકર્મોની નિર્જરા તથા સંગ=આસક્તિ, આશંસા અને ભયનો ઉચ્છેદ એ અનુક્રમે એનાં (ચાર ભાવનાનાં) ફળ છે. ૫૯૭

५९८ **स्थिरचित्तः किलैताभि-र्याति ध्यानस्य योग्यताम् ।**
**योग्यतैव हि नान्यस्य, तथाचोक्तं परैरपि ॥२१॥**

સ્થિર ચિત્તવાળો જ એ (ભાવનાઓ) વડે ધ્યાનની યોગ્યતા પામે છે. એ સિવાય બીજા કોઈની યોગ્યતા નથી. બીજાઓએ (અન્ય દર્શનીઓએ ) પણ એ પ્રમાણે કહ્યું છે. જેમ કે- ૫૯૮

५९९ **"चञ्चलं हि मनः कृष्ण !, प्रमाथि बलवत् दृढम् ।**
**तस्याहं निग्रहं मन्ये, वायोरिव सुदुष्करम्" ॥२२॥**
[गी. ६/३४]

હે કૃષ્ણ ! મન તો ચંચળ, ક્ષોભ ઉપજાવનારું (પ્રમાથિ), બળવાન અને દૃઢ છે. તેને વશ કરવું એ વાયુની જેમ અત્યંત દુષ્કર છે એમ હું માનું છું. ૫૯૯

६०० **असंशयं महाबाहो !, मनो दुर्निग्रहं चलम् ।**
**अभ्यासेन तु कौन्तेय ! वैराग्येण च गृह्यते ॥२३॥**
[गी. ६.३५]

હે મહાબાહુ ! મન ચંચલ અને સહેલાઈથી વશ ન થાય એવું છે. એમાં સંશય નથી. પરંતુ હે કૌન્તેય ! અભ્યાસ વડે અને વૈરાગ્ય વડે તે વશ કરાય છે. ૬૦૦

६०१ "असंयतात्मनो योगो, दुःप्राप्य इति मे मतिः ।
वश्यात्मना तु यतता, शक्योऽवाप्तुमुपायतः" ॥२४॥
[ गी. ६.३६ ]

જેણે મનને વશ કર્યું નથી (અસંયતાત્મા) તેને માટે (સામ્યરૂપી) યોગ દુષ્પ્રાય છે, પરંતુ જેણે મનને વશ કરેલું છે એવા યત્નશીલ (મહાત્માઓ) વડે તો ઉપાયથી તે પ્રાપ્ત (વશ) કરવું શક્ય છે એમ મારું માનવું છે. ૬૦૧

६०२ सदृशप्रत्ययावृत्त्या-वैतृष्ण्याद् बहिरर्थतः ।
एतच्च युज्यते सर्वं, भावनाभावितात्मनि ॥२५॥

સદૃશ બોધ (પ્રત્યય)ના અભ્યાસ (આવૃત્તિ)થી અને બાહ્ય અર્થો (વિષયો) વિશે તૃષ્ણારહિત થવાથી (વૈરાગ્યથી), ભાવનાથી ભાવિત થયેલા આત્માને માટે આ સર્વ શક્ય છે. ૬૦૨

६०३ स्त्रीपशुक्लीबदुःशील-वर्जितं स्थानमागमे ।
सदा यतीनामाज्ञप्तं, ध्यानकाले विशेषतः ॥२६॥

સ્ત્રી, પશુ, નપુંસક અને દુઃશીલથી વર્જિત એવું સ્થાન સદા યતિઓને માટે (યોગ્ય છે એવું) આગમમાં કહ્યું

છે. એમાં પણ ધ્યાન સમયે વિશેષતઃ (જરૂરી છે એવું) કહ્યું છે. ૬૦૩

**६०४ स्थिरयोगस्य तु ग्रामे विशेषः कानने च न ।**
**तेन यत्र समाधानं, स देशो ध्यायतो मतः ॥२७॥**

સ્થિર યોગવાળાને તો ગામમાં, જંગલમાં કે ઉપવનમાં કોઈ વિશેષતા = તફાવત નથી. જ્યાં સમાધાન (સમાધિ) રહે તે પ્રદેશ ધ્યાન કરનારને યોગ્ય મનાય છે. ૬૦૪

**६०५ यत्र योगसमाधानं, कालोऽपीष्टः स एव हि ।**
**दिनरात्रिक्षणादीनां, ध्यानिनो नियमस्तु न ॥२८॥**

જેમાં યોગનું સમાધાન (=સ્થિરતા પ્રાપ્ત થાય) તે જ કાળ ઈષ્ટ છે. ધ્યાનીને દિવસ, રાત્રિ કે ક્ષણનો કોઈ પણ નિયમ નથી. ૬૦૫

**६०६ यौवावस्था जिता जातु, न स्याद् ध्यानोपघातिनी ।**
**तथा ध्यायेन्निषण्णो वा, स्थितो वा शयितोऽथवा। ।२९॥**

જે અવસ્થા જીતેલી (પુનઃ પુનઃ પુનરાવર્તનથી સિદ્ધ) છે તે ધ્યાનનો ઉપઘાત કરનારી થતી નથી. તે પ્રમાણે (તેવી અવસ્થામાં) બેઠાં બેઠાં, ઊભા રહીને કે સૂતાં સૂતાં ધ્યાન કરવું. ૬૦૬

**६०७ सर्वासु मुनयो देश-कालावस्थासु केवलम् ।**
**प्राप्तास्तन्नियमो नासां, नियता योगसुस्थता ॥३०॥**

સર્વ દેશ, કાળ અને અવસ્થામાં મુનિઓ કેવળજ્ઞાન પામેલા છે. માટે એમાં નિયમ નથી. માત્ર યોગની સ્થિરતા (સુસ્થતા)નો નિયમ છે. ૬૦૭

**૬૦૮ वाचना चैव पृच्छा च परावृत्त्यनुचिन्तने ।**
**क्रिया चालम्बनानीह सद्धर्मावश्यकानि च ॥३१॥**

વાચના, પૃચ્છના, પરવર્તના અને અનુચિંતન તથા સદ્ધર્મની આવશ્યક ક્રિયા એનાં (ધર્મધ્યાનનાં) આલંબનો છે. ૬૦૮

**૬૦૯ आरोहति दृढद्रव्या-लम्बनो विषमं पदम् ।**
**तथारोहति सद्ध्यानं, सूत्राद्यालम्बनाश्रितः ॥३२॥**

જેમ દૃઢ વસ્તુ (દ્રવ્ય)ના આલંબનવાળો વિષમ સ્થાન (પદ) ઉપર આરોહણ કરે છે તેમ સૂત્રાદિના આલંબનનો આશ્રય કરનાર સદ્ધ્યાન ઉપર આરૂઢ થાય છે. ૬૦૯

**૬૧૦ आलम्बनादरोद्भूत-प्रत्यूहक्षययोगतः ।**
**ध्यानाद्यारोहणभ्रंशो, योगिनां नोपजायते ॥३३॥**

આલંબનનો આદર ઉત્પન્ન થવાથી, વિઘ્નોના ક્ષયના યોગથી યોગીઓને ધ્યાનાદિના આરોહણનો ભ્રંશ=નાશ થતો નથી. ૬૧૦

**૬૧૧ मनोरोधादिको ध्यान-प्रतिपत्तिक्रमो जिने ।**
**शेषेषु तु यथायोगं समाधानं प्रकीर्तितम् ॥३४॥**

જિનને વિશે મનોરોધ આદિ ધ્યાનની પ્રાપ્તિ (પ્રતિપત્તિ) નો ક્રમ છે. બાકીનાઓ માટે તો યથાયોગ્ય સમાધાન કહેલું છે. ૬૧૧

**६१२ आज्ञाऽपायऽविपाकानां, संस्थानस्य च चिन्तनात् ।**
**धर्मध्यानोपयुक्तानां, ध्यातव्यं स्याच्चतुर्विधम् ॥३५॥**

ધર્મધ્યાનમાં (ઉપયુક્ત=) જોડાયેલા દ્વારા આજ્ઞા, અપાય, વિપાક અને સંસ્થાનનું ચિંતન કરવાથી તે (ધર્મધ્યાન) ચાર પ્રકારે ધરાય છે. ૬૧૨

**६१३ नयभङ्ग-प्रमाणाढ्यां, हेतुदाहरणान्विताम् ।**
**आज्ञां ध्यायेज्जिनेन्द्राणा-मप्रामाण्याकलङ्किताम् ॥३६॥**

નયભંગ અને પ્રમાણથી વ્યાપ્ત, હેતુ તથા ઉદાહરણથી યુક્ત, અપ્રમાણતાનાં કલંક વિનાની જિનેશ્વરની આજ્ઞાનું ધ્યાન ધરવું. ૬૧૩

**६१४ रागद्वेषकषायादि-पीडितानां जनुष्मताम् ।**
**ऐहिकामुष्मिकांस्तांस्ता-न्नानापायान् विचिन्तयेत् ॥३७॥**

રાગ, દ્વેષ, કષાય વગેરેથી પીડા પામેલા જીવોના (ઐહિક=) આલોક અને પરલોક (આમુષ્મિક) વિશેનાં તે તે વિવિધ પ્રકારનાં અપાયો (કષ્ટો, દુઃખો, અનર્થો)નો વિચાર કરવો. ૬૧૪

**६१५ ध्यायेत् कर्मविपाकं च, तं तं योगानुभावजम् ।**
**प्रकृत्यादिचतुर्भेदं, शुभाशुभविभागतः ॥३८॥**

તે તે યોગના અનુભાવ (પ્રભાવ)થી ઉત્પન્ન થયેલા અને પ્રકૃતિ આદિ ચાર પ્રકારનાં કર્મોના વિપાકનું શુભ અને અશુભના વિભાગથી ધ્યાન કરવું. ૬૧૫

**૬૧૬ उत्पादस्थितिभङ्गादि-पर्यायैर्लक्षणैः पृथक् ।**
**भेदैर्नामादिभिर्लोक-संस्थानं चिन्तयेद् भृतम् ॥३९॥**

ઉત્પતિ, સ્થિતિ, નાશ (ભંગ) વગેરે પર્યાયોરૂપી લક્ષણો વડે તથા નામ વગેરે પૃથક્ ભેદો વડે ભરેલા લોકસંસ્થાન (=લોકાકાશ)નું ચિંતન કરવું. ૬૧૬

**૬૧૭ चिन्तयेत् तत्र कर्त्तारं, भोक्तारं निजकर्मणाम् ।**
**अरूपमव्ययं जीव-मुपयोगस्वलक्षणम् ॥४०॥**

જીવ ઉપયોગરૂપી સ્વલક્ષણવાળો, પોતાનાં કર્મનો કર્તા અને ભોક્તા છે, અરૂપી છે, અવ્યય છે - એનું એમાં ચિંતન કરવું. ૬૧૭

**૬૧૮ तत्कर्मजनितं जन्म-जरामरणवारिणा ।**
**पूर्णं मोहमहावर्त्त-कामौर्वानलभीषणम् ॥४१॥**

તે (ભવસમુદ્ર) કર્મથી ઉત્પન્ન થયેલો, જન્મ, જરા, મરણરૂપી જળથી ભરેલો, મોહના મોટા વમળ (આવર્ત)વાળો અને કામરૂપી વડવાનલથી ભીષણ બનેલો - ૬૧૮

**૬૧૯ आशामहानिलापूर्ण-कषायकलशोच्छलत् ।**
**असद्विकल्पकल्लोल-चक्रं दधतमुद्धतम् ॥४२॥**

તે (ભવસમુદ્ર) આશારૂપી મહાવાયુથી પૂર્ણ, કષાયરૂપી કળશોને કારણે ઉછળતો, અસત્ વિકલ્પોરૂપી ઉછળતા તરંગોના સમૂહને ધારણ કરતો - ૬૧૯

**૬૨૦ हृदि स्त्रोतसिकावेला-सम्पातदुरतिक्रमम् ।**
**प्रार्थनावल्लिसन्तानं, दुष्पूरविषयोदरम् ॥४३॥**

તે (ભવસમુદ્ર) હૃદયમાં શ્રોતસિકા (ઈન્દ્રિયો અર્થાત્ વાસનાઓ) રૂપી વેળા (ભરતી)ને લીધે બહુ કષ્ટથી ઓળંગી શકાય એવો, (વાસનાઓના સંતોષ માટે) પ્રાર્થનારૂપી લહરીઓની પરંપરાવાળો, દુઃખે કરીને સંતોષાય એવા વિષયરૂપી ઉદર(મધ્યભાગ) વાળો - ૬૨૦

**૬૨૧ अज्ञानदुर्दिनं व्यापद्-विद्युत्पातोद्भवद्भयम् ।**
**कदाग्रहकुवातेन हृदयोत्कम्पकारिणम् ॥४४॥**

તે (ભવસમુદ્ર) અજ્ઞાનરૂપી દુર્દિનવાળો, વિપત્તિરૂપી વીજળી પડવાથી ભય ઉત્પન્ન કરનારો, કદાગ્રહરૂપી દુષ્ટ વાયુ વડે હૃદયને કંપ કરાવનારો - ૬૨૧

**૬૨૨ विविधव्याधिसम्बन्ध-मत्स्यकच्छपसङ्कुलम् ।**
**चिन्तयेच्च भवाम्भोधिं, चलद्दोषाद्रिदुर्गमम् ॥४५॥**

તથા વિવિધ પ્રકારના વ્યાધિઓના સંબંધરૂપી મત્સ્ય અને કાચબાથી સંકુલ(ભરપૂર), દોષોરૂપી ચલાયમાન પર્વતોથી દુર્ગમ એવા ભવસમુદ્રનું ચિંતન કરવું. ૬૨૨

**६२३ तस्य संतरणोपायं, सम्यक्त्वदृढबन्धनम् ।**

**बहुशीलाङ्गफलकं, ज्ञाननिर्यामकान्वितम् ॥४६॥**

તેને (ભવસમુદ્રને) તરવાના ઉપાયમાં સમ્યક્‌ત્વરૂપી દૃઢ બંધન હોય છે, બહુ શીલાંગરૂપ પાટિયાં (ફલક)હોય છે, જ્ઞાનરૂપી નિર્યામક (સુકાની) હોય છે. - ૬૨૩

**६२४ संवराऽस्ताऽश्रवच्छिद्रं, गुप्तिगुप्तं समन्ततः ।**

**आचारमण्डपोद्दीप्ता-पवादोत्सर्ग-भू-द्वयम् ॥४७॥**

સંવર વડે જેનાં આશ્રવરૂપી છિદ્રો પૂરાયેલાં છે, ચારે બાજુથી જે ગુપ્તિઓ વડે રક્ષણ કરાયેલું છે, અપવાદ અને ઉત્સર્ગરૂપી બે માળ (ભૂમિ)વાળા ને આચારરૂપી મંડપથી પ્રદીપ્ત છે એવા - ૬૨૪

**६२५ असंख्यैर्दुर्धरैर्योधै-र्दुष्प्रधृष्यं सदाशयैः ।**

**सद्योगकूपस्तम्भाग्र-न्यस्ताध्यात्मसितांशुकम् ॥४८॥**

સદાશયરૂપી અસંખ્ય દુર્ધર યોદ્ધાઓને લીધે અપરાજેય, સદ્‌યોગરૂપી કૂવાસ્તંભના અગ્ર ભાગ ઉપર અધ્યાત્મરૂપી સઢ (સિતાંશુક) છે એવા - ૬૨૫

**६२६ तपोऽनुकूलपवनो-द्भूतसंवेगवेगतः ।**

**वैराग्यमार्गपतितं, चारित्रवहनं श्रिताः ॥४९॥**

તપરૂપી અનુકૂળ પવનથી ઉત્પન્ન થયેલા, સંવેગરૂપી વેગથી વૈરાગ્યરૂપી માર્ગે પડેલા (ચડેલા), ચારિત્રરૂપી વહાણમાં બેઠેલા - ૬૨૬

૬૨૭ **सद्भावनाख्यमञ्जूषा-न्यस्तसच्चित्तरत्नतः ।**
**यथाऽविघ्नेन गच्छन्ति, निर्वाणनगरं बुधाः ॥५०॥**

પંડિતો (જ્ઞાનીઓ) સદ્‌ભાવના નામની પેટી (મંજૂષા)માં શુદ્ધ ચિત્તરૂપી રત્ન મૂકીને, નિર્વિઘ્ને નિર્વાણ-નગરે પહોંચે છે. ૬૨૭

૬૨૮ **यथा च मोहपल्लीशे, लब्धव्यतिकरे सति ।**
**संसारनाटकोच्छेदा-शङ्कापङ्काविले मुहुः ॥५१॥**

અને જ્યારે મોહરાજા (પલ્લીપતિ)એ આ વૃત્તાન્ત જાણ્યો ત્યારે સંસારરૂપી નાટકના ઉચ્છેદની શંકારૂપી કાદવથી તે વારંવાર ખરડાઈ ગયો છે. ૬૨૮

૬૨૯ **सज्जीकृतस्वीयभटे, नावं दुर्बुद्धिनामिकाम् ।**
**श्रिते दुर्नीतिनौवृन्दा-रूढशेषभटान्विते ॥५२॥**

તેણે (મોહરાજા)એ પોતાના સુભટોને સજ્જ કરીને દુર્બુદ્ધિ નામની નૌકામાં બેસાડ્યા અને બાકીનાને દુર્નીતિરૂપી નૌકમાં બેસાડ્યા. ૬૨૯

૬૩૦ **आगच्छत्यथ धर्मेश-भटौघे रणमण्डपम् ।**
**तत्त्वचिन्तादिनाराच-सज्जीभूते समाश्रिते ॥५३॥**

ત્યારે તત્ત્વચિંતનાદિરૂપી બાણોથી સજ્જ થયેલા સુભટોના સમૂહ સાથે ધર્મરાજા રણમેદાનમાં આવી પહોંચે છે. ૬૩૦

**૬૩૧ मिथो लग्ने रणावेशे, सम्यग्दर्शनमन्त्रिणा ।**
**मिथ्यात्वमन्त्री विषमां, प्राप्यते चरमां दशाम् ॥५४॥**

પરસ્પર તેમની વચ્ચે રણયુદ્ધ થતાં સમ્યગ્દર્શનરૂપી મંત્રી મિથ્યાત્વરૂપી મંત્રીને છેલ્લી=વિષમ દશાને પમાડે છે. (મૃતપ્રાયઃ કરી દેવાય છે.) ૬૩૧

**૬૩૨ लीलयैव निरुध्यन्ते, कषायचरटा अपि ।**
**प्रशमादिमहायोधैः, शीलेन स्मरतस्करः ॥५५॥**

પ્રશમ વગેરે મોટા યોદ્ધા દ્વારા કષાયરૂપી ચોરોને અને શીલરૂપી સુભટ દ્વારા કામરૂપી ચોરને લીલા માત્રમાં રુંધવામાં આવે છે. ૬૩૨

**૬૩૩ हास्यादिषट्कलुण्टाक-वृन्दं वैराग्यसेनया ।**
**निद्रादयश्च ताडयन्ते, श्रुतोद्योगादिभिर्भटैः ॥५६॥**

હાસ્ય વગેરે છ લૂંટારાના ટોળાંને વૈરાગ્યરૂપી સેના દ્વારા અને નિદ્રા વગેરેને શ્રુત-ઉદ્યોગ વગેરે સુભટો દ્વારા માર મારવામાં આવે છે. ૬૩૩

**૬૩૪ भटाभ्यां धर्मशुक्लाभ्या-मार्तरौद्राभिधौ भटौ ।**
**निग्रहेणेन्द्रियाणां च, जीयते द्रागसंयमः ॥५७॥**

ધર્મ અને શુકલ ધ્યાનરૂપી સુભટો દ્વારા આર્ત્ત અને રૌદ્ર ધ્યાનરૂપી યોદ્ધાઓને અને ઇન્દ્રિયનિગ્રહ દ્વારા અસંયમને તત્કાળ (દ્રાક્) જીતી લેવાય છે. ૬૩૪

૬૩૫ क्षयोपशमतश्चक्षु-र्दर्शनावरणादयः ।

नश्यत्यसातसैन्यं च, पुण्योदयपराक्रमात् ॥५८॥

ક્ષયોપશમરૂપી સુભટથી ચક્ષુદર્શનાવરણ વગેરે અને પુણ્યોદયરૂપી સુભટના પરાક્રમથી અશાતારૂપી સૈન્ય નાશ પામે છે. ૬૩૫

૬૩૬ सह द्वेषगजेन्द्रेण, रागकेसरिणा तथा ।

सुतेन मोहभूपोऽपि, धर्मभूपेन हन्यते ॥५९॥

ધર્મરાજા વડે મોહરૂપી રાજા, દ્વેષરૂપી ગજેન્દ્ર અને રાગરૂપી કેસરી (સિંહ) નામના પોતાના પુત્રો સહિત હણાય છે. ૬૩૬

૬૩૭ ततः प्राप्तमहानन्दा, धर्मभूपप्रसादतः ।

यथा कृतार्था जायन्ते, साधवो व्यवहारिणः ॥६०॥

ત્યાર પછી ધર્મરાજાની કૃપાથી (પ્રસાદથી) જેઓને મહાઆનંદ થયો છે તે સાધુરૂપી વેપારીઓ કૃતાર્થ થાય છે. ૬૩૭

૬૩૮ विचिन्तयेत् तथा सर्वं, धर्मध्याननिविष्टधीः ।

ईदृगन्यदपि न्यस्त-मर्थजातं यदागमे ॥६१॥

ધર્મધ્યાન વિશે જેમની બુદ્ધિ તલ્લીન થયેલી છે તેઓએ આગમમાં નિરૂપાયેલા બીજા પણ આવા પદાર્થો વિશે ચિંતન કરવું. ૬૩૮

६३९ मनसश्चेन्द्रियाणां च, जयाद् यो निर्विकारधीः ।
धर्मध्यानस्य स ध्याता, शान्तोदान्तः प्रकीर्तितः ॥६२॥

મન અને ઇન્દ્રિયોના જયથી નિર્વિકાર બુદ્ધિવાળા જે હોય તે શાન્ત અને દાન્ત (મુનિ)ને ધર્મધ્યાનના ધ્યાતા કહ્યા છે. ૬૩૯

६४० परैरपि यदिष्टं च, स्थितप्रज्ञस्य लक्षणम् ।
घटते ह्यत्र तत्सर्वं, तथा चेदं व्यवस्थितम् ॥६३॥

બીજાઓએ પણ સ્થિતપ્રજ્ઞનું જે લક્ષણ કહ્યું છે તે સર્વ અહીં ઘટી શકે છે. એટલે આ પણ વ્યવસ્થિત જ છે. ૬૪૦

६४१ "प्रजहाति यदा कामान्, सर्वान् पार्थ ! मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः, स्थितप्रज्ञस्तदोच्यते" ॥६४॥
[गी. २.५५]

હે અર્જુન (પાર્થ) ! જ્યારે મનમાં રહેલી સર્વ કામનાઓને તે (સાધક) ત્યજી દે છે, (અને) પોતાનામાં જ પોતાના (આત્મા) વડે સંતુષ્ટ હોય છે ત્યારે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. ૬૪૧

६४२ "दुःखेष्वनुद्विग्नमनाः, सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः, स्थितधीर्मुनिरुच्यते" ॥६५॥
[गी. २.५६]

દુઃખમાં જે ઉદ્વેગરહિત મનવાળો છે, સુખમાંથી જેની સ્પૃહા જતી રહી છે, જેના રાગ, ભય અને ક્રોધ ચાલ્યા ગયા છે તે મુનિ સ્થિરબુદ્ધિવાળો કહેવાય છે. ૬૪૨

**६४३ "यः सर्वत्रानभिस्नेह-स्तत् तत् प्राप्य शुभाशुभम् ।**
**नाभिनन्दति न द्वेष्टि, तस्य प्रज्ञा प्रतिष्ठिता" ॥६६॥**
**[ गी. २.५७ ]**

જે સર્વત્ર સ્નેહરહિત (રાગરહિત, અનાસક્ત) છે અને જે શુભાશુભ પામીને નથી આનંદિત થતો કે નથી દ્વેષ કરતો, તેની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત છે. ૬૪૩

**६४४ "यदा संहरते चायं, कूर्मोऽङ्गानीव सर्वशः ।**
**इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्-तस्य प्रज्ञा प्रतिष्ठिता" ॥६७॥**
**[ गी. २.५८ ]**

અને જેમ કાચબો બધી બાજુથી અંગોને સંહરી (સમેટી) લે છે તેમ ઇન્દ્રિયોને ઇન્દ્રિયોના વિષયોમાંથી સંહરી લે છે. તેની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત (સ્થિર) છે. ૬૪૪

**६४५ शान्तोदात्तो भवेदीद्द-गात्मारामतया स्थितः ।**
**सिद्धस्य हि स्वभावो यः, सैव साधकयोग्यता ॥६८॥**

જે શાન્ત, દાન્ત અને આત્મપરાયણતામાં સ્થિત હોય તે જ આ પ્રમાણે (ધ્યાતા) થાય છે. સિદ્ધનો (સિદ્ધયોગીનો) જે સ્વભાવ છે તે જ સાધકની યોગ્યતા છે. ૬૪૫

६४६ **ध्याताऽयमेव शुक्लस्याऽप्रमत्तः पादयोर्द्वयोः ।**
**पूर्वविद् योग्ययोगी च, केवली परयोस्तयोः ॥६९॥**

આ જ અપ્રમત્ત પૂર્વધર (મુનિ) શુક્લધ્યાનના (પ્રથમ) બે પાયાના ધ્યાતા છે, તેમાં પછીનાં બે (શુક્લધ્યાનના ત્રીજા અને ચોથાં પાયા)ના ધ્યાતા સયોગી અને અયોગી કેવલી (અનુક્રમે) છે. ૬૪૬

६४७ **अनित्यत्वाद्यनुप्रेक्षा, ध्यानस्योपरमेऽपि हि ।**
**भावयेन्नित्यमभ्रान्तः, प्राणा ध्यानस्य ताः खलु ॥७०॥**

ધ્યાનથી (ધર્મધ્યાનથી) નિવૃત્ત (ઉપરમ) થવાય ત્યારે પણ અભ્રાન્ત આત્માએ હંમેશાં અનિત્યાદિ અનુપ્રેક્ષાઓ ભાવવી, કારણ કે તે ખરેખર ધ્યાનના પ્રાણરૂપ છે. ૬૪૭

६४८ **तीव्रादिभेदभाजः स्यु-र्लेश्यास्तिस्त्र इहोत्तराः ।**
**लिङ्गान्यत्रागमश्रद्धा, विनयः सद्गुणस्तुति : ॥७१॥**

અહીં છેલ્લી ત્રણ લેશ્યાઓ તીવ્રાદિ ભેદ (પ્રકાર)વાળી છે. આગમશ્રદ્ધા, વિનય અને સદ્ગુણસ્તુતિ એ એનાં લિંગો છે. ૬૪૮

६४९ **शीलसंयमयुक्तस्य, ध्यायतो धर्म्यमुत्तमम् ।**
**स्वर्गप्राप्तिं फलं प्राहुः, प्रौढपुण्यानुबन्धिनीम् ॥७२॥**

શીલ અને સંયમથી યુક્ત એવા, ધર્મધ્યાનના ધ્યાતાને પ્રૌઢ પુણ્યના અનુબંધવાળું સ્વર્ગપ્રાપ્તિરૂપી ફળ કહ્યું છે. ૬૪૯

૬૫૦ ध्यायेच्छुक्लमथ क्षान्ति-मृदुत्वार्जवमुक्तिभिः ।
छद्मस्थोऽणौ मनो धृत्वा, व्यपनीय मनो जिनः ॥७३॥

ત્યારપછી ક્ષમા (ક્ષાન્તિ), મૃદુતા, સરળતા (આર્જવ) અને નિસ્પૃહતાથી યુક્ત છદ્મસ્થ (=મુનિએ) પરમાણુમાં મન જોડીને અને જિને (કેવળીએ) મનનો નિરોધ કરીને શુકલધ્યાન ધ્યાવવું. ૬૫૦

૬૫૧ सवितर्कं सविचारं, सपृथक्त्वं तदादिमम् ।
नानानयाश्रितं तत्र, वितर्कः पूर्वगं श्रुतम् ॥७४॥

સવિતર્ક, સવિચાર અને સપૃથક્ત્વ એમ આ (શુકલ-ધ્યાનનો પહેલો પાયો) છે. એમાં વિવિધ નયને આશ્રયે રહેલું પૂર્વગત શ્રુત તે વિતર્ક છે. ૬૫૧

૬૫૨ अर्थ-व्यञ्जन-योगानां, विचारोऽन्योन्यसङ्क्रमः ।
पृथक्त्वं द्रव्यपयार्य-गुणान्तरगतिः पुनः ॥७५॥

અર્થ (પદાર્થ), વ્યંજન (શબ્દ) અને યોગો (મન, વચન, કાયાના)નો અન્યોન્ય સંક્રમ તે વિચાર તથા દ્રવ્ય, ગુણ અને પર્યાયની અંતરગતિ (સંક્રમ) તે પૃથક્ત્વ. ૬૫૨

૬૫૩ त्रियोगयोगिनः साधो-र्वितर्काद्यन्वितं ह्यदः ।
ईषच्चलतरङ्गाऽब्धेः, क्षोभाभावदशानिभम् ॥७६॥

ત્રણ યોગના યોગવાળા સાધુને વિતર્કાદિથી યુક્ત આ (પહેલા પ્રકારનું શુકલ-ધ્યાન) કંઈક ચપળ તરંગવાળા સમુદ્રની

ક્ષોભરહિત દશા=સ્થિરતા જેવું હોય છે. ૬૫૩

**६५४ एकत्वेन वितर्केण, विचारेण च संयुतम् ।**
**निर्वातस्थप्रदीपाभं, द्वितीयं त्वेकपर्यये ॥७७॥**

એકત્વથી, વિતર્કથી અને વિચારથી સંયુક્ત, એક પર્યાયવાળું બીજું (શુકલધ્યાન) વાયુ વિનાના સ્થાનમાં રહેલા પ્રદીપની જ્યોતિ જેવું છે. ૬૫૪

**६५५ सूक्ष्मक्रियानिवृत्त्याख्यं, तृतीयं तु जिनस्य तत् ।**
**अर्धरुद्धाङ्गयोगस्य, रुद्धयोगद्वयस्य च ॥७८॥**

સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ નામનું આ ત્રીજું ધ્યાન કેવલી (જિન)નું છે. એમાં કાય (અંગ) યોગનો અડધો નિરોધ અને બીજા બે યોગ (વચન અને મન)નો નિરોધ હોય છે. ૬૫૫

**६५६ तुरीयं च समुच्छिन्न-क्रियमप्रतिपाति तत् ।**
**शैलवन्निष्प्रकम्पस्य, शैलेश्यां विश्ववेदिनः ॥७९॥**

આ ચોથું (શુકલધ્યાન) 'સમુચ્છિન્ન ક્રિયા અપ્રતિપાતી' (સર્વથા ઉચ્છિન્ન વ્યાપારવાળું અને પાછું ન પડે તેવું) છે. તે શૈલેશી અવસ્થામાં, પર્વતની જેમ નિષ્પ્રકંપ રહેનાર સર્વજ્ઞ (વિશ્વવેદિ)નું હોય છે. ૬૫૬

**६५७ एतच्चतुर्विधं शुक्ल-ध्यानमत्र द्वयोः फलम् ।**
**आद्ययोः सुरलोकाप्ति-रन्त्ययोस्तु महोदयः ॥८०॥**

આ ચાર પ્રકારના શુકલ ધ્યાનમાંના પહેલા બે

(પ્રકાર)નું ફળ સ્વર્ગલોકની પ્રાપ્તિ છે અને છેલ્લા બેનું (ફળ) મોક્ષ (મહોદય) છે. ૬૫૭

**૬૫૮ आश्रवापायसंसारा-नुभाववभवसंततीः ।**
**अर्थे विपरिणामं चानुपश्येच्छुक्लविश्रमे ॥८१॥**

શુકલધ્યાનના વિશ્રામ દરમિયાન, આશ્રવોથી થતા અપાયોની (દુઃખોની), સંસારના અનુભવની, ભવની પરંપરાની અથવા અર્થમાં વિપરિણામની અનુપ્રેક્ષા કરવી. ૬૫૮

**૬૫૯ द्वयोः शुक्ला तृतीये च, लेश्या सा परमा मता ।**
**चतुर्थशुक्लभेदस्तु, लेश्यातीतः प्रकीर्तितः ॥८२॥**

બેમાં (શુકલધ્યાનના પહેલા બે પાયામાં) શુકલ (લેશ્યા), ત્રીજામાં તે લેશ્યા પરમ (ઉત્કૃષ્ટ) માનેલી છે તથા શુકલધ્યાનના ચોથા પ્રકારમાં (ધ્યાની મહાત્મા) લેશ્યાતીત કહેવાય છે. ૬૫૯

**૬૬૦ लिङ्गं निर्मलयोगस्य, शुक्लध्यानवतोऽवधः ।**
**असम्मोहो विवेकश्च, व्युत्सर्गश्चाभिधीयते ॥८३॥**

નિર્મળ યોગવાળા શુકલધ્યાનીનાં અવધ, અસંમોહ, વિવેક અને વ્યુત્સર્ગ એ લિંગ કહ્યાં છે. ૬૬૦

**૬૬૧ अवधादुपसर्गेभ्यः कम्पते न बिभेति वा ।**
**असम्मोहान्न सूक्ष्मार्थे, मायास्वपि च मुह्यति ॥८४॥**

અવધ [અહિંસા]ને લીધે તેઓ ઉપસર્ગથી કંપતા નથી કે ભય પામતા નથી. અસંમોહને લીધે તેઓ સૂક્ષ્મ અર્થમાં કે માયામાં પણ મૂંઝાતા નથી. ૬૬૧

**૬૬૨ विवेकात् सर्वसंयोगाद् भिन्नमात्मानमीक्षते ।**
**देहोपकरणासङ्गो, व्युत्सर्गाज्जायते मुनिः ॥८५॥**

વિવેક દ્વારા તે સર્વ સંયોગથી પોતાના આત્માને ભિન્ન જુએ છે. વ્યુત્સર્ગ દ્વારા મુનિ શરીર અને ઉપકરણથી અસંગ થાય છે. ૬૬૨

**૬૬૩ एनं ध्यानक्रमं शुद्धं, मत्वा भगवदाज्ञया ।**
**यः कुर्यादेतदभ्यासं, सम्पूर्णाध्यात्मविद् भवेत् ॥८६॥**

જે (યોગી) ભગવાનની આજ્ઞા વડે શુદ્ધ ધ્યાનનો આ ક્રમ જાણીને એનો અભ્યાસ કરે તે સંપૂર્ણ અધ્યાત્મને જાણનારો થાય છે. ૬૬૩

॥ इति अध्यात्मसारे ध्यानाधिकारः ॥१६॥

**ધ્યાન અધિકાર સંપૂર્ણ.**

## सप्तदशो ध्यानस्तुत्यधिकारः

६६४ यत्र गच्छति परं परिपाकम्,
पाकशासनपदं तृणकल्पम् ।
स्वप्रकाशसुखबोधमयं तद्-
ध्यानमेव भवनाशि भजध्वम् ॥१॥

જે (ધ્યાન) પરમ પરિપાકને પામતાં (યોગીને) ઇન્દ્રનું પદ પણ તૃણ સમાન લાગે છે, જે ધ્યાન સ્વપ્રકાશક, સુખરૂપ, બોધમય અને ભવભંજક છે તેનું જ તું સેવન કર. ૬૬૪

६६५ आतुरैरपि जडैरपि साक्षात्,
सुत्यजा हि विषया न तु रागः ।
ध्यानवांस्तु परमद्युतिदर्शी,
तृप्तिमाप्य न तमृच्छति भूयः ॥२॥

આતુર અને જડ માણસો માટે વિષયોને સાક્ષાત્ ત્યજવા સહેલા છે, પરંતુ રાગ તેવો (ત્યજી શકાય તેવો) નથી. પરમ દ્યુતિને જોનાર ધ્યાની તો તૃપ્તિ પામીને તેનો (રાગનો) ફરીવાર સ્વીકાર કરતા નથી. ૬૬૫

६६६ या निशा सकलभूतगणानां,
ध्यानिनो दिनमहोत्सव एषः ।

**यत्र जाग्रति च तेऽभिनिविष्टा,**

**ध्यानिनो भवति तत्र सुषुप्तिः ॥३॥**

સકલ પ્રાણીસમૂહ માટે જે રાત્રિ છે તે ધ્યાનીને માટે દિવસનો મહોત્સવ છે. વળી, અભિનિવેશરાણ-હઠવાળા જેઓ જેમાં જાગૃત રહે છે તેમાં ધ્યાનીને સુષુપ્તિ હોય છે. ૬૬૬

**૬૬૭ संप्लुतोदकमिवान्धुजलानां,**

**सर्वतः सकलकर्मफलानाम् ।**

**सिद्धिरस्ति खलु यत्र तदुच्चै-**

**र्ध्यानमेव परमार्थनिदानम् ॥४॥**

જેમ કૂવાના જળની સિદ્ધિ (પ્રાપ્તિ) ચોતરફની સરવાણીના જળ વડે છે તેમ સકલ કર્મના ફળની સિદ્ધિ જેમાં રહેલી છે તે, ઉચ્ચ ધ્યાન પરમાર્થના કારણરૂપ જ છે. ૬૬૭

**૬૬૮ बाध्यते न हि कषायसमुत्थै-**

**र्मानसैर्नततनूपनमद्भिः ।**

**अत्यनिष्टविषयैरपि दुःखै-**

**र्ध्यानवान् निभृतमात्मनि लीनः ॥५॥**

આત્મામાં સારી રીતે લીન થયેલો ધ્યાની, કષાયથી ઉત્પન્ન થયેલા મનોવિકારોથી, નમેલા રાજાઓના નમસ્કારોથી કે અત્યંત અનિષ્ટ વિષયોથી કે દુઃખોથી પણ બાધા પામતો નથી. ૬૬૮

૬૬૯ स्पष्टदृष्टसुखसम्भृतमिष्टं,

ध्यानमस्तु शिवशर्मगरिष्ठम् ।

नास्तिकस्तु निहतो यदि न स्या-

देवमादिनयवाङ्मयदण्डात् ॥६॥

સ્પષ્ટ રીતે જોયેલા સુખથી ભરેલું, ઇષ્ટ ને મોક્ષસુખથી ગરિષ્ઠ (મોટું) એવું ધ્યાન મને હો ! જો નાસ્તિક આ નયગર્ભિત વાણીરૂપી દંડના પ્રહારથી ન હણાય તો તેથી શું ? ૬૬૯

૬૭૦ यत्र नार्कविधु-तारक-दीप-

ज्योतिषां प्रसरतामवकाशः ।

ध्यानभिन्नतमसां मुदितात्म-

ज्योतिषां तदपि भाति रहस्यम् ॥७॥

જ્યાં સૂર્ય, ચંદ્ર, તારા અને દીપકની પ્રસરતી જ્યોતિને અવકાશ રહેતો નથી ત્યાં પણ ધ્યાનથી અંધકારને ભેદનારા અને આત્મજ્યોતિને ઉદિત કરનારાઓનું રહસ્ય પ્રકાશે છે. ૬૭૦

૬૭૧ योजयत्यमितकालवियुक्तां,

प्रेयसीं शमरतिं त्वरितं यत् ।

ध्यानमित्रमिदमेव मतं नः,

किं परैर्जगति कृत्रिममित्रैः ॥८॥

ચિરકાળથી વિયુક્ત થયેલી શમરતિરૂપી પ્રેયસીને

ત્વરાથી જે મેળવી આપે છે તે ધ્યાનરૂપી મિત્ર જ અમારે માન્ય છે. જગતમાં બીજા કૃત્રિમ મિત્રોનું અમારે શું કામ છે ? ૬૭૧

**૬૭૨ वारितस्मरबलातपचारे,**
**शीलशीतलसुगन्धिनिविशे ( षे ) ।**
**उच्छ्रिते प्रशमतल्पनिविष्टो,**
**ध्यानधाम्नि लभते सुखमात्मा ॥९॥**

જેમાં કામદેવના બળરૂપી તડકાને (આતપને) અટકાવવામાં આવ્યો છે, જેંની રચના શીલ વડે શીતલ અને સુગંધી છે, જે વિશાળ-ઉત્તુંગ (ઉચ્છ્રિત) છે-એવા ધ્યાનરૂપી પ્રાસાદમાં પ્રશમરૂપી પલંગ (તલ્પ)માં બેઠેલો આત્મા સુખ પામે છે. ૬૭૨

**૬૭૩ शीलविष्टर-दमोदकपाद्य-**
**प्रातिभार्घ-समतामधुपर्कैः ।**
**ध्यानधाम्नि भवति स्फुटमात्मा-**
**हूतपूतपरमाऽतिथिपूजा ॥१०॥**

ધ્યાનરૂપી ધામ (પ્રાસાદ)માં પોતે જ પ્રગટ રીતે નિમંત્રેલા પવિત્ર અને પરમ અતિથિના પૂજાસત્કાર માટે શીલરૂપી આસન, દમરૂપી પાદોદક, પ્રાતિભરૂપી અર્ઘ્ય અને સમતારૂપી મધુપર્ક છે. ૬૭૩

૬૭૪ आत्मनो हि परमात्मनि योऽभूद्,
भेदबुद्धिकृत एव विवादः ।
ध्यानसन्धिकृदमुं व्यपनीय,
द्रागभेदमनयोर्वितनोति ॥११॥

આત્માનો પરમાત્મા વિશે ભેદબુદ્ધિને કારણે થયેલા વિવાદને દૂર કરીને ધ્યાનરૂપી સંધિ કરનારે તે બંનેનો (આત્મા અને પરમાત્માનો) અભેદ વિસ્તાર્યો છે. ૬૭૪

૬૭૫ क्वामृतं विषभृते फणिलोके,
क्व क्षयिण्यपि विधौ त्रिदिवे वा ।
क्वाप्सरोरतिमतां त्रिदशानां,
ध्यान एव तदिदं बुधपेयम् ॥१२॥

વિષથી ભરેલા સર્પલોકમાં અમૃત ક્યાંથી હોય ? ક્ષય પામનારા ચંદ્રને વિશે પણ અમૃત ક્યાંથી હોય ? અથવા સ્વર્ગમાં અપ્સરાઓની પ્રીતિવાળા દેવતાઓને પણ અમૃત ક્યાંથી હોય ? એ (અમૃત) જ્ઞાની મહાત્માઓને પાન કરવા લાયક ધ્યાનને વિશે રહેલું છે. ૬૭૫

૬૭૬ गोस्तनीषु न सितासु सुधायां,
नापि नापि वनिताधरबिम्बे ।
तं रसं कमपि वेत्ति मनस्वी,
ध्यानसम्भवधृतौ प्रथते यः ॥१३॥

ધ્યાનથી ઉત્પન્ન થતી ધૃતિમાં જે કોઈ અપૂર્વ રસ પ્રસિદ્ધ છે તેને મનસ્વી (જ્ઞાની) જ જાણે છે. તેવો રસ દ્રાક્ષમાં નથી, સાકરમાં નથી, સુધામાં નથી અને વનિતાના અધરમાં પણ નથી. ૬૭૬

**૬૭૭ इत्यवेत्य मनसा परिपक्व-**
**ध्यानसम्भवफले गरिमाणम् ।**
**तत्र यस्य रतिरेनमुपैति,**
**प्रौढधामभृतमाशु यशःश्रीः ॥१४॥**

આ રીતે પરિપક્વ ધ્યાનથી ઉત્પન્ન થતા ફળની ગરિમાને મનથી જાણીને તેમાં (ધ્યાનમાં) જેમને રતિ થાય છે તેવા પ્રૌઢ તેજયુક્ત મહાત્મા પાસે યશરૂપી લક્ષ્મી જલદી પહોંચી જાય છે. ૬૭૭

**ધ્યાનસ્તુતિ અધિકાર સંપૂર્ણ.**

**॥ इति अध्यात्मसारे ध्यानस्तुत्यधिकारः ॥१७॥**

**इति श्रीनयविजयगणिशिष्यन्यायविशारद**
**श्रीयशोविजयोपाध्यायविरचितेऽध्यात्मसारप्रकरणे**
**पञ्चमः प्रबन्धः ॥**

# अष्टादश आत्मनिश्चयाधिकारः

६७८ आत्मज्ञानफलं ध्यान-मात्मज्ञानं च मुक्तिदम् ।
आत्मज्ञानाय तन्नित्यं, यत्नः कार्यो महात्मना ॥१॥

આત્મજ્ઞાન એ ધ્યાનનું ફળ છે અને આત્મજ્ઞાન મુક્તિ અપાવનાર છે. એટલા માટે મહાત્માઓએ હમેશાં આત્મજ્ઞાન માટે પ્રયત્ન કરવો જોઈએ. ૬૭૮

६७९ ज्ञाते ह्यात्मनि नो भूयो, ज्ञातव्यमवशिष्यते ।
अज्ञाते पुनरेतस्मिन्, ज्ञानमन्यन्निरर्थकम् ॥२॥

આત્માને જાણ્યા પછી બીજું કંઈ જાણવા યોગ્ય બાકી રહેતું નથી, પરંતુ જો એને (આત્માને) જાણ્યો નથી, તો (આત્મજ્ઞાન સિવાયનું) બીજું જ્ઞાન નિરર્થક છે. ૬૭૯

६८० नवानामपि तत्त्वानां ज्ञानमात्मप्रसिद्धये ।
येनाऽजीवादयो भावाः, स्वभेदप्रतियोगिनः ॥३॥

નવે તત્ત્વનું જ્ઞાન પણ આત્માની સિદ્ધિ માટે છે, કારણ કે અજીવાદિ ભાવો (પદાર્થો) સ્વભેદ (આત્મભેદ)ના પ્રતિયોગી છે. ૬૮૦

६८१ श्रुतो ह्यात्मपराभेदो-ऽनुभूतः संस्तुतोऽपि च ।
निसर्गादुपदेशाद् वा, वेत्ति भेदं तु कश्चन ॥४॥

આત્મા તથા પર(અનાત્મ, જડ)નો અભેદ સાંભળ્યો છે, અનુભવ્યો છે અને પરિચિત પણ કર્યો (અથવા વખાણ્યો છે), પરંતુ કોઈક જીવ નિસર્ગથી અથવા ઉપદેશથી એનો ભેદ જાણે છે. ૬૮૧

**૬૮૨ तदेकत्वपृथक्त्वाभ्या-मात्मज्ञानं हितावहम् ।**
**वृथैवाभिनिविष्टाना-मन्यथा धीर्विडम्बना ॥५॥**

એટલે એકત્વ (અભેદ) અને પૃથક્ત્વ(ભેદ)થી આત્મજ્ઞાન હિતાવહ છે. અભિનિવેશ(કદાગ્રહ)વાળાની વિપરીત બુદ્ધિ તો વૃથા અને વિડંબનારૂપ છે. ૬૮૨

**૬૮૩ एक एव हि तत्रात्मा, स्वभावसमवस्थितः ।**
**ज्ञानदर्शनचारित्र-लक्षणः प्रतिपादितः ॥**

તે (નવ તત્ત્વો)માં એકલો આત્મા જ સ્વભાવમાં સ્થિત રહેલો અને જ્ઞાન, દર્શન તથા ચારિત્રના લક્ષણવાળો પ્રતિપાદિત થયેલો છે. ૬૮૩

**૬૮૪ प्रभा-नैर्मल्य-शक्तीनां, यथा रत्नान्न भिन्नता ।**
**ज्ञानदर्शनचारित्र-लक्षणानां तथात्मनः ॥७॥**

જેમ રત્નની પ્રભા, નિર્મળતા અને શક્તિ રત્નથી ભિન્ન નથી, તેમ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ લક્ષણો આત્માથી ભિન્ન નથી. ૬૮૪

**૬૮૫ आत्मनो लक्षणानां च, व्यवहारो हि भिन्नताम् ।**
**षष्ठ्यादिव्यपदेशेन, मन्यते न तु निश्चयः ॥८॥**

વ્યવહાર (નય) ષષ્ઠી વગેરે વિભક્તિના પ્રયોગ (વ્યપદેશ) વડે આત્મા અને તેનાં લક્ષણોની ભિન્નતા માને છે, પરંતુ નિશ્ચય (નય) એમ માનતો નથી. ૬૮૫

**૬૮૬ घटस्य रूपमित्यत्र, यथा भेदो विकल्पजः ।**
**आत्मनश्च गुणानां च, तथा भेदो न तात्त्विकः ॥९॥**

જેમ 'ઘટનું રૂપ'-એમાં ભેદ વિકલ્પથી ઉત્પન્ન થયેલો છે, તે પ્રમાણે 'આત્માના ગુણો'માં ભેદ તાત્ત્વિક નથી. ૬૮૬

**૬૮૭ शुद्धं यदात्मनो रूपं, निश्चयेनानुभूयते ।**
**व्यवहारो भिदाद्वाराऽ-नुभावयति तत्परम् ॥१०॥**

નિશ્ચયનય વડે આત્માનું જે શુદ્ધ સ્વરૂપ અનુભવાય છે તે પરમ (ઉત્કૃષ્ટ) સ્વરૂપનો વ્યવહારનય ભેદ દ્વારા અનુભવ કરાવે છે. ૬૮૭

**૬૮૮ वस्तुतस्तु गुणानां तद्-रूपं न स्वात्मनः पृथक् ।**
**आत्मा स्यादन्यथाऽनात्मा, ज्ञानाद्यपि जडं भवेत् ॥११॥**

વસ્તુતઃ તો તે ગુણોનું સ્વરૂપ આત્માથી ભિન્ન નથી. જો હોય તો આત્મા અનાત્મારૂપ થશે અને જ્ઞાનાદિ પણ જડ થશે. ૬૮૮

૬૮૯ चैतन्यपरसामान्यात्, सर्वेषामेकतात्मनाम् ।
निश्चिता कर्मजनितो, भेदः पुनरुपप्लवः ॥१२॥

સર્વ આત્માઓ પરસામાન્યથી (શુદ્ધ સંગ્રહનયથી) ચૈતન્યરૂપે એક જ છે, પરંતુ કર્મજનિત ભેદ તેમાં (અનેકતા સર્જાય છે માટે) ઉપપ્લવરૂપ (અનિષ્ટ) છે. ૬૮૯

૬૯૦ मन्यते व्यवहारस्तु, भूतग्रामादिभेदतः ।
जन्मादेश्च व्यवस्थातो, मिथो नानात्वमात्मनाम् ॥१३॥

વ્યવહારનય પ્રાણી(ભૂત)ના સમૂહ વગેરે (ગ્રામાદિ)ના ભેદથી તથા જન્માદિની વ્યવસ્થાથી આત્માનું પરસ્પર વિવિધપણું માને છે. ૬૯૦

૬૯૧ न चैतन्निश्चये युक्तं, भूतग्रामो यतोऽखिलः ।
नामकर्मप्रकृतिजः, स्वभावो नात्मनः पुनः ॥१४॥

તે (જીવોનું વિવિધપણું) નિશ્ચયનયમાં યોગ્ય નથી, કારણ કે સમગ્ર (અખિલ) પ્રાણીસમૂહ(ભૂતગ્રામ)ની ભિન્નતા નામકર્મની પ્રકૃતિથી ઉત્પન્ન થયેલ છે. તે આત્માનો સ્વભાવ જ નથી. ૬૯૧

૬૯૨ जन्मादिकोऽपि नियतः, परिणामो हि कर्मणाम् ।
न च कर्मकृतो भेदः, स्यादात्मन्यविकारिणि ॥१५॥

જન્મ વગેરેના ભેદ નિશ્ચયથી તો કર્મનું જ પરિણામ છે. તથા કર્મકૃત ભેદ અવિકારી આત્માને હોઈ શકે નહિ. ૬૯૨

६९३ आरोप्य केवलं कर्म, कृतां विकृतिमात्मनि ।
भ्रमन्ति भ्रष्टविज्ञाना, भीमे संसारसागरे ॥१६॥

કેવળ કર્મકૃત વિકૃતિને આત્મા વિશે આરોપણ કરીને જ્ઞાનથી ભ્રષ્ટ થયેલાઓ ભયંકર (ભીમ) સંસારસાગરમાં ભ્રમણ કરે છે. ૬૯૩

६९४ उपाधिभेदजं भेदं, वेत्त्यज्ञः स्फटिके यथा ।
तथा कर्मकृतं भेद-मात्मन्येवाभिमन्यते ॥१७॥

જેમ અજ્ઞાની માણસ ઉપાધિના ભેદથી ઉત્પન્ન થયેલા ભેદને સ્ફટિકને વિશે જાણે છે, તેમ કર્મકૃત ભેદને આત્માને વિશે માને છે. ૬૯૪

६९५ उपाधिकर्मजो नास्ति, व्यवहारस्त्वकर्मणः ।
इत्यागमवचो लुप्त-मात्मवैरूप्यवादिना ॥१८॥

'ઉપાધિરૂપ કર્મથી ઉત્પન્ન થયેલો વ્યવહાર કર્મરહિત(આત્મા)ને હોતો નથી' એ આગમવચનનો લોપ આત્માની વિરૂપતામાં માનનારા કરે છે. ૬૯૫

६९६ एकक्षेत्रस्थितोऽप्येति, नात्मा कर्मगुणान्वयम् ।
तथाभव्यस्वभावत्मा-च्छुद्धो धर्मास्तिकायवत् ॥१९॥

એક ક્ષેત્રમાં રહેવા છતાં આત્મા ધર્માસ્તિકાયની જેમ શુદ્ધ રહેવાના તેના તથાભવ્યત્વ સ્વભાવને કારણે કર્મગુણો સાથે સંબંધવાળો થતો નથી. ૬૯૬

૬૯૭ यथा तैमिरिकश्चन्द्र-मप्येकं मन्यते द्विधा ।
अनिश्चयकृतोन्माद-स्तथात्मानमनेकधा ॥२०॥

જેમ નેત્રરોગવાળો (તૈમિરિક) એક જ ચન્દ્રને બે પ્રકારે (તરીકે) જાણે છે, તેમ અનિશ્ચયે (માત્ર વ્યવહારે) કરેલા ઉન્માદવાળો એક જ આત્માને અનેક પ્રકારનો માને છે. ૬૯૭

૬૯૮ यथानुभूयते ह्येकं, स्वरूपास्तित्वमन्वयात् ।
सादृश्यास्तित्वमप्येक-मविरुद्धं तथात्मनाम् ॥२१॥

આત્માના સ્વરૂપનું અસ્તિત્વ જેમ અન્વયથી એક જ અનુભવાય છે, તેમ સાદૃશ્યથી પણ આત્માનું અસ્તિત્વ એક અને અવિરુદ્ધ છે. ૬૯૮

૬૯૯ सदसद्वादपिशुनात्, सङ्गोप्य व्यवहारतः ।
दर्शयत्येकतारत्नं, सतां शुद्धनयः सुहृत् ॥२२॥

સત્-અસત્ રૂપી વાદને જણાવતા ચાડિયા (પિશુન)રૂપી વ્યવહારનયથી રક્ષણ કરીને શુદ્ધ નયરૂપી મિત્ર સત્પુરુષોને એકતારૂપી રત્ન બતાવે છે. ૬૯૯

૭૦૦ नृ-नारकादिपर्यायै-रप्युत्पन्नविनश्वरैः ।
भिन्नैर्जहाति नैकत्व-मात्मद्रव्यं सदान्वयि ॥२३॥

ઉત્પન્ન થતા અને નાશ પામતા મનુષ્ય, નારકી વગેરે ભિન્ન ભિન્ન પર્યાયો વડે પણ સદા અન્વય(=પરિવર્તન)વાળું આત્મદ્રવ્ય એકત્વને છોડતું નથી. ૭૦૦

**७०१ यथैकं हेम केयूर-कुण्डलादिषु वर्त्तते ।**
**नृनारकादिभावेषु, तथात्मैको निरञ्जनः ॥२४॥**

જેમ એક જ સુવર્ણ કેયૂર, કુંડલ વગેરેમાં હોય છે તેમ એક જ નિરંજન આત્મા મનુષ્ય, નારકી વગેરેમાં ભાવોમાં હોય છે. ૭૦૧

**७०२ कर्मणस्ते हि पर्याया, नात्मनः शुद्धसाक्षिणः ।**
**कर्म क्रियास्वभावं य-दात्मा तु ज्ञस्वभाववान् ॥२५॥**

તે પર્યાયો કર્મના જ છે, શુદ્ધ સાક્ષીરૂપ આત્માના નથી, કારણ કે કર્મ ક્રિયાના સ્વભાવવાળું છે, ત્યારે આત્મા તો જ્ઞ(જ્ઞાતા) સ્વભાવવાળો છે. ૭૦૨

**७०३ नाणूनां कर्मणो वासौ, भवसर्गः स्वभावजः ।**
**एकैकविरहेऽभावा-न्न च तत्त्वान्तरं स्थितम् ॥२६॥**

આ ભવસંસાર (ભવસર્ગ) કર્મના અણુઓના સ્વભાવથી ઉત્પન્ન થયેલો નથી. એક એકના વિરહથી તેનો (સંસારનો) અભાવ છે તથા અન્ય કોઈ તત્ત્વથી તેનું અસ્તિત્વ (સ્થિતિ) નથી. ૭૦૩

**७०४ श्वेतद्रव्यकृतं श्वैत्यं, भित्तिभागे यथा द्वयोः ।**
**भात्यनन्तर्भवच्छून्यं, प्रपञ्चोऽपि तथेक्ष्यताम् ॥२७॥**

જેમ ભીંત પર શ્વેત દ્રવ્યથી કરેલી ઉજજવળતા (શ્વૈત્ય) તે બંનેમાં (=ભીંત અને દ્રવ્યમાં) અંતર્ભાવ પામ્યા

વગર અને શૂન્ય બન્યા વિના પ્રકાશે છે, તેમ પ્રપંચ (સંસાર)ને પણ જોવો. ૭૦૪

**૭૦૫ यथा स्वप्नावबुद्धोऽर्थो, विबुद्धेन न दृश्यते ।**
**व्यवहारमतः सर्गो, ज्ञानिना न तथेक्ष्यते ॥२८॥**

જેમ સ્વપ્નમાં જાણેલો પદાર્થ જાગ્યા પછી દેખાતો નથી, તેમ વ્યવહારે માનેલો સંસાર (સર્ગ) જ્ઞાનીઓને દેખાતો નથી. ૭૦૫

**૭૦૬ मध्याह्ने मृगतृष्णायां, पयःपूरो यथेक्ष्यते ।**
**तथा संयोगजः सर्गो, विवेकाख्यातिविप्लवे ॥२९॥**

જેમ મધ્યાહ્ને મૃગતૃષ્ણા(મૃગજળ)માં પાણીનું પૂર દેખાય છે, તેમ વિવેકના અજ્ઞાન(અખ્યાતિ)ના વિપ્લવ (ઉત્પાત)ને લીધે સંસાર (સર્ગ) સંયોગથી ઉત્પન્ન થયેલો દેખાય છે. ૭૦૬

**૭૦૭ गन्धर्वनगरादीना-मम्बरे डम्बरो यथा ।**
**तथा संयोगजः सर्वो, विलासो वितथाकृतिः ॥३०॥**

જેમ આકાશમાં ગંધર્વનગરી વગેરેનો આડંબર દેખાય છે તેમ સંયોગથી ઉત્પન્ન થયેલો સર્વ વિલાસ ખોટી આકૃતિવાળો છે. ૭૦૭

**૭૦૮ इति शुद्धनयायत्त-मेकत्वं प्राप्तमात्मनि ।**
**अंशादिकल्पनाप्यस्य, नेष्टा यत्पूर्णवादिनः ॥३१॥**

આમ આત્માને વિશે શુદ્ધ નય (નિશ્ચયનય)ને આધીન એવું એકત્વ પ્રાપ્ત થયું છે, કારણ કે આ પૂર્ણવાદી (નિશ્ચયનય)ને અંશાદિકની કલ્પના પણ ઈષ્ટ નથી. ૭૦૮

**૭૦૯ एक आत्मेति सूत्रस्या-प्ययमेवाशयो मतः ।**

**प्रत्यग्ज्योतिषमात्मान-माहुः शुद्धनयाः खलु ॥३२॥**

'આત્મા' એક છે' - આ સૂત્રનો પણ આવો જ આશય માનેલો છે, કારણ કે શુદ્ધ નયોએ આત્માને શુદ્ધ જ્યોતિવાળો કહ્યો છે. ૭૦૯

**૭૧૦ प्रपञ्चसञ्चयक्लिष्टा-न्मायारूपाद् बिभेमि ते ।**

**प्रसीद भगवन्नात्मन्, शुद्धरूपं प्रकाशय ॥३३॥**

હે ભગવાન્ આત્મા ! પ્રપંચના સંચયથી ક્લિષ્ટ એવા તમારા માયાના રૂપથી હું ભય પામું છું. મારે મારા પર પ્રસન્ન થાઓ અને શુદ્ધ રૂપને પ્રકાશિત કરો. ૭૧૦

**૭૧૧ देहेन सममेकत्वं, मन्यते व्यवहारवित् ।**

**कथञ्चिन्मूर्ततापत्ते-र्वेदनादिसमुद्भवात् ॥३४॥**

વ્યવહારને જાણનાર દેહની સાથે આત્માનું એકત્વ માને છે, કારણ કે (આત્માને) વેદના વગેરેનો ઉદ્ભવ થવાથી કોઈક પ્રકારે મૂર્તતાની પ્રાપ્તિ થાય છે. ૭૧૧

**૭૧૨ तन्निश्चयो न सहते, यदमूर्तो न मूर्त्तताम् ।**

**अंशेनाप्यवगाहेत, पावकः शीततामिव ॥३५॥**

તે વાતને નિશ્ચયનય સહન (=સ્વીકાર) કરતો નથી (સ્વીકારતો નથી), કારણ કે જેમ અગ્નિ (પાવક) શીતલતા પામતો નથી, તેમ અમૂર્ત (આત્મા) મૂર્તપણાને અંશથી પણ અવગાહતો નથી. ૭૧૨

**૭૧૩ उष्णस्याग्नेर्यथा योगाद्, घृतमुष्णमिति भ्रमः ।**
**तथा मूर्त्ताङ्गसम्बन्धा-दात्मा मूर्त्त इति भ्रमः ॥३६॥**

જેમ ઉષ્ણ અગ્નિના સંયોગથી ઘી ઉષ્ણ છે એવો ભ્રમ થાય છે, તેમ મૂર્ત અંગના સંબંધથી આત્મા મૂર્ત છે એવો ભ્રમ થાય છે. ૭૧૩

**૭૧૪ न रूपं न रसो गन्धो, न न स्पर्शो न चाकृतिः ।**
**यस्य धर्मो न शब्दो वा, तस्य का नाम मूर्त्तता ॥३७॥**

જે(આત્મા)નો ધર્મ રૂપ નથી, રસ નથી, ગંધ નથી, સ્પર્શ નથી, આકૃતિ નથી તથા શબ્દ પણ નથી, તેનું મૂર્તત્વ ક્યાંથી હોય ? ૭૧૪

**૭૧૫ दृशाऽदृश्यं हृदाऽग्राह्यं, वाचामपि न गोचरः ।**
**स्वप्रकाशं हि यद्रूपं, तस्य का नाम मूर्त्तता ॥३८॥**

જે રૂપ દૃષ્ટિ વડે દેખાય તેવું નથી, હૃદય વડે ગ્રાહ્ય નથી, વાણી વડે ગોચર નથી, પરંતુ જે સ્વયં પ્રકાશ છે, તેને વળી મૂર્તતા કેવી રીતે હોય ? ૭૧૫

૭૧૬ आत्मा सत्यचिदानन्दः, सूक्ष्मात् सूक्ष्मः परात् परः ।
स्पृशत्यपि न मूर्त्तत्वं, यथा चोक्तं परैरपि ॥३९॥

સત્ (સત્ય), ચિત્ અને આનંદ સ્વરૂપ, સૂક્ષ્મથી સૂક્ષ્મ, પરથી પર એવો આત્મા મૂર્તત્વને સ્પર્શ પણ કરતો નથી. વળી બીજા(દર્શનીઓ)એ પણ એમ કહ્યું છે. જેમ કે- ૭૧૬

૭૧૭ "इन्द्रियाणि पराण्याहु-रिन्द्रियेभ्यः परं मनः ।
मनसोऽपि परा बुद्धि-र्यो बुद्धेः परतस्तु सः" ॥४०॥

ઇન્દ્રિયોને પર કહેલી છે. મન ઇન્દ્રિયોથી પણ પર છે. બુદ્ધિ મનથી પણ પર છે. તે (આત્મા) બુદ્ધિથી પણ પર છે. ૭૧૭

૭૧૮ विकले हन्त ! लोकेऽस्मि-न्नमूर्त्ते मूर्त्तताभ्रमात् ।
पश्यत्याश्चर्यवद् ज्ञानी, वदत्याश्चर्यवद् वचः ॥४१॥

અરે, અમૂર્ત(આત્મા)ને વિશે મૂર્તતાના ભ્રમને કારણે વિવેક વિનાના (વિકલ) આ લોકને વિશે જ્ઞાની આશ્ચર્યની જેમ જુએ છે અને આશ્ચર્યની જેમ વચન બોલે છે. ૭૧૮

૭૧૯ वेदनापि न मूर्त्तत्व-निमित्ता स्फुटमात्मनः ।
पुद्गलानां तदापत्तेः, किन्त्वशुद्धस्वशक्तिजा ॥४२॥

સ્પષ્ટ છે કે વેદના પણ આત્માના મૂર્તત્વના નિમિત્તથી નથી. જો એમ હોય તો પુદ્ગલોને તે (વેદના) પ્રાપ્ત થયા એવી આપત્તિ આવશે પરંતુ તે (વેદના) પોતાની (આત્માની) અશુદ્ધ શક્તિથી જ ઉદ્ભવે છે. ૭૧૯

૭૨૦ **अक्षद्वारा यथा ज्ञानं, स्वयं परिणमत्ययम् ।**

**तथेष्टानिष्टविषय-स्पर्शद्वारेण वेदनाम् ॥४३॥**

જેમ આ (આત્મા) ઇન્દ્રિયો (અક્ષ) દ્વારા પોતે જ્ઞાનરૂપે પરિણમે છે, તેમ ઇષ્ટ અને અનિષ્ટ વિષયના સ્પર્શ દ્વારા વેદનાને પરિણમે (અનુભવે) છે. ૭૨૦

૭૨૧ **विपाककालं प्राप्यासौ, वेदनापरिणामभाक् ।**

**मूर्त्तं निमित्तमात्रं नो, घटे दण्डवदन्वयि ॥४४॥**

આ (આત્મા) વિપાક-કાળને પ્રાપ્ત કરીને વેદનાના પરિણામને ભજનારો (ભોગવનારો) થાય છે. એટલે મૂર્તતા તેનું નિમિત્ત માત્ર છે. ઘટને વિશે દંડ જેમ અન્વયી (જોડનાર, અંગરૂપ) નથી તેમ. (મૂર્તત્વ આત્મામાં અન્વયી નથી.) ૭૨૧

૭૨૨ **ज्ञानाख्या चेतना बोधः, कर्म्माख्या द्विष्ट-रक्तता ।**

**जन्तोः कर्मफलाख्या सा, वेदना व्यपदिश्यते ॥४५॥**

જીવનો (આત્માનો) બોધ એ જ્ઞાન નામની ચેતના કહેવાય છે. દ્વેષીપણું અને રાગીપણું એ કર્મચેતના કહેવાય છે. વેદના તે કર્મફલાત્મક ચેતના કહેવાય છે. ૭૨૨

૭૨૩ **नात्मा तस्मादमूर्त्तत्वं, चैतन्यं चातिवर्तते ।**

**अतो देहेन नैकत्वं, तस्य मूर्त्तेन कर्हिचित् ॥४६॥**

એટલે આત્મા અમૂર્તત્વને અને ચૈતન્યને ઉલ્લંઘી જતો

નથી. તેથી તેની (આત્માની) મૂર્ત દેહની સાથે ક્યારેય એકતા નથી. ૭૨૩

**૭૨૪ सन्निकृष्टान्मनोवाणी-कर्मादेरपि पुद्गलात् ।**
**विप्रकृष्टाद् धनादेश्च, भाव्यैवं भिन्नतात्मनः ॥४७॥**

આ રીતે મન, વાણી અને કર્મ વગેરે નિકટનાં પુદ્ગલોથી તથા ધન વગેરે દૂરનાં પુદ્ગલોથી આત્માની ભિન્નતા વિચારવી. ૭૨૪

**૭૨૫ पुद्गलानां गुणो मूर्त्ति-रात्मा ज्ञानगुणः पुनः ।**
**पुद्गलेभ्यस्ततो भिन्न-मात्मद्रव्यं जगुर्जिनाः ॥४८॥**

પુદ્ગલોનો ગુણ મૂર્તતા છે, ત્યારે આત્માનો ગુણ જ્ઞાન છે. એટલે જિનેશ્વરોએ આત્મદ્રવ્યને પુદ્ગલોથી ભિન્ન કહ્યું છે. ૭૨૫

**૭૨૬ धर्म्मस्य गतिहेतुत्वं, गुणो ज्ञानं तथात्मनः ।**
**धर्मास्तिकायात् तद्भिन्न-मात्मद्रव्यं जगुर्जिनाः ॥४९॥**

ધર્માસ્તિકાયનો ગુણ ગતિહેતુત્વ (ગતિસહાયકત્વ) છે, અને આત્માનો ગુણ જ્ઞાન છે. એટલે જિનેશ્વરોએ ધર્માસ્તિકાયથી આત્મદ્રવ્યને ભિન્ન કહ્યું છે. ૭૨૬

**૭૨૭ अधर्मः स्थितिहेतुत्वगुणो ज्ञानगुणोऽसुमान् ।**
**ततोऽधर्मास्तिकायान्य-मात्मद्रव्यं जगुर्जिनाः ॥५०॥**

અધર્માસ્તિકાયનો ગુણ સ્થિતિહેતુત્વ (સ્થિતિસહાયકત્વ)

છે. આત્માનો ગુણ જ્ઞાન છે. એટલે જિનેશ્વરોએ આત્મદ્રવ્યને અધર્માસ્તિકાયથી ભિન્ન કહ્યું છે. ૭૨૭

**૭૨૮ अवगाहो गुणो व्योम्नो, ज्ञानं स्वल्वात्मनो गुणः ।**
**व्योमास्तिकायात् तद् भिन्न-मात्मद्रव्यं जगुर्जिनाः ॥५१॥**

આકાશાસ્તિકાયનો ગુણ અવગાહ (અવગાહના) છે, પરંતુ આત્માનો ગુણ જ્ઞાન છે. એટલે જિનેશ્વરોએ આત્મદ્રવ્યને આકાશાસ્તિકાયથી ભિન્ન કહ્યું છે. ૭૨૮

**૭૨૯ आत्मा ज्ञानगुणः सिद्धः, समयो वर्त्तनागुणः ।**
**तद् भिन्नं समयद्रव्या-दात्मद्रव्यं जगुर्जिनाः ॥५२॥**

આત્માનો જ્ઞાન ગુણ સિદ્ધ છે. સમય(કાળ)નો ગુણ વર્તના છે. એટલે જિનેશ્વરોએ આત્મદ્રવ્યને કાળદ્રવ્યથી ભિન્ન કહ્યું છે. ૭૨૯

**૭૩૦ आत्मनस्तदजीवेभ्यो, विभिन्नत्वं व्यवस्थितम् ।**
**व्यक्तिभेदनयादेशा-दजीवत्वमपीष्यते ॥५३॥**

એટલે આત્માનું અજીવ દ્રવ્યોથી ભિન્નત્વ વ્યવસ્થિત છે. વ્યક્તિનો ભેદ કરનાર નય(વ્યવહારનય)ના આદેશથી (આત્માનું) અજીવત્વ પણ સિદ્ધ થઈ શકે છે. ૭૩૦

**૭૩૧ अजीवा जन्मिनः शुद्ध-भावप्राणव्यपेक्षया ।**
**सिद्धाश्च निर्मलज्ञाना, द्रव्यप्राणव्यपेक्षया ॥५४॥**

શુદ્ધ ભાવપ્રમાણ અપેક્ષાએ જન્મધારી (સંસારી જીવો)

અજીવ છે અને દ્રવ્યપ્રાણની અપેક્ષાએ નિર્મળ જ્ઞાનવાળા સિદ્ધો અજીવ છે. ૭૩૧

**७३२ इन्द्रियाणि बलं श्वासो-च्छ्वासो ह्यायुस्तथा परम् ।**
**द्रव्यप्राणाश्चतुर्भेदाः, पर्यायाः पुद्गलाश्रिताः ॥५५॥**

ઇન્દ્રિયો, બળ, શ્વાસોચ્છ્વાસ તથા આયુષ્ય એ ચાર પ્રકારના દ્રવ્યપ્રાણો છે. તેના પર્યાયો પુદ્ગલાશ્રિત છે. ૭૩૨

**७३३ भिन्नास्ते ह्यात्मनोऽत्यन्तं, तदेतैर्नास्ति जीवनम् ।**
**ज्ञानवीर्यसदाश्वास, नित्यस्थितिविकारिभिः ॥५६॥**

તે (દ્રવ્યપ્રાણો) આત્માથી અત્યંત ભિન્ન છે. એટલે જ્ઞાન, વીર્ય, સદાશ્વાસ અને નિત્યસ્થિતિનો વિકારવાળા તે (દ્રવ્યપ્રાણો) વડે (આત્માનું) જીવન હોતું નથી. ૭૩૩

**७३४ एतत्प्रकृतिभूताभिः, शाश्वतीभिस्तु शक्तिभिः ।**
**जीवत्यात्मा सदेत्येषा, शुद्धद्रव्यनयस्थितिः ॥५७॥**

આત્મા એની (જ્ઞાન, વીર્યાદિની) પ્રકૃતિભૂત શાશ્વતી શક્તિથી સદા જીવે છે. આ પ્રમાણે શુદ્ધ દ્રવ્યનયની સ્થિતિ છે. ૭૩૪

**७३५ जीवो जीवति न प्राणै-र्विना तैरेव जीवति ।**
**इदं चित्रं चरित्रं के, हन्त पर्यनुयुञ्जताम् ॥५८॥**

જીવ જે પ્રાણો વિના જીવતો નથી છતાં તેના વડે જ તે જીવે છે. આ ચિત્ર (આશ્ચર્યકારક) ચરિત્રને ભલા કોણ જાણી શકે ? ૭૩૫

૭૩૬ ।ात्मा पुण्यं न वा पाप-मेते यत् पुद्गलात्मके ।
आद्यबालशरीरस्यो-पादानत्वेन कल्पिते ॥ ५९॥

આત્મા પુણ્યરૂપ નથી અથવા પાપરૂપ નથી, કારણ કે તે (પુણ્ય-પાપ) પુદ્ગલાત્મક છે. પ્રથમ એવું બાલશરીર (જન્મ)ના ઉપાદાનત્વથી એ કલ્પેલાં છે. ૭૩૬

૭૩૭ पुण्यं कर्म शुभं प्रोक्त-मशुभं पापमुच्यते ।
तत्कथं तु शुभं जन्तून्, यत् पातयति जन्मनि ॥६०॥

શુભ કર્મને પુણ્ય કહ્યું છે અને અશુભ(કર્મ)ને પાપ કહ્યું છે. તેમાં જીવોને જે જન્મમાં (ભવભ્રમણમાં) પાડે છે તેને (પુણ્યને) શુભ કેમ કહેવાય ? ૭૩૭

૭૩૮ न ह्यायसस्य बन्धस्य, तपनीयमयस्य च ।
पारतन्त्र्याविशेषेण, फलभेदोऽस्ति कश्चन ॥६१॥

લોખંડની બેડી(બંધન) અને સોનાની બેડીમાં પરતંત્રતા સમાન (અવિશેષ) છે. માટે તેમાં ફળનો કંઈ પણ ભેદ નથી. ૭૩૮

૭૩૯ फलाभ्यां सुखदुःखाभ्यां, न भेदः पुण्यपापयोः ।
दुःखान्न भिद्यते हन्त, यतः पुण्यफलं सुखम् ॥६२॥

સુખદુઃખરૂપ ફળથી પુણ્ય અને પાપનો ભેદ નથી, કારણ કે વસ્તુતઃ પુણ્યનું ફળ જે સુખ તે દુઃખથી ભેદ પામતું નથી (જુદું નથી). ૭૩૯

**૭૪૦ सर्वपुण्यफलं दुःखं, कर्मोदयकृतत्वतः ।**
**तत्र दुःखप्रतीकारे, विमूढानां सुखत्वधीः ॥६३॥**

સર્વ પુણ્યફળ કર્મોદયને કારણે થતું હોવાથી દુઃખ છે. તેમાં દુઃખના પ્રતિકારમાં (પ્રતિકારરૂપ પુણ્યફળમાં) મૂઢ માણસોને સુખની બુદ્ધિ થાય છે. ૭૪૦

**૭૪૧ परिणामाच्च तापाच्च, संस्काराच्च बुधैर्मतम् ।**
**गुणवृत्तिविरोधाच्च, दुःखं पुण्यभवं सुखम् ॥६४॥**

પુણ્યથી ઉદ્‌ભવેલા સુખને જ્ઞાનીઓએ પરિણામને લીધે, તાપને લીધે, સંસ્કારને લીધે તથા ગુણવૃત્તિના વિરોધને લીધે દુઃખરૂપ માનેલું છે. ૭૪૧

**૭૪૨ देहपुष्टेर्नरामर्त्य-नारकाणामपि स्फुटम् ।**
**महाऽजपोषणस्येव, परिणामोऽतिदारुणः ॥६५॥**

મનુષ્ય અને દેવના નાયકોના પણ દેહની પુષ્ટિનું પરિણામ, મોટા બકરા (મહા અજ)ના પોષણની જેમ સ્પષ્ટપણે અત્યંત દારુણ (ભયંકર) છે. ૭૪૨

**૭૪૩ जलूकाः सुखमानिन्यः, पिबन्त्यो रुधिरं यथा ।**
**भुञ्जाना विषयान् यान्ति, दशामन्तेऽतिदारुणाम् ॥६६॥**

રુધિરનું પાન કરવાથી સુખ માનનારી જળોની જેમ વિષયોને ભોગવનારાઓ અંતે અત્યંત દારુણ દશા પામે છે. ૭૪૩

**૭૪૪ तीव्राग्निसङ्गसंशुष्यत्-पयसामयसामिव ।**

**यत्रौत्सुक्यात् सदाक्षाणां, तप्तता तत्र किं सुखम् ॥६७॥**

તીવ્ર અગ્નિના સંગથી જેમાથી જળ શોષાઈ ગયું છે એવા લોખંડની જેમ જે (વિષયસુખમાં)માં સદા ઉત્સુકતાને લીધે ઇન્દ્રિયો(અક્ષ) ને સંતાપ રહે છે, તેમાં સુખ ક્યાંથી હોય ? ૭૪૪

**૭૪૫ प्राक्पश्चाच्चारतिस्पर्शात्, पुटपाकमुपेयुषि ।**

**इन्द्रियाणां गणे ताप-व्याप एव न निर्वृतिः ॥६८॥**

પ્રથમ અને પછી પણ અરતિના સ્પર્શથી પુટપાક પામતા ઇન્દ્રિયોના સમૂહને સંતાપનો જ વ્યાપ થાય છે, સુખ (નિર્વૃતિ) થતું નથી. ૭૪૫

**૭૪૬ सदा यत्र स्थितो द्वेषो-ल्लेखः स्वप्रतिपन्थिषु ।**

**सुखानुभवकालेऽपि, तत्र तापहतं मनः ॥६९॥**

સુખના અનુભવના સમયે પણ જ્યાં સદા પોતાના શત્રુઓ (પ્રતિપંથી) વિશે દ્વેષનું ચિંતન રહેલું છે ત્યાં મન તાપથી હણાયેલું (ઘવાયેલું) છે. ૭૪૬

**૭૪૭ स्कन्धात् स्कन्धान्तरारोपे, भारस्येव न तत्त्वतः ।**

**अक्षाऽऽह्लादेऽपि दुःखस्य, संस्कारो विनिवर्तते ॥७०॥**

વસ્તુતઃ એક ખભા (સ્કંધ) પરથી બીજા ખભા પર ફેરવવાથી જેમ ભાર દૂર થતો નથી, તેમ ઇન્દ્રિયોના આનંદ (અક્ષ-આહ્‌લાદ)માં પણ વસ્તુતઃ દુઃખનો સંસ્કાર નિવૃત્ત થતો નથી. ૭૪૭

**૭૪૮ सुखं दुःखं च मोहश्च, तिस्त्रोऽपि गुणवृत्तयः ।**
**विरुद्धा अपि वर्त्तन्ते, दुःखजात्यनतिक्रमात् ॥७१॥**

સુખ, દુઃખ અને મોહ એ ત્રણે ગુણની વૃત્તિઓ પરસ્પર વિરુદ્ધ છે, તો પણ દુઃખની જાતિનું ઉલ્લંઘન થતું ન હોવાથી તે દુઃખરૂપ જ છે. ૭૪૮

**૭૪૯ क्रुद्धनागफणाभोगो-पमो भोगोद्भवोऽखिलः ।**
**विलासश्चित्ररूपोऽपि, भयहेतुर्विवेकिनाम् ॥७२॥**

ભોગથી ઉદ્ભવેલો સમગ્ર સુખાનુભવ (વિલાસ) ક્રોધે ભરાયેલા નાગની ફણાના વિસ્તારની સમાન છે. તે સુંદર (ચિત્રરૂપ) હોવા છતાં વિવેકી પુરૂષોને ભયનું કારણ છે. ૭૪૯

**૭૫૦ इत्थमेकत्वमापन्नं, फलतः पुण्य-पापयोः ।**
**मन्यते यो न मूढात्मा, नान्तस्तस्य भवोदधेः ॥७३॥**

આ પ્રમાણે ફળની દૃષ્ટિએ પુણ્ય અને પાપનું એકપણું પ્રાપ્ત થયું. જે મૂઢ માણસ આમ માનતો નથી, તેના ભવસાગરનો અંત નથી. ૭૫૦

**૭૫૧ दुःखैकरूपयोर्भिन्न-स्तेनात्मा पुण्य-पापयोः ।**
**शुद्धनिश्चयतः सत्य-चिदानन्दमयः सदा ॥७४॥**

એટલે દુઃખના જ એક સ્વરૂપવાળાં પુણ્ય અને પાપથી આત્મા ભિન્ન છે. શુદ્ધ નિશ્ચયનયથી આત્મા સદા સત્-ચિત્-આનંદમય છે. ૭૫૧

**૭૫૨ तत् तुरीयदशा व्यङ्ग्यं, रूपमावरणव्ययात् ।**
**भात्युष्णोद्योतशीलस्य, घननाशाद् रवेरिव ॥७५॥**

જેમ મેઘનો નાશ થવાથી ઉષ્ણ પ્રકાશના સ્વભાવવાળો સૂર્ય દેખાય છે, તેમ આવરણનો ક્ષય થવાથી તે તુરીય દશામાં (આત્માનું) જાણી શકાય તેવું (વ્યંગ્ય) રૂપ આવિર્ભાવ પામે છે. ૭૫૨

**૭૫૩ जायन्ते जाग्रतोऽक्षेभ्य-श्चित्रा धीसुखवृत्तयः ।**
**सामान्यं तु चिदानन्द-रूपं सर्वदशान्वयि ॥७६॥**

જાગ્રતને (આત્માને) ઇન્દ્રિયો (અક્ષ) દ્વારા વિવિધ સુખવૃત્તિઓની બુદ્ધિ ઉદ્‌ભવે છે, પરંતુ સર્વ દશામાં ચિદાનંદ સ્વરૂપ તો સમાન રીતે અંતર્ગત રહેલું છે. ૭૫૩

**૭૫૪ स्फुलिङ्गैर्न यथा वह्नि-र्दीप्यते ताप्यतेऽथवा ।**
**नानुभूति-पराभूती, तथैताभिः किलात्मनः ॥७७॥**

જેમ તણખા વડે અગ્નિ પ્રકાશતો નથી અથવા તાપ પમાડતો નથી, તેમ એના વડે (સુખની વૃત્તિઓ વડે) આત્માનો અનુભવ અથવા પરાભવ થતો નથી. ૭૫૪

**૭૫૫ साक्षिणः सुखरूपस्य, सुषुप्तौ निरहङ्कृतेः ।**
**यथा भानं तथा शुद्ध-विवेके तदतिस्फुटम् ॥७८॥**

સુષુપ્તિમાં સુખરૂપ અને સાક્ષી (એવા આત્મા)નું જેમ અહંકારરહિત ભાન થાય છે, તેમ શુદ્ધ વિવેકમાં તે (ભાન) અતિ સ્ફુટ=સ્પષ્ટ થાય છે. ૭૫૫

**૭૫૬ तच्चिदानन्दभावस्य, भोक्तात्मा शुद्धनिश्चयात् ।**
**अशुद्धनिश्चयात् कर्म्मकृतयोः सुख-दुःखयोः ॥७९॥**

એટલે શુદ્ધ નિશ્ચયનયથી (આત્મા) ચિદાનંદ સ્વભાવનો ભોક્તા છે. અશુદ્ધ નિશ્ચયનયથી કર્મે કરેલાં સુખ-દુઃખનો (ભોક્તા) છે. ૭૫૬.

**૭૫૭ कर्मणोऽपि च भोगस्य, स्त्रगादेर्व्यवहारतः ।**
**नैगमादिव्यवस्थापि, भावनीयाऽनया दिशा ॥८०॥**

જીવ કર્મોનો ભોક્તા છે તથા વ્યવહારનયથી માળા વગેરેનો પણ ભોક્તા છે. આ દિશા(=પદ્ધતિ) વડે નૈગમનય વગેરેની પણ વ્યવસ્થા જાણી લેવી. ૭૫૭

**૭૫૮ कर्त्तापि शुद्धभावाना-मात्मा शुद्धनयाद् विभुः ।**
**प्रतीत्य वृत्तिं यच्छुद्ध-क्षणानामेष मन्यते ॥८१॥**

શુદ્ધ નયથી વિભુ એવો આત્મા શુદ્ધ ભાવોનો કર્તા પણ છે, કારણ કે આ (શુદ્ધ નય) શુદ્ધ ક્ષણોની વૃત્તિ(સ્થિતિ) ને (આત્માના કારણે) થનારી માને છે. ૭૫૮

**૭૫૯ अनुपप्लवसाम्राज्ये, विसभागपरिक्षये ।**
**आत्मा शुद्धस्वभावानां, जननाय प्रवर्त्तते ॥८२॥**

અન્-ઉપપ્લવ(અભ્રાન્ત દશા)નું સામ્રાજ્ય થતાં અને વિસભાગનો (વિભાવ દશાનો) સારી રીતે ક્ષય થતાં આત્મા શુદ્ધ સ્વભાવને ઉત્પન્ન કરવા પ્રવર્તે છે. ૭૫૯

**૭૬૦ चित्तमेव हि संसारो, रागादिक्लेशवासितम् ।**

**तदैव तैर्विनिर्मुक्तं, भवान्त इति कथ्यते ॥८३॥**

રાગાદિ ક્લેશથી વાસિત ચિત્ત જ સંસાર છે. તેનાથી વિમુક્ત થયેલું તે (ચિત્ત) જ ભવાન્ત (અર્થાત્-મોક્ષ) કહેવાય છે. ૭૬૦

**૭૬૧ यश्च चित्तक्षणः क्लिष्टो, नासावात्मा विरोधतः ।**

**अनन्यविकृतं रूप-मित्यन्वर्थं ह्यदः पदम् ॥८४॥**

જે ચિત્તક્ષણ ક્લિષ્ટ છે તે વિરોધને લીધે આત્મા નથી, કારણ કે 'અન્યથી જેનું રૂપ વિકૃત થયેલું નથી' એવા અન્વર્થવાળું આ પદ ('આત્મા' પદ) છે. ૭૬૧

**૭૬૨ श्रुतं चानुपयोगश्चे-त्येतन्मिथ्या यथा वचः ।**

**तथात्मा शुद्धरूपश्चे-त्येवं शब्दनया जगुः ॥८५॥**

'શ્રુત છે અને અનુપયોગવાળો છે' - એવું વચન જેમ મિથ્યા છે, તેમ 'આત્મા છે અને અશુદ્ધ રૂપવાળો છે' - એવું વચન પણ મિથ્યા છે એમ શબ્દનયો કહે છે. ૭૬૨

**૭૬૩ शुद्धपर्यायरूपस्त-दात्मा शुद्धः स्वभावकृत् ।**

**प्रथमाप्रथमत्वादि-भेदोऽप्येवं हि तात्त्विकः ॥८६॥**

શુદ્ધ પર્યાયરૂપ આત્મા જ શુદ્ધ સ્વભાવનો કર્તા છે. આ પ્રમાણે પ્રથમત્વ અને અપ્રથમત્વ વગેરે ભેદો પણ તાત્ત્વિક જ છે. ૭૬૩

**૭૬૪ ये तु दिक्पटदेशीयाः, शुद्धद्रव्यतयात्मनः ।**

**शुद्धस्वभावकर्तृत्वं, जगुस्तेऽपूर्वबुद्धयः ॥८७॥**

પરંતુ દિગંબરોનો એક વર્ગ (દેશી = સંપ્રદાય, મતાનુયાયી) એમ કહે છે કે 'આત્મા શુદ્ધ દ્રવ્યસ્વરૂપે શુદ્ધ સ્વભાવનો કર્તા છે.' આ એમની અપૂર્વ (!-=ક્લિષ્ટ) બુદ્ધિનું પરિણામ છે. ૭૬૪

**૭૬૫ द्रव्यास्तिकस्य प्रकृतिः, शुद्धा सङ्ग्रहगोचरा ।**

**येनोक्ता <u>सम्मतौ</u> श्रीमत्-<u>सिद्धसेनदिवाकरैः</u> ॥८८॥**

કારણ કે 'સન્મતિતર્ક'માં શ્રીમદ્ સિદ્ધસેન દિવાકરે દ્રવ્યાસ્તિક(દ્રવ્યાર્થિકનય)ની શુદ્ધ પ્રકૃતિ (સંગ્રહગોચર=) સંગ્રહનયના વિષયમાં આવી જતી હોય છે. એમ કહ્યું છે. ૭૬૫

**૭૬૬ तन्मते च न कर्तृत्वं, भावानां सर्वदान्वयात् ।**

**कूटस्थः केवलं तिष्ठ-त्यात्मा साक्षित्वमाश्रितः ॥८९॥**

તે(નય)ના મત પ્રમાણે ભાવોનો સદા અન્વય હોવાથી (આત્માનું) કર્તૃત્વ નથી. સાક્ષીપણાનો આશ્રય કરવાવાળો આત્મા કેવળ કૂટસ્થ રહેલો છે. ૭૬૬

**૭૬૭ कर्तुं व्याप्रियते नाय-मुदासीन इव स्थितः ।**

**आकाशमिव पङ्केन, लिप्यते न च कर्मणा ॥९०॥**

ઉદાસીનની જેમ રહેલો એ (આત્મા) કંઈપણ કરવા પ્રવૃત્ત થતો નથી. જેમ આકાશ કાદવથી, તેમ તે (આત્મા) કર્મથી લેપાતો નથી. ૭૬૭

**૭૬૮ स्वरूपं तु न कर्त्तव्यं, ज्ञातव्यं केवलं स्वतः ।**
**दीपेन दीप्यते ज्योति-र्न त्वपूर्वं विधीयते ॥९१॥**

(આત્માને) સ્વરૂપ કર્તવ્ય=કાર્ય નથી, કેવળ પોતાને જાણવાનો છે. દીવાથી જ્યોતિ પ્રકાશે છે, પણ અપૂર્વ નવું ઉત્પન્ન થતું નથી. ૭૬૮

**૭૬૯ अन्यथा प्रागनात्मा स्यात्-स्वरूपाननुवृत्तितः ।**
**न च हेतुसहस्त्रेणा-प्यात्मता स्यादनात्मनः ॥९२॥**

અન્યથા સ્વરૂપની અનુવૃત્તિ(સાતત્ય)ના અભાવને લીધે આત્મા પૂર્વ (પ્રાગ્) સમયમાં અનાત્મા (જડ) થશે અને તે અનાત્માનું આત્મપણું હજારો હેતુથી પણ સિદ્ધ થશે નહિ.૭૬૯

**૭૭૦ नये तेनेह नो कर्त्ता, किन्त्वात्मा शुद्धभावभृत् ।**
**उपचारात् तु लोकेषु, तत्कर्तृत्वमपीष्यताम् ॥९३॥**

એટલે આ નય (શુદ્ધ દ્રવ્યાર્થિક નય) પ્રમાણે તો આત્મા કર્તા નથી, પરંતુ શુદ્ધ ભાવને ધારણ કરનારો છે. લોકોમાં ઉપચારથી (વ્યવહારનયથી) ભલે તેનું (આત્માનું) કર્તૃત્વ માનય. ૭૭૦

**૭૭૧ उत्पत्तिमात्मधर्माणां, विशेषग्राहिणो जगुः ।**
**अव्यक्तिरावृत्तेस्तेषां, नाभावादिति का प्रमा ॥९४॥**

વિશેષનું ગ્રહણ કરનારા નયો (પર્યાયાર્થિક નયો) આત્માના ધર્મો(ગુણો)ની ઉત્પત્તિ કહે છે. આવરણને લીધે તે

ગુણોને અવ્યક્તિ છે, પણ (આત્મધર્મના) અભાવને લીધે અવ્યક્તિ નથી. તો એમ કહેવામાં પ્રમાણ શું છે ? ૭૭૧

**૭૭૨ सत्त्वं च परसन्ताने, नोपयुक्तं कथञ्चन ।**
**सन्तानिनामनित्यत्वात्-सन्तानोऽपि न च ध्रुवः ॥९५॥**

અન્યના સંતાનમાં (આત્મધર્મોનું) અસ્તિત્વ કોઈપણ પ્રકારે યુક્ત નથી. વળી સંતાનીનું અનિત્યપણું હોવાથી સંતાન પણ ધ્રુવ ન હોઈ શકે. ૭૭૨

**૭૭૩ व्योमाऽप्युत्पत्तिमत् तद-वगाहात्मना ततः ।**
**नित्यता नात्मधर्माणां, तद् दृष्टान्तबलादपि ॥९६॥**

તેથી આકાશ (વ્યોમ) દ્રવ્ય પણ અવગાહના સ્વરૂપે ઉત્પત્તિમય છે. એ દૃષ્ટાન્તના બળથી પણ આત્મધર્મોની નિત્યતા નથી. ૭૭૩

**૭૭૪ ऋजुसूत्रनयस्तत्र, कर्तृतां तस्य मन्यते ।**
**स्वयं परिणमत्यात्मा, यं यं भावं यदा यदा ॥९७॥**

જે જે ભાવોને આત્મા પોતે જ્યારે જ્યારે પરિણમાવે છે ત્યારે ઋજુસૂત્રનય ત્યાં આત્માને તેનો કર્તા માને છે. ૭૭૪

**૭૭૫ कर्तृत्वं परभावाना-मसौ नाभ्युपगच्छति ।**
**क्रियाद्वयं हि नैकस्य, द्रव्यस्याभिमतं जिनैः ॥९८॥**

આ (નય) પરભાવોનું કર્તૃત્વ સ્વીકારતો નથી, કારણ કે એમ દ્રવ્યની બે ક્રિયા જિનેશ્વરોએ માનેલી નથી. ૭૭૫

૭૭૬ भूतिर्या हि क्रिया सैव, स्यादेकद्रव्यसन्ततौ ।
न साजात्यं विना च स्यात्, परद्रव्यगुणेषु सा ॥९९॥

એક દ્રવ્યની સંતતિમાં જે હોવાપણું (ભૂતિ) છે તે જ ક્રિયા છે. તે (ક્રિયા) પરદ્રવ્યના ગુણો વિશે સાજાત્ય (સમાન જાતિપણા) વિના થઈ શકે નહિ. ૭૭૬

૭૭૭ नन्वेवमन्यभावानां, न चेत् कर्त्ता परो जनः ।
तदा हिंसादयादान-हरणाद्यव्यवस्थितिः ॥१००॥

ખરેખર જો આ રીતે અન્ય ભાવોનો કર્તા બીજો કોઈ ન હોય તો હિંસા, દયા, દાન, હરણ(=ચોરી) વગેરેની અવ્યવસ્થા થશે. ૭૭૭

૭૭૮ सत्यं पराश्रयं न स्यात्, फलं कस्यापि यद्यपि ।
तथापि स्वगतं कर्म, स्वफलं नातिवर्त्तते ॥१०१॥

એ સાચું છે; જો કે પરના આશ્રયવાળું ફળ કોઈને થતું નથી, તો પણ પોતાનામાં રહેલું કર્મ પોતાના ફળનું ઉલ્લંઘન કરતું નથી. ૭૭૮

૭૭૯ हिनस्ति न परं कोपि, निश्चयान्न च रक्षति ।
तदायुःकर्मणो नाशे, मृतिर्जीवनमन्यथा ॥१०२॥

નિશ્ચયથી તો કોઈ બીજાને હણતો નથી અને રક્ષતો પણ નથી. તેના આયુષ્યકર્મનો નાશ થતાં મૃત્યુ છે; અન્યથા જીવન છે. ૭૭૯

**૭૮૦ हिंसादयाविकल्पाभ्यां, स्वगताभ्यां तु केवलम् ।**
**फलं विचित्रमाप्नोति, परापेक्षां विना पुमान् ॥१०३॥**

કેવળ પોતાનામાં રહેલા હિંસા અને દયાના વિકલ્પોની, અન્યની અપેક્ષા વિના જ, પુરુષ વિચિત્ર ફળ પામે છે. ૭૮૦

**૭૮૧ शरीरी म्रियतां मा वा, ध्रुवं हिंसा प्रमादिनः ।**
**दयैव यतमानस्य, वधेऽपि प्राणिनां क्वचित् ॥१०४॥**

જીવ (શરીરી) મરે કે ન મરે, પ્રમાદીને અવશ્ય હિંસા લાગે છે. યતનાવાળાથી ક્વચિત્ પ્રાણીનો વધ પણ થઈ જાય છતાં તેમાં દયા જ છે. ૭૮૧

**૭૮૨ परस्य युज्यते दानं, हरणं वा न कस्यचित् ।**
**न धर्मसुखयोर्यत्ते, कृतनाशादिदोषतः ॥१०५॥**

બીજા કોઈને કોઈપણ વસ્તુનું દાન કે હરણ ઘટતું નથી. કૃતનાશ ઈત્યાદિના દોષને કારણે ધર્મ અને સુખનાં તે (દાન અને હરણ) નથી. ૭૮૨

**૭૮૩ भिन्नाभ्यां भक्तवित्तादि-पुद्गलाभ्यां च ते कुतः ।**
**स्वत्वापत्तिर्यतो दानं, हरणं स्वत्वनाशनम् ॥१०६॥**

વળી (આત્માથી) ભિન્ન એવાં ભોજન, વિત્ત વગેરે પુદ્ગલોથી તે શી લીધે ઘટે ? કારણ કે, દાન સ્વત્વાપત્તિરૂપ છે અને હરણ સ્વત્વનાશરૂપ છે. ૭૮૩

**૭૮૪ कर्मोदयाच्च तद्दानं, हरणं वा शरीरिणाम् ।**
**पुरुषाणां प्रयासः क-स्तत्रोपनमति स्वतः ॥१०७॥**

વળી, દાન અને હરણ જીવોના કર્મોદયથી થાય છે. તે સ્વતઃ પરિણમે છે, તો પછી એમાં પુરુષોનો (જીવોનો) કયો પ્રયાસ છે ? ૭૮૪

**૭૮૫ स्वगताभ्यां तु भावाभ्यां, केवलं दानचौर्ययोः ।**
**अनुग्रहोपघातौ स्तः, परापेक्षा परस्य न ॥१०८॥**

કેવળ દાન અને ચોરીના ભાવોથી તે (આત્મા) પોતાના ઉપર જ અનુગ્રહ=ઉપકાર કે ઉપઘાત=અપકાર કરે છે. એમાં બીજાને બીજાની અપેક્ષા નથી. ૭૮૫

**૭૮૬ पराश्रितानां भावानां, कर्तृत्वाद्यभिमानतः ।**
**कर्मणा बध्यतेऽज्ञानी, ज्ञानवांस्तु न लिप्यते ॥१०९॥**

પરાશ્રિત ભાવોના કર્તૃત્વ આદિના અભિમાનથી અજ્ઞાની કર્મ વડે બંધાય છે, પરંતુ જ્ઞાનવાન લેપાતો નથી. ૭૮૬

**૭૮૭ कर्त्तैवमात्मा नो पुण्य-पापयोरपि कर्मणोः ।**
**राग-द्वेषाशयानां तु, कर्त्तेष्टा-ऽनिष्टवस्तुषु ॥११०॥**

આ રીતે આત્મા પુણ્ય-પાપરૂપી કર્મનો પણ કર્તા નથી, પરંતુ ઇષ્ટ-અનિષ્ટ વસ્તુમાં રાગ અને દ્વેષના આશયનો કર્તા છે. ૭૮૭

**૭૮૮ रज्यते द्वेष्टि वाऽर्थेषु, तत्तत्कार्यविकल्पतः ।**
**आत्मा यदा तदा कर्म, भ्रमादात्मनि युज्यते ॥१११॥**

આત્મા તે તે કાર્યના વિકલ્પથી પદાર્થોને વિશે રાગ અથવા દ્વેષ કરે છે, ત્યારે ત્યારે ભ્રમ(અજ્ઞાન)થી આત્મામાં કર્મ જોડાય છે. ૭૮૮.

**૭૮૯ स्नेहाभ्यक्ततनोरङ्गं, रेणुनाश्लिष्यते यथा ।**
**राग-द्वेषानुविद्धस्य, कर्मबन्धस्तथा मतः ॥११२॥**

જેમ તેલ (સ્નેહ) વડે અભ્યંગ થયેલા શરીરવાળાના અંગ પર રેણુ (રજ) ચોંટી જાય છે, તેમ રાગદ્વેષથી અનુવિદ્ધ થયેલાને કર્મબંધ મનાયો છે. ૭૮૯

**૭૯૦ लोहं स्वक्रिययाभ्येति, भ्रामकोपलसन्निधौ ।**
**यथा कर्म तथा चित्रं, रक्त-द्विष्टात्मसन्निधौ ॥११३॥**

જેમ લોઢું પોતાના વ્યાપારથી ભ્રામક ઉપલ(=લોહચુંબક) પાષાણ(ઉપલ)ની પાસે આવે છે, તેમ વિચિત્ર પ્રકારનાં કર્મ, રાગ અને દ્વેષથી આત્માની પાસે આવે છે. ૭૯૦

**૭૯૧ आत्मा न व्यापृतस्तत्र, राग-द्वेषाशयं सृजन् ।**
**तन्निमित्तोपनम्रेषु, कर्मोपादानकर्मसु ॥११४॥**

ત્યાં (કર્મના વિષયમાં) રાગદ્વેષના આશયને ઉત્પન્ન કરતો આત્મા તેના (રાગદ્વેષના) નિમિત્તથી ઉત્પન્ન એવાં કર્મ જેમાં ઉપાદાન છે તેવાં કર્મોમાં વ્યાપરવાળો થતો નથી. ૭૯૧

**७९२ वारि वर्षन् यथाम्भोदो, धान्यवर्षी निगद्यते ।**
**भावकर्म सृजन्नात्मा, तथा पुद्गलकर्मकृत् ॥११५॥**

જેમ પાણી વરસાવનાર મેઘ ધાન્યને વરસાવનાર કહેવાય છે, તેમ ભાવકર્મને ઉત્પન્ન કરતો આત્મા પુદ્ગલકર્મ (દ્રવ્યકર્મ)નો કર્તા કહેવાય છે. ૭૯૨

**७९३ नैगम-व्यवहारौ तु, ब्रूतः कर्मादिकर्तृताम् ।**
**व्यापारः फलपर्यन्तः, परिदृष्टो यदात्मनः ॥११६॥**

પરંતુ નૈગમનય અને વ્યવહારનય કર્માદિકનું કર્તાપણું કહે છે, કારણ કે આત્માનો વ્યાપાર ફળપર્યન્ત સારી રીતે દેખાય છે. ૭૯૩

**७९४ अन्योनयानुगतानां का, तदेतदिति वा भिदा ।**
**यावच्चरमपर्यायं, यथा पानीय-दुग्धयोः ॥११७॥**

અથવા અન્યોન્ય મળેલાં તેમાં 'તે આ છે' એવો ભેદ, દૂધ અને પાણીની જેમ છેલ્લા પર્યાય સુધી, ક્યાંથી હોય ? ૭૯૪

**७९५ नात्मनो विकृतिं दत्ते, तदेषा नयकल्पना ।**
**शुद्धस्य रजतस्येव, शुक्तिधर्मप्रकल्पना ॥११८॥**

એટલે આ નયની કલ્પના આત્મામાં વિકારને (માન્યતા) આપતી નથી, જેમ શુદ્ધ ચાંદીમાં શુક્તિધર્મની કલ્પના થતી નથી. ૭૯૫

**૭૯૬ मुषितत्वं यथा पान्थ-गतं पथ्युपचर्यते ।**
**तथा पुद्गलकर्मस्था, विक्रियाऽऽत्मनि बालिशैः ॥११९॥**

જેમ મુસાફરને વિશે થયેલી લૂંટનો ઉપચાર માર્ગને વિશે થાય છે, તેમ પુદ્ગલકર્મમાં રહેલી વિક્રિયાનો ઉપચાર અજ્ઞાનીઓ આત્મામાં કરે છે. ૭૯૬

**૭૯૭ कृष्णः शोणोऽपि वोपाधे-र्नाशुद्धः स्फटिको यथा ।**
**रक्तो द्विष्टस्तथैवात्मा, संसर्गात् पुण्य-पापयोः ॥१२०॥**

જેમ સ્ફટિક અશુદ્ધ નથી, પણ ઉપાધિ(=આવરણ)ને કારણે કાળો અથવા તો રાતો જણાય છે, તેમ પુણ્યપાપના સંસર્ગથી આત્મા રાગી અથવા દ્વેષી જણાય છે. ૭૯૭

**૭૯૮ सेयं नटकला तावद्, यावद् विविधकल्पना ।**
**यद्रूपं कल्पनातीतं, तत् तु पश्यत्यकल्पकः ॥१२१॥**

જ્યાં સુધી વિવિધ પ્રકારની કલ્પના છે ત્યાં સુધી નટકળા છે, પરંતુ અકલ્પ (કલ્પનામુક્ત જ્ઞાની પુરુષ) જેને કલ્પનાતીત રૂપ છે તેને જુએ છે. ૭૯૮

**૭૯૯ कल्पनामोहितो जन्तुः, शुक्लं कृष्णं च पश्यति ।**
**तस्यां पुनर्विलीनाया-मशुक्लाऽकृष्णमीक्षते ॥१२२॥**

કલ્પનાથી મોહિત થયેલો જીવ શુક્લ અને કૃષ્ણને જુએ છે, પણ તેનો (કલ્પનાનો) વિલય થતાં અશુક્લ અને અકૃષ્ણને જુએ છે. ૭૯૯

**८०० तद् ध्यानं सा स्तुतिर्भक्तिः, सैवोक्ता परमात्मनः ।**

**पुण्य-पापविहीनस्य, यद्रूपस्यानुचिन्तनम् ॥१२३॥**

પુણ્યપાપવિહીન જે આત્મસ્વરૂપનું ચિંતન તે જ પરમાત્માનું ધ્યાન, સ્તુતિ અને ભક્તિ છે એમ કહેલું છે. ૮૦૦

**८०१ शरीररूपलावण्य-वप्रच्छत्रध्वजादिभिः ।**

**वर्णितैर्वीतरागस्य, वास्तवी नोपवर्णना ॥१२४॥**

વીતરાગનાં શરીર, રૂપ, લાવણ્ય, ગઢ (વપ્ર), છત્ર, ધ્વજ વગેરેના વર્ણના વડે કરાતી સ્તુતિ તે વાસ્તવિક સ્તુતિ (ઉપવર્ણના) નથી. ૮૦૧

**८०२ व्यवहारस्तुतिः सेयं, वीतरागात्मवर्तिनाम् ।**

**ज्ञानादीनां गुणानां तु, वर्णना निश्चयस्तुतिः ॥१२५॥**

આ વ્યવહારસ્તુતિ છે તથા વીતરાગ આત્માને વિશે વર્તતા જ્ઞાનાદિ ગુણોનું વર્ણન એ નિશ્ચયસ્તુતિ છે. ૮૦૨

**८०३ पुरादिवर्णनाद् राजा, स्तुतः स्यादुपचारतः ।**

**तत्त्वतः शौर्यगाम्भीर्य-धैर्यादिगुणवर्णनात् ॥१२६॥**

નગર વગેરેના વર્ણનથી કરાયેલી રાજાની સ્તુતિ તે ઉપચારથી થઈ કહેવાશે. શૌર્ય, ગાંભીર્ય, ધૈર્ય વગેરે ગુણોના વર્ણનથી તે તત્ત્વતઃ (તાત્ત્વિક સ્તુતિ) કહેવાશે. ૮૦૩

**८०४ मुख्योपचारधर्माणा-मविभागेन या स्तुतिः ।**

**न सा चित्तप्रसादाय, कवित्वं कुकवेरिव ॥१२७॥**

મુખ્ય અને ઉપચાર ધર્મોના વિભાગ વિનાની જે સ્તુતિ હોય તે ચિત્તના આનંદ માટે ન હોય. તે કુકવિના કવિત્વ=કાવ્ય જેવી છે. ૮૦૪

**૮૦૫ अन्यथाभिनिवेशेन, प्रत्युतानर्थकारिणि ।**
**सुतीक्ष्णखड्गधारेव, प्रमादेन करे धृता ॥१२८॥**

અન્યથા અભિનિવેશથી કરેલી સ્તુતિ, પ્રમાદથી હાથમાં ધારણ કરેલી સુતીક્ષ્ણ તલવારની ધારની જેમ, અનર્થ કરનારી થાય છે. ૮૦૫

**૮૦૬ मणिप्रभामणिज्ञान-न्यायेन शुभकल्पना ।**
**वस्तुस्पर्शितया न्याय्या, यावन्नानञ्जनप्रथा ॥१२९॥**

મણિપ્રભામાં મણિજ્ઞાન થાય છે. તે ન્યાયની જેમ, જ્યાં સુધી [આત્મામાં શુદ્ધ સ્વરૂપ પ્રતિબિંબ=અંજન, પ્રતિબિંબ ન પડવું=અનંજન. જ્યાં સુધી અનંજન પ્રથા નથી એટલે કે] અંજનપ્રથા હોય ત્યાં સુધી વસ્તુને સ્પર્શ કરવાની શુભ કલ્પના ન્યાયયુક્ત છે. ૮૦૬

**૮૦૭ पुण्यपापविनिर्मुक्तं, तत्त्वतस्त्वविकल्पकम् ।**
**नित्यं ब्रह्म सदा ध्येय-मेषा शुद्धनयस्थितिः ॥१३०॥**

પુણ્ય અને પાપથી મુક્ત, તત્ત્વતઃ અવિકલ્પ સ્વરૂપ, નિત્ય બ્રહ્મનું (આત્માનું) સદા ધ્યાન ધરવું એ શુદ્ધનયની સ્થિતિ છે. ૮૦૭

૮૦૮ आश्रवः संवरश्चापि, नात्मा विज्ञानलक्षणः ।
यत्कर्मपुद्‌गलादान-रोधावाश्रव-संवरौ ॥१३१॥

વિજ્ઞાનલક્ષણવાળો આત્મા આશ્રવરૂપ કે સંવરરૂપ નથી, કારણ કે કર્મપુદ્‌ગલોનું ગ્રહણ તે આશ્રવ છે અને એનો નિરોધ તે સંવર છે. ૮૦૮

૮૦૯ आत्माऽऽदत्ते तु यैर्भावैः, स्वतन्त्रः कर्मपुद्‌गलान् ।
मिथ्यात्वाविरती योगाः, कषायास्तेऽन्तराश्रवाः॥१३२॥

આત્મા જે ભાવો વડે સ્વતંત્ર કર્મપુદ્‌ગલોને ગ્રહણ કરે છે, તે મિથ્યાત્વ, અવિરતિ, કષાયો અને યોગો આંતર (ભાવ) આશ્રવ છે. ૮૦૯

૮૧૦ भावनाधर्मचारित्र-परीषहजयादयः ।
आश्रवोच्छेदिनो धर्मा, आत्मनो भावसंवराः ॥१३३॥

ભાવના, ધર્મ, ચારિત્ર, પરીષહજય વગેરે જે આશ્રવનો છેદ કરનારા આત્માના ધર્મો છે તે ભાવસંવર છે. ૮૧૦

૮૧૧ आश्रवः संवरो न स्यात्-संवरश्चाश्रवः क्वचित् ।
भवमोक्षफलाभेदो-ऽन्यथा स्याद्धेतुसङ्करात् ॥१३४॥

આશ્રવ ક્યારેય સંવર થતા નથી અને સંવર ક્યારેય આશ્રવ થતા નથી. એમ ન હોય તો હેતુના મિશ્રણને કારણે ભવ (સંસાર) અને મોક્ષરૂપ ફળનો અભેદ થઈ જાય. ૮૧૧

૮૧૨ कर्माश्रवं च संवृण्वन्नात्मा भिन्नैर्निजाशयैः ।
करोति न परापेक्षामलंभूष्णुः स्वतः सदा ॥१३५॥

પોતાના ભિન્ન આશયો(અધ્યવસાયો)થી કર્મને આશ્રવતાં અને સંવરતાં આત્મા પરની અપેક્ષા રાખતો નથી. તે સદા સ્વતઃ સમર્થ (અલંભૂષ્ણુ) છે. ૮૧૨

**૮૧૩ निमितमात्रभूतास्तु, हिंसाऽहिंसादयोऽखिलाः ।**
**ये परप्राणिपर्याया, न ते स्वफलहेतवः ॥१३६॥**

હિંસા, અહિંસા વગેરે સર્વ માત્ર નિમિત્તભૂત છે. જે પરપ્રાણીના પર્યાયો છે તે પોતાના ફળના હેતુરૂપ નથી. ૮૧૩

**૮૧૪ व्यवहारविमूढस्तु, हेतूस्तानेव मन्यते ।**
**ब्राह्यक्रियारतश्चान्त-स्तत्त्वं गूढं न पश्यति ॥१३७॥**

વ્યવહારથી વિમૂઢ થયેલો તે, તે (હિંસાદિક)ને જ હેતુરૂપ માને છે. જેનું પોતાનું અંતઃકરણ બાહ્યક્રિયામાં રત છે તે ગૂઢ તત્ત્વને જોતો નથી. ૮૧૪

**૮૧૫ हेतुत्वं प्रतिपद्यन्ते, नैवैतेऽनियमस्पृशः ।**
**यावन्त आश्रवाः प्रोक्ता-स्तावन्तो हि परिश्रवाः ॥१३८॥**

નિયમને સ્પર્શ નહિ કરનારા આ (હિંસાદિ) હેતુત્વને પામતા નથી. (ભવનાં) જેટલા આશ્રવો કહ્યા છે તેટલા જ સંવર પણ કહેલા છે. ૮૧૫

**૮૧૬ तस्मादनियतं रूपं, बाह्यहेतुषु सर्वथा ।**
**नियतौ भाववैचित्र्या-दात्मैवाश्रवसंवरौ ॥१३९॥**

એટલે બાહ્ય હેતુઓમાં સર્વથા અનિયત રૂપ છે. ભાવના વિચિત્રપણાને લીધે આત્મા જ આશ્રવ અને સંવરરૂપે નિયત છે. ૮૧૬

૮૧૭ अज्ञानाद् विषयासक्तो, बध्यते विषयैस्तु न ।
ज्ञानाद् विमुच्यते चात्मा, न तु शास्त्रादिपुद्गलात्॥१४०॥

વિષયમાં આસક્ત થયેલો આત્મા અજ્ઞાનથી બંધાય છે, પણ વિષયો વડે બંધાતો નથી. આત્મા જ્ઞાનને કારણે મુક્ત થાય છે, પરંતુ શાસ્ત્રાદિ પુદ્ગલને કારણે નહિ. ૮૧૭

૮૧૮ शास्त्रं गुरोश्च विनयं, क्रियामावश्यकानि च ।
संवराङ्गतया प्राहु-र्व्यवहारविशारदाः ॥१४१॥

વ્યવહાર(નય)ના વિશારદોએ શાસ્ત્ર, ગુરુનો વિનય, ક્રિયા તથા આવશ્યકોને સંવરનાં અંગરૂપ કહ્યાં છે. ૮૧૮

૮૧૯ विशिष्टा वाक्-तनु-स्वान्त-पुद्गलास्तेऽफलावहाः ।
ये तु ज्ञानादयो भावाः, संवरत्वं प्रयान्ति ते ॥१४२॥

વાણી, શરીર અને મનના જે વિશિષ્ટ પુદ્ગલો છે તે ફળને આપતાં નથી, પરંતુ જે જ્ઞાનાદિ ભાવો છે તે સંવરપણું પામે છે. ૮૧૯

૮૨૦ ज्ञानादिभावयुक्तेषु, शुभयोगेषु तद्गतम् ।
संवरत्वं समारोप्य, स्मयन्ते व्यवहारिणः ॥१४३॥

જ્ઞાનાદિ ભાવથી યુક્ત એવા શુભ યોગોમાં, એમાં રહેલા સંવરપણાનો આરોપ કરીને વ્યવહારવાદીઓ ગર્વ કરે છે. ૮૨૦

**૮૨૧ प्रशस्तरागयुक्तेषु, चारित्रादिगुणेष्वपि ।**
**शुभाश्रवत्वमारोप्य, फलभेदं वदन्ति ते ॥१४४॥**

પ્રશસ્ત રાગ વડે યુક્ત ચારિત્રાદિ ગુણોમાં પણ શુભ આશ્રવપણાનો આરોપ કરીને તેઓ ફળનો ભેદ કહે છે. ૮૨૧

**૮૨૨ भवनिर्वाणहेतूनां, वस्तुनो न विपर्ययः ।**
**अज्ञानादेव तद्भानं, ज्ञानी तत्र न मुह्यति ॥१४५॥**

વસ્તુતઃ ભવ (સંસાર) અને નિર્વાણના હેતુનો વિપર્યય થતો નથી. અજ્ઞાનને લીધે જ તેનું (તેવું વિપરીત) કથન (ગાન) થાય છે. જ્ઞાની તેમાં મૂંઝાતા નથી. ૮૨૨

**૮૨૩ तीर्थकृन्नामहेतुत्वं, यत्-सम्यक्त्वस्य वर्ण्यते ।**
**यच्चाहारकहेतुत्वं, संयमस्यातिशायिनः ॥१४६॥**

**૮૨૪ तपःसंयमयोः स्वर्ग-हेतुत्वं यच्च पूर्वयोः ।**
**उपचारेण तद्युक्तं स्याद्, घृतं दहतीतिवत् ॥१४७॥**

જેમ 'ઘી બળે (બાળે) છે' એવું કથન ઉપચારથી ઘટે છે તેમ સમ્યક્ત્વને તીર્થંકર નામકર્મનો હેતુ, અતિશય ઉત્કૃષ્ટ સંયમને આહારક નામકર્મનો હેતુ, પૂર્વનાં તપ અને સંયમને સ્વર્ગના હેતુ કહ્યાં છે તે ઉપચારથી ઘટે છે. ૮૨૩-૮૨૪

**૮૨૫ येनांशेनात्मनो योगस्-तेनांशेनाश्रवो मतः ।**
**येनांशेनोपयोगस्तु, तेनांशेनास्य संवरः ॥१४८॥**

જેટલે અંશે આત્માનો યોગ છે તેટલે અંશે તેનો આશ્રવ

કહેલો છે અને જેટલે અંશે (જ્ઞાનાદિ) ઉપયોગ છે તેટલે અંશે તેનો સંવર છે. ૮૨૫

૮૨૬ **तेनासावंशविश्रान्तौ, बिभ्रदाश्रवसंवरौ ।**
**भात्यादर्श इव स्वच्छास्वच्छभागद्वयः सदा ॥१४९॥**

એટલે તે તે અંશમાં વિશ્રાન્તિ પામેલા આશ્રવ અને સંવર બેયને ધારણ કરતો તે (આત્મા) સ્વચ્છ અને અસ્વચ્છ એવા બે ભાગવાળા અરીસા જેવો સદા દેખાય છે. ૮૨૬

૮૨૭ **शुद्‌धैव ज्ञानधारा स्यात्-सम्यक्त्वप्राप्त्यनन्तरम् ।**
**हेतुभेदाद् विचित्रा तु, योगधारा प्रवर्त्तते ॥१५०॥**

સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી જ્ઞાનધારા શુદ્ધ જ થાય છે અને હેતુના ભેદને કારણે યોગધારા વિચિત્ર (શુદ્ધ અને અશુદ્ધ) પ્રવર્તે છે. ૮૨૭

૮૨૮ **सम्यग्दृशो विशुद्‌धत्वं, सर्वास्वपि दशास्वतः ।**
**मृदुमध्यादिभावस्तु, क्रियावैचित्र्यतो भवेत् ॥१५१॥**

સમ્યગ્‌દૃષ્ટિ જીવને સર્વ દશામાં વિશુદ્ધત્વ જ હોય છે. મૃદુ, મધ્યમ વગેરે ભાવ તો ક્રિયાની વિચિત્રતાને કારણે થાય છે. ૮૨૮

૮૨૯ **यदा तु सर्वतः शुद्‌धि-र्जायते धारयोर्द्वयोः ।**
**शैलेशीसंज्ञितः स्थैर्यात्-तदा स्यात् सर्वसंवरः ॥१५२॥**

જ્યારે બંને (જ્ઞાન અને યોગ) ધારાઓની સર્વ પ્રકારે

વિશુદ્ધિ થાય છે ત્યારે સ્થિરતાને કારણે 'શૈલેશી' નામનો સર્વસંવર થાય છે. ૮૨૯

**૮૩૦ ततोऽर्वाग् यच्च यावच्च, स्थिरत्वं तावदात्मनः ।**
**संवरो योगचाञ्चल्यं, यावत् तावत् किलाश्रवः ॥१५३॥**

(= સર્વ સંવર) તેનાથી પૂર્વે જેવું અને જેટલું આત્માનું સ્થિરત્વ તેટલો આત્માનો સંવર. જેટલું યોગનું ચંચળપણું તેટલો આશ્રવ જાણવો. ૮૩૦

**૮૩૧ अशुद्धनयतश्चेयं, संवराश्रवसङ्कथा ।**
**संसारिणां च सिद्धानां, न शुद्धनयतो भिदा ॥१५४॥**

અશુદ્ધ નયથી આ પ્રમાણે આશ્રવ અને સંવરની વાત છે. શુદ્ધ નય પ્રમાણે તો સંસારી અને સિદ્ધના જીવો વચ્ચે કોઈ ભેદ નથી. ૮૩૧

**૮૩૨ निर्जरा कर्मणां शाटो, नात्माऽसौ कर्म्मपर्ययः ।**
**येन निर्जीयते कर्म, स भावस्त्वात्मलक्षणम् ॥१५५॥**

નિર્જરા એટલે કર્મોનો શાટ (શીર્ણતા). તે આત્મસ્વરૂપ નથી, કર્મનો પર્યાય છે. જે વડે કર્મની નિર્જરા થાય તે ભાવ આત્માનું લક્ષણ છે. ૮૩૨

**૮૩૩ सत्तपो द्वादशविधं, शुद्धज्ञानसमन्वितम् ।**
**आत्मशक्तिसमुत्थानं, चित्तवृत्तिनिरोधकृत् ॥१५६॥**

શુદ્ધ જ્ઞાનયુક્ત એવું બાર પ્રકારનું ઉત્તમ તપ

આત્મશક્તિનું ઉત્થાન કરનારું, ચિત્તવૃત્તિનો નિરોધ કરનારું છે. ૮૩૩

૮૩૪ **यत्र रोधः कषायाणां, ब्रह्म ध्यानं जिनस्य च ।**
**ज्ञातव्यं तत् तपः शुद्ध-मवशिष्टं तु लङ्घनम् ॥१५७॥**

જ્યાં કષાયોનો નિરોધ, બ્રહ્મચર્ય અને જિનેશ્વરોનું ધ્યાન હોય તે તપને શુદ્ધ જાણવું. બાકીનું તો લાંઘણ છે. ૮૩૪

૮૩૫ **बुभुक्षा देहकार्श्यं वा, तपसो नास्ति लक्षणम् ।**
**तितिक्षाब्रह्मगुप्त्यादि-स्थानं ज्ञानं तु तद्वपुः ॥१५८॥**

ક્ષુધા અને શરીરની કૃશતા એ તપનું લક્ષણ નથી, પરંતુ તિતિક્ષા, બ્રહ્મચર્ય, ગુપ્તિ વગેરેના સ્થાનરૂપ જ્ઞાન જ તે (તપ)નું શરીર છે. ૮૩૫

૮૩૬ **ज्ञानेन निपुणेनैक्यं, प्राप्तं चन्दनगन्धवत् ।**
**निर्जरामात्मनो दत्ते, तपो नान्यादृशं क्वचित् ॥१५९॥**

ચંદન અને તેની ગંધની જેમ નિપુણ જ્ઞાન સાથે એકરૂપ થયેલું તપ આત્માને નિર્જરા આપે છે; તે સિવાય બીજું (તપ) ક્યારેય નહિ. ૮૩૬

૮૩૭ **तपस्वी जिनभक्त्या च, शासनोद्भासनेच्छया ।**
**पुण्यं बध्नाति बहुलं, मुच्यते तु गतस्पृहः ॥१६०॥**

શાસનની પ્રભાવનાની પણ 'ઇચ્છા'થી જિનભક્તિ કરે તો તપસ્વી વિપુલ પુણ્ય બાંધે છે, પરંતુ જો સ્પૃહારહિત હોય તો તે (તપસ્વી) મુક્ત થાય છે. ૮૩૭

૮૩૮ कर्मतापकरं ज्ञानं, तपस्तन्नैव वेत्ति यः ।
प्राप्नोतु स हतस्वान्तो, विपुलां निर्जरां कथम् ॥१६१॥

'કર્મને તપાવે એ જ્ઞાન જ તપ છે' એવું જે જાણતો નથી તે હણાયેલા ચિત્તવાળો વિપુલ નિર્જરા શી રીતે પ્રાપ્ત કરી શકે ? ૮૩૮

૮૩૯ अज्ञानी तपसा जन्म-कोटिभिः कर्म यन्नयेत् ।
अन्तं ज्ञानतपोयुक्त-स्तत् क्षणेनैव संहरेत् ॥१६२॥

કરોડો જન્મના તપ દ્વારા અજ્ઞાની જે કર્મની નિર્જરા કરે છે તે(કર્મ)નો જ્ઞાનતપથી યુક્ત (તપસ્વી) ક્ષણવારમાં નાશ કરી શકે. ૮૩૯

૮૪૦ ज्ञानयोगस्तपःशुद्ध-मित्याहुर्मुनिपुङ्गवाः ।
तस्मान्निकाचितस्यापि, कर्मणो युज्यते क्षयः ॥१६३॥

જ્ઞાનયોગરૂપી તપ શુદ્ધ છે એમ શ્રેષ્ઠ મુનિપુંગવોએ કહ્યું છે. એનાથી નિકાચિત કર્મનો પણ ક્ષય થાય છે. ૮૪૦

૮૪૧ यदिहापूर्वकरणं, श्रेणिः शुद्धा च जायते ।
ध्रुवः स्थितिक्षयस्तत्र, स्थितानां प्राच्यकर्मणाम् ॥१६४॥

કારણ કે એમાં અપૂર્વકરણ અને શુદ્ધ શ્રેણી ઉત્પન્ન થાય છે. ત્યાં રહેલા પૂર્વકર્મોની સ્થિતિનો ક્ષય અવશ્ય થાય છે. ૮૪૧

८४२ तस्माद् ज्ञानमयः शुद्ध-स्तपस्वी भावनिर्जरा ।
शुद्धनिश्चयतस्त्वेषा, सदा शुद्धस्य कापि न ॥१६५॥

એટલે જ્ઞાનમય શુદ્ધ તપસ્વી એ ભાવનિર્જરા છે, પરંતુ શુદ્ધ નિશ્ચયનયથી સદા શુદ્ધ(આત્મા)ને આ (નિર્જરા) બિલકુલ નથી. ૮૪૨

८४६ बन्धः कर्माऽऽत्मसंश्लेषो, द्रव्यतः स चतुर्विधः ।
तद्धेत्वध्यवसायात्मा, भावतस्तु प्रकीर्त्तितः ॥१६६॥

કર્મની સાથે આત્માનો સંશ્લેષ(=જોડાણ) તે બંધ. દ્રવ્યથી તે ચાર પ્રકારનો છે તથા તેના હેતુભૂત અધ્યવસાય ભાવથી બંધ કહેવાય છે. ૮૪૩

८४४ वेष्टयत्यात्मनात्मानं, यथा सर्पस्तथाऽसुमान् ।
तत्तद्भावैः परिणतो, बध्नात्यात्मानमात्मना ॥१६७॥

જેમ સર્પ પોતાના શરીર વડે પોતાના શરીરને જ વીંટે છે, તેમ જીવ તે તે ભાવ વડે પરિણત થઈ પોતાના આત્મા વડે પોતાના આત્માને બાંધે છે. ૮૪૪

८४५ बध्नाति स्वं यथा कोश-कारकीटः स्वतन्तुभिः ।
आत्मनः स्वगतैर्भावै-र्बन्धने सोपमा स्मृता ॥१६८॥

જેમ રેશમનો કીડો પોતાના જ તંતુઓ વડે પોતાને બાંધે છે તેમ આત્માના પોતાનામાં રહેલા ભાવો વડે થતા બંધન વિશે એ જ ઉપમા યાદ આવે છે. ૮૪૫

૮૪૬ जन्तूनां सापराधानां, बन्धकारी न हीश्वरः ।
तद्बन्धकानवस्थाना-दबन्धस्याप्रवृत्तितः ॥१६९॥

બંધ કરનારના અનવસ્થાનને લીધે તથા બંધરહિતની પ્રવૃત્તિના અભાવને કારણે ઈશ્વર અપરાધી જીવોને બંધ કરનાર નથી. ૮૪૬

૮૪૭ न त्व(चा)ज्ञानप्रवृत्त्यर्थे, ज्ञानवन्नोदना ध्रुवा ।
अबुद्धिपूर्वकार्येषु, स्वप्नादौ तददर्शनात् ॥१७०॥

વળી બુદ્ધિપૂર્વક કરવાનાં ન હોય એવાં સ્વપ્નાદિ કાર્યોમાં તે (પ્રેરણા) જોવા ન મળતી હોવાથી, અજ્ઞાનજનિત પ્રવૃત્તિ માટે જ્ઞાનવાન(ઈશ્વર)ની પ્રેરણા અવશ્ય હોય જ નહિ. ૮૪૭

૮૪૮ तथाभव्यतया जन्तु-र्नोदितश्च प्रवर्त्तते ।
बध्नन् पुण्यं च पापं च, परिणामानुसारतः ॥१७१॥

પરિણામ અનુસાર પાપ અને પુણ્ય બાંધતો જીવ તથાભવ્યતાથી પ્રેરાઈને પ્રવર્તે છે. ૮૪૮

૮૪૯ रोगस्थित्यनुसारेण, प्रवृत्ती रोगिणो यथा ।
भवस्थित्यनुसारेण, तथा बन्धेऽपि वर्ण्यते ॥१७२॥

જેમ રોગની સ્થિતિ અનુસાર રોગની પ્રવૃત્તિ થાય છે, તેમ ભવસ્થિતિ અનુસાર બંધ વિશે પણ તે કહેવાય છે. ૮૪૯

૮૫૦ शुद्धनिश्चयतस्त्वात्मा, न बद्धो बन्धशङ्कया ।
भयकम्पादिकं किन्तु, रज्जावहिमतेरिव ॥१७३॥

શુદ્ધ નિશ્ચયનયથી તો આત્મા બંધાતો નથી, પરંતુ બંધની શંકા થતાં તે, દોરડામાં સાપની ભ્રાન્તિ થાય તેમ, ભય, કંપ વગેરે પામે છે. ૮૫૦

**૮૫૧ दृढाज्ञानमयीं शङ्का -मेनामपनिनीषवः ।**

**अध्यात्मशास्त्रमिच्छन्ति, श्रोतुं वैराग्यकाङ्क्षिणः ॥१७४॥**

આ દૃઢ અજ્ઞાનમય શંકાને દૂર કરવા ઇચ્છતા અને વૈરાગ્યની અભિલાષાવાળાઓ અધ્યાત્મશાસ્ત્રનું શ્રવણ કરવા ઇચ્છે છે. ૮૫૧

**૮૫૨ दिशः प्रदर्शकं शाखा-चन्द्रन्यायेन तत्पुनः ।**

**प्रत्यक्षविषयां शङ्कां, न हि हन्ति परोक्षधीः ॥१७५॥**

તે (અધ્યાત્મશાસ્ત્ર) પણ, શાખાચંદ્રન્યાયની જેમ, માત્ર દિશા બતાવનાર છે, કારણ કે પરોક્ષ (શાબ્દ) જ્ઞાન પ્રત્યક્ષ વિષયની શંકાને દૂર કરતું નથી. ૮૫૨

**૮૫૩ शङ्खे श्वैत्यानुमानेऽपि दोषात् पीतत्वधीर्यथा ।**

**शास्त्रज्ञानेऽपि मिथ्याधी-संस्काराद् बन्धधीस्तथा ॥१७६॥**

જેમ શંખમાં શ્વેતપણું અનુમાનથી જાણવા છતાં દોષને કારણે તેમાં પીળાપણાની બુદ્ધિ થાય છે, તેમ શાસ્ત્રનું જ્ઞાન હોવા છતાં પણ મિથ્યાબુદ્ધિના સંસ્કારથી (આત્મામાં) બંધની બુદ્ધિ (=આ બંધ છે એવું ભાન) થાય છે. ૮૫૩

૮૫૪ **श्रुत्वा मत्वा मुहुः स्मृत्वा, साक्षादनुभवन्ति ये ।**
**तत्त्वं न बन्धधीस्तेषामात्माऽबद्धः प्रकाशते ॥१७७॥**

જેઓ વારંવાર તત્ત્વને સાંભળીને, મનન કરીને, સ્મરણ કરીને તેનો સાક્ષાત્ અનુભવ કરે છે તેઓને બંધની બુદ્ધિ (બંધધી) હોતી નથી. તેઓનો આત્મા બંધરહિત પ્રકાશે છે. ૮૫૪

૮૫૫ **द्रव्यमोक्षः क्षयः कर्म-द्रव्याणां नात्मलक्षणम् ।**
**भावमोक्षस्तु तद्धेतु-रात्मा रत्नत्रयान्वयी ॥१७८॥**

કર્મદ્રવ્યોનો ક્ષય તે દ્રવ્યમોક્ષ છે. તે આત્માનું લક્ષણ નથી, તેના (દ્રવ્યમોક્ષના) હેતુભૂત રત્નત્રયીથી યુક્ત એવો આત્મા તે ભાવમોક્ષ છે. ૮૫૫

૮૫૬ **ज्ञानदर्शनचारित्रै-रात्मैक्यं लभते यदा ।**
**कर्माणि कुपितानीव, भवन्त्याशु तदा पृथक् ॥१७९॥**

જ્યારે જ્ઞાન, દર્શન, ચારિત્ર સાથે આત્માનું ઐક્ય સધાય છે ત્યારે કર્મો જાણે કુપિત થયાં હોય તેમ તત્કાળ જુદાં પડી જાય છે. ૮૫૬

૮૫૭ **अतो रत्नत्रयं मोक्ष-स्तदभावे कृतार्थता ।**
**पाषण्डिगणलिङ्गैश्च, गृहिलिङ्गैश्च कापि न ॥१८०॥**

આમ રત્નત્રય મોક્ષ છે. તેના અભાવમાં પાખંડી ગણના વેશથી કે ગૃહસ્થ લિંગથી કંઈ પણ કૃતાર્થતા નથી. ૮૫૭

૮૫૮ पाषण्डिगणलिङ्गेषु, गृहिलिङ्गेषु ये रताः ।
ये न ते समयसारस्य, ज्ञातारो बालबुद्धयः ॥१८१॥

જેઓ પાખંડી ગણના વેશમાં કે ગૃહસ્થીના વેશમાં આસક્ત છે તે બાળબુદ્ધિવાળા સિદ્ધાન્ત(સમય)ના તત્ત્વ (સાર)ને જાણનારા નથી. ૮૫૮

૮૫૯ भावलिङ्गरता ये स्युः, सर्वसारविदो हि ते ।
लिङ्गस्था वा गृहस्था वा, सिध्यन्ति धूतकल्मषाः॥१८२॥

જેઓ ભાવલિંગમાં આનંદિત છે તેઓ સર્વ સારને જાણનારા છે. લિંગસ્થો હોય કે ગૃહસ્થો હોય, પરંતુ નિષ્પાપ એવા તે સિદ્ધિપદને પામે છે. ૮૫૯

૮૬૦ भावलिङ्गं हि मोक्षाङ्गं, द्रव्यलिङ्गमकारणम् ।
द्रव्यं नात्यन्तिकं यस्मान्नाप्येकान्तिकमिष्यते ॥१८३॥

ભાવલિંગ એ જ મોક્ષનું અંગ છે; દ્રવ્યલિંગ એનું કારણ નથી, કારણ કે દ્રવ્યને આત્યંતિક તેમજ એકાંતિક ઈચ્છ્યું દ્રવ્યલિંગ જ મોક્ષનું કારણ છે એવું નથી. ૮૬૦

૮૬૧ यथाजातदशालिङ्ग-मर्थादव्यभिचारि चेत् ।
विपक्षबाधकाभावात्, तद्धेतुत्वे तु का प्रभा ॥१८४॥

યથાજાત-નગ્ન દશારૂપ લિંગ(વેષ)અર્થથી અવ્યભિચારી કારણ છે, જો એમ હોય તો પણ વિપક્ષમાં બાધક પ્રમાણનો અભાવ હોવાથી તેના હેતુત્વમાં શું પ્રમાણ છે ? ૮૬૧

**૮૬૨ वस्त्रादिधारणेच्छा चेद्, बाधिका तस्य तां विना ।**
**धृतस्य किमवस्थाने, करादेरिव बाधकम् ॥१८५॥**

જો વસ્ત્રાદિ ધારણ કરવાની ઈચ્છા (મોક્ષનો) બાધ કરનારી હોય, તો તે (ઈચ્છા) વિના વસ્ત્ર વગેરે હાથ વગેરેની જેમ ધારણ કરેલ હોય એમાં શો બાધ છે ? ૮૬૨

**૮૬૩ स्वरूपेण च वस्त्रं चेत् केलवज्ञानबाधकम् ।**
**तदा दिक्पटनीत्यैव, तत् तदावरणं भवेत् ॥१८६॥**

જો વસ્ત્ર સ્વરૂપથી જ કેવળજ્ઞાનને બાધક હોય તો દિગંબર(દિક્પટ)ના ન્યાય=યુક્તિ વડે જ તે (વસ્ત્ર) તેનું (કેવળજ્ઞાનનું) આવરણ થશે. ૮૬૩

**૮૬૪ इत्थं केवलिनस्तेन, मूर्ध्नि क्षिप्तेन केनचित् ।**
**केवलित्वं पलायेते-त्यहो किमसमञ्जसम् ॥१८७॥**

એ રીતે તો કેવળીના મસ્તક ઉપર તે (વસ્ત્ર) કોઈકના નાખવાથી કેવળીપણું (કેવળજ્ઞાન) ભાગી જાય. અરે, આ તે કેવી અસમંજસ વાત ? ૮૬૪

**૮૬૫ भावलिङ्गात् ततो मोक्षो, भिन्नलिङ्गेष्वपि ध्रुवः ।**
**कदाग्रहं विमुच्यैतद् भावनीयं मनस्विना ॥१८८॥**

એટલે ભિન્ન લિંગવાળાઓમાં પણ ભાવલિંગથી અવશ્ય મોક્ષ છે. મનસ્વી (બુદ્ધિમાન) પુરુષે કદાગ્રહ છોડીને આ વિશે ભાવપૂર્વક વિચાર કરવો જોઈએ. ૮૬૫

૮૬૬ अशुद्धनयतो ह्यात्मा, बद्धो मुक्त इति स्थितिः ।
न शुद्धनयतस्त्वेष, बध्यते नापि मुच्यते ॥१८९॥

અશુદ્ધ નયથી તો આત્મા બદ્ધ છે અને મુક્ત પણ છે એવી સ્થિતિ છે, પરંતુ શુદ્ધ નયથી તો એ (આત્મા) બંધાતો નથી અને મુક્ત પણ થતો નથી. ૮૬૬

૮૬૭ अन्वयव्यतिरेकाभ्या-मात्मतत्त्वविनिश्चयम् ।
नवभ्योऽपि हि तत्त्वेभ्यः, कुर्यादेवं विचक्षणः ॥१९०॥

આ રીતે વિચક્ષણ વ્યક્તિએ નવ તત્ત્વથી પણ અન્વય અને વ્યતિરેક દ્વારા આત્મતત્ત્વનો નિશ્ચય કરવો. ૮૬૭

૮૬૮ इदं हि परमध्यात्म-ममृतं ह्यद एव च ।
इदं हि परमं ज्ञानं, योगोऽयं परमः स्मृतः ॥१९१॥

આ જ પરમ અધ્યાત્મ છે, આ જ અમૃત છે, આ જ પરમ જ્ઞાન છે અને આ જ પરમ યોગ કહેવાય છે. ૮૬૮

૮૬૯ गुह्याद् गुह्यतरं तत्त्व-मेतत् सूक्ष्मनयाश्रितम् ।
न देयं स्वल्पबुद्धीनां, ते ह्येतस्य विडम्बकाः ॥१९२॥

ગુહ્યથી પણ ગુહ્ય એવું આ તત્ત્વ સૂક્ષ્મ નયને આશ્રિત છે. અલ્પ બુદ્ધિવાળાને તે આપવું નહિ, કારણ કે તેઓ એની વિડંબના કરનારા છે. ૮૬૯

૮૭૦ जनानामल्पबुद्धीनां, नैतत् तत्त्वं हितावहम् ।
निर्बलानां क्षुधार्त्तानां, भोजनं चक्रिणो यथा ॥१९३॥

જેમ નિર્બળ ક્ષુધાતુરને ચક્રવર્તીનું ભોજન હિતાવહ=લાભદાયી નથી, તેમ અલ્પબુદ્ધિવાળા માણસોને આ તત્ત્વ હિતાવહ નથી. ૮૭૦

**૮૭૧ ज्ञानांशदुर्विदग्धस्य, तत्त्वमेतदनर्थकृत् ।**
**अशुद्धमन्त्रपाठस्य, फणिरत्नग्रहो यथा ॥१९४॥**

અશુદ્ધ મંત્રનો પાઠ કરનારને માટે નાગના રત્નને ગ્રહણ કરવું જેમ અનર્થકારી છે, તેમ જ્ઞાનના અંશ(=નાં લાભ)થી દુર્વિદગ્ધોને માટે આ તત્ત્વ (અનર્થકારી) છે. ૮૭૧

**૮૭૨ व्यवहाराविनिष्णातो, यो ज्ञीप्सति विनिश्चयम् ।**
**कासारतरणाशक्तः, सागरं स तितीर्षति ॥१९५॥**

વ્યવહાર (નય) વિશે જે નિષ્ણાત નથી, તે નિશ્ચય (નય)ને જાણવા ઈચ્છે, તો તે તળાવમાંતરવામાં અશક્ત હોવા છતાં સાગરને તરી જવાની ઈચ્છા કરે છે. ૮૭૨

**૮૭૩ व्यवहारं विनिश्चित्य, ततः शुद्धनयाश्रितः ।**
**आत्मज्ञानरतो भूत्वा, परमं साम्यमाश्रयेत् ॥१९६॥**

વ્યવહારનયનો સારી રીતે નિશ્ચય કરીને પછી જ શુદ્ધ નયનો આશ્રય કરનારે, આત્મજ્ઞાનમાં ઓતપ્રોત બનીને પરમ સામ્ય(સમતા)નો આશ્રય કરવો. ૮૭૩

**॥ अध्यात्मसारे आत्मनिश्चयाधिकारः ॥१८॥**

## एकोनविंशो जिनमतस्तुत्यधिकारः

८७४ उत्सर्प्पद्व्यवहारनिश्चयकथाकल्लोलकोलाहल-

त्रस्यद्दुर्नयवादिकच्छपकुलभ्रश्यत्कुपक्षाचलम् ।

उद्यद्युक्तिनदीप्रवेशसुभगं स्याद्वादमर्यादया,

युक्तं श्रीजिनशासनं जलनिधिं मुक्त्वा परं नाश्रये ॥१॥

જેમાં વ્યવહાર અને નિશ્ચયની કથાના કલ્લોલ (ઉછળતાં મોજાઓ)ના કોલાહલથી ત્રાસ પામતા દુર્નયવાદીરૂપી કાચબાઓના કુળોવાળા, ભાંગી પડતા કુપક્ષરૂપી પર્વતોવાળા, વિસ્તૃત યુક્તિરૂપી નદીઓના પ્રવેશથી જે સુભગ છે અને સ્યાદ્‌વાદરૂપી મર્યાદાથી જે યુક્ત છે એવા જિનશાસનરૂપી જલનિધિને છોડીને બીજા કોઈનો પણ આશ્રય હું ન કરું ! ૮૭૪

८७५ पूर्णः पुण्यनयप्रमाणरचनापुष्पैः सदाऽऽस्थारसै-

स्तत्त्वज्ञानफलः सदा विजयते स्याद्वादकल्पद्रुमः ।

एतस्मात् पतितैः प्रवादकुसुमैः षड्दर्शनारामभू-

र्भूयः सौरभमुद्वमत्यभिमतैरध्यात्मवार्तालवैः ॥२॥

સત્ આસ્થા (સમ્યગ્દર્શન) રૂપી રસવાળાં પુણ્યશાળી (પવિત્ર) નય અને પ્રમાણની રચનારૂપી પુષ્પોથી પૂર્ણ અને

તત્ત્વજ્ઞાનરૂપી ફળથી યુક્ત એવું સ્યાદ્વાદરૂપી કલ્પદ્રુમ સદા વિજય પામે છે. એના ઉપરથી પડેલાં પ્રવાદરૂપી ફૂલોથી અને અભિમત(=માન્ય) એવા અધ્યાત્મની વાતોના અંશથી ષડ્દર્શનરૂપી આરામ(ઉદ્યાન)ની ભૂમિ સૌરભ પ્રસરાવે છે. ૮૭૫

**૮૭૬ चित्रोत्सर्गशुभापवादरचनासानुश्रियालंकृतः,**
**श्रद्धानन्दनचन्दनद्रुमनिभप्रज्ञोल्लसत्सौरभः ।**
**भ्राम्यद्भिः परदर्शनग्रहगणैरासेव्यमानः सदा,**
**तर्कस्वर्णशिलोच्छ्रितो विजयते जैनागमो मन्दरः ॥३॥**

ચિત્રવિચિત્ર ઉત્સર્ગ અને શુભ અપવાદની રચનારૂપી શિખરોની શોભાથી જે અલંકૃત છે, શ્રદ્ધારૂપી નંદનવનમાં રહેલાં ચંદનનાં વૃક્ષો જેવી પ્રજ્ઞાની સૌરભ જેમાં પ્રસરી રહી છે, પરિભ્રમણ કરતા પરદર્શનરૂપી ગ્રહોના સમૂહથી જે સદા સેવાય છે અને તર્કરૂપી સુવર્ણની શિલાઓથી જે ઉન્નત છે એવો જિનાગમરૂપી મંદર (મેરુ) પર્વત વિજય પામે છે. ૮૭૬

**૮૭૭ स्याद् दोषापगमस्तमांसि जगति क्षीयन्त एव क्षणा-**
**दध्वानो विशदीभवन्ति निबिडा निद्रा दृशोर्गच्छति ।**
**यस्मिन्नभ्युदिते प्रमाणदिवसप्रारम्भकल्याणिनी,**
**प्रौढत्वं नयगीर्दधाति स रविर्जैनागमो नन्दतात् ॥४॥**

જેના ઉદયથી જગતમાંથી રાત્રિનો નાશ થાય છે,

ક્ષણવારમાં અંધકારનો ક્ષય થાય છે, રસ્તાઓ ચોખ્ખા દેખાય છે, આંખોની ગાઢ નિદ્રા ચાલી જાય છે, પ્રમાણરૂપી દિવસના આરંભથી કલ્યાણકારી નયવાણી પ્રૌઢત્વ ધારણ કરે છે એવો જિનાગમરૂપી સૂર્ય આનંદ પામો ! ૮૭૭

૮૭૮ **अध्यात्मामृतवर्षिभिः कुवलयोल्लासं विलासैर्गवां,**
**तापव्यापविनाशिभिर्वितनुते लब्धोदयो यः सदा ।**
**तर्कस्थाणुशिरःस्थितः परिवृतः स्फारैर्नयैस्तारकैः,**
**सोऽयं श्री जिनशासनामृतरुचिः कस्यैति नो रुच्यताम्।।५।।**

જે સદા ઉદય પામીને અધ્યાત્મરૂપી અમૃતની વૃષ્ટિ કરનારા તથા તાપના વ્યાપનો વિનાશ કરનારા વાણીના વિલાસો વડે કુવલય(ભવ્યજનરૂપી કમળ અથવા પૃથ્વીવલય)ને ઉલ્લસિત કરે છે, જે તર્કરૂપી મહાદેવના મસ્તક પર રહેલો છે અને નયરૂપી તારલાઓથી પરિવરેલો છે તેવો જિનશાસનરૂપી આ ચંદ્ર કોને રુચિકર ન થાય ? ૮૭૮

૮૭૯ **बौद्धानामृजुसूत्रतो मतमभूद् वेदान्तिनां सङ्ग्रहात्,**
**साङ्ख्यानां तत एव नैगमनयाद् यौगश्च वैशेषिकः ।**
**शब्दब्रह्मविदोऽपि शब्दनयतः सर्वैर्नयैर्गुम्फिता,**
**जैनी दृष्टिरितीह सारतरता प्रत्यक्षमुद्वीक्ष्यते ।।६।।**

બૌદ્ધોનો મત ઋજુસૂત્ર(નય)માંથી, વેદાંતીઓ અને સાંખ્યોનો મત સંગ્રહ(નય)માંથી, યોગ અને વૈશેષિકનો મત

નૈગમ નયમાંથી, શબ્દબ્રહ્મને જાણવાવાળા(મીમાંસકો)નો મત શબ્દ નયમાંથી ઉદ્ભવ્યો છે. સર્વ નયો વડે ગુંફિત જૈન દૃષ્ટિ (દર્શન)ની શ્રેષ્ઠતા તો પ્રત્યક્ષ જ દેખાય છે. ૮૭૯

૮૮૦ **ऊष्मा नार्कमपाकरोति दहनं नैव स्फुलिङ्गावली,**
**नाब्धिं सिन्धुजलप्लवः सुरगिरिं ग्रावा न चाभ्यापतन्।**
**एवं सर्वनयैकभावगरिमस्थानं जिनेन्द्रागमं,**
**तत्तद्दर्शनसङ्कथांशरचनारूपा न हन्तुं क्षमा ॥७॥**

જેમ ઉષ્મા સૂર્યને, તણખાનો સમૂહ અગ્નિને, નદીના જળનું પૂર સમુદ્રને અને ઊડતી શિલા મેરુ પર્વતને હઠાવી શકતાં નથી તેમ સર્વ નયોના ભાવોના એકમાત્ર ગૌરવયુક્ત સ્થાનરૂપ જિનાગમને, એના અંશની રચનારૂપ તે તે દર્શનોની કથા હણવા સમર્થ નથી. ૮૮૦

૮૮૧ **दुःसाध्यं परवादिनां परमतक्षेपं विना स्वं मतं,**
**तत्क्षेपे च कषायपङ्ककलुषं चेतः समापद्यते ।**
**सोऽयं निःस्वनिधिग्रहव्यवसितो वेतालकोपक्रमो,**
**नायं सर्वहितावहे जिनमते तत्त्वप्रसिद्ध्यर्थिनाम् ॥८॥**

બીજાના મત ઉપર આક્ષેપ કર્યા વગર પરવાદીઓ માટે પોતાનો મત સાધવાનું દુષ્કર છે. પરંતુ એવો આક્ષેપ કરવાથી ચિત્ત કષાયરૂપી કાદવથી કલુષિત થાય છે. નિર્ધનના ભંડારને ગ્રહણ કરવા માટે પ્રવૃત્ત થયેલા વેતાલના ક્રોધ જેવો

ઉપક્રમ સર્વના હિતકર એવા જિનમતમાં તત્ત્વજ્ઞાનના અર્થીઓને જોવા મળે એમ નથી. ૮૮૧

૮૮૨ **वार्त्ताः सन्ति सहस्त्रशः प्रतिमतं ज्ञानांशबद्धक्रमा-**
**श्चेतस्तासु न नः प्रयाति नितमां लीनं जिनेन्द्रागमे ।**
**नोत्सर्पन्ति लताः कति प्रतिदिशं पुष्पैः पवित्रा मधौ,**
**ताभ्यो नैति रतिं रसालकलिकारक्तस्तु पुंस्कोकिलः॥९॥**

પ્રત્યેક મતમાં 'જ્ઞાન અંશમાત્રથી' ક્રમબદ્ધ એવી હજારો વાર્તાઓ છે, પરંતુ જિનેશ્વરનાં આગમમાં અત્યંત લીન થયેલું અમારું મન તે તરફ જતું નથી. વસંત ઋતુમાં પ્રત્યેક દિશામાં પુષ્પોથી પવિત્ર એવી કેટલી લતાઓ નથી દેખાતી ? પરંતુ આમ્રની મંજરીમાં આસક્ત થયેલો કોકિલ તે લતાઓમાં પ્રીતિ કરતો નથી. ૮૮૨

૮૮૩ **शब्दो वा मतिरर्थ एव किमु वा जातिः क्रिया वा गुणः,**
**शब्दार्थः किमिति स्थिता प्रतिमतं सन्देहशङ्कुव्यथा ।**
**जैनेन्द्रे तु मते न सा प्रतिपदं जात्यन्तरार्थस्थितेः,**
**सामान्यं च विशेषमेव च यथा तात्पर्यमन्विच्छति ॥१०॥**

શું આ (આત્મા વગેરે દ્રવ્યો) શબ્દસ્વરૂપ છે? બુદ્ધિરૂપ છે ? અર્થરૂપ છે ? દ્રવ્યરૂપ છે ? જાતિ, ક્રિયા કે ગુણરૂપ છે? અથવા શબ્દાર્થરૂપ છે ?- આ પ્રમાણે દરેક મતમાં સંદેહરૂપી શલ્યની વ્યથા રહેલી છે. પરંતુ જિનેન્દ્રના મતમાં તો પ્રત્યેક

પદમાં જાત્યન્તરનો અર્થ હોવાથી તે (વ્યથા) નથી, કારણ કે સામાન્ય અને વિશેષ જ યથાર્થ તાત્પર્યને શોધે છે. ૮૮૩

૮૮૪ **यत्रानर्पितमादधाति गुणतां मुख्यं तु वस्त्वर्पितं,**
**तात्पर्यानवलम्बनेन तु भवेद् बोधः स्फुटं लौकिकः ।**
**सम्पूर्णं त्ववभासते कृतधियां कृत्स्नाद् विवक्षाक्रमात्,**
**तां लोकोत्तरभङ्गपद्धतिमयीं स्याद्वादमुद्रां स्तुमः ॥११॥**

જેમાં અનર્પિત વસ્તુ ગૌણપણાને અને અર્પિત વસ્તુ મુખ્યપણાને પામે છે, તાત્પર્યનું અવલંબન કર્યા વિના લૌકિક બોધ સ્ફુટ થાય છે, પરંતુ કુશાગ્ર બુદ્ધિવાળાઓને સમગ્ર વિવક્ષાના ક્રમથી સંપૂર્ણ વસ્તુ ભાસે છે તે લોકોત્તર ભંગરચનાવાળી સ્યાદ્વાદ-મુદ્રાને અમે સ્તવીએ છીએ. ૮૮૪

૮૮૫ **आत्मीयानुभवाश्रयार्थविषयोऽप्युच्चैर्यदीयक्रमो,**
**म्लेच्छानामिव संस्कृतं तनुधियामाश्चर्यमोहावहः ।**
**व्युत्पत्तिप्रतिपत्तिहेतुविततस्याद्वादवाग्गुम्फितं,**
**तं जैनागममाकलय्य न वयं व्याक्षेपभाजः क्वचित् ॥१२॥**

સ્વાનુભવનો આશ્રય જ જેના અર્થનો વિષય છે અને જેનો ઉચ્ચ ક્રમ છે, મ્લેચ્છોને સંસ્કૃત ભાષા વિશે હોય છે તેમ અલ્પબુદ્ધિવાળાને જે આશ્ચર્ય અને મોહ પમાડનાર છે તથા વ્યુત્પત્તિ, પ્રતિપત્તિ અને હેતુ વડે વિસ્તાર પામેલા સ્યાદ્વાદથી જે ગૂંથાયેલા છે તેવા જિનાગમને જાણ્યા પછી અમે ક્યારેય વ્યાક્ષેપ પામતા નથી=ક્યાંય અટવાતા નથી. ૮૮૫

૮૮૬ **मूलं सर्ववचोगतस्य विदितं जैनेश्वरं शासनं,**
**तस्मादेव समुत्थितैर्नयमतैस्तस्यैव यत् खण्डनम् ।**
**एतत् किञ्चन कौशलं कलिमलच्छन्नात्मनः स्वाश्रितां:,**
**शाखां छेत्तुमिवोद्यतस्य कटुकोदकार्य तर्कार्थिनः ॥१३॥**

સર્વ વચનોના અભિપ્રાયનું મૂળ જિનેશ્વરનું શાસન છે એ સુવિદિત છે. તેમાંથી જ ઉત્થાન પામેલા તે નયમતોથી, તે જિનેન્દ્ર શાસને જ છેદવા માટે ઉદ્યમી અને કળિકાળના મળથી આચ્છાદિત થયેલા તાર્કિકોની તુચ્છ કુશળતા પોતે જ આશ્રય કરેલી શાખાને છેદવા સમાન કટુ પરિણામ (ઉદર્ક = અંત) લાવનારી છે. ૮૮૬

૮૮૭ **त्यक्त्वोन्मादविभज्यवादरचनामाकर्ण्य कर्णामृतं,**
**सिद्धान्तार्थरहस्यवित् क्व लभतामन्यत्र शास्त्रे रतिम् ।**
**यस्यां सर्वनया विशन्ति न पुनर्व्यस्तेषु तेष्वेव या,**
**मालायां मणयो लुठन्ति न पुनर्व्यस्तेषु रत्नेषु सा ॥१४॥**

ઉન્માદનો ત્યાગ કરીને, વિભજ્યવાદ (અનેકાન્તવાદ)ની રચનારૂપી કર્ણામૃતને સાંભળીને સિદ્ધાન્તના અર્થના રહસ્યને જાણનાર શું બીજા શાસ્ત્રમાં રતિ પામે ? તેમાં (સિદ્ધાન્તરચનામાં) સર્વ નયો પ્રવેશે છે, પણ છૂટા છૂટા નયોમાં તે નથી. માળામાં મણિઓ રહે છે, વિખરાયેલાં મણિઓમાં માળા નથી હોતી. ૮૮૭

८८८ अन्योन्यप्रतिपक्षभाववितथान् स्वस्वार्थसत्यान् नयान् ।
नापेक्षा विषयग्रहैर्विभजते माध्यस्थ्यमास्थाय यः ।
स्याद्वादे सुपथे निवेश्य हरते तेषां तु दिङ् मूढतां,
कुन्देन्दुप्रतिमं यशो विजयिनस्तस्यैव संवर्द्धते ॥१५॥

અન્યોન્યના વેરભાવથી ખોટા ઠરતા, પરંતુ પોતપોતાના અર્થમાં સત્ય એવા નયોને વિશે જે મધ્યસ્થભાવનો આશ્રય કરી, અપેક્ષાના વિષયનો આગ્રહ રાખી વિભાજિત કરતા નથી તથા સ્યાદ્‌વાદરૂપી સન્માર્ગમાં સ્થાપીને તેમની દિઙ્‌મૂઢતાને જે હરી લે છે તે વિજયવંત પુરુષનો કુંદ પુષ્પ અને ચંદ્ર જેવો યશ વૃદ્ધિ પામે છે. ૮૮૮

॥ इति अध्यात्मसारे जिनमतस्तुत्यधिकारः ॥१९॥

॥ इति श्रीनयविजयगणिशिष्यन्यायविशारदश्रीयशोविजयोपाध्यायविरचितेऽध्यात्मसारप्रकरणे षष्ठः प्रबन्धः ॥

# विंशतितम आत्मानुभवाधिकारः

૮૮૯ शास्त्रोपदर्शितदिशा, गलितासद्ग्रहकषायकलुषाणाम् ।
प्रियमनुभवैकवेद्यं, रहस्यमाविर्भवति किमपि ॥१॥

શાસ્ત્રે બતાવેલી દિશા(સૂચન)થી જેમનાં અસદ્ગ્રહ, કષાય, કલુષતા ગળી ગયાં છે, તેઓને, અનુભવથી જ સમજી શકાય એવું કંઈક પ્રિય રહસ્ય પ્રગટ થાય છે. ૮૮૯

૮૯૦ प्रथमाभ्यासविलासा-दाविर्भूयैव यत्क्षणाल्लीनम् ।
चञ्चलतरुणीविभ्रम-सममुत्तरलं मनः कुरुते ॥२॥

પ્રથમ અભ્યાસના વિલાસથી આવિર્ભાવ પામીને ક્ષણમાં જે વિલીન થઈ જાય છે તે (રહસ્ય અથવા અનુભવ) ચંચલ તરુણીના વિભ્રમ(મનોહર કટાક્ષ)ની જેમ મનને ઉત્સુક કરે છે. ૮૯૦

૮૯૧ सुविदितयोगैरिष्टं, क्षिप्तं मूढं तथैव विक्षिप्तम् ।
एकाग्रं च निरुद्धं, चेतः पंचप्रकारमिति ॥३॥

યોગને સારી રીતે જાણનારાએ (યોગીઓએ) ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરુદ્ધ એમ પાંચ પ્રકારનું ચિત્ત ઈચ્છ્યું (જાણ્યું; કહ્યું) છે. (તે આ પ્રમાણે છે) ૮૯૧

૮૯૨ **विषयेषु कल्पितेषु च, पुरःस्थितेषु च निवेशितं रजसा ।**
**सुखदुःखयुग् बहिर्मुख-माम्नातं क्षिप्तमिह चित्तम् ॥४॥**

કલ્પિત અને સન્મુખ રહેલા વિષયોમાં રજોગુણ વડે જે સ્થાપન થયેલું છે, જે સુખ-દુઃખથી યુક્ત તથા અધ્યાત્મથી બહિર્મુખ છે. એવા ચિત્તને અહીં 'ક્ષિપ્ત' કહેવાયું છે. ૮૯૨

૮૯૩ **क्रोधादिभिर्नियमितं, विरुद्धकृत्येषु यत् तमोभूम्ना ।**
**कृत्याकृत्यविभागा-सङ्गतमेतन्मनो मूढम् ॥५॥**

તમોગુણ વડે વિરુદ્ધ કાર્યોમાં ક્રોધાદિથી જે નિયમિત છે તથા કૃત્ય અને અકૃત્યના વિભાગ કરવામાં અસંગત = અયોગ્ય છે તે મન 'મૂઢ' છે. ૮૯૩

૮૯૪ **सत्त्वोद्रेकात् परिहृत-दुःखनिदानेषु सुखनिदानेषु ।**
**शब्दादिषु प्रवृत्तं, सदैव चित्तं तु विक्षिप्तम् ॥६॥**

સત્ત્વગુણના ઉદ્રેકથી જે દુઃખનાં કારણોથી દૂર થયેલું છે અને શબ્દાદિ સુખના કારણોમાં સદૈવ પ્રવૃત્ત રહે છે તે ચિત્ત 'વિક્ષિપ્ત' છે. ૮૯૪

૮૯૫ **अद्वेषादिगुणवतां, नित्यं खेदादिदोषपरिहारात् ।**
**सदृशप्रत्ययसङ्गत-मेकाग्रं चित्तमाम्नातम् ॥७॥**

અદ્વેષાદિ ગુણવાળાઓને ખેદાદિ દોષોના નિત્ય પરિહારથી સમાન વિષય(પ્રત્યય)માં લાગેલું ચિત્ત 'એકાગ્ર' કહેવાયેલું છે. ૮૯૫

**८९६ उपरतविकल्पवृत्तिक-मवग्रहादिक्रमच्युतं शुद्धम् ।**
**आत्मारामसुनीनां, भवति निरुद्धं सदा चेतः ॥८॥**

વિકલ્પોની વૃત્તિથી વિરામ પામેલું, અવગ્રહાદિ ક્રમથી ચ્યુત (=દૂર) થયેલું આત્મારામ મુનિઓનું શુદ્ધ ચિત્ત 'નિરુદ્ધ' થાય છે. ૮૯૬

**८९७ न समाधावुपयोगं, तिस्रश्चेतोदशा इह लभन्ते ।**
**सत्त्वोत्कर्षात् स्थैर्या-दुभे समाधिसुखातिशयात् ॥९॥**

એમાં ચિત્તની ત્રણ દશા (ક્ષિપ્ત, મૂઢ અને વિક્ષિપ્ત) સમાધિમાં ઉપયોગ(=એકાગ્રતા)ને પ્રાપ્ત કરતી નથી. સત્ત્વના ઉત્કર્ષથી, સ્થૈર્યથી અને સમાધિસુખના અતિશયને લીધે બંને (એકાગ્ર અને નિરુદ્ધ ચિત્ત) ઉપયોગને પ્રાપ્ત કરે છે. ૮૯૭

**८९८ योगारम्भस्तु भवेद्-विक्षिप्ते मनसि जातु सानन्दे ।**
**क्षिप्ते मूढे चास्मिन्, व्युत्थानं भवति नियमेन ॥१०॥**

આનંદયુક્ત થતાં વિક્ષિપ્ત મનમાં યોગારંભ થઈ શકે છે, પરંતુ એ ક્ષિપ્ત અને મૂઢ હોય તો એમાં અવશ્ય વ્યુત્થાન થાય છે. ૮૯૮

**८९९ विषय-कषायनिवृत्तं, योगेषु च सञ्चरिष्णु विविधेषु ।**
**गृहखेलद्बालोपम-मपि चलमिष्टं मनोऽभ्यासे ॥११॥**

વિષયકષાયથી નિવૃત્ત થયેલું, વિવિધ પ્રકારના યોગોમાં ગમન કરનારું, ઘરમાં રમતા બાળક જેવું મન ચંચળ હોય તો પણ અભ્યાસકાળમાં ઈષ્ટ છે. ૮૯૯

**९०० वचनानुष्ठानगतं, यातायाते च सातिचारमपि ।**
**चेतोऽभ्यासदशायां, गजाङ्कुशन्यायतोऽदुष्टम् ॥१२॥**

વચનાનુષ્ઠાનમાં રહેલું, ગમનાગમન (=અસ્થિરતા) કરવાવાળું અને વળી અતિચાર સહિત હોય તો પણ તે ચિત્ત અભ્યાસદશામાં ગજાંકુશન્યાય પ્રમાણે અદૂષિત છે. ૯૦૦

**९०१ ज्ञानविचाराभिमुखं, यथा यथा भवति किमपि सानन्दम्।**
**अर्थैः प्रलोभ्य बाह्यै-रनुगृह्णीयात् तथा चेत् ॥१३॥**

ચિત્ત જેમ જેમ જ્ઞાન-વિચાર પ્રત્યે અભિમુખ અને કંઈક આનંદયુક્ત થતું જાય, તેમ તેમ બાહ્ય (શ્રેષ્ઠ-શુભ) પદાર્થો વડે લોભ પમાડીને તેને વશ કરી લેવું. ૯૦૧

**९०२ अभिरूपजिनप्रतिमां, विशिष्टपदवाक्यवर्णरचनां च ।**
**पुरुषविशेषादिकम-प्यत एवालम्बनं ब्रुवते ॥१४॥**

એટલા માટે મનોહર જિનપ્રતિમા કે વિશિષ્ટ પદ, વાક્ય અને વર્ણની રચના અને પુરુષ વિશેષાદિને પણ આ પ્રમાણે આલંબન કહ્યાં છે. ૯૦૨

**९०३ आलम्बनैः प्रशस्तैः, प्रायो भावः प्रशस्त एव यतः ।**
**इति सालम्बनयोगी, मनः शुभालम्बनं दध्याद् ॥१५॥**

પ્રશસ્ત આલંબનોથી પ્રાયઃ પ્રશસ્ત ભાવ થતા હોવાથી સાલંબન-યોગીઓએ મનને શુભ આલંબનવાળું કરવું જોઈએ. ૯૦૩

१०४ **सालम्बनं क्षणमपि, क्षणमपि कुर्यान्मनो निरालम्बम् ।**
**इत्यनुभवपरिपाका-दाकालं स्यान्निरालम्बम् ॥१६॥**

મનને ક્ષણવાર સાલંબન કરવું અને ક્ષણવાર નિરાલંબ કરવું. એ રીતે અનુભવનો પરિપાક થતાં તે સદાકાળ (આકાલ) નિરાલંબ થઈ જશે. ૯૦૪

१०५ **आलम्ब्यैकपदार्थं, यदा न किञ्चिद् विचन्तयेदन्यत् ।**
**अनुपनतेन्धनवह्निव-दुपशान्तं स्यात् तदा चेतः ॥१७॥**

એક પદાર્થનું આલંબન કર્યા પછી જ્યારે બીજું કંઈ પણ ચિંતવવામાં ન આવે, ત્યારે ઈંધન ન મળતાં અગ્નિની જેમ ચિત્ત ઉપશાન્ત થઈ જશે. ૯૦૫

१०६ **शोकमदमदमत्सर-कलहकदाग्रहविषादवैराणि ।**
**क्षीयन्ते शान्तहृदा-मनुभव एवात्र साक्षी नः ॥१८॥**

શાન્ત હૃદયવાળાનાં શોક, મદ, કામ (મદન), મત્સર, કલહ, કદાગ્રહ, વિષાદ અને વૈર ક્ષીણ થાય છે. આ વિષયમાં આપણો અનુભવ જ સાક્ષીરૂપ છે. ૯૦૬

१०७ **शान्ते मनसि ज्योतिः, प्रकाशते शान्तमात्मनः सहजम् ।**
**भस्मीभवत्यविद्या, मोहध्वान्तं विलयमेति ॥१९॥**

મન શાન્ત થતાં આત્માની સહજ અને શાન્ત જ્યોતિ પ્રકાશવા લાગે છે, અવિદ્યા ભસ્મીભૂત થાય છે, અને મોહરૂપી અંધકાર (ધ્વાન્ત) વિલય પામે છે. ૯૦૭

૧૦૮ बाह्यात्मनोऽधिकारः, शान्तहृदामन्तरात्मनां न स्यात् ।
परमात्माऽनुध्येयः, सन्निहितो ध्यानतो भवति ॥२०॥

શાન્ત હૃદયવાળા અંતરાત્માને બાહ્યાત્મા (બહિર્મુખ આત્મા-બહિરાત્મા)નો અધિકાર હોતો નથી. ધ્યાન ધરવા યોગ્ય પરમાત્મા ધ્યાન દ્વારા તેની સમીપમાં જ રહે છે. ૯૦૮

૧૦૯ कायादिर्बहिरात्मा, तदधिष्ठातान्तरात्मतामेति ।
गतनिःशेषोपाधिः, परमात्मा कीर्त्तितस्तज्ज्ञैः ॥२१॥

કાયાદિ બહિરાત્મા છે. તેનો અધિષ્ઠાતા અંતરાત્મપણાને પામે છે. સર્વ ઉપાધિથી રહિત તે પરમાત્મા છે એમ આત્મવેત્તાઓ કહે છે. ૯૦૯

૧૧૦ विषयकषायावेशः, तत्त्वाऽश्रद्धा गुणेषु च द्वेषः ।
आत्माऽज्ञानं च यदा, बाह्यात्मा स्यात् तदा व्यक्तः॥२२॥

જ્યારે વિષયકષાયનો આવેશ હોય છે, તત્ત્વમાં અશ્રદ્ધા હોય છે અને ગુણો પ્રત્યે દ્વેષ થાય છે તથા આત્માનું અજ્ઞાન હોય છે ત્યારે બાહ્યાત્મા વ્યક્ત થાય છે. ૯૧૦.

૧૧૧ तत्त्वश्रद्धा ज्ञानं, महाव्रतान्यप्रमादपरता च ।
मोहजयश्च यदा स्यात्, तदन्तरात्मा भवेद् व्यक्तः ॥२३॥

જયારે તત્ત્વ ઉપર શ્રદ્ધા, જ્ઞાન, મહાવ્રતો, અપ્રમાદીપણું અને મોહ ઉપર જય થાય છે ત્યારે અંતરાત્મા વ્યક્ત થાય છે. ૯૧૧

૯૧૨ **ज्ञानं केवलसंज्ञं, योगनिरोधः समग्रकर्म्महतिः ।**
**सिद्धिनिवासश्च यदा, परमात्मा स्यात् तदा व्यक्तः ॥२४॥**

જ્યારે કેવળ નામનું જ્ઞાન, યોગનો નિરોધ, સમગ્ર કર્મનો ક્ષય અને સિદ્ધિનિવાસ થાય છે ત્યારે પરમાત્મા વ્યક્ત થાય છે. ૯૧૨

૯૧૩ **आत्म-मनोगुणवृत्ती, -र्विविच्य यः प्रतिपदं विजानाति।**
**कुशलानुबन्धयुक्तः, प्राप्नोति ब्रह्मभूयमसौ ॥२५॥**

આત્મા અને મનના ગુણોની વૃત્તિને પ્રત્યેક પદે વિવેક સાથે જે જાણે છે, જે કુશળ અનુબંધથી યુક્ત છે તે આ બ્રહ્મભાવને (પરમાત્મભાવને) પ્રાપ્ત કરે છે. ૯૧૩

૯૧૪ **ब्रह्मस्थो ब्रह्मज्ञो, ब्रह्म प्राप्नोति तत्र किं चित्रम् ।**
**ब्रह्मविदां वचसापि, ब्रह्मविलासाननुभवामः ॥२६॥**

બ્રહ્મમાં રહેલો બ્રહ્મજ્ઞાની બ્રહ્મને પ્રાપ્ત કરે તેમાં શું આશ્ચર્ય ? અમે તો બ્રહ્મજ્ઞાનીના વચનથી પણ બ્રહ્મવિલાસને અનુભવીએ છીએ. ૯૧૪

૯૧૫ **ब्रह्माध्ययनेषु मतं, ब्रह्माष्टादशसहस्त्रपदभावैः ।**
**येनाप्तं तत् पूर्णं, योगी स ब्रह्मणः परमः ॥२७॥**

બ્રહ્મ-અધ્યયન(=આચારાંગસૂત્ર)માં અઢાર હજાર પદના ભાવ વડે જે બ્રહ્મ કહ્યું છે તે જેણે પૂર્ણ પ્રાપ્ત કર્યું છે તે બ્રહ્મનો પરમ યોગી છે. ૯૧૫

૧૧૬ **ध्येयोऽयं सेव्योऽयं, कार्या भक्तिः सुकृतधियाऽस्यैव।**
**अस्मिन् गुरुत्वबुद्ध्या, सुतरः संसारसिन्धुरपि ॥२८॥**

બુદ્ધિમાન પુરુષે આ જ ધ્યાન કરવા યોગ્ય છે, સેવવા યોગ્ય છે, ભક્તિ કરવા યોગ્ય છે. એમને વિશે ગુરુબુદ્ધિ રાખવાથી સંસારસાગર પણ સરળતાથી તરી જવાય છે. ૯૧૬

૧૧૭ **अवलम्ब्येच्छायोगं, पूर्णाचारासहिष्णवश्च वयम् ।**
**भक्त्या परममुनीनां, तदीयपदवीमनुसरामः ॥२९॥**

પૂર્ણ આચાર પાળવામાં અમે અસમર્થ છીએ એટલે ઈચ્છાયોગને અવલંબીને પરમ મુનિઓની ભક્તિ વડે તેમના માર્ગને અનુસરીએ છીએ. ૯૧૭

૧૧૮ **अल्पापि याऽत्र यतना, निर्दम्भा सा शुभानुबन्धकरी ।**
**अज्ञानविषव्ययकृद् विवेचनं चात्मभावानाम् ॥३०॥**

એમાં (ઈચ્છાયોગમાં) જે થોડી પણ નિર્દંભ યતના પ્રયત્નપરાયણતા થાય છે તે શુભ અનુબંધ કરનારી છે. વળી આત્માના ભાવોનું વિવેચન અજ્ઞાનવિષનો નાશ કરનારું છે. ૯૧૮

૧૧૯ **सिद्धान्ततदङ्गानां, शास्त्राणामस्तु परिचयः शक्त्या ।**
**परमालम्बनभूतो, दर्शनपक्षोऽयमस्माकम् ॥३१॥**

સિદ્ધાન્ત અને તેના અંગરૂપ શાસ્ત્રોનો અમને ભલે શક્તિ પ્રમાણે પરિચય હો, પરંતુ અમારે આલંબનભૂત તો આ દર્શનપક્ષ (તત્ત્વશ્રદ્ધાન) જ છે. ૯૧૯

१२० विधिकथनं विधिरागो विधिमार्गे स्थापनं विधीच्छूनाम्।
अविधिनिषेधश्चेति, प्रवचनभक्तिः प्रसिद्धा नः ॥३२॥

વિધિ(માર્ગ)નું કહેવું, વિધિ પ્રત્યે રાગ, વિધિની ઇચ્છા રાખનારને વિધિમાર્ગમાં સ્થાપવા (પ્રવર્તાવવા) અને અવિધિનો નિષેધ કરવો - આ અમારી પ્રસિદ્ધ પ્રવચનભક્તિ છે. ૯૨૦

१२१ अध्यात्मभावनोज्जवल-चेतोवृत्त्योचितं हि नः कृत्यम्।
पूर्णक्रियाभिलाष-श्चेति द्वयमात्मशुद्धिकरम् ॥३३॥

અધ્યાત્મભાવનાથી ઉજ્જવળ ચિત્તવૃત્તિને યોગ્ય એવું અમારું કૃત્ય છે. વળી પૂર્ણ ક્રિયાની અભિલાષા છે. આ બે આત્માની શુદ્ધિ કરનાર છે. ૯૨૧

१२२ द्वयमिह शुभानुबन्धं, शक्यारम्भश्च शुद्धपक्षश्च।
अहितो विपर्ययः पुन-रित्यनुभवसङ्गतः पन्थाः ॥३४॥

શક્યનો આરંભ અને શુદ્ધનો પક્ષ (=આગ્રહ) એ બે અહીં શુભાનુબંધરૂપ છે તથા એનાથી વિપરીત તે અહિતકર છે. આ અનુભવસંગત પંથ છે. ૯૨૨

१२३ ये त्वनुभवाविनिश्चित-मार्गाश्चारित्रपरिणतिभ्रष्टाम्।
बाह्यक्रियया चरणा-भिमानिनो ज्ञानिनोऽपि न ते॥३५॥

જેઓ અનુભવથી માર્ગનો વિનિશ્ચય ન કરી શક્યા હોવાને કારણે ચારિત્રના પરિણામથી ભ્રષ્ટ થયા છે અને બાહ્ય ક્રિયા વડે ચારિત્રના અભિમાનવાળા છે તેઓ જ્ઞાની પણ નથી. ૯૨૩

**૧૨૪ लोकेषु बहिर्बुद्धिषु, विगोपकानां बहिष्क्रियासु रतिः।**
**श्रद्धां विना न चैताः, सतां प्रमाणं यतोऽभिहितम् ॥३६॥**

બાહ્ય બુદ્ધિવાળા લોકોમાં વિદૂષકોની (દાંભિકોની) બાહ્ય ક્રિયામાં રતિ હોય છે. સત્પુરુષોને એ (બાહ્ય ક્રિયાઓ શ્રદ્ધા વિના પ્રમાણરૂપ નથી, કારણ કે (શાસ્ત્રમાં) એ વિશે (નીચે પ્રમાણે) કહ્યું છે. ૯૨૪

**૧૨૫ बालः पश्यति लिङ्गं, मध्यमबुद्धिर्विचारयति वृत्तम् ।**
**आगमतत्त्वं बुधः, परीक्षते सर्वयत्नेन ॥३७॥**

બાળક લિંગ(લક્ષણ/વેષ)ને જુએ છે, મધ્યમ બુદ્ધિવાળો આચરણ(વૃત્ત)નો વિચાર કરે છે, પરંતુ જ્ઞાની તો સર્વ પ્રયત્ન વડે આગમતત્ત્વની પરીક્ષા કરે છે. ૯૨૫

**૧૨૬ निश्चित्याऽऽगमत्त्वं, तस्मादुत्सृज्य लोकसंज्ञां च ।**
**श्रद्धाविवेकसारं, यतितव्यं योगिना नित्यम् ॥३८॥**

એટલા માટે આગમતત્ત્વનો નિશ્ચય કરીને તથા લોકસંજ્ઞાનો ત્યાગ કરીને યોગીઓએ હમેશાં શ્રદ્ધા અને વિવેકપૂર્ણ યત્ન કરવો જોઈએ. ૯૨૬

**૧૨૭ निन्द्यो न कोपि लोके, पापिष्ठेष्वपि भवस्थितिश्चिन्त्या ।**
**पूज्या गुणगरिमाढ्या, धार्यो रागो गुणलवेऽपि ॥३९॥**

લોકમાં કોઈની નિંદા ન કરવી, પાપી વિશે પણ ભવસ્થિતિ ચિંતવવી ગુણોના ગૌરવથી ભરેલાને પૂજનીય

માનવા, ગુણોની અલ્પતાવાળા પ્રત્યે પણ રાગ (પ્રેમ) ધારણ કરવો. ૯૨૭

૧૨૮ **ग्राह्यं हितमपि बाला-दालापैर्दुर्जनस्य न द्वेष्यम् ।**
**त्यक्तव्या च पराशा, पाशा इव सङ्गमा ज्ञेयाः ॥४०॥**

બાળક પાસેથી પણ હિતવચન ગ્રહણ કરવું, દુર્જનના પ્રલાપથી દ્વેષ ન કરવો, પારકી આશાનો ત્યાગ કરવો અને ઈષ્ટપદાર્થનાં સંયોગો પાશ (બંધન) જેવા જાણવા. ૯૨૮

૧૨૯ **स्तुत्या स्मयो न कार्यः, कोपोऽपि च निन्दया जनैः कृतया।**
**सेव्या धर्माचार्यास्तत्त्वं जिज्ञासनीयं च ॥४१॥**

બીજા માણસોએ કરેલી સ્તુતિથી ગર્વ ન કરવો અને નિંદા માટે ક્રોધ ન કરવો; ધર્માચાર્યોનું સેવન કરવું અને તત્ત્વની જિજ્ઞાસા રાખવી. ૯૨૯

૧૩૦ **शौचं स्थैर्यमदम्भो, वैराग्यं चात्मनिग्रहः कार्यः ।**
**दृश्या भवगतदोषा-श्चिन्त्यं देहादिवैरूप्यम् ॥४२॥**

શૌચ, સ્થિરતા, નિર્દંભપણું, વૈરાગ્ય અને આત્મનિગ્રહ કરવો. સંસારના દોષોનું દર્શન કરવું તથા દેહાદિની વિરૂપતાનું ચિંતન કરવું. ૯૩૦

૧૩૧ **भक्तिर्भगवति धार्या, सेव्यो देशः सदा विविक्तश्च ।**
**स्थातव्यं सम्यक्त्वे, विश्वास्यो न प्रमादरिपुः ॥४३॥**

ભગવાન (જિનેશ્વર) પ્રત્યે ભક્તિ ધારણ કરવી,

એકાન્ત સ્થળનું હમેશાં સેવન કરવું, સમ્યક્ત્વમાં સ્થિર રહેવું અને પ્રમાદરૂપી શત્રુનો વિશ્વાસ ન કરવો. ૯૩૧

**૧૩૨ ध्येयात्मबोधनिष्ठा, सर्वत्रैवागमः पुरस्कार्यः ।**
**त्यक्तव्याः कुविकल्पाः, स्थेयं वृद्धाऽनवृत्त्या च ॥४४॥**

આત્મબોધની નિષ્ઠા ચિંતવવી, સર્વત્ર આગમોને આગળ કરવાં, કુવિકલ્પોનો ત્યાગ કરવો તથા વૃદ્ધજનોની અનુવૃત્તિથી રહેવું (જ્ઞાનીજનોને અનુસરવું). ૯૩૨

**૧૩૩ साक्षात्कार्यं तत्त्वं, चिद्रूपानन्दमेदुरैर्भाव्यम् ।**
**हितकारी ज्ञानवता-मनुभववेद्यः प्रकारोऽयम् ॥४५॥**

તત્ત્વનો સાક્ષાત્કાર કરવો, ચિદ્રૂપાનંદનું સઘનતા(મેદુર)થી ભાવન કરવું, અનુભવ વડે જાણવા લાયક આ પ્રકાર જ્ઞાનીઓને હિતકારી છે. ૯૩૩

**॥ अध्यात्मसारे आत्मानुभवाधिकारः ॥२०॥**

# एकविंशतितमः सज्जनस्तुत्यधिकारः

१३४ येषां कैरवकुन्दवृन्दशशभृत्कर्पूरशुभ्रा गुणाः,
मालिन्यं व्यपनीय चेतसि नृणां वैशद्यमातन्वते ।
सन्तः सन्तु मयि प्रसन्नमनसस्ते केऽपि गौणीकृत-
स्वार्था मुख्यपरोपकार विधयोत्युच्छृङ्खलैः किं खलैः ॥१॥

કૈરવ (શ્વેત કમળ), કુંદપુષ્પના વૃંદ, ચંદ્ર અને કર્પૂર જેવા જેઓના શુભ્ર ગુણો મનુષ્યોના ચિત્તની મલિનતાને દૂર કરીને ઉજ્જવળતાને વિસ્તારે છે, જેઓ સ્વાર્થને ગૌણ કરનારા અને પરોપકારની પ્રવૃત્તિને મુખ્ય કરનારા છે તે સંતો મારા પર પ્રસન્ન ચિત્તવાળા થાઓ ! પછી ઉચ્છૃંખલ ખલપુરુષોથી શું (ડરવાનું) ? ૯૩૪

१३५ ग्रन्थार्थान् प्रगुणीकरोति सुकविर्यत्नेन तेषां प्रथा-
मातन्वन्ति कृपाकटाक्षलहरीलावण्यतः सज्जनाः ।
माकन्दद्रुममञ्जरीं वितनुते चित्रा मधुश्रीस्ततः,
सौभाग्यं प्रथयन्ति पञ्चमचमत्कारेण पुंस्कोकिला ॥२॥

સુકવિ ગ્રંથોના અર્થોને યત્નપૂર્વક સરળ કરે છે. સજ્જનો કૃપાનજર(કટાક્ષ)ની લહરીના લાવણ્ય(વાત્સલ્ય)થી તેમની (ગ્રંથાર્થોની) ખ્યાતિ વિસ્તારે છે. સુંદર વસંતઋતુની શોભા આમ્રવૃક્ષની મંજરીને પ્રસરાવે છે અને પછી

નરકોકિલ(=શોભા) (કોયલ) પંચમ સ્વરના ચમત્કાર વડે (આંબાના) સૌભાગ્યને પ્રસારે છે (પ્રસિદ્ધ કરે છે). ૯૩૫

**૯૩૬ दोषोल्लेखविषः खलाननबिलादुत्थाय कोपाज्ज्वलन्**
**जिह्वाहिर्ननु कं गुणं न गुणिनां बालं क्षयं प्रापयेत् ।**
**न स्याच्चेत् प्रबलप्रभावभवनं दिव्यौषधी सन्निधौ,**
**शास्त्रार्थोपनिषद्विदां शुभहृदां कारुण्यपुण्यप्रथा ॥३॥**

જો શાસ્ત્રાર્થનાં રહસ્યો(ઉપનિષદ્)ને જાણનારા અને શુભ હૃદયવાળાઓ-સંતોની કારુણ્યરૂપી પુણ્યની ખ્યાતિ(પ્રથા)(=વિસ્તૃત પવિત્ર કારણ્ય) રૂપી, પ્રબળ પ્રભાવવાળા સ્થાન (ભવન)રૂપી દિવ્ય ઔષધી પાસે ન હોય તો દોષોનો ઉલ્લેખ કરવારૂપી વિષવાળો, ક્રોધથી સળગતો, દુર્જનોના મુખરૂપી દરમાંથી નીકળતો, જિહ્વારૂપી સર્પ ગુણવાનોના કયા બાળગુણનો (વિકસતા ગુણનો) ક્ષય ન કરી નાખે ? ૯૩૬

**૯૩૭ उत्तानार्थगिरां स्वतोऽप्यवगमान्निःसारतां मेनिरे,**
**गम्भीरार्थसमर्थने बत खलाः काठिन्यदोषं ददुः ।**
**तत् को नाम गुणोऽस्तु कश्च सुकविः किं काव्यमित्यादिकम्।**
**स्थित्युच्छेदमतिं हरन्ति नियता दृष्टा व्यवस्था सताम् ॥४॥**

સરળ અર્થવાળી (કવિની) વાણી જે પોતાની મેળે સમજી શકાય એવી હોય છે ત્યાં દુર્જનો કહે છે કે : ‘એ તો

નિઃસાર છે' અને ગંભીર અર્થના સામર્થ્યવાળી હોય તો કઠિનતાનો દોષ આપે છે. તો પછી ગુણ (કાવ્યગુણ) કોને કહેવો ? સુકવિ કોણ ? કાવ્ય વગેરે કોને કહેવાં ? (પરંતુ) સત્પુરુષોની વ્યવસ્થા (કાવ્ય વિવેચના), સ્થિતિનો ઉચ્છેદ કરનારી (દુર્જનોની) મતિ તરત દૂર કરે છે. ૯૩૭

**१३८ अध्यात्मामृतवर्षिणीमपि कथामापीय सन्तः सुखं,**
**गाहन्ते विषमुद्गिरन्ति तु खला वैषम्यमेतत् कुतः ।**
**नेदं वाद्भुतमिन्दुदीधितिपिबाः प्रीताश्चकोरा भृशं,**
**किं न स्युर्बत चक्रवाकतरुणास्त्वत्यन्तखेदातुराः ॥५॥**

અધ્યાત્મરૂપી અમૃતની વર્ષા કરનારી કથાનું પાન કરીને સજ્જનો સુખ અનુભવે છે, જ્યારે દુર્જનો વિષનું વમન કરે છે. આવી વિષમતા ક્યાંથી થતી હશે ? પરંતુ એમાં કંઈ પણ આશ્ચર્ય પામવા જેવું નથી. ચંદ્રના કિરણોનું પાન કરવાની ચકોર પક્ષીઓ અત્યંત આનંદ અનુભવે છે, પરંતુ તરુણ ચક્રવાક અને ચક્રવાકી અત્યંત ખેદથી શું ભયભીત (આતુર) નથી થઈ જતાં ? ૯૩૮

**१३९ किञ्चित् साम्यमवेक्ष्य ये विदधते काचेन्द्रनीलाभिदां,**
**तेषां न प्रमदावहा तनुधियां गूढा कवीनां कृतिः ।**
**ये जानन्ति विशेषमप्यविषमे रेखोपरेखांशतो,**
**वस्तुन्यस्तु सतामितः कृतधियां तेषां महानुत्सवः ॥६॥**

જેઓ કંઈક સામ્ય જોઈને કાચ અને ઇન્દ્રનીલ મણિ વચ્ચે અભેદ કરે છે તે મંદબુદ્ધિવાળાને કવિઓની ગૂઢ કૃતિ આનંદ આપનારી થતી નથી. જેઓ વિષમતા વિનાની વસ્તુમાં (રચનામાં) રેખાના અંશના પણ અંશથી (ઝીણામાં ઝીણી) વિશેષતાને જાણે છે તે બુદ્ધિમાન સત્પુરુષોને માટે આ કૃતિ મહોત્સવરૂપ બની રહેશે. ૯૩૯

**૧૪૦ पूर्णाध्यात्मपदार्थसार्थघटना चेतश्चमत्कारिणी,**
**मोहच्छन्नदृशां भवेत् तनुधियां नो पण्डितानामिव ।**
**काकुव्याकुलकामगर्वगहनप्रोद्दामवाक्चातुरी-**
**कामिन्याः प्रसभं प्रमादयति न ग्राम्यान् विदग्धानिव॥७॥**

સંપૂર્ણ અધ્યાત્મપદાર્થના અર્થથી ભરેલી રચના જ્ઞાનીઓના ચિત્તમાં જેવી ચમત્કાર કરનારી થાય છે તેવી મોહથી જેમની દૃષ્ટિ ઢંકાયેલી છે એવા સ્વલ્પ બુદ્ધિવાળાને નહિ થાય. કામિનીઓની કાકુવાળી (વિશિષ્ટ ઉચ્ચારવાળી) ઉક્તિ વડે વ્યાકુલ અને કામના મદ વડે ગહન અને મીઠી વાક્ચાતુરી વિદગ્ધ (ચતુર) પુરુષોને જેવી અત્યંત આનંદ આપનારી થાય છે તેવી ગ્રામ્યજનોને થતી નથી. ૯૪૦

**૧૪૧ स्नात्वा सिद्धान्तकुण्डे विधुकरविशदाध्यात्मपानीयपूरे**
**स्तापं संसारदुःखं कलिकलुषमलं लोभतृष्णां च हित्वा।**
**जाता ये शुद्धरूपाः शमदमशुचिताचन्दनालिप्तगात्राः,**
**शीलालङ्कारसाराः सकलगुणनिधीन् सज्जनास्तान् नमामः॥**

ચંદ્રકિરણ જેવા નિર્મળ અધ્યાત્મરૂપી જળના સમૂહ વડે સિદ્ધાંતકુંડમાં સ્નાન કરીને, તાપને, સંસારના દુઃખને, કલિ અને પાપના મેલને તથા લોભરૂપી તૃષ્ણાને ત્યજી દઈને જેઓ શુદ્ધ થયા છે અને શમ, દમ, શુચિતારૂપી ચંદન વડે જેઓએ પોતાનાં અંગોને વિલેપન કર્યું છે તથા શીલરૂપી અંલકારો ધારણ કર્યા છે તેવા સકલ ગુણોના નિધિ સમાન સજ્જનોને અમે નમન કરીએ છીએ. ૯૪૧

**९४२ पाथोदः पद्यबधैर्विपुलरसभरं वर्षति ग्रन्थकर्त्ता,**
**प्रेम्णां पूरैस्तु चेतःसर इह सुहृदां प्लाव्यते वेगवद्भिः ।**
**त्रुट्यन्ति स्वान्तबन्धाः पुनरसमगुणद्वेषिणां दुर्जनानां,**
**चित्रं भावज्ञनेत्रात् प्रणयरसवशान्निसरत्यश्रुनीरम् ॥९॥**

ગ્રંથકર્તારૂપી મેઘ પદબંધો વડે વિપુલ રસના સમૂહને વરસાવે છે અને સુહૃદોનાં ચિત્તસરોવર પ્રેમનાં વેગીલા પૂરથી ઊભરાઈ જાય છે. તે સમયે અસાધારણ ગુણદ્વેષી દુર્જનોના હૃદયમાં બંધ તૂટી જાય છે, પરંતુ આશ્ચર્યની વાત એ છે કે ત્યારે ભાવને જાણનારાઓનાં નેત્રોમાંથી, પ્રણયરસને લીધે અશ્રુરૂપી નીર વહેવા લાગે છે. ૯૪૨

**९४३ उद्दामग्रन्थभावप्रथनभवयशःसञ्चयः सत्कवीनां,**
**क्षीराब्धिर्मथ्यते यः सहृदयविबुधैर्मेरुणा वर्णनेन ।**
**एतड्डिण्डीरपिण्डीभवति विधुरुचेर्मण्डलं विप्रुषस्-**
**ताराः कैलासशैलादय इह दधते वीचिविक्षोभलीलाम्॥१०॥**

કઠિન (ઉદ્દામ) ગ્રંથોના ભાવનાં વિસ્તારથી થયેલો સત્કવિઓનો યશસંચયરૂપી ક્ષીરસમુદ્ર, સહૃદય પંડિતો દ્વારા વર્ણનરૂપી મેરુ વડે મંથન કરાય છે. એમાંથી ઉત્પન્ન થયેલો ફીણનો સમૂહ ચંદ્રની કાન્તિના મંડળરૂપ બને છે. એનાં (ફીણનાં) ઊછળેલાં બિંદુઓ તે તારાઓ અને ઊછળતા તરંગોની લીલા તે કૈલાસ પર્વત વગેરે બને છે. ૩૪૩

**૧૪૪ काव्यं दृष्ट्वा कवीनां हृतममृतमिति स्वःसदां पातशङ्की,**
**खेदं धत्ते तु मूर्ध्ना मृदुतरहृदयः सज्जनो व्याधुतेन ।**
**ज्ञात्वा सर्वोपभोग्यं प्रसृमरमथ तत्कीर्तिपीयूषपूरं,**
**नित्यं रक्षापिधानानियतमतितरां मोदते च स्मितेन ॥११॥**

અત્યંત કોમળ હૃદયવાળા સજ્જનો કવિઓનું કાવ્ય જોઈને 'અરે, એણે તો દેવોનું અમૃત હરી લીધું છે; હવે તેઓ (દેવો) શું પીશે ?' એવી શંકાવાળા થઈને, મસ્તક કંપાવીને ખેદવાળા થાય છે. પરંતુ એની (કાવ્યની) કીર્તિરૂપી અમૃતનું પૂર તો સર્વને (મનુષ્યોને તેમજ દેવોને) ઉપભોગ કરવા યોગ્ય છે. તે વધતું જ રહે છે. એના રક્ષણ (માલિકી) અને પિધાન (ઢાંકણ)ના કોઈ નિયમ નથી એવું જાણીને તેઓ સ્મિત સહિત હમેશાં અત્યંત આનંદ પામે છે. ૯૪૪

**૧૪૫ निष्पाद्य श्लोककुम्भं निपुणनयमृदा**
**कुंभकाराःकवींद्रा, दार्ढ्यं चारोप्य तस्मिन्,**
**किमपि परिचयात्, सत्परीक्षार्कभासाम् ।**

**पक्वं कुर्वन्ति बाढं, गुणहरणमति**

**प्रोज्ज्वलद्दोषदृष्टि-ज्वालामालाकराले,**

**खलजनवचन, ज्वालजिह्वे निवेष्य ॥१२॥**

કવીન્દ્રોરૂપી કુંભકારો નિપુણનયરૂપી માટી વડે શ્લોકરૂપી ઘડાઓને બનાવીને, સત્‌પરીક્ષારૂપી સૂર્યકિરણોના પરિચયથી (તડકામાં તપાવીને) તેનામાં દઢપણું (દાઢર્ચ) આરોપે છે. પછી ગુણોનું હરણ કરનારી પ્રજ્વલિત દોષદષ્ટિરૂપ જ્વાળાના સમૂહથી ભયંકર બનેલી, ખલ પુરુષના વચનની જ્વાળારૂપી જીભમાં (નિભાડામાં) મૂકીને એને તદ્દન પાકા બનાવે છે. ૯૪૫

**९४६ इक्षुद्राक्षारसौघः कविजनवचनं दुर्जनास्याग्नियन्त्रा-**

**न्नानार्थद्रव्ययोगात् समुपचितगुणो मद्यतां याति सद्यः ।**

**सन्तःपीत्वा यदुच्चैर्दधति हृदि मदं घूर्णयन्त्यक्षियुग्मं,**

**स्वैरं हर्षप्रकर्षादपि च विदधते नृत्यगानप्रबन्धम् ॥१३॥**

કવિજનવચનરૂપ શેરડી અને દ્રાક્ષના રસનો સમૂહ, દુર્જનના (મુખરૂપી) અગ્નિયંત્ર વડે વિવિધ પ્રકારના અર્થરૂપી દ્રવ્યોના યોગથી ગુણની વૃદ્ધિ પામીને તત્કાળ મદ્યરૂપ બને છે. સજ્જનો તેનું પાન કરીને હૃદયમાં અત્યંત આનંદ પામીને બંને આંખો ભમાવે છે અને હર્ષના પ્રકર્ષને લીધે સ્વચ્છંદપણે નૃત્ય કરે છે અને ગીતો લલકારવા લાગે છે. ૯૪૬

૧૪૭ नव्योऽस्माकं प्रबन्धोऽप्यनणुगुणभृतां,

सज्जनानां प्रभावाद्,

विख्यातः स्यादिती मे, हितकरणविधौ,

प्रार्थनीया न किं नः ।

निष्णाता वा स्वतस्ते, रविरुचय इवाऽ-

म्भोरुहाणां गुणाना

मुल्लासेऽपेक्षणीयो, न खलु पररुचेः,

क्वापि तेषां स्वभावः ॥१४॥

અમારો આ પ્રબંધ (ગ્રંથરચના) નવો હોવા છતાં, મોટા (અન્ + અણુ) ગુણોને ધારણ કરનાર સજ્જનોના પ્રભાવથી વિખ્યાત થાય એ માટે અમારા હિતના કાર્યની વિધિમાં તેઓ શું અમારે પ્રાર્થના કરવા યોગ્ય નથી ? અથવા સૂર્યનાં કિરણો જેમ કમળોને વિકસિત કરે છે તેમ તેઓ (સજ્જનો) ગુણોનો ઉલ્લાસ કરવામાં સ્વયમેવ નિષ્ણાત છે, કેમકે પરરુચિની (બીજાની ઈચ્છાની) અપેક્ષાવાળો તેઓનો સ્વભાવ ક્યાંય હોતો નથી. ૯૪૭

૧૪૮ यत्कीर्त्तिगानावहितसुर वधूवृन्दकोलाहलेन,

प्रक्षुब्धस्वर्गसिन्धोः पतितजलभरैः क्षालितः शैत्यमेति ॥

अश्रान्तभ्रान्तकान्तग्रहगणकिरणैस्तापवान् स्वर्णशैलो,

भ्राजन्ते ते मुनीन्द्रा नयविजयबुधाः सज्जनव्रातधुर्याः॥१५॥

સજ્જનોના સમૂહમાં અગ્રેસર એવા મુનીન્દ્ર શ્રી નયવિજયજી વિબુધ (અમારા ગુરુવર્ય) કેવા શોભી રહ્યા છે ! એમની કીર્તિના મહિમાનું ગાન ગાવામાં તલ્લીન એવી દેવાંગનાઓનાં વૃંદના કોલાહલને કારણે સ્વર્ગની ગંગામાં પૂર આવ્યાં. એથી એમાંથી વહીને નીચે પડેલા જળના ભારથી ધોવાઈને મેરુ પર્વત શીતળ થયો છે, કે જે અવિરતપણે ભમતા સૂર્ય અને ગ્રહોનાં કિરણો વડે બહુ તપી ગયો હતો. ૯૪૮

**९४९ चक्रे प्रकरणमेतत् तत्पदसेवापरो यशोविजयः ।**

**अध्यात्मधृतरूचीना-मिदमानन्दावहं भवतु ॥१६॥**

તે (ગુરુભગવંતના) ચરણોની સેવામાં તત્પર એવા યશોવિજયે આ પ્રકરણની રચના કરી છે. અધ્યાત્મમાં રુચિ ધરાવનારાઓને આ (પ્રકરણ) આનંદ આપનારું થાઓ ! ૯૪૯

**॥ इति अध्यात्मसारे सज्जनस्तुत्यधिकारः ॥२१॥**

**॥ इत्यध्यात्मसारप्रकरणे सप्तमः प्रबन्धः ॥**

**श्री नयविजयगणिशिष्य**

**न्यायविशारद-न्यायाचार्य-महामहोपाध्याय-**

**श्रीयशोविजयगणिविरचितमिदमध्यात्मसारप्रकरणम्**

**समाप्तम् ॥**

**BHARAT GRAPHICS** - Ahmedabad-1.
Ph. : 079-22134176, M : 9925020106